# કબીર શબ્દ સુધા

❀ સંપાદક ❀

ઈશ્વરભાઈ પ્ર. પટેલ
(પરમાર્થી)

: પ્રકાશક :
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
ખાંગડશેરી ▫ બેગમપુરા ▫ સુરત


કબીર કહે કમાલકો દો બાતેં શીખ લે
કર સાહેબકી બંદગી ભુખેકો કુછ દે.

છેલ્લી પાંચ સદીથી કબીર સાહેબનાં વિવિધ પ્રકારનાં ચિત્રો લોકોમાં પ્રસિદ્ધિ પામ્યાં છે તેમાં મુખ્યત્વે પુનાની ચિત્રશાળાવાળું ચિત્ર, કબીર-ચોરાવાળું ચિત્ર, બ્રિટિશમ્યુઝિયમવાળું ચિત્ર, ગુરુદ્વારાવાળું ચિત્ર, સ્વામી યુગલાનંદે રજૂ કરેલું ચિત્ર, અને 'રામાનંદ ટુ રામતીર્થ'' ગ્રંથમાં પ્રગટ થયેલું ચિત્ર સૌનું ધ્યાન ખેંચે છે. તે સૌ ચિત્રમાં કબીર સાહેબને જુદી જુદી રીતે રજૂ કરવામાં આવ્યા છે. કોઈ ચિત્રકારે તેમને સંત-મહંત રૂપે, કોઈ કે મુસલમાન રૂપે, કોઈ કે સુફી ફકીર તરીકે, કોઈ કે માત્ર વણકર તરીકે, કોઈ કે અવતારી મહાપુરુષ તરીકે તો કોઈ કે તદ્દન સાવ સામાન્ય માનવ રૂપે રજૂ કર્યા છે. એમાંનું કયું ચિત્ર સાચું તે કેવી રીતે નક્કી થઈ શકે? હજી સુધી કબીર સાહેબના સમયનું કોઈ ચિત્ર આપણને ઉપલબ્ધ થયું નથી. તેથી સ્વાભાવિક રીતે માત્ર કલ્પનાનો આધાર લઈને જ આપણે ચાલવું પડે.

બીજો પણ એક આધારભૂત રસ્તો છે અને તે યૌગિક અનુભૂતિનો. યોગની સાધના કરનારને જુદાંજુદાં દર્શનો અને અનુભવો થતાં હોય છે. તેવી અનુભૂતિને આધારે કબીરસાહેબનું ચિત્ર બનાવી શકાય. આ ચિત્ર તેનો નમૂનો છે. આ ગ્રંથનું સંપાદન કરનારને ગુરુકૃપાથી જે અનુભૂતિજન્ય માહિતી પ્રાપ્ત થઈ હતી તે ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર સ્વ. પ્રમોદ પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સ્વ. પટેલ અનુભૂતિને સાંભળીને ખૂબ પ્રભાવિત થયા હતા. તેથી તેમણે આ ચિત્રને પૂર્ણ કરવામાં પોતાનો પ્રાણ રેડયો હતો. આ તેમનું અંતિમ ચિત્ર હતું. ચિત્ર પૂર્ણ થતાં જ તેમણે પોતાનો પાર્થિવ દેહનો પરિત્યાગ કર્યો હતો. સ્વ. પટેલની સર્જક પ્રતિભાએ અનુભૂતિને સરસ રીતે કંડારી હોઈ તેમની પુણ્ય સ્મૃતિમાં આ ચિત્ર પ્રગટ કરતાં અમે આનંદની $iPl^Q અનુભવીએ છીએ.

# સદ્‌ગુરુ વંદના

( શિખરણી )

પ્રભાતી બિંબોની કનક ટશરે હોય પ્રગટ્યા
તળાવે પદ્મોના પત પર વિભો, બાળ સ્વરૂપે !
નહિ માતા પિતા જગત મહીં કો એમ ગણુતા
રહે વિદ્વાનો યે, પ્રભુ અવતર્યા દિવ્ય સ્વરૂપે !

જનેતા કૌશલ્યા ઉદર થકી જો રામ પ્રગટે,
કનૈયાના રૂપે પ્રભુ અવતરે માત ઉદરે,
તમે યે ના શાને જનની ઉદરે હોય પ્રગટ્યા
કબીરાના રૂપે વિભુ, જગતને તેજ ધરવા ?

સ્વરૂપે કેવા તે ખબર જરી ના, કોણુ જનની ?
છતાં આપે તેની જરૂર કરી છે કૂખ ઉજળી !
શક્યું ના જાણી કો જગત મહીં, તો યે કુદરતી
તમે આવ્યા નક્કી અદકી રીતથી માનવ બની !

તમે પેટાવ્યો છે દિપક સતનો નિર્ભયપણેઃ
નમું છું, વંદું છું, સતત તમને ભાગવતને !

❋

તમે આવ્યા ત્યારે અખિલ જગ તો ભ્રાંત મનડે
હતું ગાંડુ ઘેલું, નિત સરકતું નાશ પથ પે !
તમે ના હિંદુ, ના મુસલમીન, ચૈતન્ય સઘળે
રહ્યું વ્યાપી તેના પ્રતીક સમ છો, માનવ રૂપે !

હતા સત્તા સ્થાને યવન જન સૌ ધર્મ ઝનૂની,
બનાવ્યા હિન્દુને મુસલમીન કે મારી મચડી !
પ્રવર્તતા ત્યારે વિવિધ પથના તીવ્ર ઝઘડા,
હતું જાતિઓનું વિષ ગરલ વ્યાપ્યું હૃદયમાં !

"બધાં માને પેટે જનમી જનમી એક જ રીતે
અહીં આવે, તો શું મુસલમીનની અન્ય રીત છે ?
પ્રપંચી લોકો તો ઉદર ભરવા ભેદ રચતા,
અહો ચેતો, ચેતો, નહિ નહિ લડો, જીવ સઘળાં !"

—મુખે ત્યારે એવી મુખરિત બની દિવ્ય સરિતા,
નવી આશા જાગી જન હૃદયમાં આત્મ બલિતા !

❊

તમે તો સિદ્ધિના શિખર પર આરૂઢ થઈને
નમાવી સત્તાને, સકલ સુલતાનો પણ નમ્યા !
ગુરુ માન્યા કોએ, યવન જનના પીર બનિયા,
કર્યાં કાર્યો સર્વે જન સકલના રામ ભજને !

વહી ચોપાસે ત્યાં સુરપુનિત શક્તિ ભગવતી,
મહીં નાહી ધોઈ દલિત પીડિતો શુદ્ધ બનતા !
ખુમારી જીવોમાં અધિકતમ રે નવ્ય પ્રગટી,
વળ્યા સાચે પંથે મનુજ તનનો ગાય મહિમા !

હટાવ્યા શેવાળો સલિલ પર બાઝ્યા અબુધના,
પીધાં, પાયાં એવાં અમૃત સહુને માનવ કરે !
દીવાલો તોડી સૌ જુગજુગ જુની ઉન્નત શિરે,
રહ્યા ખૂણેખૂણે કનક પ્રસરી બિંબ રવિના !

સદીઓ વીતી છે તદપિ ઉર વાજાં ગડગડે,
પ્રભા વિદ્યુત્ કેરી તિમિર હણતી આ અવસરે !

—પરમાર્થી

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ પ્રકાશિત

# કબીર શબ્દ સુધા

કહહિં કબીર કાસો કહૌં, સકલો જગ અંધા

સાંચાસે ભાગા ફિરે, જૂઠે કા બંદા !

( શ. ૧૧૩ )

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ


□ પ્રકાશક □

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ

ખાંગડશેરી બેગમપુરા સુરત—૩૯૫[illegible]

# KABIR SHABDA SUDHA

( કબીર શબ્દ સુધા )

Library of Congress Catelog Card No. 90-53467 U.S.A.

આવૃત્તિ પહેલી : ઓગસ્ટ ૧૯૯૨

પ્રત : ૩૦૦૦

(C) શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત

| પ્રકાશક : | મુદ્રણાલય : |
| --- | --- |
| શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ | રોનક પ્રિન્ટર્સ |
| ખાંગડશેરી □ બેગમપુરા | સકીના ચેમ્બર્સ · બારડોલી ૩૯૪૬૦૧ |
| સુરત—૩૯૫૦૦૩ | પોગ્રેસીવ પ્રિન્ટર્સ □ સુરત |

શ્રી

કબીર

શબ્દ

સુધાનો આ લઘુગ્રંથ

અમો

શ્રી રામકબીર ભકત સમાજને

સાદર

અર્પણ કરીએ છીએ—

**શ્રી સરસ્વતીબહેન ધીરુભાઈ દેસાઈ**

તથા

**ધીરુભાઈ નટુભાઈ દેસાઈના**

**સપ્રેમ રામકબીર**

મેરા મુજમેં કુછ નહીં જો કુછ હૈ સો તોર
તેરા તુજકો સોંપતે ક્યા લાગત હૈ મોર ?

c

# પ્રમુખશ્રીનું નિવેદન

ગયે વરસે અમોને ગુજરાતના મહામનિષિ વયોવૃદ્ધ વિદ્વાન શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને સાક્ષાત્ મળવાનો મોકો મળ્યો હતો. તેમણે શ્રી ઇશ્વરભાઈ દ્વારા સંપાદિત થયેલ "કબીર શબ્દ સુધા" અને "કબીર-રમૈની સુધા" વિષે ખૂબ સારો અભિપ્રાય વ્યકત કર્યો હતો. મધ્યકાલીન સાહિત્યના વિદ્વાનો બહુ ઓછા છે. સદ્‌ભાગ્યે શ્રી ઈશ્વરભાઈ મળી ગયા છે. તો તેનો લાભ જેટલો લેવાય તેટલો લઈ લેવાની મુ. શ્રી. વિષ્ણુકાકાએ અમોને સલાહ આપી હતી, જોકે આજે તેઓ સદેહે હયાત નથી. એ આપણું દુર્ભાગ્ય લેખાય છતાં તેમની સૂચના મુજબ અમોએ પ્રવૃત્તિ ચાલુ જ રાખી છે. અને તેથી જ આ ત્રીજું પુસ્તક "કબીર શબ્દ સુધા" પ્રગટ કરીને મુ વિષ્ણુકાકાને અંતરથી ભાવભરી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ.

કબીર સાહેબના જીવન, કવન અને તત્વજ્ઞાન અંગે યુનિવર્સિટીની કક્ષાએ તંદુરસ્ત ચર્ચા વિચારણા થયા કરે તે અંગે પણ આપણા સમાજે કાંઈક નક્કર યોજના કરવી જોઈએ એવું અમારું નમ્ર માનવું છે. એમાં પણ શ્રી ઈશ્વરભાઈની મદદ આપણને મળશે એવી આશા રાખીએ તો કશું ખોટું નથી. યોજનાને સાકાર બનાવવા અંગે અમે યુનવર્સિટીના માન્ય વિદ્વાનોનો સંપર્ક કરી રહ્યા છીએ, તે જણાવતા આનંદ થાય છે. અમને જરૂરી જણાશે. તો આ અંગે સમાજનું સંમેલન પણ બોલાવીશું અને એક વર્ષમાં યોજનાનો લાભ જાહેર જનતાને મળે તેવી ગોઠવણી પણ કરીશું.

આપણા સમાજનું શૈક્ષણિક માળખું વધુ ઉજ્જવળ કેમ બને તે દિવસો પણ આ યોજના સાથે સંકળાયેલા હોવાથી અમોને સમાજનો સારો સહકાર મળી રહેશે એવી આશા રાખીએ છીએ. શિક્ષણ સંસ્થાઓની સંખ્યામાં આપણે સારો જેવો વધારો કરી શક્યા છીએ તેની ના નથી. પરંતુ તેટલું પર્યાપ્ત ન ગણાય. શિક્ષણનું સ્તર પણ ઊંચું રહે અને આપણી ગળથૂથીમાં કબીર સાહેબના વિચારો વધુ પ્રભાવક બને તે પણ અત્યંત આવશ્યક છે. અદ્યતન સમયમાં કબીર સાહેબનું તત્વજ્ઞાન જનસમાજને વધુ ઉપકારક થશે એવી અનુભવી પુરુષોની આગાહી આપણને પ્રોત્સાહિત કરે છે. પુસ્તક પ્રકાશનની આપણી આ પ્રવૃત્તિ સાથે કબીરવાણી ઉચ્ચતર વિદ્યાપીઠોના પ્રાંગણમાં પણ ગૂંજતી થાય તેમજ એકવીસમી સદીમાં માનવ સમાજને વધુ હિતકારક થઈ પડે તેવી કાળજીપૂર્વક યોજના ઘડીએ તો આપણા સમાજની પ્રતિષ્ઠા જરૂર વધશે ને ગુજરાતમાં ગૌરવપૂર્ણ ગણાશે.

"કબીર શબ્દ સુધા"ના પ્રકાશનનો તમામ ખર્ચ શ્રી સરસ્વતીબહેન અને શ્રી ધીરૂભાઈ દેસાઈએ ખૂબ જ પ્રેમપૂર્વક સ્વીકારી લીધો હોવાથી ટ્રસ્ટ તેમને સાભાર અભિનંદન પાઠવે છે. માનનીય રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરનાર ડૉ. રમણલાલ જોશી જેવા વિદ્વાને અમને પુરોવચન લખી આપી ખૂબ જ પ્રોત્સાહિત કર્યા છે. તેથી અમો આભારની લાગણી અનુભવીએ છીએ. સમયસર પુસ્તક તૈયાર કરી આપ્યું તેથી શ્રી ઇશ્વરભાઈ નો અને સારી રીતે છાપકામ કરવામાં મદદ કરનાર શ્રી નટુભાઇ પટેલનો અત્રે આભાર માનીએ છીએ.

કરસનભાઈ લલ્લુભાઈ ભકત
સુરત

## સંપાદકીય

સં. : ઈશ્વરભાઈ પ્ર. પટેલ

વીસમી સદીના પ્રારંભમાં કબીર સાહેબને સમજવા માટેના પ્રામાણિક ગ્રંથો તરીકે "કબીર ગ્રંથાવલી", "કબીર વચનાવલી", "કબીર શબ્દાવલી" અને "ગુરુ ગ્રંથ સાહેબની" ગણના થતી હતી. "કબીર બીજક" ગ્રંથને સાંપ્રદાયિકતાનું લેબલ લાગેલું હોવાથી તેને અપ્રામાણિક માની લેવામાં આવ્યો હતો. બાબુ શ્યામસુંદરદાસે "કબીર ગ્રંથાવલી"ને સંશોધિત કરીને ઇ. સ. ૧૯૨૫માં પ્રગટ કર્યા પછી બીજકની ઉપેક્ષા સારા પ્રમાણમાં થઇ હતી. બીજકને વેદતુલ્ય ગણી કબીર પંથીઓ તેનો નિત્ય પાઠ કરતા હોય તેથી પ્રામાણિકતા અને દાર્શનિકતા ઓછી થતી નથી તે હવે તો સમજાવા લાગ્યું છે. વીસમી સદીના અંત તરફ જેમજેમ જગત ઘસડાતું જાય છે તેમ તેમ બીજકને શિરે ચઢેલો સાંપ્રદાયિકતાનો શાપ દૂર થતો જાય છે એ એક અતિશય આનંદની ઘટના છે. ડૉ. શુકદેવસિંહના સંશોધનાત્મક નિષ્કર્ષ પછી અત્યાર સુધી ગણાયેલા સૌ માન્ય ગ્રંથો કરતાં વધુ પ્રામાણિક ને દાર્શનિક ગ્રંથ તરીકેની બીજકની ગણના થવા લાગી છે. તેથી મેં પણ આ લઘુ ગ્રંથને બીજકના શબ્દ પ્રકરણને આધારે જ તૈયાર કરવા પ્રયત્ન કર્યો છે.

બીજકના શબ્દ પ્રકરણમાં કબીર સાહેબનાં વ્યકિતત્વનાં વિવિધ પાસાંઓનાં દર્શન થાય છે. તેઓ જ્યારે હિન્દુ-મુસલમાનોની એકતાની ભૂમિકા પૂરી પાડતા જણાય છે ત્યારે તેમના પ્રગતિશીલને ક્રાંતિકારી માનસનું દર્શન થાય છે. હિન્દુ-મુસલમાનોની અંધ માન્યતાઓ અને કુરિવાજો પર પ્રહાર કરે છે ત્યારે તેમની સામાજિક સુધારાવાદી વિધાયક દૃષ્ટિનો પૂરો પરિચય થઈ જાય છે. માનવમાત્ર એક છે એવું પૂરવાર કરવા પ્રયત્ન કરે છે ત્યારે તેઓ માનવધર્મના પ્રખર પ્રવર્તક હતા એવો સ્પષ્ટ ખ્યાલ આવે છે. તેમના આત્મવાદી વલણમાં તેમની વ્યવહારુ વેદાંતી તરીકેની છાપ સહેજે ઉપસી આવતી જણાય છે.

તેઓ હિન્દુઓને ઠપકારે છે તેથી તેઓ હિન્દુ ન હતા એમ કેવી રીતે માની શકાય ? તેઓ મુસલમાન જ હતા એવું પણ કેવી રીતે કહી શકાય ? તેઓ મુસલમાનોને ઠપકારે છે તેથી તેઓ બ્રાહ્મણ જ હતા એવું કેવી રીતે માની શકાય ? ખરેખર તો તેઓ નાતજાતના ભેદોથી પર હતા. તેઓ સાચા માનવ હતા. તેમની ઉદાર, વિશાળ ને વિધાયક દૃષ્ટિને કારણે

તેઓ મહાન જરૂર હતા. તેઓ ભકત હતા, છતાં સાચા જ્ઞાની હતા. તેઓ દયાળુ હતા, છતાં સત્યને પુરવાર કરવામાં પ્રખર ને પ્રચંડ હતા. હિન્દુઓ શા માટે તેમને સાચા વૈષ્ણવ તરીકે પૂજે છે, મુસલમાનો શા માટે પોતાના પીર માને છે અને કબીર પંથીઓ શા માટે તેમને અવતાર ગણે છે તેની ઝાંખી શબ્દ પ્રકરણમાં થયા વિના રહેતી નથી.

સત્તાનો દોર મુસલમાનોના હાથમાં હતો. છતાં ઇસ્લામ ધર્મના પાયામાં રહેલી ત્રુટિઓ બતાવવામાં તેઓ પાછળ પડયા નથી. શેખતકી જેવા મુસ્લિમ ધર્મ ગુરુઓને તેમણે જોરદાર રીતે પડકાર્યા છે. રાજ્ય સત્તા સામે નિર્ભીક રીતે તેઓ ખડા રહ્યા હતા તે હકીકત કેવી રીતે ભૂલી શકાય? તેમનું એવું અપ્રતિમ આત્મબળ સત્તાને નમાવી શકયું હતું. તેથી લોકોના હ્રદયમાં દૈવી પુરુષ તરીકે સ્થાન પામ્યા હતા. અદના માણસ પર સત્તાધીશો તરફથી થતા અત્યાચારો ને જોરજુલમોનો સામનો કરવાની ખુમારી લોકહ્રદયમાં તેમણે પ્રગટાવી હતી. તેમની આ સત્વશીલતાનો પ્રભાવ મહાત્મા ગાંધીજી પર પડયો હતો એવું ડૉ. પીતાંબર દત્ત વડથ્વાલનું અનુમાન ("ગાંધી ઔર કબીર" ગ્રંથમાં) તથ્યવાળું લાગે છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્ય પછી સૌથી વધારે તેજસ્વી ને પ્રભાવી સંત મહાપુરુષ તરીકે કોઇ લોકાદર પામ્યું હોય તો તે છે સદ્‌ગુરુ કબીર સાહેબ. ધર્મ ને સંસ્કૃતિની સુરક્ષાનું કાર્ય બંને મહાપુરુષોના હાથે નક્કર રીતે થયું છે. એ માટે સંસ્કૃત ભાષા શંકરાચાર્યનું માધ્યમ બની તો લોકભાષા કબીર સાહેબનું. શાસ્ત્રાર્થમાં સૌને પરાસ્ત કરી શંકરાચાર્યે પોતાનો પ્રભાવ પાથર્યો હતો. વેદમતનો પ્રચાર કરી ચારે દિશામાં મઠોની સ્થાપના કરી હતી. જ્ઞાનના પ્રકાંડ પંડિત તરીકે તેમણે લોકચાહના પ્રાપ્ત કરી હતી.

પરંતુ સમય જતા સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ લોપ થવા લાગ્યું હતું. પરદેશી સત્તાઓનું, ખાસ કરી ઈસ્લામ ધર્મી રાજાઓનું આક્રમણ એ માટે મહત્વનું કારણ ગણી શકાય. જોકે પરદેશી પ્રજાઓના આ પહેલાં પણ અનેક આક્રમણો થયાં હતાં. શક, હુણ ગૂર્જર, મોંગોલ જેવી પ્રજા આક્રમણ કરીને જ ભારતમાં આવી હતી. છતાં અહીંની મૂળપ્રજા સાથે તે એકરૂપ થઈ શકી હતી. પરંતુ મધ્યકાળ દરમ્યાન ઈસ્લામધર્મી પ્રજાઓનાં જે આક્રમણો થયાં ને તે પ્રજા ભારતમાં આવીને વસી તે કટ્ટર સ્વભાવની હોવાથી એકરૂપ થઈ શકી જ નહીં. બલકે અહીંની પ્રજા પર જોર જુલમ કરી ઈસ્લામધર્મના અંગિકાર માટે કેર વરતાવતી રહી. બીજી બાજુ દલિતપીડિત વર્ગ ઊંચ ગણાતા લોકોથી પીસાતો જતો 4 c tl »Hd 5HM3l15Jrit

પામી અપમાનિત થતો જતો હતો. સંસ્કૃત ભાષા બ્રાહ્મણો પૂરતી જ જીવતી રહી હતી પરિણામે નિરક્ષરતાનું પ્રમાણ ખૂબ જ વધી જવા પામ્યું હતું. તેથી મધ્યકાળમાં ભારે અંધકાર છવાયો. ધર્મમાં વિકૃતિ વધી ગઈ. ઊંચ-નીચ ને નાતજાતના ભેદોથી સામાજ જીવન છિન્નભિન્ન બની જવા પામ્યું હતું. બ્રાહ્મણોનું જ વર્ચસ્વ વધે તેવું ધર્મના બહાના હેઠળ થવા લાગ્યું હતું. દલિત પીડિત વર્ગનો એક ભાગ ઈસલામ ધર્મની હૂંફ મળતાં લલચાયો ને ધર્મ પરિવર્તનનું ચક્ર જોર પકડતું ગયું. તેવે સમયે કબીર સાહેબે ઝળહળતા સૂર્યની જેમ પ્રકાશી લોકોના હૃદયમાંથી અંધકાર દૂર કરવા પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. શંકરાચાર્યની માફક તેમને મઠ, મંદિર ને મસ્જિદની આવશ્યકતા લેશ પણ લાગી નહિ કારણ કે તેમનું સમગ્ર આંદોલન લોકાભિમુખ હતું. સામાન્ય જન સમૂહની વચ્ચે વસીને તેમણે લોકોનાં દુઃખદર્દને બરાબર પિછાણ્યાં હતાં. જુદી જુદી ભાષાઓના શબ્દો તેમની પૂર્વી જબાનમાં સહેજે ચલણી બની ગયેલા આજે આપણે અનુભવીએ છીએ તે તેમની લોકાભિમુખતાનો સબળ પૂરાવો છે. તેમનું લોકસંપર્કનું એ કાર્ય દાદ માંગી લે તેવું ગણાય.

દલિત પીડિતોને તો તેઓ કેવી રીતે ભૂલી શકે? તેઓ પોતે નીચ ગણાતા પરિવારમાં પોષણ પામી મોટા થયેલા. કારમી ગરીબાઈની મુસીબતોનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો. તેથી વાસ્તવિક યથાર્થતાનું એ ભાન તેમની વાણીમાં દર્દની માત્રાને વધારી દે છે. તેમની વેધક દલીલો પાછળ પણ કોઈ ધબકતા દર્દની છાયા ગૂઢ રીતે પથરાયેલી જણાય છે. તેથી તેમની વાતો સૌ કોઈને હૃદય સ્પર્શી જણાતી. તેમની વાણી હિન્દુ ને મુસલમાન બંને વર્ગોમાં પ્રભાવક અસર જન્માવી ચૂકી હતી. અકબર બાદશાહના દરબારમાં રત્નસમાન ગણાતા અબુલ ફઝલે "આઈને અકબારી" ઈ. સ. ૧૫૯૮માં લખેલી તેમાં તેણે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે કબીર સાહેબ હિન્દુ મુસલમાન બંને વર્ગોમાં પ્રેમાદાર પામ્યા હતા.

કબીરવાણી સાથે સેંટજહોનના લખાણનું સામ્ય જી. એચ. વેસટકોટને જણાયું તેથી તેમણે 'Kabir and Kabir Panth' પુસ્તકમાં (પૃ. પર) કબીર સાહેબ પર ઈસાઈ ધર્મના પ્રભાવની અસર વિષે નોંધ કરી છે. સેંટજહોન સાથેના લખાણનું સામ્ય તો સમજી શકાય એવી વાત છે. બે મહાપુરુષોના એક સરખા અનુભવો હોય શકે છે, પરંતુ ઈસાઈ ધર્મના પ્રભાવની અસર કબીર સાહેબ પર થઈ છે તે એક નિરાધાર કથન ગણાય. અંગ્રેજોનું આગમન તો બહુ પાછળથી થયું છે. કબીર સાહેબને તે પહેલા કોઈ ઈસાઈ પાદરી મળ્યો હોય એવો પણ પૂરાવો પ્રાપ્ત થયો નથી. એ સિવાય અન્ય કોઈ ઐતિહાસિક પ્રમાણ પણ પ્રાપ્ત થયું નથી કે જેથી એવું કહી શકાય. કબીર સાહેબ પરદેશ જઈને એવી અસર ઝીલી લાવ્યા હોય એવું પણ બન્યું નથી. કબીર સાહેબ ભ્રમણશીલ હતા પરંતુ ભારત દેશમાં જ, પરદેશમાં નહિ. અથવા તો કબીર સાહેબે કોઈ ગ્રંથ વાંચીને અસર ઝીલી હોય તેમ કહેવું પણ યોગ્ય નથી. કારણ કે કબીર સાહેબને વાંચતા લખતા આવડતું જ ન હતું એવું વિદ્વાનોએ તો સાબિત કર્યું છે! એથી ઊલટું એમ જરૂર કહી શકાય કે કબીર સાહેબનો પ્રભાવ પાશ્ચાત્ય વિદ્વાનો પર ૧૮મી સદીથી પડયો હતો. ઈ. સ. ૧૭૫૮માં સૌ પ્રથમ "જ્ઞાનસાગર" ગ્રંથનો અનુવાદ ઈટાલિયન ભાષામાં પાદ્રે માર્કોઠેલા ટોમ્બા નામના પાદરીએ પ્રભાવિત થઈ ને કાર્યો હતો. ત્યાર પછી પશ્ચિમના મોટા-મોટા વિદ્વાનોનું ધ્યાન કબીર સાહેબ તરફ આકર્ષાયેલું આપણે જોઈએ છીએ. તેથી આજે તો કહી શકાય એમ છે કે પશ્ચિમમાં કબીર સાહેબ પર જેટલા ગ્રંથો લખાયા છે તેટલા બીજા કોઈ સાહિત્યકાર પર લખાયા નથી!

બીજકમાં શબ્દનો પરિચય કાવ્યના એક પ્રકાર તરીકે થાય છે. તેથી શબ્દ એટલે પદ એમ કહી શકાય. જોકે યોગના પારિભાષિક શબ્દ તરીકે તેનો અર્થ ક્રિયા, ગતિ કે સ્પંદ થાય છે. સર્વને ગતિ આપનાર બ્રહ્મ કે આદ્યાશકિત માટે પણ શબ્દનો ઉપયોગ થાય છે. 'શબ્દ-બાણ' જેવો પ્રયોગ પણ કબીરવાણીમાંથી પ્રાપ્ત થાય છે ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવતો દીક્ષા મંત્ર એવો તેનો અર્થ કરવો પડે. તાંત્રિક લોકો શકિતના અર્થમાં પણ શબ્દનો ઉપયોગ કવચિત કરતા હોય છે. ભર્તુહરિ જેવા વિદ્વાન યોગી પુરુષ ચૈતન્યના અર્થમાં શબ્દનો ઉપયોગ કરતા જણાય છે :

अनादि निधनं ब्रह्म शब्दत्वं यदक्षरम् ।
विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥ વાકયપદીય ૧-૧)

અર્થાત્ બ્રહ્મનો નથી આદિ, નથી કોઈ અંત. તે તો અક્ષર સ્વરૂપ છે. તેથી તે શબ્દતત્ત્વ કહેવાય છે. તે જ શબ્દ વ્યવહારમાં અર્થ કે વિષયના રૂપમાં પ્રગટ થાય છે. માટે તો તે સમગ્ર સૃષ્ટિનું મૂળ છે. આ દૃષ્ટિએ કબીર સાહેબે કાવ્યના એક પ્રકાર તરીકે શબ્દને પ્રયોજ્યો છે તે ઉચિત લાગે છે.

ઇ. સ. ૧૯૮૭ના ફેબ્રુઆરી માસમાં કબીરવાણી સમજવા માટે કુલ પાંચ પુસ્તકો તૈયાર કરી આપવા મેં ભક્ત સમાજને વચન આપ્યું હતું તે આધારે ત્રીજો લઘુ ગ્રંથ પ્રભુ કૃપાથી પ્રકાશિત કરી શકાયો છે, તે જણાવતા આનંદ થાય છે. કબીર સાહેબના સિદ્ધાંતો, માન્યતાઓ અને વિશેષતાઓ સામાન્ય માણસ સરળ રીતે સમજી શકે તે દૃષ્ટિ મેં આ ગ્રંથ તૈયાર કરવા પાછળ રાખી છે. ભાષા, પાઠનિર્ધારણ જેવા જટિલ પ્રશ્નો તરફ ખાસ લક્ષ આપ્યું નથી. વળી વધારામાં સમયનો અભાવ અને સ્થળ સંકોચની મર્યાદા પણ ખરી. છતાં વિશ્વવિદ્યાલય વારાણસીના કબીર વાડમયના પ્રકાશનથી મને આ અંગે ઘણી મદદ મળી છે તે સાભાર જાહેર કરું છું.

આ ગ્રંથ તૈયાર કરવામાં મેં નીચેના ગ્રંથોનો આધાર લીધો છે તે સાભાર જણાવતાં આનંદ અનુભવું છું :


| | | |
|---|---|---|
| (૧) | કબીર ગ્રંથાવલી | ડૉ. માતાપ્રસાદગુપ્ત |
| (૨) | કબીર ગ્રંથાવલી | ડૉ. પુષ્પાલસિંહ |
| (૩) | સંત કબીર | ડૉ. પારસનાથ તિવારી |
| (૪) | સંત કબીર | ડૉ. રામકુમાર વર્મા |
| (૫) | કબીર | આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી |
| (૬) | કબીર વાડમય ખંડ–૨ | ડૉ. જયદેવસિંહ તથા ડૉ. વાસુદેવસિંહ |
| (૭) | કબીર કાવ્યકોશ | ડૉ. વાસુદેવહસિં |
| (૮) | કબીર કી વિચાર ધારા | ડૉ. ગોવિંદ ત્રિગુણાયત |
| (૯) | કબીર બીજક | સ્વામી હનુમાનપ્રસાદ |
| (૧૦) | કબીર બીજક | સ્વામી બ્રહ્મલીન મુનિ |
| (૧૧) | કબીર બીજક | ડૉ. શુકદેવસિંહ |
| (૧૨) | કબીર બીજક (ભા-૧) | અભિલાષ સાહેબ |
| (૧૩) | કબીર દર્શન | અભિલાષ સાહેબ |

રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરનાર આપણા પ્રસિદ્ધ સાહિત્યકાર અને મૂર્ધન્ય વિવેચક મુ. શ્રી ડૉ. રમણલાલ જોશીએ પોતે અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં પોતાનો કીમતી સમય આ લઘુગ્રંથની મૂલ્ય વધારનારી યશોદાયી તેમજ ઉપયોગી પ્રસ્તાવના લખી આપી તે મારા જીવનનું સદ્ભાગ્ય સમજું છું. તેમના તરફથી સમાજને અવારનવાર માર્ગદર્શન મળ્યા કરશે એવી અપેક્ષા જરૂર રાખીએ. વળી છાપકામમાં હમેશ મદદરૂપ થનાર મારા પ્રિય મિત્રશ્રી નટુભાઈ પટેલનો કયા શબ્દોમાં આભાર માનું ?

શ્રી રામકબીર ભકત સમાજે આ ગ્રંથશ્રેણી તૈયાર કરવાની જવાબદારી સોંપીને મને સદ્ગુરુ કબીર સાહેબને ફરી વાંચી વિચારી સમજવા સ્વાધ્યાયની સોનેરી તક આપી તેથી સમાજનો હું ઋણી છું.

અંતે શ્રી સરસ્વતીબહેન ધીરુભાઈ દેસાઇએ ટ્રસ્ટના પુસ્તક પ્રકાશન કાર્યને મોટી રકમનું દાન આપી ખૂબ વેગીલું બનાવ્યું છે તે કેમ ભૂલી જવાય ? તેમના જેવા સજ્જનોથી જ આવી પ્રવૃત્તિઓ જીવંત રહી શકે છે તેની સાભાર નોંધ લઈ આનંદની લાગણી અનુભવું છું.

કપુરા–૩૯૪૬૫૫ — ઈશ્વરભાઈ પ્ર. પટેલ
જિ. સુરત
તા. ૧૦ જુલાઈ ૧૯૯૧

# પ્રસ્તાવના

## કબીરનો શબ્દ : જીવનનું અમૃત

શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલનો પરિચય એક સાહિત્ય અને અધ્યાત્મમાં જીવંત રસ લેનાર વ્યક્તિ તરીકે તાજેતરમાં થયો, હું જોઈ શક્યો કે આ બે ઉપરાંત તેઓ એક સારા અભ્યાસી પણ છે. ખાસ કરી કબીરના સાહિત્યમાં ઊંડા ઊતરી પરામર્શપૂર્વક અધ્યયન કરનાર અને જિજ્ઞાસુઓને એ તરફ પ્રેરનાર પુસ્તકો જહેમતપૂર્વક તૈયાર કરનાર શ્રી ઈશ્વરભાઈએ અન્ય અધ્યાત્મયાત્રીઓ સાથે પોતાની ઉપલબ્ધિનો જાણે કે સંવિભાગ રચ્યો છે. એ રીતે તેમણે स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम् સૂત્રને સાર્થક કર્યું છે. કબીર-વિષયક પુસ્તકોમાં તેમના નામની પછી કૌંસમાં 'બાવાજી' શબ્દ આવે છે અને એમનું તખલ્લુસ છે 'પરમાર્થી' સરે તે સંસાર. સંસારના પરમ અર્થના યાત્રિક છે. એમનું તખલ્લુસ છે અન્વર્થક છે આ આત્મતત્ત્વની અભિમુખતા કેળવવા ઉપર ભાર મૂકતા સંત-કવિ કબીરમાં તેમને રસ પડ્યો હોય એ સ્વાભાવિક છે. તેમણે કબીરની સાખીઓ, રમૈનીઓ આપ્યા બાદ હવે કબીરના 'શબ્દ' લઈ આવે છે. પુસ્તકનું નામ છે 'કબીર શબ્દ સુધા'. 'સુધા' શબ્દ ત્રણે પુસ્તકોમાં કોમન એક સરખો છે એ પણ સૂચક છે. સુધા એટલે અમૃત. સંતની વાણી જ સુધા છે-અમૃત છે. સંસારનાં હાલાહલોમાં આ જ એક એવી વસ્તુ છે, જે અમૃતનો (સુધાનો અને એથી અ-મૃતનો) અનુભવ કરાવે છે. આ અનુભૂત શબ્દ મનુષ્યની ચેતનાને ઊંચે લઈ જાય છે, આત્મક્રાન્તિને માર્ગે લઈ જાય છે શ્રીમદ્ ભાગવતમાં પણ આરંભમાં કહ્યું છે કે પરીક્ષિત રાજા કે જેને સાતમે દિવસે સર્પ કરડવાનો હોય છે તેને મહાયોગી શુકદેવ ભાગવત્ સંભળાવે છે પણ ભાગવતને અંતે :

> योगीन्द्राय नमस्तस्मै शुकाय ब्रह्मरूपिणे ।
> संसार सर्पदंष्टं यो विष्णुमूमुचत् ॥

-સંસાર રૂપી સર્પથી ડસાયેલા પરીક્ષિત રાજાને જેણે છોડાવ્યો એવા બ્રહ્મરૂપ અને યોગીઓમાં શ્રેષ્ઠ શુકદેવજીને નમસ્કાર હો. સ્પષ્ટ જ છે કે અહીં પણ સંસારરૂપી સર્પની જ વાત છે. અર્થાત્ આ 'સુધા' એ સંસાર વિષયનો સચોટ (§MIM છે.

અહીં શ્રી ઈશ્વરભાઈએ કબીરના કુલ ૧૧૫ શબ્દ સંપાદિત કરીને આપ્યા છે. પ્રત્યેક શબ્દની સમજૂતી આપી છે, અને અંતે પ્રત્યેકની 'ટિપ્પણી' આપી એના મર્મને સ્ફુટ કરી આપ્યો છે મધ્યકાલીન કવિઓની કૃતિઓના પાઠ અંગે ભારે મતભેદો પ્રવર્તે છે અહીં સંપાદકે એની બહુ કડાકૂટમાં પડયા સિવાય પ્રચલિત-જાણીતો પાઠ લીધો છે. તેમણે મુખ્ય આધાર 'કબીર બીજક' ગ્રંથનો લીધો છે. પરંતુ કબીરની વાણી જે પરંપરાથી કબીરાનુયાયીઓ અને ભાવિકોમાં પ્રચલિત છે એનો ખ્યાલ પણ તેમણે રાખ્યો છે. કબીરના 'શબ્દ'ના અર્થઘટનમાં સંપાદકની બહુશ્રુતતા અને કબીરના સાહિત્યનો ઊંડો અભ્યાસ પદેપદે જણાય છે. કબીરના આ સંપાદનગ્રંથોમાં શ્રી ઈશ્વરભાઈ એક વિદ્વાન તરીકે પ્રવૃત્ત થયા નથી. પણ એક સત્યશોધક શ્રેયાર્થી તરીકે પ્રવૃત્ત થયા છે. પરિણામે એક આત્માર્થી-પરમાર્થીની જિજ્ઞાસા અને તાત્પર્યદર્શનમાં હૃદયનો રસ ભળ્યો છે. સૌ અધ્યાત્મરસિકોને આ પુસ્તકમાં વિશેષ રસ પડશે તે આ કારણે.

પંદરમી સદીમાં થયેલા સંતકવિ કબીર એ મહાન સમન્વયવાદી હતા. તેમણે હિંદુ અને ઈસ્લામ બંને ધર્માનું સારતત્ત્વ પ્રબોધ્યું કબીર માત્ર મધ્યકાલીન હિંદીના કવિ તરીકે જ જાણીતા નથી, પણ ભારતની વિવિધ ભાષાઓના સાહિત્ય ઉપર પણ એમનો પ્રભાવ પડેલો છે. સંત-જ્ઞાની કવિઓનો અધ્યાત્મ ઉપદેશ વિશ્વની બધી ભાષાઓમાં મળે છે. પરંતુ કબીર જેવાના દાખલામાં આ જ્ઞાનોપદેશની સાથે કાવ્યત્વના ચમકારા પણ અનુભવાય છે. એટલે કબીરની રચનાઓ કેવળ કવિતાની દૃષ્ટિએ પણ સાહિત્યરસિકોને આકર્ષે છે. બોલચાલની ભાષાભંગિઓ, તીક્ષ્ણ કટાક્ષ, ઉપમા દૃષ્ટાન્તો વ. માં જોવા મળતી વેધકતા કબીરને એક સમર્થ ભારતીય કવિ તરીકે સ્થાપે છે.

કબીરના સમગ્ર સાહિત્યને વિલોકતાં સૌ મધ્યકાલીન કવિઓની જેમ તેમના વ્યકિતત્વનાં બે સ્વરૂપોનું દર્શન થાય છેઃ એક સામાજિક રીતરિવાજો પાખંડ, ધર્મ-ધતિંગો સામેનો રોષ અને બીજું વિધેયાત્મક રીતે ધર્મતત્ત્વનું નિરૂપણ કરતા દાર્શનિક કબીર સાહેબ. કયારેક આ બંને સ્વરૂપો એકબીજામાં ભળી જતાં પણ અનુભવાય છે. એક ત્રીજું પરિણામ પણ કબીરમાં જોવા મળે છે અને તે છે સ્વાનુભવનું. કબીરની વાણીમાં સ્વકીય અનુભૂતિનો જે રણકાર છે તે બહુ ઓછા જ્ઞાની-કવિઓમાં જોવા મળશે. તેમના 'રામ' અને મુસલમાનોના 'રહીમ' એક જ છે. ધર્મનું જીવાનુભૂત તત્ત્વ તેમણે પકડયું અને અસંદિગ્ધરૂપે શબ્દ દ્વારા એ રજૂ કર્યું. કબીર છે તત્ત્વાન્વેષી

કવિ બીજી આળપંપાળમાં તેમને રસ નથી. મૂળ વાત ઉપર જ તે આંગળી મૂકે છે એમનો શબ્દ માણસના હૃદયમાં ઊગી નીકળે છે. તેમની લોકપ્રિયતા પણ કદાચ આ કારણે છે. શ્રી હઝારી પ્રસાદ દ્વિવેદીએ યોગ્ય જ કહ્યું છે કે હિંદીમાં તેમની મહત્તા એક માત્ર તુલસીદાસની મહત્તા સાથે સરખાવી શકાય.

'સહજ સમાધ ભલી' એમ ગાનાર કવિ કબીરે સમાજ અને જગતના કઢંગાપણાને (The Ludicrousને) એની અવળાઈઓ અને હાસ્યાસ્પદતાઓને ખુલ્લું કરવા સાથે એક કવિની આંખે આ પૃથ્વીના અનર્ગલ સૌન્દર્યને પણ મન ભરીને ગાયું છે. પહેલી બાબત જ જનસમાજમાં વિશેષ પ્રચલિત છે, આ બીજી વસ્તુ પણ એટલી જ મહત્ત્વની છે અને ભૂલવા સરખી નથી. આ 'શબ્દ સુધા' માં બંનેના અણસાર મળશે. કબીરના આ પ્રેમના સંદેશ વિશે શ્રી હજારી પ્રસાદ દ્વિવેદી યોગ્ય જ કહે છે કે "Complete Surrender of all egoistic tendencies in a prerequisite to his conception of divine Love. He says, 'This is not the house of one's maternal aunt, where anything can be achieved by sheding tears, here only those can enter who shed their heads first ! Kabir's conception of the divine nature, says E. Underhill, 'is essentially dynamic. It is by the symbols of motions that he most often tries to convey it to us, as in his constant reference to dancing or the strangely modern pictures of that Eternal Swing of the Univers which is held by the cords of Love."

ડૉ. પ્રભાકર માચવેએ 'કબીર' વિશેના પોતાના લઘુગ્રંથમાં કબીરની વચનાવલિમાંથી પંક્તિઓ ટાંકીને એની કવિતાનો ખ્યાલ આપ્યો છે આ પંક્તિઓમાં "શબ્દને શોધો અને શબ્દને જાણો" 'શબ્દને શબ્દથી અનુસરો' શબ્દ અવકાશ છે, શબ્દ પાતાળ છે, શબ્દ બ્રહ્માંડ છે, શબ્દ વેદ છે, શબ્દ નાદ છે, અને શબ્દે જ બ્રહ્માંડનું સર્જન કર્યું છે" એમ કહ્યા બાદ અંતમાં કબીર કહે છે કે 'શબ્દ એટલે જ પરમાત્મા'.

કબીર સાહેબના આ 'શબ્દ' સૌ અધ્યાત્મ વાન્છુઓને જીવનયાત્રામાં પ્રેરક-દ્યોતક નીવડશે એવી શ્રદ્ધા સાથે એનું ભાવવાહી રસાળ ગુજરાતીમાં વિવરણ સહિત અવતરણ કરાવવા માટે સંનિષ્ઠ સંપાદક શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલને હાર્દિક અભિનંદન.

અમદાવાદ • ૩ ડિસેમ્બર ૧૯૯૧ —રમણલાલ જોશી

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન |
|---|---|---|
| ૧ | કબીર સાહેબ (ફોટો) | ૧ |
| ૨ | પ્રમુખશ્રીનું નિવેદન | ૯ |
| ૩ | સંપાદકીય | ૧૧ |
| ૪ | પ્રસ્તાવના : કબીરનો શબ્દ : જીવનનું અમૃત<br>ડૉ. રમણલાલ જોશી | ૧૬ |
| ૫ | અનુક્રમણિકા | ૨૦ |
| ૬ | યોગેશ્વરજી (ફોટો) | ૨૧ |
| ૭ | મા સર્વેશ્વરી (ફોટો) | ૨૩ |
| ૮ | કબીર શબ્દ સુધા | ૧-૮૦ |
| ૯ | ટીપ્પણી | ૮૧ |
| ૧૦ | શબ્દ કોષ | ૧૧૯ |



યોગેશ્વરજી

## વંદનાષ્ટક (શાર્દૂલવિક્રીડિત)

જે ચૈતન્ય ચરાચરે વિલસતું આરંભથી સૃષ્ટિના
સાક્ષાત્કાર કર્યો છતાં ય કદિના સંતોષ જેને થયો,
આવિર્ભાવ જહાં લગી નહીં બને રે રોમરોમે સદા
કીધું સાધન ત્યાં લગી શમદમે, તેને નમું સર્વદા !—૧
પોતાની જનની તણી હ્રદયથી સેવા કરી જેમણે,
આકર્ષી ન શકી છતાં ય જગની માયા કદી તેમને !
દાસી થૈ ચરણે રહી નવનિધિ ને અષ્ટસિદ્ધિ સદા
તો યે સાધન ના ત્યજ્યું વિપળ યે, તેને નમું સર્વદા !—૨
ત્રિકાળજ્ઞ મહાપુરુષ પ્રગટ્યા, પામ્યા સ્મૃતિ પૂર્વની,
પામ્યાં દર્શન સિદ્ધ સંત જનનાં, દૈવી કૃપા મેળવી,
ના સંતોષ થયો છતાં ય કપરી જેણે કરી સાધના
ત્યાગ્યા અન્ન, અપાર સંકટ સહ્યાં, તેને નમું સર્વદા !—૩
સુંવાળું તન સાવ યે કૃશ થયું, ચાલુ રહી પ્રાર્થના,
દેહાતીત ઘણા થયા અનુભવો માની કૃપાના છતાં,
ત્રિદેવો પ્રગટ્યા અનેક સમયે, સાંઈ કૃપા પામિયા,
ઉત્ક્રાંતિ અટકી નહીં તદપિ યે, તેને નમું સર્વદા !—૪
જગદમ્બા ઈશ ચેતના પરમ જે કારુણ્યમૂર્તિ અહો,
થૈ પ્રત્યક્ષ ક્ષણે ક્ષણે અવનવું સાતત્ય જેને મળ્યું,
વાતો જાગૃતિમાં કરે હરપળે ઈચ્છા પ્રમાણે સદા,
તે યોગેશ્વરને સ્મરું હ્રદયથી, પાયે નમું સર્વદા !—૫
અંગે અંગ અખંડ ચિન્મય દિસે, આનંદ અબ્ધિ છલે,
કાયા મધ્યમ, ગૌરવર્ણ દિપતા માહેશ્વરી તેજથી,
દૈવી પ્રેમ છલે વહંત કરુણા આંખો થકી વર્ષતી,
તે યોગેશ્વરને સ્મરું હ્રદયથી, પાયે નમું સર્વદા !—૬
ડોલાવી શકતું ત્રણે ભુવનને સામર્થ્ય જેની મહીં.
થૈ સામાન્ય છતાં ફરે જગતમાં ને લોક સેવા કરે!
જેને જોઈ સદા રહે હરખમાં મા ભારતી મંગલા,
તે યોગેશ્વરને સ્મરું હ્રદયથી, પાયે નમું સર્વદા !—૭
હૈયાની ધરતી પરે વરસજો થૈ મેઘરાજા તમે,
ફૂટ્યાં અંકુર કોમળાં હ્રદયમાં તે આત્મવંતા કરો !
હે યોગેશ્વર-ગંગ પાવન વહો મારા હ્રદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ હે, સ્વીકારજો d'Sdl!—૮

—પરમાર્થી



મા સર્વેશ્વરી

# માને પ્રાર્થના

(મિશ્રોપજાતિ)

વચ્ચે અમારી રહીને તમે તો અલિપ્તતાના ગઢ જીતી લીધા!

સર્વે સમર્પી ચરણે ગુરુના, પ્રશાંતિના પાવન ઘૂંટ પીધા!

ઉત્થાનના દુર્ગમ સૌ ચઢાણ, ચઢ્યાં સહેજે ગુરુની કૃપાથી!

રહ્યાં તળેટી પર સૌ અજાણ, પામી શકે પાવન પંથ ક્યાંથી?

નડ્યો ન કોલાહલ મા, તમોને! સુપાત્ર એવા કરજો અમોને!

—પરમાર્થી

# કબીર શબ્દ સુધા

## શબ્દ - ૧

સંતો ભક્તિ સતગુરુ આની !
નારી એક પુરૂષ દુઈ જાયા, બૂઝહુ પંડિત જ્ઞાની - ૧

પાહન ફોરિ ગંગ એક નિકરી, ચહુ દિશિ પાની પાની
તિહિ પાની દુઈ પર્વત બૂડે, દરિયા લહર સમાની - ૨

ઉડિ માંખી તરિવર તે લાગી, બોલૈ એકૈ બાની,
વહિ માંખીકે માંખા નાહીં, ગરભ રહા બિનુ પાની - ૩

નારી સકલ પુરૂષ વહિ ખાયો, તાતે રહઉ અકેલા,
કહંહિ કબીર જો અબકી સમુઝૈ, સોઈ ગુરુ હમ ચેલા - ૪

## શબ્દ - ૨

સંતો, જાગત નીંદ ન કીજૈ !
કાલ ન ખાય કલપ નહિ વ્યાપૈ, દેહ જરા નહીં છીજૈ ! - ૧

ઉલટ ગંગ સમુદ્ર હિ સોખે, સસિ ઔ સૂરહિ ગ્રાસૈ,
નવ ગ્રહ મારિ રોગિયા બૈઠે, જલ મહ બિંબ પ્રકાસૈ - ૨

બિનુ ચરનનકો દહુ દિસિ ધાવૈ, બિનુ લોચન જગ સૂઝૈ,
સસૈ ઉલટિ સિંઘ કહ ગ્રાસૈ, ઈ અચરજ કો બૂઝૈ - ૩

ઔંધે ઘડા નહીં જલ બૂડૈ, સૂધે સો જલ ભરિયા,
જિંહિ કારન નલ ભીંન ભીંન કરુ, ગુરુ પરસાદે તરિયા - ૪

પૈઠિ સભામહ સબ જગ દેખૈ, બાહર કિછુઉ ન સૂઝૈ
ઉલિટા બાન પારધિહિ લાગૈ, સૂરા હોય સો બૂઝૈ - ૫

ગાયન કહૈ કબહૂં નહિ ગાવૈ, અનબોલા નિત ગાવૈ
નટ વટ બાજા પેખનિ પેખૈ, અનહત હેત બઢાવૈ - ૬

કથની બદની નિજુકે જો હૈ, ઈ સબ અકથ કહાની
ધરતી ઉલટિ અકાશ હિં બેધૈ, ઈ પુરૂષન કી બાની - ૭

બિના પિયાલે અમૃત અંચવૈ, નદિય નીર ભરિ રાખૈ
કહંહિ કબીર સો જુગ જુગ જીવૈ, રામ સુધારસ ચાખૈ - ૮

**સમજૂતી - ૧**

હે સંતજનો, સદ્દગુરુએ સમજાવેલું ભક્તિનું સાચું સ્વરૂપ હૃદયમાં ધારણ કરો ! એક માયા રૂપી સ્ત્રીમાંથી જ જીવ અને ઈશ્વર નામના બે પુરૂષો પેદા થયા છે તે જ્ઞાની પંડિતો બરાબર સમજી લો ! - ૧

પથ્થર ફોડીને એક ગંગા એવી નીકળી કે ચારે તરફ સર્વત્ર પાણી જ પાણી થઈ ગયું ! તે પાણીમાં બંને પર્વતો પણ બૂડી ગયા અને અંતે તે ગંગા લહરની માફક દરિયામાં સમાય ગઈ ! - ૨

માંખી ઉડીને ઝાડ પર બેઠી અને એક જ પ્રકારની વાણી બોલવા લાગી ! તે માંખીને પુરૂષ માંખ ન મળ્યો છતાં પણ વીર્ય વિના તેને (સંસાર મયતાનો) ગર્ભ રહી ગયો - ૩

હે (મુમુક્ષુ) જીવ, આ માયા રૂપી સ્ત્રીએ સર્વ પુરૂષોનો વિનાશ કર્યો છે તેથી તેનાથી વેગળા રહેવાનો પ્રયત્ન કર ! કબીર કહે છે કે જેણે મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને આ વાત સમજી લીધી છે તે મારો ગુરુ છે ને હું તેનો ચેલો છું ! - ૪

**સમજૂતી - ૨**

હે સંતજનો, હંમેશા જાગૃત રહો ! ઉંઘો નહિ ! જ્ઞાન રૂપી જાગૃતિ રાખવાથી કાળ ખાય શકતો નથી અને પ્રલયનું દુઃખ પણ પ્રાપ્ત થતું નથી. ફરીથી દેહ જ પ્રાપ્ત ન થતો હોવાથી વૃદ્ધાવસ્થા કે મૃત્યુ ક્યાંથી હોય શકે ? - ૧

ઉલટું જ્ઞાન રૂપી ગંગા સંસાર રૂપી સમુદ્રનું શોષણ કરી લે છે, સૂર્ય નાડી અને ચંદ્ર નાડીને ગ્રસી લે છે તથા (પાંચ પ્રાણ અને ચાર અંતઃકરણ રૂપી) નવગ્રહ પર અંકુશ પ્રાપ્ત થઈ જતો હોવાથી (સંસારમાં રહ્યા છતાં સંસારી પણ) હૃદય રૂપી શુદ્ધ પાણીમાં સચ્ચિદાનંદના પ્રતિબિંબનો અનુભવ કરી શકે છે. - ૨

એવા અનુભવથી જીવ પગ વિના દશે દિશામાં ગતિ કરી શકે છે અને સમસ્ત જગતનું આંખ વિના દર્શન કરી શકે છે, વળી ચિત્ત શુદ્ધ થઈ જવાથી મન રૂપી સસલું અહંકાર રૂપી સિંહને ગ્રસી જાય છે એ આશ્ચર્ય તો કોણ સમજી શકે ? - ૩

ઊંધો ઘડો પાણીમાં ડૂબી શકે નહીં અને પાણી ભરી શકાય નહીં. સીધા ઘડામાં જ પાણી ભરી શકાય. (જ્ઞાન રૂપી) જાગૃતિ અવસ્થામાં મન આત્મ પરાયણ રહેતું હોવાથી સર્વ વ્યાપક બ્રહ્મનો અનુભવ કરી શકે છે. અજ્ઞાન રૂપી નિદ્રામાં તો ભિન્નતાનો જ અનુભવ થઈ શકે. તેથી ગુરુ કૃપાથી જ સંસાર તરી શકાય છે. - ૪

શૂરવીર (જ્ઞાની) હોય તે સમજી શકે છે કે આત્મજ્ઞાની પોતાના હૃદયમાં સ્થિર થઈને સમસ્ત જગતને જોઈ શકે છે અને પોતાના સ્વરૂપથી પૃથક તેને કાંઈ જ બહાર સૂઝતું નથી. સંસારથી વિમુખ બનેલી મનોવૃત્તિ આત્મમય બની જતી હોય છે જેમ પારધીયે છોડેલું બાણ પારધીને જ વાગે છે તેમ. - ૫

આત્મ જ્ઞાની ગાવાનું કહે તો કદી ગાતો નથી. તે તો મૌન રહીને જ સત્યનું ગાન ગાયા કરે છે. ખેલ બતાવવાવાળો જેમ ખેલને મિથ્યા માને છે તેમ તે જ્ઞાની પુરૂષ સંસારને મિથ્યા માની (અનહદ) વિભુમાં પ્રીત વધારે છે. - ૬

એ તો આખા સંસારને માયાની કહાની તરીકે મૂલવે છે અને કથા તથા સ્તુતિવંદનાને આત્મવિષયક જ્ઞાનનું સાધન સમજે છે. જ્ઞાની પુરુષોની વાણી છે કે પૃથ્વી વિગેરે પદાર્થોને ઉત્પત્તિ ક્રમથી ઉલટા ક્રમ દ્વારા લય ચિંતન કરીને પોતાના ચિદાકાશમાં વેધવું જોઈએ. - ૭

એ રીતે તે જ્ઞાની પ્યાલા વિના અમૃતનું પાન કરી શકે છે. તે જીવન રૂપી નદીમાં જ્ઞાન રૂપી નીર હમેશા ભરેલું રાખે છે. કબીર કહે છે કે તેવા પુરુષ રામ સુધા રસ ચાખીને યુગ યુગ સુધી જીવતા હોય છે ! - ૮

## શબ્દ - ૩

સંતો, ઘર મહ ઝગરા ભારી !
રાતિ દિવસ મિલિ ઉઠિ ઉઠિ લાગૈ, પાંચ ઢોટા એક નારી - ૧
ન્યારો ન્યારો ભોજન ચાહૈ, પાંચો અધિક સવાદી
કોઈ કાહૂકા હટા ન માનૈ, આપુહિ આપુ મુરાદી - ૨
દુરમતિ કેરિ દુહાગિનિ મેંટૈ, ઢોટહિં ચાપિ ચપેરૈ
કહંહિ કબીર સોઈ જન મેરા, ઘરકી રારિ નિબેરૈ - ૩

## શબ્દ - ૪

સંતો, દેખત જગ બૌરાના !
સાંચ કહૌ તો મારન ધાવૈ, જૂઠ હિ જગ પતિયાના - ૧
નેમી દેખા, ધરમી દેખા, પ્રાત કરહિ અસ્નાના,
આતમ મારિ પષાનહિ પૂજૈ, ઉનિમંહ કિછુઉ ન જ્ઞાના - ૨
બહુતક દેખા પીર અવલિયા, પઢૈ કિતેબ કુરાના,
કૈ મુરીદ તતબીર બતાવૈ, ઉનિમંહ ઉહૈ જો જ્ઞાના - ૩
આસન મારિ ડિંભ ધરિ બૈઠે, મનમંહ બહુત ગુમાના
પીતર પાથર પૂજન લાગે, તીરથ ગરબ ભુલાના - ૪
માલા પંહિરૈં, ટોપી પહિરૈં, છાપ તિલક અનુંમાના
સાખી - સબ્દૈ ગાવત ભૂલે, આતમ ખબરિ ન જાના - ૫
હિન્દુ કહૈ મોહિ રામ પિયારા, તુરુક કહૈ રહિમાના
આપુસ મંહ દોઢિ બરિ લરિ મૂએ, મરમ કાહુ નહિ જાના - ૬
ઘર ઘર મંતર દેત ફિરતુ હૈ, મહિમા કે અભિમાના
ગુરુ સહિત સભ શિષ બૂડે, અંત કાલ પછિતાના - ૭
કહંહિ કબીર સુનહુ હો સંતો, ઈ સભ ભરમ ભુલાના
કેતિક કહૌ કહા નહિ માનૈ, સહજૈ સહજ સમાના - ૮

## શબ્દ - ૫

સંતો, અચરજ એક ભૌ ભારી, કહૌં તો કો પતિયાઈ ! - ૧
એકૈ પુરુષ એકૈ નારી, તાકર કરહુ વિચારા
એકૈ અંડ સકલ ચૌરાસી, ભરમ ભુલા સંસારા - ૨

**સમજૂતિ - ૩**

હે સંત જનો, શરીર રૂપી ઘરમાં ભારે ઝઘડો ચાલ્યા કરે છે ! પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠી કુબુદ્ધિ સાથે મળીને રાતદિવસ ઉઠી ઉઠીને જીવ સાથે ઝઘડામાં લીન રહે છે.-૧
સૌને પોતપોતાની ઈચ્છા મુજબનો ખોરાક જોઈએ છે. પાંચે પાંચ એકમેકથી સ્વાદમાં ચઢે છે. કોઈ કોઈનું માને નહિ અને પોતપોતાની ઈચ્છા તૃપ્ત કરવા સૌ હમેશ પ્રયત્ન કર્યા કરે છે. - ૨
કબીર કહે છે કે જે કુબુદ્ધિરૂપી સ્ત્રીનું દુર્ભાગ્ય દૂર કરી શકે અને પાંચે પાંચને વશ કરી ઘરના ઝઘડાનું નિવારણ કરી શકે તે જ મારો ભક્ત ગણાશે. - ૩

**સમજૂતિ - ૪**

હે સંતજનો, જોતજોતામાં આખું જગત પાગલ થઈ ગયું છે ! સાચું કહું તો મારવા દોડે છે કારણ કે જગતને જૂઠામાં જ વિશ્વાસ છે. - ૧
મેં તો નિયમનું પાલન કરવાવાળા પણ જોયા છે અને ધાર્મિક ગણાતા માણસો પણ જોયા છે. તેઓ સવારે રોજ સ્નાન તો કરે છે પણ પથ્થરની દેવીની પૂજા કરવા માટે જીવતાની હિંસાય કરે છે. તે લોકોમાં કાંઈ જ જ્ઞાન નથી હોતું. - ૨
મેં મુસલમાનોના ઘણા પીર ઓલિયા ફકીરો પણ જોયા છે કે જેઓ પવિત્ર કુરાનના ગ્રંથો પઢતા હોય છે અને સાથે સાથે શિષ્યો બનાવી બીજાને કુરબાની કરવાની હિંસક પ્રવૃત્તિ પણ શીખવતા હોય છે. તેઓમાં પણ જ્ઞાન નથી હોતું - ૩
તીર્થસ્થાનોમાં વેષ ધારણ કરીને આસન લગાવીને ઘણા ઢોંગી સાધુઓ પણ ગુમાન ભરેલા મનથી બેઠા હોય છે. તેઓ પીત્તલની તેમજ પથ્થરની મૂર્તિઓનું વારંવાર પૂજન કરતા જણાય છે. તેઓ રહે છે તીર્થમાં પણ અભિમાનથી ભૂલા પડેલા હોય છે. - ૪
તેઓ માલા અને ટોપી પહેરીને ચોકકસ પ્રકારનું તિલક કરતા હોય છે. વળી હાલતા ચાલતા સાખી ને શબ્દો ગાતા રહેતા હોય છે. પરંતુ તેમણે પણ આત્મ તત્ત્વ જાણ્યું જ નથી હોતું - ૫
હિન્દુ કહે કે મને રામ પ્યારા લાગે છે અને મુસલમાન કહે છે કે મને તો રહેમાન જ ગમે છે. આપસ આપસમાં બંને જણા લડી મરે છે કારણ કે તેઓએ પણ આત્મ તત્ત્વનું રહસ્ય જાણ્યું નથી હોતું. - ૬
તેઓ પોતાના મહિમાના અભિમાનમાં ઘરે ઘરે ફરીને મંત્રદીક્ષા તો આપતા રહે છે. પરંતુ તેઓ સૌ ગુરુ અને શિષ્યો સહિત સંસાર સાગરમાં જ ડૂબતા રહે છે. તેથી અંતકાળે તેઓ પસ્તાશે. - ૭
કબીર કહે છે કે હે સંતો, બરાબર સાંભળી લો. એ સૌ ભ્રમમાં ભૂલા પડયા છે. એ લોકોને હું શું કહું ? મારું તો કહ્યું માનતા જ નથી. તેથી સહજ રીતે તેઓ ચોર્યાસીના ચક્રમાં પડી જતા હોય છે. - ૮

**સમજૂતિ - ૫**

હે સંતો, એક મોટું આશ્ચર્ય થયું છે ! જો હું સત્ય કહું તો કોણ વિશ્વાસ કરશે ? -૧
એક જ પુરુષ છે અને એક જ નારી છે તે બેઉનો વિચાર કરો. એક જ બ્રહ્માંડમાં બધી જ ચોર્યાસી લાખ યોનિઓ છે. એ અંગેના ભ્રમમાં જ આખો સંસાર ભૂલો પડયો છે. - ૨

એક હિ નારી જાલ પસારા, જગમેં ભયા અંદેસા
ખોજત ખોજત અંત ન પાયા, બ્રહ્મા વિસ્નુ મહેસા - ૩
નાગ ફાંસ લીયે ઘર ભીતર, મૂસિન્હિ સબ જગ ઝારી
જ્ઞાન ખરગ બિનુ સબ જગ જૂઝૈ, પકરિ કાહુ નહિ પારી - ૪
આપુહિ મૂલ ફૂલ ફૂલવારી, આપુહિ ચુનિ ચુનિ ખાઈ
કહંહિ કબીર તેઈ જન ઉબરે, જિહિ ગુરુ લિયા જગાઈ - ૫

## શબ્દ - ૬

સંતો અચરજ એક ભૌ ભારી, પુત્ર ધરલ મહતારી ! - ૧
પિતાકે સંગ ભઈ હૈ બાવરી, કન્યા રહલિ કુમારી
ખસમહિ છાંડિ સસુર સંગ ગવની, સો કિન લેહુ બિચારી - ૨
ભાઈકે સંગ સાસુર ગવની, સાસુહિ સાવત દીન્હા
નનદ ભઉજિ પરપંચ રચો હૈ, મોર નામ કહિ લીન્હા - ૩
સમધી કે સંગ નાહીં આઈ, સહજ ભઈ ઘરબારી
કહંહિ કબીર સુનહુ હો સંતો પુરુષ જન્મ ભૌ નારી - ૪

## શબ્દ - ૭

સંતો કહૌં તો કો પતિયાઈ, જૂઠ કહત સાંચ બની આઈ - ૧
લૌકે રતન અબેધ અમોલિક, નહિ ગાહક નહિ સાંઈ
ચિમિકિ ચિમિકે દ્રિગ દહુદિસિ, અરબ રહા છિરિયાઈ - ૨
આપે ગુરુ કૃપા કિછુ કીન્હો, નિરગુન અલખ લખાઈ
સહજ સમાધિ ઉનમુનિ જાગૈ, સહજ મિલૈ રઘુરાઈ - ૩
જંહ જંહ દેખો તંહ તંહ સોઈ, મન માનિક બેધો હીરા
પરમ તત્ત યહ ગુરુ તે પાવો, કહૈં ઉપદેશ કબીરા - ૪

## શબ્દ - ૮

સંતો, આવૈ જાય સો માયા !
હૈ પ્રતિપાલ કાલ નહિ વાકે, ના કહું ગયા ન આયા - ૧
કયા મકસૂદ મચ્છ કછ હોના, સંખાસુર ન સંધારા
હૈ દયાલ દ્રોહ નહિ વાકેં, કહહુ કવન કો મારા - ૨

એક જ (માયા રૂપી) નારીએ (પ્રપંચની) જાળ ફેલાવી છે. આખા જગતમાં એ અંગે ભયની લાગણી છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ શોધ કરતા કરતા થાકી ગયા પણ માયાનો અંત શોધી શક્યા નહીં - ૩
માયા તો સૌની અંદર (ત્રિગુણની) ફાંસી લઈને વસેલી છે. તેણે જ સૌનું આત્મા રૂપી ધન પૂરી રીતે ચોરી લીધું છે. જ્ઞાન રૂપી તલવાર લીધા વિના સંસારી લોકો એની સામે યુદ્ધ કરી રહ્યા છે તેથી તેઓ કોઈ એને પકડી શક્યું નથી. - ૪
સ્વયં માયા પોતે સમગ્ર સંસારનું મૂળ ગણાય છે. તેની શક્તિથી જ સમગ્ર સંસારમાં ફૂલ અને ફૂલવાડી ખીલી રહી છે. માયા પોતે જ ફૂલવાડીમાં લાગેલા જીવ રૂપી ફળો ખાય રહી છે ! કબીર કહે છે એમાંથી તો તે જ ઉગરી શકે જેણે સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત કરીને જ્ઞાન મેળવ્યું હોય ! - ૫

**સમજૂતી - ૬**

હે સંતો, એક મોટું આશ્ચર્ય પણ છે કે પુત્ર પોતે પોતાની માતાનો ભોગ કરતો હોય - ૧
(એટલું જ નહીં પણ આ માયા રૂપી સ્ત્રી) પોતાના પિતાની સાથે પાગલ બની ગઈ હોય છે. છતાં પણ પોતે કુંવારી કન્યા જ રહી છે. પોતાના પતિને છોડીને તે સસરા સાથે ભાગી ગઈ છે. માયાના આ કરતૂતનો કેમ બધા વિચાર કરતા નથી ? -૨
(અવિવેક રૂપી) ભાઈ સાથે માયા સાસરે (સંસારમાં) આવી ત્યારે સાસુને શોક બનીને પીડવા લાગી. (માયા અને કુમતિ રૂપી) નણંદ ભોજાઈએ આ બધો પ્રપંચ રચ્યો છે અને મારા-તારાનો ઝઘડો ચલવ્યા કરે છે. - ૩
જેની બુદ્ધિ સ્થિર થઈ ગઈ છે તેવા સાધુ પુરુષના સંગમાં તે આવતી નથી. તે તો સ્વભાવ અનુસાર પ્રપંચી સાથે જ સંબંધ રાખે છે. કબીર કહે છે કે હે સંતજનો, ખરેખર તો આ પુરૂષ જ નારીનું રૂપ લઈને જન્મે છે. - ૪

**સમજૂતી - ૭**

હે સંતો, હું કહું તેના પર કોણ વિશ્વાસ કરશે કારણ કે તે કહેવાથી મિથ્યા જણાય છે અને અનુભવે સત્ય બની જાય છે ! - ૧
(આત્મા રૂપી રત્ન અખંડ અને અમૂલ્ય જણાય છે. તેનું કોઈ ગ્રાહક પણ નથી અને સ્વામી પણ નથી. જ્ઞાની પુરૂષની દ્રષ્ટિએ તે તો દશે દિશામાં અસંખ્ય સ્વરૂપોમાં ચમક્યા જ કરે છે. - ૨
ગુરુએ સ્વયં કૃપા કરી તો નિર્ગુણ ને અલખ આત્મતત્ત્વનું દર્શન કરાવી દીધું. સહજ સમાધિ દ્વારા મન ઉન્મન બની ગયું અને રઘુરાજ રૂપી આત્મારામનું સત્વરે મિલન થઈ ગયું. - ૩
કબીર કહે છે કે હે મુમુક્ષુ જીવો, મન રૂપી માણેકને આત્મારૂપી હીરા સાથે વેધ કરીને જોડી દો તો જ્યાં જ્યાં નજર પડશે ત્યાં ત્યાં તેનું જ દર્શન થશે. આ પરમદશાની પ્રાપ્તિ તો ગુરુ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે. - ૪

**સમજૂતી - ૮**

હે સંતજનો, (જન્મ પામીને) જે આવે છે અને (મૃત્યુ પામીને) જે જાય છે તે તો માયાની ચાલ છે. જે સર્વનું રક્ષણ કરનાર છે તેને કાલ નડતો નથી તેથી તેને ક્યાંય પણ જવું પડતું નથી અને વળી પાછું આવવું પડતું નથી. - ૧
મત્સ્યાવતાર અને કચ્છપાવતાર લેવાનો ભગવાનનો હેતુ કયો ? શંખાસુરને માર્યો ન હતો. તે તો (ભગવાન) ખૂબ દયાળુ ગણાય. તેને કોઈ સાથે દુશ્મનાવટ ન હતી તેથી તે કોઈને પણ શા માટે મારે ? - ૨

વૈ કરતા નહિ બ્રાહ કહાયા, ધરનિ ધરો નહિ ધારા
ઈ સભ કાજ સાહબકે નાહીં, જૂઠ કહૈ સંસારા - ૩
ખંબ ફોરિ જો બાહર હોઈ, તાહિ પતિજૈ સભ કોઈ
હિરનાકસ નખ ઉદર બિડારી, સો નહિ કરતા હોઈ - ૪
બાવન રૂપ ન બલિ કો જાંચો, જો જાંચૈ સો માયા
બિન બિબેક સકલ જગ ભરમે, માયૈ જગ ભરમાયા - ૫
પરસરામ છત્રી નહિ મારા, ઈ છલ માયે કીન્હા
સત્તગુરુ ભેદ ભક્તિ નહિ પાવો, જીવ અમિથ્યા કીન્હા - ૬
સિરજનિહાર ન બ્યાહી સીતા, જલ પષાન નહિ બંધા
વૈ રઘુનાથ એક કૈ સુમિરૈ, જો સુમિરૈ સો અંધા - ૭
ગોપી ગ્વાલ ન ગોકુલ આયા, કરતે કંસ ન મારા
હૈ મહેરબાન સબન કો સાહબ, નહિ જીતા નહિ હારા - ૮
વૈ કરતા નહિ બૌધ કહાયા, નહીં અસુર કો મારા
જ્ઞાન હીન કરતા સભ ભરમે, માયે જગ ભરમાયા - ૯
વૈ કરતા નહિ ભયે નિકલંકી, નહીં કલિંગ હિ મારા
ઈ છલબલ સભ માયૈ કીન્હા, જત્ત સત્ત સભ ટારા - ૧૦
દસ અવતાર ઈસરી માયા, કરતા હૈ જિન પૂજા
કહંહિ કબીર સુનહુ હો સંતો, ઉપજૈ ખપૈ જો દૂજા - ૧૧

## શબ્દ - ૯

સંતો, બોલેતે જગ મારૈ !
અનબોલેતે કૈસક બનિ સૈ., શબ્દહિં કોઈ ન વિચારે ! - ૧
પહિલે જન્મ પૂતકો ભયઉ, બાપ જનમિયા પાછે,
બાપ પૂતકી એકૈ નારી, ઈ અચરજ કો કાછે ? - ૨
દુંદુર રાજા ટીકા બૈઠે, વિષહર કરૈ ખવાસી
સ્વાન બાપુરા ધરિન ઢાંકનો, બિલ્લી ઘરમેં દાસી - ૩
કાગદકાર કારકુડ આગે, બૈલ કરૈ પટવારી
કહંહિ કબીર સુનહુ હો સંતો, ભૈંસે ન્યાય નિબેરી - ૪

તે સૃષ્ટિના સર્જનહાર વરાહ અવતાર લઈને આવ્યા ન હતા અને તેણે ન તો ધરતીને ધારણ કરી હતી કે કોઈની પાસે ધારણ કરાવી હતી. એવું બધું કાર્ય પરમાત્માનું હોય શકે નહીં તેથી સંસારી લોકોની વાત જૂઠી કહેવાય.- ૩
સ્થંભ ફોડીને (નૃસિંહ સ્વરૂપે) જે બહાર પ્રગટ થાય છે તે ઘટનામાં સૌ કોઈ વિશ્વાસ ધરાવે છે અને માને છે કે હિરણ્યકશ્યપનું પેટ નખથી ચીરી કાઢયું હતું પરંતુ (તે જો સાચી વાત હોય તો) તે સૃષ્ટિકર્તા હોય શકે નહિ. - ૪
બાવન રૂપ ધરીને જેણે ભીખ માંગી તે તો માયા જ ગણાય. વિવેક વિના માયાએ સમસ્ત સંસારને ભ્રમમાં ભરમાવી દીધો છે ! - ૫
તેણે પરશુરામ થઈ ક્ષત્રિયોનો સંહાર કર્યો નહોતો ! તે સર્વ કપટ માયાએ કર્યું હતું. હે જીવ ! તે માયાને સત્ય ગણી તેથી તું સદગુરુની ભક્તિનું રહસ્ય પામી શક્યો નહિ. - ૬
સૃષ્ટિના સર્જનહારે સીતા સાથે વિવાહ કર્યો જ નહતો અને સમુદ્રને બંધથી બાંધ્યો જ નહતો. જે સૃષ્ટિકર્તાને અને રઘુનાથને એક ગણીને સ્મરણ કરે છે તે આંધળો (અવિવેકી) ગણાય. - ૭
તે પરમાત્મા ગોકુળમાં ગોપીઓ સાથે નહોતો આવ્યો અને તેણે કંસને નહોતો માર્યો. તે તો સૌ પર સરખી કરુણા વરસાવે છે. તે નથી જીતતો કે હારતો !- ૮
તે જ પ્રમાણે તે બુદ્ધ થઈને પણ નહોતા પ્રગટયા અને અસુરોને પણ નહોતા માર્યા. જ્ઞાન વિવેક વિના આખું જગત ભ્રમમાં પડયું છે ! - ૯
તે સૃષ્ટિકર્તાએ કલ્કી રૂપ ધારણ કર્યું નહતું તેમજ કલિંગ (કલિ) નામના દૈત્યને માર્યો પણ નહતો. એ બધું છળકપટ માયાએ કર્યું હતું. જતી સતી સર્વનો માયાએ (ભ્રમમાં નાંખીને) નાશ કર્યો છે. -૧૦
કબીર કહે છે કે હે સંતજનો સૌ સાંભળો (ને વિચારો) કે દસે દસ અવતાર તો ઈશ્વરની માયાનો જ ખેલ છે. તેથી તેને કર્તા માનીને પૂજવું જોઈએ નહીં. જન્મે મરે તે ઈશ્વર નહી પણ બીજું જ કાંઈ ગણાય ! - ૧૧

**સમજૂતી - ૯**

હે સંતજનો, હું બોલું છું તો જગત મારવા દોડે છે. નહી બોલું તો જ્ઞાન કેવી રીતે થશે ? મારા શબ્દો કોઈ વિચારતું જ નથી ! - ૧
પહેલા પુત્રનો જન્મ થાય છે અને પછી બાપ જન્મે છે. વળી પુત્ર અને પિતાની એક જ સ્ત્રી છે એ આશ્ચર્યનું કોણ નિવારણ કરશે ? (પહેલા જીવ જન્મે છે પછી જીવને ઈશ્વરની કલ્પના કરવી પડે છે તેથી ઈશ્વરનો જન્મ થાય છે. જીવ પુત્ર અને પિતા તે ઈશ્વર. બંનેની ઉત્પત્તિ માયામાંથી થઈ છે તેથી એક જ માયા રૂપી સ્ત્રી. જીવ પોતાના સ્વરૂપને ઓળખી લે તો આશ્ચર્યનું નિવારણ થઈ શકે.) - ૨
દેડકો રાજા બનીને બેઠો છે અને સાપ તેની સેવાચાકરી કરે છે. વળી કૂતરો પોતાની પૂંછડીથી ધરતીની ઈજ્જત ઢાંકી રહ્યો અને બિલાડી દાસી થઈને ઘરમાં રહે છે. (અહંકાર તે રાજા. કામ. ક્રોધ, મોહ, મદ ને મત્સર એ સાપ. દંભી રૂપી કૂતરો દુર્ગુણો ઢાંકવા પ્રયત્ન કરે છે અને લોલુપતા રૂપી બિલાડી હૃદયરૂપી ઘરમાં રહીને ભોગોની જ ઈચ્છા કર્યા કરે છે.) - ૩
કાગદી કારકુન આગળ હિસાબ લખે છે અને બળદ તલાટીનું કામ કરે છે. કબીર કહે છે કે હે સંતો સાંભળો (વિચારો) ભેંસ ન્યાય આપી રહી છે ! (અવિવેકરૂપી કાગદી મન રૂપી મુનીમ આગળ સારાનનરસાની ચર્ચા કરે છે. ઢોંગી ગુરુ રૂપી બળદ ખોટાનું સાચું કહી પટવારીગીરી કરે છે અને કુબુદ્ધિ રૂપી ભેંસ ન્યાયનું કાર્ય કરે છે.) - ૪

## શબ્દ - ૧૦

સંતો, રાહ દુનો હમ દીઠા !
હિન્દુ તુરુક હટા નહિ માનૈં, સ્વાદ સભન્હિ કો મીઠા - ૧
હિન્દુ બરત એકાદસિ સાધૈ, દૂધ સિંગારા સેતી
(અન)કો ત્યાગૈ મનકો ન હટકૈ, પારન કરૈ સગોતી - ૨
તુરુક રોજા નિમાજ ગુજારૈં, બિસમિલ બાંગ પુકારૈં
ઈનકી ભિસ્ત કહાં તે હોઈ હૈ, સાંજે મુરગી મારૈ - ૩
હિન્દુકી દયા મેહર તુરુકનકી, દોનૌ ઘટ સોં ત્યાગી
વૈ હલાલ વૈ ઝટકે મારૈ, આગિ દુનો ઘર લાગી - ૪
હિન્દુ તુરૂકકી એક રાહ હૈ, સતગુરુ ઈહૈ બતાઈ
કહંહિ કબીર સુનહુ હો સંતો, રામ ન કહેઉ ખુદાઈ - ૫

## શબ્દ - ૧૧

સંતો, પાંડે નિપુન કસાઈ !
બકરા મારિ ભૈંસા પર ધાવૈ, દિલમેં દરદ ન આઈ - ૧
કરિ અસનાન તિલક દૈ બૈઠે, વિધિ તે દેવી પૂજાઈ
આતમરામ પલકમોં બિનસૈ, રુધિરકી નદી બહાઈ - ૨
અતિ પુનિત ઊંચે કુલ કહિયે, સભા માહિં અધિકાઈ
ઈનતે દીચ્છા સભ કોઈ માંગૈ, હંસિ આવત મોહિ ભાઈ -૩
પાપ કટન કો કથા સુનાવહિ, કરમ કરાવહિ નીચૈ
હમ તો દોઉ પરસ્પર દેખા, જમ લાયે હૈ ધોખૈ - ૪
ગાય બધૈ તહિ તૂરુક કહિયે; ઈનિતે વૈ કા છોટે
કહંહિ કબીર સુનહુ હો સંતો, કલિમંહ બ્રાહ્મન ખોટે - ૫

## શબ્દ - ૧૨

સંતો, મતે માતુ જન રંગી !
પિયત પિયાલા પ્રેમ સુધારસ, મતવાલે સંતસંગી - ૧
અરધે ઉરધે ભાઠી રોપિન્હિ, લે કસાબ રસ ગારી
મૂંદે મદન કાટિ કર્મ કસમલ, સંતત ચુવત અગારી - ૨
ગોરખ, દત્ત, વસિષ્ઠ, વ્યાસ, કપિ, નારદ, સુખ મુનિ જોરી
સભા બૈઠિ સંભુ સનકાદિક, તહં ફિરે અધર કટોરી - ૩

**સમજૂતી - ૧૦**
હે સંતજનો, હિન્દુ અને મુસલમાન લોકોના બંનેના રસ્તાઓ મેં જોયા છે. બંને મના કર્યા છતાં માનતા નથી કારણ કે તેઓ સૌને જીભનો સ્વાદ મીઠો લાગે છે. - ૧
હિન્દુઓ તો એકાદશી વ્રતની સાધના કરે છે. દૂધ તથા શીંગોડાનો આહાર કરે છે. અન્નનો તો તેઓ ત્યાગ કરે છે ખરા પરંતુ તેઓ રોકી શકતા નથી ! તેથી તેઓ માંસ ખાયને પારણા કરે છે. - ૨
મુસલમાનો રોજાનું વ્રત કરે છે અને નિયમિત નમાજ પડે છે. બિસ્મિલ્લાહની બાંગ પણ પુકારે છે. છતાં તેઓને સ્વર્ગ કેવી રીતે મળે ? કારણ કે તેઓ પણ સાંજે મરઘી મારીને ખાય છે. - ૩
હિન્દુઓએ દયા તથા મુસલમાનોએ મહેર પોતપોતાના હૃદયમાંથી દૂર કરી દીધી છે. કારણ કે મુસલમાનો હલાલ કરે છે અને હિન્દુઓ એક જ ઝાટકે કાપી નાંખે છે. બંનેના ઘરોમાં આગ લાગી છે. - ૪
ખરેખર તો હિન્દુ અને મુસલમાનોનો માર્ગ એક જ છે. સદ્‌ગુરુએ તે પહેલેથી જ બતાવી દીધો છે. તેથી કબીર કહે છે કે હે સંતો ! સાંભળો, હિંસા કરવા માટે નથી રામે આજ્ઞા કરી કે નથી ખુદાએ હુકમ કર્યો ! -- ૫
**સમજૂતી - ૧૧**
હે સંતો, પાંડેજી તૌ સૌથી વધારે પ્રવીણ કસાઈ છે ! કારણ કે તેઓ બકરા પણ મારે છે અને ભેંસોને પણ કાપવા દોડે છે. એવા કાર્ય માટે તેઓના દિલમાં જરા પણ દુઃખ થતું નથી ! - ૧
તેઓ સ્નાન કરી, તિલક કરી વિધિસર બેસીને દેવીની પૂજા પણ કરે છે. પરંતુ એક જ ક્ષણમાં (જીવતા પશુની હત્યા કરી) આતમરામનો નાશ કરે છે અને લોહીની નદી વહાવે છે. - ૨
(પોતાની જાતને) તેઓ અતિ પવિત્ર ઉંચા કુળના ગણાવે છે અને જાહેરમાં તો કાયમ મોટાઈ ભોગવે છે. અનુયાયી તો તેઓની પાસે મંત્રદીક્ષા પણ લે છે. હે ભાઈ, મને તો એથી હસવું આવે છે ! - ૩
પાપમાંથી મુક્તિ આપવા તેઓ ભક્તગણને કથા સંભળાવે છે અને નીચ પ્રકારના કર્મો પણ કરાવરાવે છે. યજમાન અને પુરોહિત બંનેને મેં તો સારી રીતે જોયા છે. યમરાજે બંનેને ભ્રમજાલમાં ફસાવી દીધા છે ! - ૪
ગાયનો વધ કરવાવાળા મુસલમાનોથી તેઓ કાંઈ ઓછા પાપી થોડા ગણાય ? કબીર કહે છે કે હે સંતો, સાંભળો (વિચારો) કળીયુગમાં બ્રાહ્મણો સાચા અર્થમાં બ્રાહ્મણો રહ્યા નથી ! - ૫
**સમજૂતી - ૧૨**
હે સંતો, પ્રભુ પ્રેમી લોકો પોતપોતાની પ્રેમમસ્તીમાં મસ્ત રહે છે. તેઓસત્સંગી થઈ પ્રેમરૂપી અમૃતના પ્યાલા પીને મસ્ત બની જતા હોય છે. - ૧
તેઓ શરીરના ઉપર નીચેના ભાગની ભઠ્ઠી બનાવી, કર્મના બીજને કાપી, કામદેવને મસળી પરિપક્વ રસ નીચોવી લે છે.તેઓના હૃદયમાં સતત અમૃતરસ ઝરતો રહે છે.- ૨
આ અમૃત રસનો સ્વાદ ગોરખે, દત્તાત્રયે, વસિષ્ઠે, વ્યાસે, હનુમાને, નારદે, શુકદેવે, શંભુએ, સનકાદિક ઋષિઓએ આ સંસારમાં રહીને હોઠેથી ગટગટાવી ચાખી લીધો છે. - ૩

અંબરીષિ ઔ જાગ, જનક, જડ, સેસ, સહસમુખ પાના
કહં લૌં અનંત કોટિલૌ, અમહમહલ દિવાના - ૪
ધ્રુવ, પ્રહ્લાદ, વિભિષન માતે, માતી સિવકી નારી,
સગુન બ્રહ્મ માતે બ્રિંદાવન, અજહુ લાગુ ખુમારી - ૫
સુરનર મુનિ જતિ પીર અવલિયા, જિનિ રે પિયા તિનિ જાના
કહંહિ કબીર ગુંગેકી સક્કર, ક્યોં કર કરૈ બખાના - ૬

## શબ્દ - ૧૩

રામ તેરી માયા દુંદ મચાવૈ !
ગતિ મતિ વાકી સમુઝિ પરૈ નહિ, સુર નર મુનિહિં નચાવૈ - ૧
કા સેમર કે સાખા બઢાયે, ફૂલ અનુપમ માની
કેતિક ચાત્રિક લાગિ રહે હૈ, રાખત રુવા ઉડાની - ૨
કાહ ખજૂર બઢાઈ તેરી, ફલ કોઈ નહીં પાવૈ
ગ્રીષમ રિતુ જબ આય તુલાની, છાયા કામ ન આવૈ - ૩
અપને ચતુર અવરકો સિખવૈ, કનક કામિનિ સયાની
કહંહિ કબીર સુનહુ હો સંતો, રામ ચરન રતિ માની - ૪

## શબ્દ - ૧૪

રામુરાય સંસૈ ગાંઠિ ન છૂટૈ,
તાતે પકરિ પકરિ જમ લૂટૈ ! - ૧
હો મુસકીન કુલીન કહાવૈ, તુમ જોગી સંન્યાસી
જ્ઞાની ગુની સૂર કવિ દાતા, ઈ મતિ કિનહું ન નાસી - ૨
સુમ્રિતિ બેદ પુરાન પઢૈ સભ, અનભૈ ભાવ ન દરસૈ
લોહ હિરન્દ્ર હોય ધૌં કૈસે, જો નહિ પારસ પરસૈ - ૩
જિયતન તરેહુ મુયે કા તરિહૌ, જિયતહિ જો ન તરે
ગહિ પરીતતિ કીન્હ જિન જાસો, સોઈ તહાં અમરે - ૪
જે કિછુ કિયહુ જ્ઞાન અજ્ઞાના, સોઈ સમુઝ સયાના
કહંહિ કબીર તાસોં કા કહિયે, દેખત દિસ્ટિ ભુલાના - ૫

એટલું જ નહીં પણ અંબરીષ, યાજ્ઞવલ્કય, જનકરાજા, જડભરત, શેષનાગ - ક્યાં સુધી ગણાવું - હજારો ત્યાગીને ગૃહસ્થી લોકો અમૃત રસનો સ્વાદ ચાખી દીવાના બની ગયા હતા. - ૪

ધ્રુવ, પ્રહ્લાદ, વિભીષણ, પાર્વતી અને નિર્ગુણ બ્રહ્મ પણ કૃષ્ણ સ્વરૂપે સાકાર થઈ વૃન્દાવનમાં અમૃત રસ પીને આજે પણ મસ્તીથી નાચી રહ્યા છે. - ૫

દેવ, મુનિ, મનુષ્ય, ત્યાગી, પીર, ઔલિયા - જેણે જેણે આ રસનો સ્વાદ લીધો તેણે તેણે તેની અદ્દભૂત મઝા જાણી છે. તેનું વર્ણન કેવી રીતે થઈ શકે ? ગૂંગો માણસ સાકર ખાયને સ્વાદનું વર્ણન કેવી રીતે કરી શકે ? - ૬

**સમજૂતી - ૧૩**

હે પ્રભુ ! તમારી માયા તો (ભારે) તોફાન મચાવે છે. એની ગતિ વિધિની કોઈને ખબર પડતી નથી. દેવો, મનુષ્યો ને મુનિઓને તો એ નચાવ્યા કરે છે. - ૧

શીમળાના ઝાડની ડાળીઓ વધાર્યાથી શો લાભ ? એના ઉપર લાગતા ફૂલોને અનુપમ ગણવાથી પણ શો લોભ ? કેટલા બધા ચાતક જેવા પક્ષીઓ એને ખાવા મંડી રહે છે ! જેવું ચાખવા જાય છે તેવું જ ચોગદરમ રૂ ઉડે છે. - ૨

હે ખજૂરના ઝાડ ! તારી ઊંચાઈ પણ શા કામની ? તારું ફળ કોઈ ખાય શકતું નથી. જ્યારે ઉનાળો આવે છે ત્યારે તારી છાયાનો લાભ પણ લઈ શકાય નહીં. - ૩

સોનુ અને સ્ત્રી ચતુર ગણાય છે. તેઓ ચતુરાઈ બીજાને પણ શીખવે છે. તેથી કબીર કહે છે કે હે સંતો , સાંભળો (વિચારો) રામના ચરણમાં પ્રેમ રાખવાથી એમાંથી બચી જવાશે- ૫

**સમજૂતી - ૧૪**

હે જીવ, શંકાઓથી બંધાયેલી તારી ગાંઠ છૂટી નથી તેથી તને યમરાજ તો પકડી પકડીને લૂંટયા કરે છે ! - ૧

તમે યોગી બની કે સન્યાસી થઈ પોતાની જાતને ગરીબ કહેવરાવો છો અને કુલીન પણ કહેવરાવો છો ! જ્ઞાની, ગુણવાન, શૂરવીર, કવિ ને દાનેશ્વરી એમાંથી કોઈએ પણ અભિમાનનો નાશ કર્યો નથી. - ૨

સ્મૃતિ, વેદ ને પુરાણ બધું ય વાંચ્યા કરો પણ અનુભવનું જ્ઞાન ન થતું હોય તો બધી મહેનત નકામી છે. લોઢું પારસમણિના સ્પર્શ વિના સુવર્ણ કેવી રીતે થઈ શકે ? - ૩

જીવતા જીવ (સંસાર સાગર) તરવાની કળા ન શીખો તો મર્યા પછી તો કેવી રીતે તરી શકાશે ? જેણે જેના પર વિશ્વાસ કીધો તેને તે મર્યા પછી મળે છે. - ૪

જાણ્યે અજાણ્યે જે કાંઈ કરવામાં આવે છે તેને વિવેકપૂર્વક બરાબર સમજી લે. કબીર કહે છે કે જે ખુલ્લી આંખે (રસ્તો) ભૂલીને ચાલે છે તેને તો વધુ શું કહેવું ? - ૫

## શબ્દ - ૧૫

સમુરાય ચલી બિનાવન માહો
ઘર છોડે જાત જુલાહા હો ! - ૧
ગજ નૌ ગજ દસગજ ઉનઈસકી, પુરિયા એક તનાઈ
સાત સૂત નૌ ગંડ બહત્તરિ, પાટ લાગુ અધિકાઈ - ૨
તાપટ તુલના ગજન અમાઈ, પૈસ ન સેર અઢાઈ
તામહ ઘટૈ બઢૈ રતિવો નાહિ, કરકચ કરે ધહરાઈ - ૩
નિતિ ઉઠિ બૈઠે ખસમ સોં બરબસ, તાપર લાગુ તિહાઈ
ભીગી પુરિયા કામ ન આવૈ, જોલહા ચલા રિસાઈ - ૪
કહંહિ કબીર સુનહુ હો સંતો, જિનિ યહ સિસ્ટિ ઉપાઈ
છાંડુ પસાર રામ ભજુ બૌરે, ભૌ સાગર કઠિનાઈ - ૫

## શબ્દ - ૧૬

રામુરાય ઝી ઝી જંતર બાજૈ
કર ચરન બિહૂના નાચૈ - ૧
કર બિનુ બાજૈ સુને સ્ત્રવન બિનુ, સ્રવન સરોતા સોઈ
પાટન સુવસ સભા બિનુ અવસર, બૂઝહૂ મુનિજન લોઈ - ૨
ઈન્દ્રિ બિનુ ભોગ સ્વાદ જિભ્યાબિનુ અચ્છય પિંડ બિહુના
જાગત ચોર મંદિલ તહં મુસૈ, ખસમ અછત ઘર સૂના - ૩
બિજ બિનુ અંકુર પેડ બિનુ તરિવર, બિનુ ફૂલે ફલ ફરિયા
બાંઝકી કોખ પુત્ર અવતરિયા, બિનુ પગ તરિવર ચઢિયા - ૪
મસિ બિનુ ઘાત, કલમ બિનુ કાગદ, બિનુ અચ્છર સુધિ હોઈ
સુધિ બિનુ સહજ જ્ઞાન બિનુ સાતા, કહહંહિ કબીર જન સોઈ - ૫

## શબ્દ - ૧૭

રામહિ ગાવૈ ઔર હિ સમુજાવૈ, હરિ જાને બિનુબિકલ ફિરૈ - ૧
જા મુખ બેદ ગાયત્રી ઉચરૈ, જાકે વચન સંસાર તરૈ
જાકે પાંવ જગત ઉઠિ લાગૈ, સો બ્રાહ્મન જિવ વધ કરૈ ! - ૨
અપને ઉંચ નીચ ઘર ભોજન, ઘ્રિન કર્મ હઠિ ઉદરભરૈ
ગ્રહન અમાવાસ ઢુકિ ઢુકિ માંગૈ, કર દીપક લિયે કૂપ પરૈ - ૩
એકાદસી બરત નહિ જાનૈ, ભૂત પ્રેત હઠિ હૃદય ધરૈ
તજિ કપૂર ગાંઠી વિષ બાંધૈ, જ્ઞાન ગવાંયે મુગુધ ફિરૈ - ૪
છીજૈ સાહૂ ચોર પ્રતિપાલૈ, સંત જના કી કૂટી કરૈ
કહંહિ કબીર જિવ્હાકે લંપટ, યહિ વિધિ પ્રાની નરક પરૈ - ૫

**સમજૂતી - ૧૫**
હે (જુલાહા રૂપી) જીવ (શરીર રૂપી) ઘર છોડીને તું જાય છે ત્યારે માયા તો બીજું વસ્ત્ર વણવાને બહાને પાછળ પાછળ આવ્યા કરે છે ! - ૧
(માતાના ગર્ભમાં) પાછળ પાછળ જઈને માયાએ મન રૂપી એક ગજ, નવ દ્વાર રૂપી નવ ગજ, દશ ઈન્દ્રિય રૂપી દશ ગજ, અને ઓગણીસ તત્ત્વોનું સૂક્ષ્મ શરીર રૂપી એક તાણો તૈયાર કર્યો. પછી સાત ધાતુ, નવ ગ્રંથીઓ અને બોતેર હજાર નાડીઓનો વાણો તૈયાર કરી શરીર રૂપી સુંદર વસ્ત્ર બનાવ્યું - ૧
તેની તુલના દેવાદિ શરીરની સાથે માપી કે તોલી શકાતી નથી. (દેવાદિ શરીર તો ભોગનું સાધન હોવાથી) તે તો એક પૈસાનું અઢી શેર જેટલું સસ્તુ હોય છે. તેમાં રતિભાર પણ વધઘટ થતી નથી. કચ કચ કે ઝઘડો કર્યાથી પણ તેની કિંમત વધતી નથી. - ૨
રોજ સવારે ઉઠીને (માયા રૂપી સ્ત્રી) (પોતાના જુલાહારૂપી) પતિ સાથે ઝઘડતી હોય છે ને તે જુલાહાને પણ ત્રિવિધ તાપ લાગુ પડે છે. (વિષય વાસનાથી) લોથબોથ થયેલું તેનું વૃદ્ધ શરીર કોઈ કામમાં ઉપયોગી થતું નથી તેથી ક્રોધિત થઈને તે જુલાહો રિસાઈને (શરીર) છોડી ચાલ્યો જાય છે. - ૩
તેથી કબીર કહે છે કે હે સંતો સાંભળો (વિચારો) કે જેણે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તેઓના ભજનમાં મન પરોવો ને સર્વ ઉપાધિઓ છોડી દો. આ ભવસાગર તરવો તો ઘણો કઠણ છે. - ૫

**સમજૂતી - ૧૬**
હે જીવ ! (તારી શક્તિથી જ) આ શરીર રૂપી યંત્રમાં સૂક્ષ્મ પ્રકારે સ્વરો ગુંજી રહ્યા છે. હાથ પગ વગરનું (મન) નાચ્યા કરતું જણાય છે ! - ૧
(તારામાં રહેલ) આકાર વિનાનું અવિનાશી તત્ત્વ ઈન્દ્રિયો વિના ભોગ કરે છે, જીભ વિના સ્વાદ ચાખી લે છે. તું જાગતો જણાય છતાં તારી અંદર (દુર્ગુણોરૂપી) ચોર તો ચોરી કર્યા જ કરે છે. (તારામાં અવિનાશી તત્ત્વ રૂપી) સ્વામીનો વાસ હોવા છતાં મનનું પ્રભુત્વ હોવાથી તે નિષ્ક્રિય બની જવાને કારણે) ઘર સૂનુ સૂનુ લાગે છે. - ૨
તેથી (હે જીવ !) (કર્મ રૂપી) બીજ વિના (વાસના રૂપી) અંકુર તને ફૂટતા જણાય છે, મૂળ વિના (સંસાર રૂપી) વૃક્ષ મોટું થતું દેખાય છે અને ફૂલ વિના ફળ ફળતાં જણાય. વાંઝણીને કૂખે (મન રૂપી) પુત્ર જન્મે છે અને તે પગ વિના (સંસાર રૂપી) વૃક્ષ પર આરૂઢ થઈ જાય છે. - ૪
માટે કબીર કહે છે કે તે ભક્ત સાચો જ્ઞાની થઈ શકે છે જે કોઈ પણ બાહ્ય જ્ઞાનના આધાર વિના સહજ રીતે પોતાના સ્વરૂપમાં મનને જોડી દે છે. કારણ કે પોતાના ચેતન સ્વરૂપની પ્રતીતિ તો સ્યાહી, ખડિયો, કલમ, કાગળ અને બાહ્ય શાસ્ત્રના જ્ઞાન વિના થઈ જાય છે. - ૫

**સમજૂતી - ૧૭**
બ્રાહ્મણો રામના ગુણો ગાય છે અને બીજાને સમજાવે પણ છે પરંતુ તેઓ રામ વિષે યથાર્થ જ્ઞાન ધરાવતા નથી તેથી તેઓ અશાંત થઈને ફર્યા કરે છે. - ૧
જે મુખથી વેદ અને ગાયત્રીનું પઠન થાય છે, જેના વચન સાંભળીને સૌ સંસાર તરી જવાની મહેચ્છા રાખે છે અને રોજ સવારે ઉઠીને જગત જેને પગે લાગે છે તે બ્રાહ્મણો તો જિવનો વધ કરતા હોય છે ! - ૨
પોતાની જાતને ઉંચ ગણાવે અને ભોજન તો નીચને ઘરે કરતા હોય છે. ધૃણાજનક કર્મ કરીને પોતાનું પેટ ભરતા હોય છે. ગ્રહણ ટાણે તથા અમાસના દિને લોકોના ઘરોમાં જઈ જઈ ભીખ માંગતા હોય છે. હાથમાં (જ્ઞાનરૂપી) દિવો લઈને સંસારના કૂવામાં (જાણે કે) પડતા હોય છે ! - ૩
અગિયારસના વ્રતનું રહસ્ય તો જાણતા નથી હોતા અને ભૂતપ્રેતની માન્યતા હૃદયમાં ધારણ કરે છે. તેઓ તો કપુરને છોડીને ઝેરના પોટલાં બાંધે છે ! જ્ઞાનનો નાશ કરી અજ્ઞાની બની ભટકે છે ! - ૪
શાહુકાર પર તેઓ ગુસ્સો કરે અને ચોરોનું રક્ષણ કરે ! સંત લોકોની નિન્દા કર્યા કરે. એ પ્રમાણે કબીર કહે છે કે જીભના લંપટ થઈને જીવો નરક ભોગવતા હોય છે ! - ૫

## શબ્દ - ૧૮

રામ ગુન ન્યારો ન્યારો
અબુઝા લોગ કહાં લૌ બૂઝૈ બૂઝનિહાર બિચારો - ૧
કેતે રામચંદ્ર તપસી સે, જિન યહ જગ વિટમાયા
કેતે કાન્હ ભયે મુરલીધર, તિન ભી અંત ન પાયા - ૨
મચ્છ કચ્છ ઔ બ્રાહ સ્વરૂપી, વામન નામ ધરાયા
કેતે બૌધ નિકલંકી કેતે, તિન ભી અંત ન પાયા - ૩
કેતે સિધ સાધક સન્યાસી, જિન બનવાસ બસાયા
કેતે મુનિજન ગોરખ કહિયે, તિન ભી અંત ન પાયા - ૪
જાકી ગતિ બ્રહ્મા નહિ જાનૈ, સિવ સનકાદિક હારે
તાકે ગુન નલ કૈસે પૈહો, કહંહિ કબીર પુકારે - ૫

## શબ્દ - ૧૯

યે તતુ રામ જપહુ હો પ્રાની, બુઝહુ અકથ કહાની
જા કો ભાવ હોત હરિ ઉપર, જાગત રૈનિ બિહાની - ૧
ડાઈનિ ડારે સુનહા ડોરે, સિંઘ રહૈ બન ઘેરે
પાંચ કુટુંબ મિલિ જૂઝન લાગે, બાજન બાજુ ઘનેરે - ૨
રોહુ મૃગા સંસૈ બન હાંકે, પારથ બાના મેલૈ
સાયર જરૈ સકલ બન ડાહૈં, મચ્છ અહેરા ખેલૈ - ૩
કહંહિ કબીર સુનહુ હો સંતો, જો યહ પદ અરથાવૈ
જો યહ પદકો ગાય વિચારે, આપ નરે ઔ તારૈ - ૪

## શબ્દ - ૨૦

કોઈ રામ રસિક રસ પીય હુગે, પીયહુગે જુગજીવહુગે - ૧
ફલ લંકૃત બીજ નહિ બકલા, સુખ પંછી તહં રસ ખાઈ
ચુવૈ ન બુંદ અંગ ભીજૈ, દાસ ભંવર સભ સંગ લાઈ - ૨
નિગમ રિસાલ ચારિફલ લાગે, તિનિમંહ તિનિ સમાઈ
એક દૂરિ ચાહૈં સભ કોઈ, જતન જતન કાહુ બિરલે પાઈ - ૩

**સમજૂતી - ૧૮**

(સૃષ્ટિના સર્જનહાર) રામના ગુણો તો સૌથી જુદા જ હોય છે. અજ્ઞાની લોકો આ વિષે ક્યાં સુધી સમજી શકે તેના પર જ્ઞાનીઓએ વિચાર કરવો જોઈએ - ૧

અવતારી રામચંદ્ર જેવા કેટલા તપસ્વી થઈ ગયા કે જેના વડે આખું જગત ભરમાયું ! બંસીધર કૃષ્ણ જેવા કેટલા થઈ ગયા કે જેઓ પણ રામના ગુણનો અંત પામી ન શક્યા. - ૨

મત્સ્ય, કચ્છપ, વરાહ, લામન જેવા કેટલા બધા નામધારી અવતારો આવ્યા અને બુદ્ધ તથા કલ્કી જેવા અવતારો પણ થયા તો ય તેઓ કોઈ રામના ગુણનો અંત ન પામી શકયા -૩

કેટલા બધા સિદ્ધ સાધકો, સન્યાસીઓ, ગોરખ જેવા યોગીઓ અને મુનિઓ થઈ ગયા અને વનમાં જઈને તેઓએ વાસ કર્યો છતાં પણ રામના ગુણનો અંત કોઈ પામી શક્યા નહીં. - ૪

જેની ગતિ બ્રહ્મા જાણતા નથી અને શિવ સનકાદિક જેવા જેનો પાર પામતા થાકી ગયા તો કબીર કહે છે કે મનુષ્ય તો તેના ગુણનો અંત તો કેવી રીતે પામી શકે ? - ૫

**સમજૂતી - ૧૯**

હે માનવો, તમે સૌ રામ તત્ત્વનો જાપ કરો અને માયાને બરાબર ઓળખી લો !

જેને પરમાત્મા માટે પ્રેમ હોય છે તે આખી રાત જાગીને વીતાવતા હોય છે. - ૧

તેઓ તો (જ્ઞાન રૂપી જાગૃતિથી) માયાનો ત્યાગ કરી દે છે, દુર્ગુણોરૂપી કૂતરાઓને ધ્યાનરૂપી દોરીથી બાંધી દે છે અને મનરૂપી સિંહને તો હૃદયરૂપી વનમાં ઘેરીને વશમાં કરી લે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો રૂપી કુટુંબીઓ સાથે મળીને (મનરૂપી સિંહ સાથે) યુદ્ધ કરતા રહેતા હોય છે. તેઓને અનહદ નાદના વાજાંઓનો અનુભવ થયા કરતો હોય છે. - ૨

સંશય રૂપી જંગલી પશુઓને તો તેઓ હૃદયરૂપી વનમાં હાંકી મૂકે છે અને સાધકરૂપી શિકારીઓ તેના પર બાણો મારી તેનો નાશ કરી દે છે. (સંસાર રૂપી) સમુદ્ર તો સળગવા લાગે છે અને આખા વનને જ્ઞાન રૂપી અગ્નિથી બાળી મૂકે છે. સમુદ્રની (જીવતી રહેલી વિષયવાસના રૂપી) માછલીઓનો પછી સાધકો શિકાર કરતા હોય છે. - ૩

કબીર કહે છે કે હે સંતો સાંભ.ળો (વિચારો) જે આ પદનો અર્થ સમજાવી શકશે અને તેનો વિચાર કરી ગાશે તો તેઓ પોતે તો તરી જશે અને બીજાને પણ તારી શકશે. - ૪

**સમજૂતી - ૨૦**

જે રામરસિક રામરસને પીશે તે જુગ જુગ સુધી જીવશે. - ૧

એ તો સુંદર રામ ફળ છે જેમાં નથી ગોટલી કે નથી છાલ. શુકદેવ જેવા સાધકરૂપી પક્ષીઓ તેને ખાય છે. ભગવાનના ભક્ત રૂપી ભમરાઓ સાથે મળીને તેને ખાય છે છતાં તેમાંથી નથી એક બૂંદ પણ ટપકતું કે નથી શરીર પણ ભીંજાતું ! - ૨

વેદાદિ શાસ્ત્રો રૂપી વૃક્ષની ઉપર ધર્મ, અર્થ, કામ ને મોક્ષ રૂપી ચાર ફળ તો લાગ્યા હોય છે. તેમાંથી ત્રણ તો સંસારમાં સમાય જતા હોવાથી નાશવાન છે. ચોથું એકતો બહુ દૂર લાગ્યું છે કે જેને સૌ કોઈ પ્રાપ્ત કરવા ઈચ્છે છે પરંતુ કોઈ વિરલા જ ખૂબ જહેમતથી મેળવી શકે છે. - ૩

ગૈ વસંત ગ્રીષ્મ રિતુ આઈ, બહુરિ ન તરિવર તર આવૈ
કહંહિ કબીર સામી સુખ સાગર, રામ મગન હોય સો પાવૈ - ૪

## શબ્દ - ૨૧

રામ ન રમસિ કવન ડંડ લાગા, મરિ જૈબે કા કરને અભાગા - ૧
કોઈ તીરથ કોઈ મુંડિત કેસા, પાખંડ મંત્ર ભરમ ઉપદેસા - ૨
વિદ્યા બેદ પઠિ કરૈ હંકારા, અંતકાલ ફાંકૈ છારા - ૩
દુખિત સુખિત હો કુટુંબ જેવાબે, મરન બેર એકસર દુખ પાવે - ૪
કહંહિ કબીર યહ કલિ હૈ ખોટી, જો રહૈ કરવા સો નિકલે ટોટી - ૫

## શબ્દ - ૨૨

અબધૂ, છાંડહુ મન બિસ્તારા !
સો પદ ગહહુ જાહિતે સદ્દગતિ, પારબ્રહ્મ તે ન્યારા ! - ૧
નહીં મહાદેવ નહીં મહમદ, હરિ હજરત કિછુ નાહીં
આદમ બ્રહ્મા નહિ તબ હોતે, નહીં ધૂપ, નહીં છાહીં - ૨
અસિયાસે પૈગંબર નાહીં, સહસ અઠાસી મુની
ચંદ સુરજ તારાગન નાહીં, મચ્છ કચ્છ નહિ દૂની - ૩
વેદ કિતેબ ન સમિતિ સંજમ, નહીં જવન પરસાહી
બંગ નિમાજ ન કલમા હોતે, રામૌ નાહીં ખુદાઈ - ૪
આદિ અંત મનમધ્ય ન હોતે, આતસ પવન ન પાની
લખ ચૌરાસી જિયાજંતુ નહિ, સાખી શબ્દ ન બાની - ૫
કહંહિ કબીર સુનહુ હો અબધૂ, આગે કરહુ બિચારા !
પૂરન બ્રહ્મ કહાં તે પ્રગટે, કિરતમ કિન ઉપરાજા - ૬

## શબ્દ - ૨૩

અબધૂ, કુદરત કી ગતિ ન્યારી !
રંક નિવાજિ કરૈ વહ રાજા, ભૂપતિ કરૈ ભિખારી - ૧
યેતે લવંગહિ ફલ નહિ લાગૈ, ચંદન ફૂલ ન ફૂલા
મચ્છ શિકારી રમૈ જંગલમંહ, સિંઘ સમુદ્રહિ ઝૂલા - ૨
રેંડા રુખ ભયે મલયાગિર, ચહુ દિસિ ફૂટી બાસા
તીનિ લોક બ્રહ્માંડ ખંડમંહ, દેખૈ અંધ તમાસા - ૩

યુવાની રૂપ વસંત ઋતુ ચાલી ગઈ અને વૃદ્ધાવસ્થા રૂપ ગ્રીષ્મ ઋતુ આવી પરંતુ ફરીવાર સંસારરૂપી વૃક્ષ તળે તે આવવા માંગતો નથી. તેથી કબીર કહે છે કે જે રામના ભજનમાં મગ્ન રહે છે તે પરમાત્મારૂપી સુખસાગરને પામે છે. - ૪

**સમજૂતી - ૨૧**

હે અભાગી જીવ ! કયા પાપનો દંડ તને લાગ્યો છે કે જેને કારણે તારું મન રામમાં રમતું નથી ? તું મરી જશે ત્યારે શું કરશે ? - ૧

તમારામાંથી કોઈ તો તીર્થમાં ભટકે છે, કોઈ કેશ કપાવી ભમ્યા કરે છે તો કોઈ પાખંડીઓ પાસેથી મંત્ર લઈ ઉપદેશો ગ્રહણ કર્યા કરે છે. - ૨

કોઈ તો વળી વેદ વિદ્યા ભણીને અહંકારમાં ડૂબી જાય છે, તે તો અંતકાળે રાખ જ ફાંકે છે. - ૩

તમે સૌ સુખેદુઃખે કુટુંબીઓને જમાડે છે, પરંતુ મર્યા પછી તો દુઃખ એકલાએ જ ભોગવવું પડે છે. - ૪

માટે કબીર કહે છે કે આ કળીયુગ તો ખરાબ છે. માટીના ઘડામાં જે ભર્યું હશે તે જ તેની નળીમાં બહાર નીકળશે. ! -૫

**સમજૂતી - ૨૨**

હે અવધૂત ! (કાલ્પનિક) મનનો વિસ્તાર છોડી દો. તે જ (આત્મ) પદ ગ્રહણ કરો કે જે દ્વારા સદ્દગતિ પ્રાપ્ત થાય. તે તો (તમે માની લીધેલા) પરિબ્રહ્મથી પર છે. - ૧

(સૃષ્ટિના પ્રારંભમાં) ન તો મહાદેવ કે મહમદ હતા કે ન તો હરિ કે હજરત હતા. ત્યારે ન તો આદમ કે ન તો બ્રહ્મા. ત્યારે તડકો પણ નહીં અને છાયા પણ નહીં ! - ૨

(મુસલમાનોની માન્યતા અનુસાર) ત્યારે એંસી હજાર પયગમ્બર પણ ન હતા અને (હિન્દુઓની માન્યતા અનુસાર) અઠયાસી હજાર મુનિજન પણ ન હતા. ચંદ્ર, તારા, સૂર્ય, મત્સ્યાવતાર, કચ્છવાવતાર કોઈ પણ હતું નહિ ! - ૩

ત્યારે વેદ, કુરાન, સ્મૃતિ કાંઈ હતું નહિ; સંયમ નિયમ પણ હતા નહિ; મુસલમાનોની બાદશાહી પણ હતી નહિ; ત્યારે બાંગ, નિમાજ, કલમા, રામ કે ખુદા કાંઈ હતું નહિ. - ૪

ત્યારે મનથી નક્કી થયેલા આદિ, મધ્ય ને અંત પણ ન હતા; અગ્નિ, પવન કે પાણીનું અસ્તિત્વ પણ ન હતું; ચોર્યાસી લાખ યોનિ કે જીવજંતુ પણ ન હતા; સાખી, શબ્દ કે અન્ય પ્રકારની વાણીઓ પણ ન હતી ! - ૫

તેથી કબીર કહે છે હે અવધૂતો આગળનો વિચાર કરો. પૂર્ણ બ્રહ્મ ક્યાંથી પ્રગટ થયા ? ને આ કૃત્રિમ સંસાર કેવી રીતે ઉપજ્યો ? - ૬

**સમજૂતી - ૨૩**

હે અવધૂતો, કુદરતની ગતિ તો ન્યારી જ છે ! દયા કરે તો રંકને રાજા બનાવી દે અને રાજાને ભિખારી ! - ૧

આ લવંગના ઝાડને (માત્ર ફૂલ લાગે છે) ફળ લાગતા નથી જ્યારે ચંદનના ઝાડને ફૂલ પણ નહિ અને ફળ પણ નહિ ! માછલાનો શિકારી (સમુદ્રને બદલે) જંગલમાં ભમે અને સિંહનો શિકારી સમુદ્રમાં ! - ૨

કુદરતની કૃપાથી દિવેલાનો છોડ મલયાગિરિના ચંદનના જેવો થઈ જાય છે કે જેની સુગંધી ચારે તરફ પ્રસરી જાય છે ! આંધળો પુરુષ સમસ્ત બ્રહ્માંડમાં દૃષ્ટિ મળી જવાથી કુદરતનો ખેલ જોયા કરે છે ! - ૩

પંગા મેર સુમેર ઉલંઘૈ, ત્રિભુવન મુક્તા ડોલૈ
ગુંગા જ્ઞાન વિજ્ઞાન પ્રગાસૈ, અનહદ બાની બોલૈ - ૪
અકાસહિ બાંધિ પતાલ પઠાવૈ, સેસ સરગ પર રાજૈ
કહંહિ કબીર રામ હૈ રાજા, જો કિછુ કરૈ સો છાજૈ - ૫

## શબ્દ - ૨૪

અબધૂ, સો જોગી ગુરુ મેરા ! જો યહિ પદકા કરૈ નિવેરા
તરિવર એક મૂલ બિનુ ઢાઢા, બિનુ ફૂલૈ ફલ લાગા
સાખા પત્ર કછૂ નહિ વાકે, અસ્ટ ગગન મુખ ગાજા - ૧
પૌ બિનુ પત્ર કરહ બિનુ તૂંબા, બિનુ જિભ્યા ગુન ગાવૈ
ગાવ નિહારકે રેખ રુપ નહિ, સતગુરુ હોય લખાવૈ - ૨
પંછી ખોજ મીનકો મારગ, કહંહિ કબીર દોઉ ભારી
અપરમપાર પાર પરસોતમ, મૂરતકી બલિહારી - ૩

## શબ્દ - ૨૫

અબધૂ, વો તત્તુ રાવલ રાતા, નાચૈ બાજન બાજુ બરાતા - ૧
મૌર કે માથે દુલ્હા કીન્હો, અકથા જોરિ કહાતા
મંડપે કે ચારન સમધી દીન્હા, પુત્ર વિવાહલ માતા - ૨
દુલહિનિ લીપિ ચૌક બેઠાયો, નિરભય પદ પરગાસા
ભાતે ઉલટિ બરાતહિ ખાયો, ભલી બની કુસલાતા - ૩
પાની ગ્રહન ભયે ભૌ મંડન, સુષમનિ સુરતિ સમાની
કહંહિ કબીર સુનહુ હો સંતો, બૂઝહુ પંડિત જ્ઞાની - ૪

## શબ્દ - ૨૬

ભાઈ રે બિરલે દોસ્ત હમારે, બહુત બહુત કા કહિયે,
ગઠન ભજન સંવારન આપે, રામ રાખે ત્યૌં રહિયે - ૧
આસન પવન જોગ શ્રુતિ સ્મૃતિ, જ્યોતિષ પઢિ બૈલાના
છૌ દરસન પાખંડ છાનવે, એકલ કાહુ ન જાના - ૨
આલમ દુની સકલ ફિરિ આયો, યે કલ જિઉહિ ન આના
તજી કરિગહ જગત ઉચાયો, મનમંહ મન ન સમાના- ૩

પગે લંગડો હોવા છતાં મેરુ પર્વતને ઓળંગીને ત્રણે ભુવનમાં મુક્તદશામાં હરી ફરી શકે છે ! ગુંગો માણસ (અચાનક) જ્ઞાન વિજ્ઞાનની વાતો પર નવો પ્રકાશ પાથરતો અનહદ વાણી બોલતો થઈ જાય છે ! - ૪

(કુદરત ધારે તો) આકાશને બાંધી પાતાળમાં મોકલી દે અને પાતાળમાં રહેતા શેષનાગને સ્વર્ગનું રાજ અપાવી દે ! તેથી કબીર કહે છે કે રામ તો રાજા કહેવાય ! તે જે કાંઈ કરે છે તે તેને શોભા આપે છે ! - ૫

**સમજૂતી - ૨૪**

હે અવધૂત તે યોગીપુરુષ મારો ગુરુ કહેવાશે જે આ પદના અર્થનો નિર્ણય કરશે. - ૧

એવું એક વૃક્ષ ઉભું છે જેને મૂળિયાં જ નથી તથા ફૂલ વિના તેને ફળ લાગ્યા છે. તેને કાંઈ પાંદડાં નથી અને ડાળી પણ નથી. તે આઠ કમળની ઉપર આવેલ આકાશ તરફ મુખ કરીને ગાજી રહ્યું છે ! - ૨

તેને અંકુર વિના પાંદડાં આવે છે અને દાંડી વિના તુંબડી હોય છે. તેમાં જીભ વિના ગુણ ગવાયા કરે છે. જે ગાય છે તેનું કોઈ રૂપ નથી કે આકાર નથી. તેનું રહસ્ય સદ્દગુરુ જ બતાવી શકે. - ૩

કબીર કહે છે કે (આકાશમાં ઉડતા) પક્ષીની ખોજ કરવી અને (પાણીમાં તરતી) માછલીને શોધવી ભારી મુશ્કેલ કાર્ય ગણાય. જેનો કોઈ પાર જ નથી એવા (સંસાર સાગરને) પાર પહોંચેલા ઉત્તમ પુરુષની મૂર્તિને ધન્યવાદ. - ૪

**સમજૂતી - ૨૫**

હે અવધુત, જીવ રૂપી રાજા તો તે (પદાર્થ વિષયોના) અનાત્મતત્ત્વમાં લીન બની ગયો છે. તેથી (ઉલટી પરિસ્થિતિ નિર્માણ થઈ) વાજાં નાચવા લાગ્યા અને જાનૈયાઓ વાગવા લાગ્યા ! - ૧

મુગટના માથા પર વરરાજાને બેસાડી દીધો અને જે અકથા છે તેને કથાનું રૂપ આપી કહેવા લાગ્યા ! મંડપના ભાર તરીકે સમધીને બેસાડી દીધો અને ખુદ પુત્રએ પોતાની માતા સાથે વિવાહ કરી લીધો ! - ૨

અવિદ્યા રૂપી સ્ત્રીને વાસનાથી આચ્છાદિત કરી અંતઃકરણ રૂપી ચોકમાં બેસાડી દીધી અને પોતાની જાતને નિર્ભય સમજવા લાગી. ભાતે જાનૈયાને ખાય લીધા તે જુઓ કેવી સરસ કુશળતાની ઘટના બની ! - ૩

કબીર કહે છે કે પાણિગ્રહણ કરવાથી સંસારનું મંડન થાય છે અને સુષમણા સુરતિમાં સમાઈ જાય છે. તેથી હે જ્ઞાનીઓ સાંભળો અને હે જ્ઞાની પંડિતો બરાબર વિચારી લો ! - ૪

**સમજૂતી - ૨૬**

હે ભાઈઓ વધારે તો શું કહિયે ? અમારા (સત્સંગી) દોસ્ત તો વિરલ પુરુષ જ હોય છે ! સ્વયં પરમાત્મા ઉત્પત્તિ, સ્થિતિનો સંહાર કરે છે તેથી રામ રાખે તેમ રહેવાની ટેવ પાડવી જોઈએ. - ૧

ઘણા તો આસન લગાવી પ્રાણવાયુ ઉપર ચઢાવી યોગ ક્રિયા કરે છે તો કેટલાક શ્રુતિ અને સ્મૃતિ તથા જ્યોતિષ વાંચી બળદના જેવા અભિમાની બની જાય છે. દર્શનના વાંચનારા અને છન્નુ પ્રકારના પાખંડો ધારણા કરવાવાળા અભિમાનમાં છકી જાય છે. પરંતુ તેના રહસ્યને કોઈએ જાણ્યું નથી. - ૨

આખા સંસારમાં ફરીને જીવ આવ્યો પરંતુ એકત્વનું રહસ્ય તો જાણ્યું નહીં. કરિગહ રૂપી શરીરને છોડી આખા સંસારને માથા પર ઉઠાવી લીધો છે. છતાંય મનમાં મન તો સમાયું જ નહીં ! - ૩

કહંહિ કબીર જોગી ઔ જંગમ, ફીકી ઈનકી આસા
રામહિ નામ રટ જૌ ચાત્રિક, નિસ્ચૈ ભગતિ નિવાસા - ૪

## શબ્દ - ૨૭

ભાઈ રે અદ્ભુન રુપ અનુપ કથા હૈ, કહીં તો કો પતિયાઈ
જંહ જંહ દેખો તંહ તંહ સોઈ, સભ ઘટ રહલ સમાઈ - ૧
લછિ બિનુ સુખ દરિદ્ર બિનુ દુઃખહૈ, નીંદ બિના સુખ સોવૈ
જસ બિનુ જ્યોતિ રુપ બિનુ આસિક, રતન બિહૂના રોવૈ - ૨
ભ્રમ બિનુ ગંજન મનિ બિનુ નીરખ, રુપ બિના બહુરુપા
થિતિ બિનુ સુરતિ રહસ બિનુ આનંદ, ઐસા ચરિત અનુપા - ૩
કહંહિ કબીર જગત હરિ માનિક, દેખહુ ચિત અનુમાની
પરિહરિ લાખૌં લોગ કુટુમ સભ, ભજહું ન સારંગ પાની - ૪

## શબ્દ - ૨૮

ભાઈ રે ગૈયા એક બિરંચિ દિયો હૈ, (ગૈયા) ભાર અભાર ભો ભારી
નૌં નારી કો પાની પિયતુ હૈ, ત્રિષા ન તૈવો બુઝાઈ - ૧
કોઠા બહત્તરિ ઔ લૌ લાવે, બજ્ર કેવાર લગાઈ
ખૂંટા ગાડિ દવરિદ્રિઢ બાંધેઉ, તૈયો તો રિ પરાઈ - ૨
ચારિ બ્રિચ્છ છવ સાખા વાકે, પત્ર અઢારહ ભાઈ
એતિક લૈ ગમ કીહિસિ ગૈયા, ગઈયા અતિ હરહાઈ - ૩
ઈ સાત્તો ઔરો હૈ સાતો, નૌ ઔ ચૌદહ ભાઈ
એતિક ગૈયા ખાય બઢાયો, ગૈયા તૌ ન અઘાઈ - ૪
પુરતામંહ રાતી હૈ ગૈયા, સેત સીંગિ હૈ ભાઈ
અબરન બરન કછુ નહિ વાકે, ખાદ્ય અખાદ્ય ખાઈ - ૫
બ્રહ્મા બિસ્નુ ખોજિ કૈ આવૈ, સિવ સનકાદિક ભાઈ
સિધ અનંત વાકે ખોજ પરે હૈ, ગૈયા કિનહુ ન પાઈ - ૬
કહંહિ કબીર સુનહુ હો સંતો, જો યહ પદ અરથા વૈ
જો યહિ પદકો ગાય બિચારૈ, આગે હોય નિરબાહૈ - ૭

તેથી કબીર કહે છે કે જોગી અને જંગમ લોકોની આશા ફીકી હોય છે. તેથી ચાતક પક્ષી જેમ તેઓએ રામનામની રટણા કરવી જોઈએ તો ભક્તિનો આશ્રય મળે. - ૪

**સમજૂતી - ૨૭**

હે ભાઈઓ, તે રામતત્ત્વનું સ્વરૂપ તો અદ્દભુત છે અને તેની કથા પણ અનુપમ છે. જો હું કહેવા પ્રયત્ન કરું તો તેમાં કોણ વિશ્વાસ કરશે ? જ્યાં જ્યાં હું જોઉં છું ત્યાં ત્યાં સર્વના શરીરોમાં તે જ સમાયેલો જણાય છે. - ૧

(જ્ઞાની) લક્ષ્મી વિના પણ સુખી રહે છે, (અજ્ઞાની) દરિદ્ર ન હોવા છતાં દુઃખી રહે છે. તે જ્ઞાની પુરુષ ઉંઘે નહિ તો પણ સુખથી શયન કરે છે ! તે કીર્તિની લાલસા વિના જ્યોર્તિમય સ્વરૂપમાં લીન રહે છે અને તેનું કંઈ રૂપ ન હોવા છતાં તે જ્ઞાની તેનો પ્રેમી થઈ જીવે છે. અજ્ઞાની તો તે રત્ન સમાન તત્ત્વને જાણ્યા વિના દુઃખી થઈ રડયા કરે છે. - ૨

તે તત્ત્વ અંગે ભ્રમ ન હોવા છતાં અવગણના પામે છે, મણિ સ્વરૂપન હોવા છતાં તેની પરખ થઈ શકે છે અને રૂપ વિના પણ તે અનેક રૂપોવાળો ગણાય છે. સ્થિરતા વિના તેનું ધ્યાન થઈ શકે છે અને એકાન્ત વિના તેનો આનંદ માણી શકાય છે એવું તેનું અનુપમ ચરિત્ર છે. - ૩

માટે કબીર કહે છે કે હરિતત્ત્વ રૂપી માણેકને ચિંતન મનન કરી જુવો તો જગતમાં તે સર્વત્ર વ્યાપ્ત જણાશે. તેથી લાખોની સંપત્તિ તથા કુટુંબીજનો માટેની આસક્તિનો ત્યાગ કરી (આત્મતત્ત્વ રૂપી) રામને શા માટે ભજતા નથી ? - ૪

**સમજૂતી - ૨૮**

હે ભાઈઓ, બ્રહ્માએ મન રૂપી એક ગાય આપી તો છે પરંતુ તેનું ભરણપોષણ કરવું કઠણ થઈ પડયું છે ! નવ નાડીઓ રૂપી નદીનું (લોહી રૂપી) પાણી પીયા કરે છે છતાં તેની તરસ મટતી નથી. - ૧

(યોગીઓ તો) શરીરના બોતેર કોઠાને લક્ષમાં રાખી, દૃઢ સંકલ્પ રૂપી વજ્રથી દસે દસ દરવાજા બંધ કરી, ધ્યેય રૂપી ખૂંટા સાથે ધ્યાન રૂપી દોરડાથી તેને બાંધી દે છે તો પણ તેને તોડીને તે ભાગી જાય છે. - ૨

ચાર વેદો રૂપી વૃક્ષ અને તેની છ ડાળીઓ તથા અઢાર પુરાણો રૂપી પાંદડાનો અભ્યાસરૂપી ખોરાક ખવરાવે તો પણ તે અત્યંત હરામી હોવાથી બીજે ક્યાંક ભાગી જાય છે. - ૩

સાત લોક અને સાત પાતાલ તથા નવ ખંડ અને ચૌદે વિદ્યાની પ્રાપ્તિ કરી તેનો ઉપભોગ કર્યા કીધો તો પણ આ ગાયને તૃપ્તિ થઈ નહીં. - ૪

તે ગાય મધ્ય ભાગે લાલ રંગની જણાય છે અને શીંગડાના ભાંગે તો સફેદ રંગની લાગે છે. છતાં પણ હે ભાઈઓ, તે તો વર્ણાવર્ણની પરવાહ કરતી જણાતી નથી. તે તો ખાવા જેવું ને ન ખાવા જેવું બધું જ ખાય જાય છે. - ૫

હે ભાઈઓ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સનકાદિક (સનક, સનંદન, સનત્કુમાર અને સનાતન) ઋષિઓ તે ગાયની ખોજ કરીને તેને વશ કર્યા વિના પાછા આવ્યા તેમજ અસંખ્ય સિદ્ધપુરુષો પણ તેની ખોજમાં મંડી રહ્યા છે પણ હજી સુધી કોઈએ તેનો પાર પામ્યું નથી. - ૬

કબીર કહે છે કે હે સંતજનો સાંભળો (વિચારો), જે કોઈ પણ આ પદનો અર્થ સમજશે ને સમજાવશે તથા તેને બરાબર વિચારી ગાયા કરશે તે આગળ જતાં માયા રૂપી ગાયનો પાર પામી શકશે. - ૭

## શબ્દ - ૨૯

ભાઈ રે નયન રસિક જો જાગૈ
પાર બ્રહ્મ અવિગતિ અવિનાશી, કૈસહું કે મન લાગૈ - ૧
અમલી લોગ ખુમારી ત્રિસુના, કતહું સંતોષ ન પાવૈ
કામ-ક્રોધ દોનૌ મતવાલે, માયા ભરિભરિ આવૈ - ૨
બ્રહ્મ કમાલ ચઢાઈનિ ભાઠી, લૈ ઈન્દ્રી રસ ચાખૈ
સંગહિ પોચ હૈ જ્ઞાન પુકારૈ, ચતુરા હોય સો નાખૈ - ૩
સંકટ સોચ પોચ યહ કલિમંહ, બહુતક વ્યાધિ સરીરા
જહાં ધીર ગંભીર અતિ નિરમલ, તંહ ઉઠિ મિલહુ કબીરા - ૪

## શબ્દ - ૩૦

ભાઈ રે, દુઈ જગદીસ કહાં તે આયા ? કહુ કવને ભરમાયા ?
અલ્લહ રામ કરીમા કેસવ, હરિ હજરત નામ ધરાયા - ૧
ગહના એક કનક તે ગહના, ઈનિ મંહ ભાવ ન દૂજા
કહન સુનનકો દુઈ કહિ થાપૈ, ઈક નમાજ ઈક પૂજા - ૨
વહી મહાદેવ વહી મહંમદ, બ્રહ્મા આદમ કહિયે
કો હિન્દુ કો તુરુક કહાવૈ, એક જિમી પર રહિયે - ૩
બેદ કિતેબ પઢૈ વૈ કુતુબા, વૈ મૌલના વૈ પાંડે
બેગરિ બેગરિ નામ ધરાયે, એક મટિયા કે ભાંડે - ૪
કહંહિ કબીર વૈ દૂનૌં ભૂલે, રામહિ કિનહું ન પાયા
વૈ ખસ્સી વૈ ગાય કટાવૈ, બાદહિ જન્મ ગંવાયા - ૫

## શબ્દ - ૩૧

હંસા સંસૈ છૂરી કુહિયા, ગૈયા પિયે બછરુવૈ દુહિયા - ૧
ઘર ઘર સાવજ કરૈ અહેરા, પારથ ઓટા લેઈ
પાની માંહિ તલફિ ગૈ ભુંભુરી, ધૂરિ હિલોરા દેઈ - ૨
ધરતી બરસૈ બાદર ભીંજૈ, ભીંટિ ભયે પૌરાઉ
હંસ ઉડાને તાલ સુખાને, ચહલે બિન્ધા પાંઉ - ૩
જૌં લાગિ કર ડોલે પગ ચાલૈ, તૌં લગિ આસ ન કીજૈ
કહંહિ કબીર જેહિ ચલત ન દીસૈ, તાસુ બચન કા લીજૈ - ૪

**સમજૂતી - ૨૯**

સંસારનો રસિયો જીવ (મોહનિદ્રામાંથી) જાગી જાય તો તેનું મન હે ભાઈઓ, જેની કાંઈ માહિતી જ નથી એવા અવિનાશી તત્ત્વમાં કોઈ પણ હિસાબે લાગ્યા વિના રહે નહિ. - ૧

વિષયોના વ્યસની લોકોમાં તૃષ્ણાની ખુમારી પ્રગટ થતી હોય છે તેથી તેઓ કોઈ પણ સ્થળે સંતોષનો અનુભવ કરી શકતા નથી. તેઓ કામ ક્રોધથી દિવાના બની જાય છે તેથી માયા વિષયોના રસના પ્યાલાઓ ભરી ભરીને તેઓને પીવડાવ્યા જ કરે છે.- ૨

બ્રહ્મા રૂપી કુંભારે સંસારરૂપી ભઠ્ઠી ચઢાવેલી જ રાખી હોવાથી જીવો તો તેમાંથી ઈન્દ્રિયો દ્વારા વિષયોનો રસ ચાખ્યા જ કરે છે. તેઓ અધમ અવસ્થામાં રહીને પણ જ્ઞાનની વાર્તો કર્યા કરે છે. માત્ર હોંશિયાર જીવો જ આસક્તિનો નાશ કરી શકે છે. - ૩

આ શરીરમાં કળીયુગને કારણે અધમ પ્રકારની પ્રવૃત્તિઓથી સંકટો, દુઃખો અને અનેક પ્રકારની વ્યાધિઓ પેદા થયા કરે છે. તેથી કબીર કહે છે કે હે જીવો, ઉઠો, જાગો અને એવા પ્રયાસ કરો કે ધીર, ગંભીર અને પવિત્ર મહાપુરૂષનું મિલન થઈ શકે. - ૪

**સમજૂતી - ૩૦**

હે ભાઈઓ, બે પરમાત્મા ક્યાંથી આવ્યા ? કહો તમને કોણે ભરમાવ્યા છે ? જરા વિચાર તો કરો કે એક જ પરમાત્મા અલ્લાહ, રામ, કરીમા, કેશવ, હરિ, હજરત વિગેરે જુદા જુદા નામો ધરાવે છે. - ૧

સોનામાંથી ઘરેણાં બને છે તેથી એ બેમાં બીજો કોઈ ભેદ નથી. એક પડે નિમાજ ને બીજો કરે પૂજા, માત્ર કહેવા સાંભળવા માટે જ બે ભેદ પાડી સ્થાપના કરી લાગે છે. - ૨

તે જ મહાદેવ ને તે જ મહંમદ છે. બ્રહ્મા તે જ આદમ કહેવાય. એક જ જમીન પર સૌ રહે છે ત્યાં કોણ હિન્દુ ને કોણ મુસલમાન ? - ૩

જે વેદ વાંચે ને સમજાવે તે પાંડે કહેવાય અને જે કુરાન પઢે તે મૌલાના કહેવાય. એક જ માટીના બધા વાસણો છે, માત્ર નામ જુદા જુદા ધરી લીધા છે એટલું જ ! - ૪

કબીર કહે છે હિન્દુ અને મુસલમાન બંને ભૂલને રસ્તે છે. કોઈએ રામ તત્ત્વનું રહસ્ય જાણ્યું જ નથી. હિન્દુઓ બકરાંને અને મુસલમાનો ગાયને કાપે છે ને કપાવે છે. બંને પોતાનો મોંઘો મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવી રહ્યા છે. - ૪

**સમજૂતી - ૩૧**

હે વિવેકી જીવ ! સંશય રૂપી છરી (તમે જાતે જ તમારા હૃદયમાં) ભોંકી દીધી છે ! માયા રૂપી ગાયે જીવ રૂપી વાછરડાને દોહીને જ્ઞાન રૂપી દૂધ પી લીધું છે ! - ૧

દરેક શરીર રૂપી ઘરમાં મન રૂપી જંગલી મૃગ જીવ રૂપી પારધીનો શિકાર કરતો રહે છે અને પોતાના રક્ષણ માટે જીવ રૂપી પારધી આંડ શોધી સંતાય જવા યત્ન કરે છે. પાણીમાં માછલી તડપી રહી છે અને ધૂળમાં આનંદ માણ્યા કરે છે એ કેવું આશ્ચર્ય ! - ૨

ધરતી વરસી રહી છે, વાદળ ભીજાય રહ્યું છે અને પાળ તૂટી સરોવરનો વિસ્તાર થયા જ કરે છે ! હંસ તળાવને છોડી ઉઠવા જાય છે ત્યારે તળાવ સુકાઈ જવાથી કીચડમાં તેનો પગ ફસાઈ જાય છે ! - ૩

જ્યાં લગી હાથ પગ ચાલે છે ત્યાં લગી બીજાની આશા પર મદાર બાંધવાનું છોડી દો ! કારણ કે કબીર કહે છે કે જે માત્ર ચાલે છે પણ રસ્તો તે દેખતો નથી એવા (ગુરુઓના) વચન ગ્રહણ કરવાથી શો લાભ ? - ૪

## શબ્દ - ૩૨

હંસા હો ચિત ચેતુ સકેરા, ઈન્હિ પરપંચ કેલ બહુ તેરા - ૧
પાખંડ રૂપ રસોઈન તિરગુન, તેહિ પાખંડ ભૂલલ સંસારા
ઘરકે ખસમ બધિક વૈ રાજા, પરજા કા ધૌં કરે બિચારા - ૨
ભગતિ ન જાનૈ ભગત કહાવૈ, તજિ અમૃત વિષ કૈલિન સારા
આગે બડે ઐસહિ ભૂલે, તિનહું ન માનલ કહા હમારા - ૩
કહલિ હમારી ગાંઠી બાંધહુ, નિસુવાસર રહિયો હુસિયારા
યે કલિગુરુ બડે પરપંચી, ડારી ઠગૌરી સભ જગ મારા - ૪
વેદ કિતેબ દુઈ ફંદ પસારા, તેહિ ફંદે પરુ આપુ બિચારા
કહંહિ કબીર તે હંસ ન બિસરે, જેહિમા મિલૈં છુડાવનિહારા - ૫

## શબ્દ - ૩૩

હંસા પ્યારે સરવર તજિ કહાં જાય ?
જેહિ સરવર મોતિયા ચુગતે, બહુ વિધિ કેલિ કરાય - ૧
સુખે તાલ પુરઈન જલ છાંડે, કમલ ગયે દુમ્હિલાય
કહંહિ કબીર અબહી કે બિછુરે, બહુરિ મિલહુ કબ આય - ૨

## શબ્દ - ૩૪

હરિજન હંસ દશા લિયૈ ડોલૈં, નિરમલ નામ ચુનિ ચુનિ બોલૈં - ૧
મુક્તાહલ લિયે ચોંચ લોભાવૈં, મૌન રહૈ કી હરિ જસ ગાવૈ - ૨
માન સરોવર તટકે બાસી, રામ ચરન ચિત્ત અન્ત ઉદાસી - ૩
કાગા કુબુધિ નિકટ નહિ આવૈ, પ્રતિદિન હંસા દરસન પાવૈ - ૪
નીર ધીર કા કરૈ નિબેરા, કહંહિ કબીર સોઈ જન મેરા - ૫

## શબ્દ - ૩૫

હરિ મોરા પિયુ, મૈં રામકી બહુરિયા, રામ બડો મૈં તનકિ લહુરિયા - ૧
હરિ મોરા રહંટા મૈં રતન પિઉરિયા, હરિકે લૈ કતતિ બહુરિયા - ૨
છવ માસ તાગ બરિસ દિન કુકુરી, લોગ બોલૈં ભલ કાતલ બપુરી - ૩
કહંહિ કબીર સૂત ભલ કાતા, ચરખા ન હોય મુકુતિ કે દાતા - ૪

**સમજૂતી - ૩૨**

હે વિવેકી જીવ, તું સત્વરે મનથી ચેતી જા. આ (ઢોંગી ગુરુઓએ) તો ઘણો બધો પ્રપંચ કરી રાખ્યો છે ! - ૧

તેઓએ ત્રણ ગુણવાળી પાખંડી રચના એવી કરી છે કે તેમાં સઘળો સંસાર ભૂલો પડયો છે. નગરનો સ્વામી રાજા જો હિંસક બની જાય તો પ્રજા કેવો વિચાર કરી શકે ? - ૨

ભક્તિ તો જાણે નહીં ને ભક્ત કહેવરાવે છે. તેઓ અમૃત છોડીને ઝેર સારું છે એમ માની લે છે. પહેલાના લોકો પણ એ જ રીતે ભૂલા પડેલા. તેઓએ પણ અમારું કહ્યું માન્યું ન હતું. - ૩

અમારું કહેલું ગાંઠે બાંધી લો અને રાતદિવસ હોંશિયાર રહો ! આ કળીયુગના ગુરુઓ તો ખૂબ પ્રપંચી છે. તેઓએ તો સમગ્ર જગતને વિનાશને માર્ગે દોરી છે. - ૪

(તે પ્રપંચી ગુરુઓએ) વેદ અને કુરાનના ભેદોવાળી બે જાળ પાથરી દીધી છે અને તેમાં તમે પણ ફસાયા છો ! તેથી કબીર કહે છે કે જેને છોડાવવાવાળા મળી ગયા છે તે વિવેકી જીવ હવે ભૂલમાં પડી શકશે નહીં ! - ૫

**સમજૂતી - ૩૩**

હે વિવેકી જીવ, તું (શરીર રૂપી) સરોવર છોડી ક્યાં જઈ રહ્યો છે ? જેમાં તે (વિષયો રૂપી) મોતીઓ ચૂગ્યા અને ઘણા સમય સુધી આનંદ પ્રમોદ કર્યો તેને છોડી તું ક્યાં જશે ? - ૧

(શરીર રૂપી) તળાવ તો સુકાઈ ગયું છે અને નયન રૂપી કમળ આંસુ રૂપી જલ વહાવી રહ્યું છે. હૃદય રૂપી કમળ તો કરમાઈ ગયું છે તેથી કબીર કહે છે કે આ વખતે છોડીને તું જઈ રહ્યો છે પણ ફરીવાર આ માનવ શરીર ક્યારે મળશે ? (જરા વિચારી તો જો !) - ૨

**સમજૂતી - ૩૪**

હરિનો ભક્ત જીવનમુકત દશા પ્રાપ્ત કરી હરિના નિર્મળ નામો પસંદ કરી બોલતો રહે છે. - ૧

ક્યારેક તે મોતી રૂપી પોતાનો ખોરાક મેળવવા પોતાની ચિત્તરૂપી ચાંચ મોટી કરે છે તો ક્યારેક તે મૌન રહી મનોમન હરિના ગુણગાન ગાતો રહે છે. - ૨

તે તો માનસરોવરનો વાસી હોય છે અને તેનું ચિત્ત રામના ચરણમાં લીન રહેવાથી અન્ય પદાર્થો માટે ઉદાસીન રહેતું હોય છે. - ૩

દરરોજ જીવન મુક્ત મહાપુરૂષોના દર્શન થતાં હોવા છતાં કાગ બુદ્ધિવાળો જીવ તેની પાસે આવતો નથી. - ૪

તેથી કબીર કહે છે કે જે પાણીને દૂધ છૂટું પાડી સત્ય ને અસત્યનો નિર્ણય કરી શકે છે તે જ ભક્ત મને તો પ્રિય છે. - ૫

**સમજૂતી - ૩૫**

હરિ મારો પતિ ને હું તેની પત્ની છું. રામ તો મહાન છે પણ હું તો સાવ સામાન્ય તેની લાડકી પત્ની છું. - ૧

હરિ મારો રેંટિયો છે હું તેની રતન સમી મોંઘી પુણી છું. હું હરિનું નામ લેતી લેતી કાંત્યા કરું છું. - ૨

છ મહિના સુધી નિરંતર કાંત્યા પછી વર્ષ દિવસ સુધી અભ્યાસ કરવાથી ભક્તિરૂપી આંટી તૈયાર થાય છે ત્યારે લોકો કહેવા લાગે છે કે બિચારીએ ઘણું કાંત્યું ! - ૩

કબીર કહે છે કે હે નામના ઉપાસકો ! તમે નામ જપ રૂપી સૂતર તો સારું કાંત્યું પણ જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના આ ચરખો મુક્તિ અપાવી શકશે નહિ ! - ૪

## શબ્દ - ૩૬

હરિ-ઠગ ઠગત ઠગૌરી લાઈ, હરિ વિયોગ કસ જિયહુ રે ભાઈ - ૧
કો કાકો પુરુષ કવન કાકિનારી, અકથ કથા જમ દિસ્ટિ પસારી - ૨
કો કાકો પુત્ર કવન કાકો બાપા, કો રે મરૈ કો સહૈ સંતાપા - ૩
ઠગિ ઠગિ મૂલ સભન કો લીન્હા, રામ ઠગૌરી કાહું ન ચીન્હા - ૪
કહંહિ કબીર ઠગ સોં મન માના, ગઈ ઠગૌરી જબ ઠગ પહિચાના - ૫

## શબ્દ - ૩૭

હરિ-ઠગ ઠગત સકલ જગ ડોલૈ, ગવન કરત મોસે મુખહું ન બોલૈ - ૧
બાલાપન કે મીત હમારે, હમહિ તજિ કહં ચલેઉ સકારે - ૨
તુમહિ પુરુષ મૈં નારિ તુમ્હારિ, તુમ્હરિ ચાલ પાહનહું તે ભારી - ૩
માટિક દેહ પવન કે સરીરા, હરિઠગ ઠગસે ડરહિં કબીરા - ૪

## શબ્દ - ૩૮

હરિ બિનુ ભરમ બિગુરચૈ ગંદા
જહં જહં ગયો અપનપૌ ખોયો, તેહિ ફંદે બહુ ફંદા - ૧
જોગી કહે જોગ હૈ નીકો, દુતિયા અવર ન ભાઈ
ચુંડિત મુંડિત મૌનિ જટાધર, તિનહું કહાં સિધિ પાઈ - ૨
જ્ઞાની ગુની સૂર કવિ દાતા, ઈ જો કહંહિ બડ હમરી
જહં ઈસે ઉપજે તહંહિ સમાને, છૂટિ ગયલ સભ તબહી - ૩
બાંયે ડાહિને તજો બિકારા, નિજુકૈ હરિપદ ગહિયા
કહંહિ કબીર ગૂંગે ગુર ખાયા, પૂછે સે કા કહિયા - ૪

## શબ્દ - ૩૯

ઐસે હરિસા જગત લરતુ હૈ, પંડુર કતહું ગરુડ ધરતુ હૈ
મૂંસ બિલાઈ કૈસનિ હેતૂ, જંબુક કરૈ કેહરિસો ખેતૂ - ૧
અચરજ ઈક દેખહુ સંસારા, સુનહા ખેદે કુંજર અસવારા
કહંહિ કબીર સુનહુ સંત ભાઈ, ઈહૈ સંધિ કાહુ બિરલે પાઈ - ૨

**સમજૂતી - ૩૬**
હરિ રૂપી ધન ચોરી જનાર મન રૂપી ચોરે સમગ્ર સંસારને ઠગ્યો છે ! હે ભાઈઓ, હરિના વિયોગથી તમે કેવી રીતે જીવિત રહી શકશો. - ૧
કોણ કોનો પુરુષ અને કોણ કોની સ્ત્રી છે ? આ તો યમરાજે ન કહેવા જેવી કથાને ક્રૂર દૃષ્ટિથી વિસ્તારી છે ! - ૨
કોણ કોનો પુત્ર અને કોણ કોનો બાપ ? કોણ મરી જાય ને કોણ સંતાપ સહન કરે ? - ૩
મન રૂપી ચોરે છેતરી છેતરીને સર્વની મૂળ પૂંજી લીધી છે છતાં પણ કોઈએ તે રામ રૂપ ધનની ચોરીને પહેચાની નથી. - ૪
કબીર કહે છે કે જીવાત્માને મન રૂપી ચોર સાથે પ્રેમ થઈ ગયો બાકી ચોર ઓળખાય જાય તો ચોરી થતી અટકી જાય છે ! - ૫

**સમજૂતી - ૩૭**
આત્મા રૂપી ધન ચોરનાર ચોરથી આખું જગત ભટકે છે. (શરીર કહે છે કે) જીવ જતી વખતે મારી સાથે મોઢેથી તો કંઈ બોલતો નથી ! - ૧
હે જીવ, તું તો મારો બચપણનો દોસ્ત છે ! મને છોડીને તું જલદીથી ક્યાં જઈ રહ્યો છે ? - ૨
હે જીવ, તું મારો પુરુષ ને હું તારી સ્ત્રી છું. પરંતુ તારું હૃદય પથ્થરથી પણ વધુ કઠણ છે. - ૩
માટીમાં સ્થૂળ શરીર અને પવનનાં સૂક્ષ્મ શરીરમાં મન રૂપ ચોર રહે છે અને કબીરના ભક્તો તેનાથી ડરે છે. - ૪

**સમજૂતી - ૩૮**
હરિ વિના જીવ ખરાબ ભ્રમોમાં ફસાઈને મૂંઝવણ અનુભવે છે. (હરિને શોધવા) જ્યાં જ્યાં તે ગયો છે ત્યાં ત્યાં તે અનેક પ્રકારના ફંદામાં ફસાયો છે. - ૧
યોગી લોકો કહે છે કે યોગ જ હરિને પામવા માટે યોગ્ય સાધન છે, બીજું નહિ. ચોટલીવાળા વૈષ્ણવો, મુંડન કરાવનાર સન્યાસીઓ, મૌની સાધુઓ, જટાધારી વૈરાગીઓ, કોઈએ પણ હરિને પ્રાપ્ત કર્યા નથી. - ૨
જ્ઞાની, ગુણિયલ, શૂરવીર, કવિ, દાનેશ્વરી લોકો કહે છે કે અમે જ સૌથી મોટા છે. પરંતુ તેઓ પણ જ્યાંથી ઉત્પન્ન થયા હતા ત્યાં (માયામાં) સમાય જાય છે. ત્યારે જ તેઓનો તમામ અહંકાર છૂટી જાય છે. - ૩
કબીર કહે છે કે ચોતરફથી જેટલા પણ વિકારો છે તેનો તમે ત્યાગ કરો. શ્રીહરિનું સ્વરૂપ તે પોતાનું જ સ્વરૂપ છે તેવું માનીને ગ્રહણ કરો. ગુંગા માણસે ગોળ ખાધો હોય ને તેને તેનો સ્વાદ પૂછવામાં આવે તો તે શું કહે ? તેવી અનુભૂતિ થશે. - ૪

**શબ્દ - ૩૯**
હરિ સમાન આત્મજ્ઞાની મહાપુરુષ સાથે સંસારના અજ્ઞાની લોકો ઝઘડો કરતા રહે છે પણ ઝેર વિનાનો પાણી સાપ કદી ગરુડને પકડી શકે ખરો ? ઉંદર બિલાડીને પ્રેમ કરી શકે ખરો ? શિયાળ સિંહ સાથે સંગ્રામ કરી શકે ખરો ? - ૧
સંસારમાં એક ભારી આશ્ચર્ય તો જુઓ કે હાથી પર સવારી કરનારને કૂતરો ભસી ભસીને ભગાડી રહ્યો છે ! કબીર કહે છે કે હે સંતો સાંભળો, કોઈ વિરલ પુરુષ જ આના રહસ્યને જાણી શકે છે. - ૨

## શબ્દ - ૪૦

પંડિત બાદ બદૈ સો જૂઠા
રામ કહે જો જગત ગતિ પાવૈ તો ખાંડ કહે મુખ મીઠા - ૧
પાવક કહે પાંવ જો ડાહૈ જલ કહે ત્રિષા બુઝાઈ
ભોજન કહે ભૂખ જો ભાગૈ, તો દુનિયા તરિ જાઈ - ૨
નલ કે સંગ સુવા હરિ બોલૈ, "હરિ પરતાપ ન જાનૈ"
જો કબહું ઉડિ જાય જંગલમંહ, તો હરિ સુરતિ ન આનૈ - ૩
બિનુ દેખે બિનુ અરસ પરસ બિનુ, નામ લિયે કા હોઈ
ધનકે કહે ધનિક જો હોઈ, નિરધન રહે ન કોઈ - ૪
સાંચી પ્રીતિ વિષય માયાસે, હરિ ભગતનકી હાંસી
કહંહિ કબીર એક રામ ભજે બિનુ, બાંધે જમપુર જાંસી - ૫

## શબ્દ - ૪૧

પંડિત દેખહુ મનમેં જાની
કહું ધૌં છૂતિ કહાં તે ઉપજી, તબહિ છૂતિ તુમ માની - ૧
નાદે બિન્દુ રુધિર કે સંગે, ઘરહીમેં ઘટ સપંચૈ
અસ્ટ કમલ હોય પુહુમી આયા,છૂટિ કહાં સે ઉપજૈ ? - ૨
લખ ચૌરાસી નાના બાસન, સો સામ સહિ ભૌ માટી
એકૈ પાટ સકલ બૈઠાયે, છૂતિ લેત ધૌં કા કી - ૩
છૂતિહિ જેવન છૂતિહિ અંચવન, છૂતિહિ જગ ઉપજાયા
કહૈ કબીર તે છૂતિ બિબિરજિત, જાકે સંગ ન માયા - ૪

## શબ્દ - ૪૨

પંડિત સોધિ કહો સમજાઈ, જાતે આવાગમન નસાઈ !
અરથ ધરમ અરુ કામ મોક્ષ ફલ, કવન દિસા બસે ભાઈ ? - ૧
ઉતર કિ દચ્છિન પુરબ કિ પચ્છિમ, સરગ પતાલ કિ માંહી
બિનુ ગોપાલ ઠવર નહિ કતહૂં, નરક જાત ધૌં કાહી - ૨
અનજાને કા સરગ નરક હૈ, હરિ જાને કો નાહીં
જેહિ ડરતે ભવલોગ ડરતુ હૈ, સો ડર હમરે નાહીં - ૩
પાપ પુન્નકી સંકા નાહીં, સરગ નરક નહિ જાહીં
કહંહિ કબીર સુનહુ હો સંતો, જહં પદ તહાં સમાહીં - ૪

**સમજૂતી - ૪૦**

પંડિત લોકો જે વિવાદ ઉભો કરે છે તે ખોટો છે કારણ કે જો માત્ર રામ રામ કહેવાથી જગતમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ શકતી હોય તો ખાંડ ખાંડ કહેવાથી મોઢું ગળ્યું થવું જોઈએ. - ૧

અગ્નિ અગ્નિ કહેવાથી પગ સળગી જવા જોઈએ, પાણી પાણી કહેવાથી તરસ મટી જવી જોઈએ, ભોજન ભોજન કહેવાથી ભૂખ શાંત થવી જોઈએ અને એવું થતું જ હોય તો આખી દુનિયા સંસાર સાગર સહેલાઈથી તરી શકે ! - ૨

માણસની સાથે પીંજરામાં પુરાયેલો પોપટ હરિ હરિ બોલ્યા કરે પણ તે હરિનો મહિમા તો જાણતો જ નથી હોતો ! ભૂલે ચૂકે જો જંગલમાં ઉડીને ભાગી જાય તો હરિને તો તે ભૂલી જ જાય ! - ૩

હરિનાં દર્શન કર્યા વિના, હરિનો અનુભવ કર્યા વિના માત્ર નામ લેવાથી શું વળે ? માત્ર ધન ધન કહેવાથી ધન મળી જતું હોય તો જગતમાં કોઈ નિર્ધન રહે જ નહિ ! - ૪

ખરેખર તો સંસારી લોકોની પ્રીતિ વિષય ને માયા સાથે હોય છે તેથી માત્ર હરિ હરિ કહીને તેઓ હરિની અને તેના ભક્તોની મશકરી જ કરે છે ! માટે કબીર કહે છે કે રામ તત્ત્વને જ્ઞાનપૂર્વક સમજીને તેની ભક્તિ કરવી જોઈએ, નહીં તો તેઓ બંધનમાં જ રહે છે અને યમપુર જ જાય છે ! - ૫

**સમજૂતી - ૪૧**

હે પંડિતો, જરા મનમાં વિચારી તો જુઓ કે આ છૂતાછૂતની ભાવના ક્યાંથી પેદા થઈ છે ? જે કારણે તમે અસ્પૃશ્યતાને માન્યતા આપી રાખી છે ? - ૧

(શારીરિક રીતે વિચારવામાં આવે તો પણ) માતપિતાના રજવીર્યથી માતાના ગર્ભમાં બાળક રૂપી ઘટ ધીમે ધીમે વિકાસ પામે છે અને આઠ કમળવાળું શરીર લઈને તે પૃથ્વી પર જન્મ લે છે. તો છૂતાછૂતની ભાવના ક્યાંથી ઉત્પન્ન થઈ ? - ૨

પૃથ્વી તત્ત્વનું બનેલું શરીર અનેક પ્રકારે ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકતું ભટકતું આવનજાવન કર્યા કરે છે. જાય છે ત્યારે રાખ થઈને પાછું પૃથ્વી તત્ત્વમાં ભળી જાય છે. કુદરતે તો સૌને એક જ સરખી રીતે સ્થાનમાં બેસાડયા લાગે છે. તો પછી હે પંડિતો તમે કોને છૂત માનશો ? - ૩

અરે ! વિચારો તો ખરા, અન્નનું ભોજન છૂત ગણાય કે પાણીનું આચમન છૂત ગણાય, છૂતથી જ જાણે આખું જગત પેદા થયું લાગે છે. તેથી કબીર કહે છે કે તે જ પુરુષ છૂતથી બચી શકે છે કે જે માયાથી અલિપ્ત રહી શકે ! - ૪

**સમજૂતી - ૪૨**

હે પંડિત ! શોચ વિચારી મને સમજાવો કે આવાગમન કેવી રીતે નષ્ટ થઈ શકે ? ધર્મ, કામ, મોક્ષનાં ફળ કઈ દિશામાં રહેલાં છે ? - ૧

તે ઉત્તરમાં છે કે દક્ષિણમાં છે ? પૂર્વમાં છે કે પશ્ચિમમાં છે ? સ્વર્ગમાં છે કે પાતાળમાં છે ? ખરેખર તો ગોપાળ વિના તેનું ક્યાંય સ્થાન નથી ! તો પછી નરકમાં શા માટે જાવ છો ? - ૨

જે હરિતત્ત્વને જાણતા નથી એવા અજ્ઞાની માણસો માટે સ્વર્ગ ને નરકની કલ્પના છે, જ્ઞાનીઓ માટે નહિ. સંસારી લોકો જેના ડરથી કરે છે તે ડર અમને તો નથી. -૩

તેથી કબીર કહે છે કે હે સંતજનો સહુ સાંભળો ને વિચારો કે જ્ઞાની હોય તેને પાપ કે પુણ્યની શંકા હોતી નથી તેમજ તે સ્વર્ગ કે નરકમાં પણ જાય નહિ ! તે તો જ્યાં પોતાનું સ્વરુપ છે ત્યાં જઈ તેમાં સમાય જાય છે ! - ૪

## શબ્દ - ૪૩

પંડિત મિથ્યા કરહુ બિચારા,ન વહાં સિસ્ટિ ન સિરજનિહારા - ૧
થૂલ અસ્થૂલ પવન નહિ પાવક, રવિ સસિ ધરનિ ન નીરા
જોતિ સ્વરૂપ કાલ નહિ ઉહવાં, બચન ન આહિ સરીરા - ૨
કરમ ધરમ કિછુ વો નહિ ઉહવાં, ના વહ મંત્ર ન પૂજા
સંજમ રહિત ભાવ નહિ ઉહવાં, બચન ન આહિ સરીરા - ૩
ગોરખ રામ એકૌ નહિ ઉહવાં, ના વહ બેદ બિચારા
હરિહર બ્રહ્મા નહિ સિવ સક્તિ, ના વહ તિરથ અચારા - ૪
માય બાપ ગુરુ જાકે નાહિ, સો ધૌં દૂજા કિ અકેલા
કહંહિ કબીર જો અબકી બૂઝૈ, સોઈ ગુરુ હમ ચેલા - ૫

## શબ્દ - ૪૪

બૂઝહુ પંડિત કરહુ બિચારા, પુરુષ હૈ કી નારી - ૧
બ્રાહ્મન કે ઘર બ્રાહ્મનિ હોતી, જોગી કે ઘર ચેલી
કલમા પઢિ પઢિ ભઈ તુરુકની, કલિમંહ રહેતી અકેલી - ૨
બરના બરૈ વ્યાહ ના કરઈ, પુત જનમાવનિહારી
કારે મુડ કો એક ન છાંડૈ, અજહું આદિ કુંવારી - ૩
મૈકે રહૈ જાય નહિ સસુરે, સાંઈ સંગ ન સોવે
કહંહિ કબીર વે જુગ જુગ જીવૈ, જાતિ પાંતિ કુલ ખોવૈ - ૪

## શબ્દ - ૪૫

કો ન મુવા કહો પંડિતજના, સમુજાય કહૌ મોહિસના - ૧
મૂયે બ્રહ્મા બિસ્નુ મહેસા, પારવતી સુત મુયે ગનેસા - ૨
મૂયે ચંદ મૂયે રવિ સેસા, મૂયે હનુમત જિનિ બાંધલ સેતા - ૩
મૂયે ક્રિસ્ન મૂયે કરતારા, એક ન મુવા જો સિરજનિહારા - ૪
કહંહિ કબીર મુવા નહિ સોઈ, જાકે આવા ગમન ન હોઈ - ૫

**સમજૂતી - ૪૩**

હે પંડિતો, તમે સૃષ્ટિના આદિના મિથ્યા વિચારો કરો છો, ખરેખર ત્યાં તો સૃષ્ટિ પણ ન હતી અને સર્જનહાર પણ ન હતો ! - ૧

ત્યારે સ્થૂળ સૂક્ષ્મના ભેદો ન હતા; સૂર્ય, ચંદ્ર, પવન, પાણી, અગ્નિ, ધરતી કાંઈ ન હતું; ત્યાં જ્યોતિ સ્વરૂપ કાળ પણ ન હતો કે વચન અને શરીરનું અસ્તિત્વ પણ ન હતું ! - ૨

ત્યાં કર્મ-ધર્મ ન હતા, મંત્ર કે પૂજા ન હતા, સંયમ સહિત કોઈ ભાવ પણ ન હતો, તેથી ત્યાં એક હતું કે બે તેવો પ્રશ્ન રહેતો નથી. - ૩

ત્યાં ગોરખનાથ જેવા મહાન યોગીઓ કે રામ જેવા અવતારી પુરુષો પણ ન હતા; વેદનો વિચાર પણ ત્યારે અસ્તિત્વ ધરાવતો ન હતો; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, જગદમ્બા પણ ત્યારે ન હતા તેમજ તીર્થ કે કોઈ વિધિ વિધાન પણ ન હતા ! - ૪

જેને માબાપ કે ગુરુ પણ નથી તેને ભલા એક કહેવાય કે બે ? કબીર કહે છે કે જે મનુષ્ય શરીર પ્રાપ્ત કર્યા પછી તે પરમ તત્ત્વને સમજી જાણી શકશે તે મારો ગુરુ હશે ને હું શિષ્ય થઈશ ! - ૫

**સમજૂતી - ૪૪**

હે પંડિતો, જરા સમજો ને વિચાર વિમર્શ કરી કહો કે (આ માયા) પુરુષ છે કે નારી ? - ૧

બ્રાહ્મણના ઘરે તે બ્રાહ્મણી થઈને, યોગીના ઘરમાં ચેલી થઈને અને મુસલમાનોના ઘરમાં કલમા પઢી પઢીને બીબી થઈને રહે છે તેમજ કળીયુગમાં તો તે એકલી જ રહે છે. - ૨

નથી તે વિવાહ કરતી કે નથી તે વરમાળા પહેરાવતી ! છતાં પણ તે કાયમ પુત્રોને જન્મ આપ્યા જ કરતી હોય છે ! તેણે કાળા માથાના એક પણ માણસને છોડયો નથી તો પણ તે હજી સુધી કુંવારી જ કહેવાય છે ! - ૩

તે વિચારમાં જ રહે છે અને સાસરે તો જતી જ નથી. તે પોતાના પ્રેમી સાથે સૂતી પણ નથી. તેથી કબીર કહે છે કે તેને ઓળખનારા પુરુષ કુળ ને જાતિના અભિમાનથી મુક્ત થઈ યુગ યુગ સુધી જીવે છે. - ૪

**સમજૂતી - ૪૫**

હે પંડિતો, આ જગતમાં કોણ નથી મર્યું તે મને સમજાવીને કહો ! - ૧

બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પણ મરણને આધીન થયા ને પાર્વતીનો પુત્ર ગણેશ પણ મર્યો ! - ૨

સૂર્ય, ચંદ્ર ને શેષનાગ પણ મર્યા ને સેતુ બાંધનાર હનુમાન પણ મર્યા ! - ૩

કૃષ્ણ જેવા મહાપુરુષ પણ મર્યા ને કતૃત્વના અભિમાની જીવો પણ મર્યા. એક માત્ર ન મર્યા સર્જન કરનારા પરમાત્મા ! - ૪

એટલું જ નહીં પણ કબીર કહે છે કે આવાગમનથી મુક્ત થનાર પણ મરતા નથી. - ૫

## શબ્દ - ૪૬

પંડિત અચરજ એક બડ હોઈ
એક મરિ મુવલે અન નહિ ખાઈ, એક મરિ સિઝૈ રસોઈ - ૧
કરિ સનાન દેવનકી પૂજા, નૌ ગુનિ કાન્ધ જનેઉ
હડિયા હાડ હાડ થરિયા મુખ, અબ ષટ કરમ બનેઉ - ૨
ધંરમ કથૈ જહં જીવ વધૈ તહં, અકરમ કરે મોરે ભાઈ
જો તોહરા કો બ્રાહ્મન કહિયે, તો કાકો કહિયે કસાઈ ? - ૩
કહંહિ કબીર સુનહુ હો સંતો, ભરમ ભૂલિ દુનિયાઈ
અપરમપાર પાર પરસોતમ, યા ગતિ બિરલે પાઈ - ૪

## શબ્દ - ૪૭

પાંડે બૂજિ પિયહુ તુમ પાની ! - ૧
જિહિ મટિયા કે ઘરમેં બૈઠે, તામેં સિસ્ટિ સમાની
છપ્પન કોટિ જાદવ જહં ભીજે, મુનિજન સહસ અઠાસી - ૨
પૈગ પૈગ પૈગંબર ગાડે, સો સભ સરિ ભૌ માટી
તે હિ મટિયા કે ભાંડે, બૂઝિ પિયરુ તુમ પાની - ૩
મચ્છ કચ્છ ઘરિયાર બિયાને, રુધિર નીર જલ ભરિયા
નદિયા નીર નરક બહિ આવૈ, પસુ માનુષ સભ સરિયા - ૪
હાડ ઝરી ઝરિ, ગૂદ ગરી ગરિ, દૂધ કહાં તે આયા ?
સો લૈપાંડે જેવન બૈઠે, મટિયહિં છૂતિ લગાયા ! - ૫
બેદ કિતેબ છાંડિ દેહુ પાંડે, ઈ સભ મન કે ભરમા
કહંહિ કબીર સુનહુ હો પાંડે, ઈ સભતુમરે કરમા - ૬

## શબ્દ - ૪૮

પંડિત દેખહુ હૃદય બિચારી, કા પુરુષા કા નારી ! - ૧
સહજ સમાના ઘટ ઘટ બોલૈ, વાકે ચરિત અનૂપા
વાકો નામ કાહ કહિ લીજૈ, વાકે બરન ન રુપા - ૨
તૈં મૈં કાહ કરસિ નલ બૌરે, કા તેરા કા મેરા
રામ ખોદાય સકતિ સિવ એકૈ, કહુ ધૌં કાહિ નિહોરા - ૩
બેદ પુરાન કુરાન કિતેબા, નાના ભાંતિ બખાના
હિન્દુ તુરુક જઈનિ ઔ જોગી, યે કલ કાહુ ન જાના - ૪
છવ દરસનમેં જો પરવાના, તાસુ નામ મન માના
કહંહિ કબીર હમહીં પૈ બૌરે, ઈ સભ ખલક સયાના - ૫

**સમજૂતી - ૪૬**

હે પંડિતો, એક મોટું આશ્ચર્ય એ થાય છે કે મરણ પામે તે ઘરે તમે અન્ન ખાતા નથી અને જે જીવિ.ત છે તેને મારીને તેની રસોઈ બનાવી ને ખાવો છો ! - ૧

તમે વિધિસર સ્નાન કરો છો અને પછી દેવતાની પાઠ પૂજા પણ કરો છો. વળી ભોજન કરતી વેળા શરીર પર જનોઈ પણ ધારણ કરો છો. પરંતુ થાળીમાં હાડકાં પીરસી મોઢામાં તે હાડકાં ચૂસવાનું તમારું ષટ્કર્મ કેવું ગણાય ? - ૨

હે મારા ભાઈઓ, જ્યાં ધર્મની કથા કરવામાં આવે છે ત્યાં જીવનો વધ કરવાથી તો અધર્મનું જ આચરણ થાય છે ! જીવ વધ કરનારને જો બ્રાહ્મણ કહીશું તો કોને કસાઈ કહી શકાશે ? - ૩

તેથી કબીર કહે છે કે હે સંતજનો સાંભળો ને વિચારો, તમારાથી આખી દુનિયા ભ્રમમાં ભૂલી પડી છે. કોઈ વિરલ પુરૂષે જ એમાંથી અલિપ્ત થઈ અપરમપાર ગણાતા પુરૂષોત્તમની પદવી પ્રાપ્ત કરી ! - ૪

**સમજૂતી - ૪૭**

હે પાંડેજી, તમે પાણી વિચાર કરીને પીવો ! - ૧

જે માટીના ઘરમાં તમે બેઠા છો તેમાં તો સમગ્ર સૃષ્ટિ સમાય ગઈ છે. અત્યાર સુધીમાં તો છપ્પન કરોડ યાદવો જેવા ઘણા સડીને માટી થઈ ગયા છે અને અઠયાસી હજાર મુનિજનો જેવા ઉત્તમ ગણાતા સાધુઓ પણ સડીને માટી થઈ ગયા છે ! - ૨

અહી તો ડગલે પગલે પૈંગબર થઈ ગયા ને તેઓ પણ સડીને માટી થઈ ગયા છે. તે માટીના વાસણમાં તમે પાણી પીવો છો તો જરા સમજી વિચારીને પીવો. - ૩

નદીનું પાણી પણ કેટલું બધું અપવિત્ર ગણાય કારણ કે નદીમાં તો માછલાં, કાચબા ને પાણીમાં રહેનારા પ્રાણીઓનો પ્રસવ થાય છે તેમના મરી જવાથી લોહીવાળું પાણી થઈ જાય છે. એટલું જ નહિ પણ નગરનું ગંદુ પાણી પણ એમાં જ વહી આવે છે, જેમાં માણસ અને પશુઓ સડીને એકરૂપ થઈ ગયા છે. - ૪

દૂધ ક્યાંથી આવે છે તો વિચારો ! ગાયના શરીરના હાડકાંનો રસ તેમજ મજ્જાનો મેદ એમાં ભળેલો હોય છે ! તે દૂધ લઈને તમે જમવા બેઠા છો અને માટીના વાસણમાં છૂતની ભાવના કરો છો ? - ૫

હે પાંડેજી, વેદાદિ શાસ્ત્રગ્રંથો વાંચવાનું છોડી દો કારણ કે તમે જે આ બધું કરી રહ્યા છો તે તો તમારા મનની ભ્રમણા જ છે ! તેથી કબીર કહે છે કે તમે બરાબર સાંભળો ને વિચારો કે આ છૂતાછૂતની ભાવના તમારા હીન કર્મોનું જ પરિણામ છે. - ૬

**સમજૂતી - ૪૮**

હે પંડિતો, તમે સૌ હૃદયપૂર્વક વિચારી કરી જુઓ કે આત્મા પુરૂષ કહેવાય કે સ્ત્રી ? - ૧

તે શરીરમાં સહજ રીતે સમાય ને બોલ્યા કરે છે. તેનું ચારિત્ર તો અનુપમ ગણાય. તેને કયા નામથી બોલાવવું જોઈએ ? તેનું ન તો કોઈ રૂપ કે ન તો કોઈ રંગ છે ! - ૨

હે મૂર્ખ મનુષ્યો, મારું તારું શું કર્યા કરે છો ? શું તારું ને શું મારું ? રામ, ખુદા, શક્તિ, શિવ એ એક જ તત્ત્વ છે. ભલા કહો તો ખરા કે તમે કોની સ્તુતિ કરો છો ? - ૩

વેદ, પુરાણ, કુરાન એ સૌ પવિત્ર ગ્રંથોમાં તેનું જુદા જુદા શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું છે ! હિન્દુ, મુસલમાન, જૈનો, યોગીઓ - કોઈ પણ તેના રહસ્યને પામી શક્યા નથી. - ૪

છ દર્શન શાસ્ત્રોમાં જેને પ્રમાણિત કરવામાં આવ્યું હોય તે નામોમાં જ તમારું મન લાગી ગયું છે ! કબીર કહે છે કે ખરેખર અમારા જેવા જ્ઞાની પુરૂષો એવી વાતો કરવાથી મૂર્ખ ગણાય છે અને આ દુનિયા ડાહી ગણાય છે ! - ૫

## શબ્દ - ૪૯

બુઝ બુઝ પંડિત પદ નિરવાન,સાંજ પરે કહવાં બસ ભાન ? - ૧
ઉંચ,નીચ, પરખત ઠેલા ન ઈંટ, બિનુ ગાયન તહંવા ઉઠે ગીત - ૨
ઓસ ન પ્યાસ મંદિલ નહીં જહંવા, સહસો ઘેનુ દુહાવહિં તહંવા - ૩
નિતૈ અમાવાસ નિત સંક્રાન્તિ, નિતિ નિતિ નવગ્રહ બૈઠેપાંતિ - ૪
મૈં તોહિ પૂછીં પંડિત જના, હ્દિયા ગ્રહન લાગુ કેહિ ખના ?- ૫
કહંહિ કબીર એતનૌ નહિ જાન, કવન સબદ ગુરુ લાગલ કાન - ૬

## શબ્દ - ૫૦

બુઝ બુઝ પંડિત બિરવા ન હોય, આધે બસે પુરુષ આધે બસે જોય - ૧
બિરવા એક સકલ સંસારા, સરગ સીસ જરિ ગયલ પતારા - ૨
બારહ પખુરી ચૌબિસ પાત, ઘન બરોહ લાગે ચહું પાસ - ૩
ફુલૈ ન ફરૈ વાકી હૈ બાની, રૈનિ દિવસ બિકાર ચૂયે પાની - ૪
કહંહિ કબીર કછુ અછલોન તહિયા, હરિ બિરવા પ્રતિપાલિનિ જહિયા -૫

## શબ્દ - ૫૧

બુઝ બુઝ પંડિત મન ચિત લાય, કબહું ભરલિ બહે કબહું સુખાય - ૧
ખન ઉબે, ખન ડૂબે, ખન ઔગાહ, રતન નમિલૈ પાવૈ નહિ થાહ - ૨
નદિયા નહીં સસરી બહૈ નીર, માછન મરૈ કેવટ રહૈ તીર - ૩
પોખરિ નહિ બંધલી તહં ઘાટ, પુરઈનિ, નહિ કંવલ મેં બાટ - ૪
કહંહિ કબીર ઈ મન કા ધોખ, બૈઠા રહૈ ચલન ચહ ચોખ - ૫

**સમજૂતી - ૪૯**

હે પંડિત, (મોક્ષનું) નિર્વાણનું સ્થાન જરૂર સમજો. સંધ્યાટાણે સૂર્યાસ્ત થયા પછી સૂર્ય ક્યાં વાસ કરે છે ? - ૧

ત્યાં ઉંચું કે નીચું, પર્વત કે ખીણ કાંઈ જ નથી. ત્યાં તો ગાયા વિના ગીત ચાલ્યા કરતું હોય છે ! - ૨

જ્યાં ઝાકળના જેવી ક્ષણિક વિષય વાસના નથી અને મંદિર પણ નથી; ત્યાં હજારો ગાય દોહવામાં આવે છે. - ૩

ત્યાં હમેશ અમાસ હોય છે અને હમેશ સંક્રાન્તિ હોય છે. ત્યાં નવે નવ ગ્રહ એક જ પંક્તિમાં બેસે છે. - ૪

હે પંડિત, હું તમને પૂછું છું કે હૃદયના કયા ભાગમાં તમને ગ્રહણ લાગ્યું છે ? - ૫

કબીર કહે છે કે તમે એટલું પણ નથી જાણતા કે મોક્ષ શું છે ? તમને કયા ગુરુએ કાનમાં મંત્ર દીક્ષા આપેલી ? - ૬

**શબ્દ - ૫૦**

હે પંડિત, સંસાર માત્ર વૃક્ષ નથી તે વારંવાર સમજી લો કારણ કે તેના અર્ધા ભાગમાં પુરુષ અને અર્ધા ભાગમાં માયા રૂપી સ્ત્રી રહેલી છે ! - ૧

એ એવું એક સંસાર રૂપી ફેલાયેલું મોટું વૃક્ષ છે કે જેની ટોચ સ્વર્ગ સુધી અરે જેનું મૂળ પાતાળ સુધી પહોંચેલું છે. - ૨

તેની બાર માસ રૂપી શાખાઓ છે, ચોવીસ પખવાડિયાના પાંદડાંઓ છે અને ચોગરદમ કામનાઓ રૂપી તેની જટાઓ ફેલાયેલી છે. - ૩

આ સંસાર રૂપી વૃક્ષનો સ્વભાવ એવો છે કે તેને નથી ફૂલ આવતા ને નથી ફળ બેસતા. રાત દિવસ તેમાંથી વિકારનું પાણી ઝર્યા કરે છે. - ૪

કબીર કહે છે કે જે સમય હરિ વૃક્ષનું રક્ષણ કરી રહ્યાં હતા ત્યારે પ્રલયના સમયે કાંઈ હતું નહિ. - ૫

**શબ્દ - ૫૧**

હે પંડિતો, મન તથા ચિત્તને વારંવાર સમજવા પ્રયત્ન કરો. ક્યારેક તે ભરપૂર પ્રવાહે વહે છે તો ક્યારેક તે સુકાય પણ જાય છે. - ૧

ક્ષણમાં ઉપર તો ક્ષણમાં નીચે ડૂબી જાય છે અને ક્ષણમાં અવગાહન કરે છે. તો પણ તેને સાચા સુખનું મોતી પ્રાપ્ત થતું નથી. - ૨

(નદી તો બહારના પાણીથી વહેતી હોય છે તેથી) આ મનની નદીને નદી ન કહેવાય. એ તો સતત વહ્યા જ કરતી હોય છે. એમાં બહારથી પાણી આવતું નથી. એમાં માછલાં મરતાં પણ નથી અને જીવ રૂપી કેવટ તો કિનારા પર જ બેસી રહે છે. - ૩

તેવી જ રીતે તે તળાવ પણ નથી છતાં તેને ફરતે બાંધી દેવામાં આવ્યું છે. તેમાં કમળની વેલ નથી છતાં પણ કમળમાં પ્રવેશવા (ભમરાની માફક) પ્રયત્ન કર્યા કરે છે. - ૪

માટે કબીર કહે છે કે આ તો મનનો ભ્રમ છે. તે બેસી રહીને જ સિદ્ધિ સ્થાને પહોંચી જવા માંગે છે. - ૫

## શબ્દ - ૫૨

બુઝિ બુઝિ લીજૈ બ્રહ્મજ્ઞાની
ધુરિ ધુરિ બંરષા બરષાવો, પરિયા બુંદ ન પાની - ૧
ચિઉંટી કે પગ હસ્તી બાંધો, છેરી બીગર ખાયા
ઉદધિ માંહ તે નિકરિ છાંછરી, ચૌરે ગ્રીહ કરાયા - ૨
મેઢુક સરપ રહૈ એક સંગૈ, બિલિયા સ્વાન બિયાહી
નિંત ઉઠિ સિંઘ સિયાઓ ડરપૈ, અદબુધ કથો ન જાઈ - ૩
કવને સંશય મિરગા બન ઘેરે, પારધિ બાના મેલૈ
ઉદધિ, ભૂપતે તરિવર ડાહૈ, મચ્છ અહેરા ખેલૈ - ૪
કહંહિ કબીર ઈ અદબુધ જ્ઞાના, કો યહિ જ્ઞાનહિં બૂઝૈ
બિનુ પંખૈ ઉડિ જાય અકાસ, જીવહિં મરન ન સૂઝૈ - ૫

## શબ્દ - ૫૩

વહિ બિરવા ચિન્હૈ જો કોય, જરા મરન રહિતે તન હોય - ૧
બિરવા એક સકલ સંસારા, પેડ એક ફૂટલ તીનિ ડારા - ૨
મધ્યકિ ડારી ચારિ ફલ લાગા, સાખા પત્ર ગિનૈ કો વાકા - ૩
બેલિ એક ત્રિભુવન લપટાની, બાંધે તે છૂટૈ નહિ જ્ઞાની - ૪
કહંહિ કબીર હમ જાત પુકારા, પંડિત હોય સો લેહુ બિચારા - ૫

## શબ્દ - ૫૪

સાંઈ કે સંગ સાસુર આઈ
સંગ ન સૂતી સ્વાદ ન માની, ગૌ જૌવન સપને કા નાંઈ - ૧
જના ચારિ મિલિ લગન સુધાયો, જન પાંચ મિલિ માંડો છાયો
સખી સહેલરી મંગલ ગાવૈ, દુખ સુખ માથે હરદિ ચઢાવૈં - ૨
નાના રુપ પરી મનભાંવરી, ગાંઠી જોરિ ભઈ પતિયાઈ
અરધા દે લૈ ચલી સુવાસિનિ, ચૌકે રાંડ ભઈ સંગ સોઈ - ૩

**સમજૂતી - ૫૨**

હે બ્રહ્મજ્ઞાનિઓ, જ્ઞાનની વર્ષા બધે ફરીફરીને વરસાવી રહ્યા છો પણ પાણીનું એક ટીપું પણ પડતું નથી ! (આ સત્ય) વારંવાર વિચારીને સમજી લો ! - ૧

કુપાત્રને જ્ઞાનનો ભારી ઉપદેશ આપવાની ક્રિયા કીડીને પગે હાથી બાંધવા જેવી છે. ઉલટી અવળી અસર થવાથી બકરી વાઘને ખાય જતી જણાય ! તમે તો આનંદ રૂપી સમુદ્રમાંથી ચિત્તવૃત્તિને બહાર કાઢી મેદાનમાં ઘર કરાવી દીધું ! - ૨ અજ્ઞાની જીવ રૂપી દેડકો અહંકાર રૂપી સાપની સાથે રહેવા લાગ્યો અને બુદ્ધિરૂપી બિલાડીએ વિષયોના કૂતરા સાથે વિવાહ કરી દીધો ! રોજ જીવ રૂપી સિંહ મન રૂપી શિયાળથી ડરવા લાગ્યો ! આ બધી વાતો કેવી રીતે કરું ? - ૩

કોણ સંશય રૂપી મૃગને સંસાર રૂપી વનમાં ઘેરી લે છે અને કોણ જીવ રૂપી પારધિને બાણો મારે છે ? તૃષ્ણા રૂપી સાગરનું પાણી શરીર રૂપી વૃક્ષને સીંચવાથી ઝાડ સુકાવા લાગ્યું ! વિષયો રૂપી માછલીઓ જીવનો શિકાર કરવા લાગી ! - ૪

કબીર કહે છે કે આ તમારું અદ્દભૂત જ્ઞાન કોણ સમજી શકે ? તમારી વાતો સાંભળી આ લોકો તો પાંખ વિના આકાશમાં ઉડવા લાગ્યા છે અને પોતે અમર થઈ ગયા હોય તેમ તેઓને મરણ દેખાતું ન હોય તેવા ભ્રમમાં પડયા છે ! - ૫

**સમજૂતી - ૫૩**

તે સંસાર રૂપી વૃક્ષને જે કોઈ સારી રીતે જાણી લે છે તેનું શરીર ઘડપણ ને મરણ વિનાનું થઈ જાય છે. - ૧

તે એક સંસારનું વિશાળ વિશ્વવૃક્ષ ગણાય કે જેને ત્રિગુણાત્મક બ્રહ્મા, વિષ્ણુ ને મહેશની ત્રણ ડાળીઓ ફૂટી નીકળી છે ! - ૨

તેની વચલી ડાળી વિષ્ણુના સત્વગુણવાળી હોવાથી તેને ચાર ફળ લાગ્યા છે. બાકી તેને કેટલી શાખા છે ને પાંદડાઓ છે તે કોણ ગણી શકે ? - ૩

ત્રણે લોકમાં આશા રૂપી વેલી તે વૃક્ષને વીંટળાઈને રહેલી છે ! જ્ઞાની પુરુષો પણ તેના બંધનથી છૂટી શકયા નથી ! - ૪

કબીર કહે છે કે અમે તો પોકારી પોકારીને કહીએ છીએ (પણ અમારા શબ્દો પર કોઈ વિચાર કરતું નથી) જે બુદ્ધિશાળી હોય તે વિચાર કરી લે ! - ૫

**સમજૂતી - ૫૪**

ચિતિશક્તિ પોતાના પતિ આત્મદેવ સાથે સાસરે આવી પણ પત્ની સાથે સૂતી નહિ અને આનંદનો સ્વાદ ચાખ્યો પણ નહિ ! જુવાની તો એમ જ સ્વપ્નની માફક ચાલી ગઈ ! - ૧

(મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર) ચાર જણાએ મળીને લગ્નનું મુહૂર્ત જોયું અને પંચ મહાભૂતોએ મંડપ તૈયાર કર્યો. (ઈન્દ્રિયો રૂપી) સખી સહેલીઓએ મંગલ ગીતો ગાવા માંડયાં ને સુખદુઃખ રૂપી પીઠી તેના માથા પર લગાલવા માંડી. - ૨

વસ્ત્ર સાથે ગાંઠ બાંધીને નવા પતિ સાથે તે જુદા જુદા સ્વરૂપે ફેરા ફરવા લાગી ! કર્મકાંડની વિધિઓ રૂપી સ્ત્રી પાણીનું અર્ધ્ય આપતી લગ્નની વેદી સુધી લાવી અને તે ત્યાં જ વિધવા બની ગઈ ! - ૩

ભયો બિવાહ ચલી બિનુ દુલહ, બાટ જાત સમધી સમુજાઈ
કહૈં કબીર હમ ગૌને જૈબે, તરબ કંતલે તૂર બજાઈ - ૪

## શબ્દ - ૫૫

નલ કો ઢાઢસ દેખહુ આઈ, કછુ અકથ કથા હૈ ભાઈ - ૧
સિંધ સાર્દુલ એક હર જોતિન, સીકસ બોઈન ધાના
બનકો ભલુઈયા ચાખુર ફેરૈ, છાગર ભયે કિસાના - ૨
કાગા કાપર ધોવન લાગે, બગુલા ખિરપૈ દાંતે
માંખી મૂંડ મૂંડાવન લાગે, હમહૂ જાઈવ બરાતે - ૩
છેરી બાઘહિં વ્યાહ હોત હૈ, મંગલ ગાવહિં ગાઈ
બનકે રોઝ ધૈ દાઈઝ દીન્હૌ, ગોહ લોકંદૈ જાઈ - ૪
કહંહિ કબીર સુનહુ હો સંતો, જો યહ પદ અરથાવૈ
સોઈ પંડિત સોઈ જ્ઞાતા, સોઈ ભગત કહાવૈ - ૫

## શબ્દ - ૫૬

નલકો નહિ પરતીતિ હમારી
જૂઠે બનિજિ કિયો જૂઠાસોં, પૂંજિ સભન મિલિહારી - ૧
ષટ દરસન મિલિ પંથ ચલાયો, તિરિ દેવા અધિકારી
રાજા દેસ બડા પરિપંચી, રૈયતિ રહતિ ઉજારી - ૨
ઈતતે ઊત ઊતતે ઈત રહુ, જબકી સાંડ સવારી
જ્યોં કપિ ડોરિ બાંધુ બાજીગર, અપની ખુસી પરારી - ૩
ઈ હૈ પેડ ઉતપતિ પરલૈકા, વિષયા સભૈ બિકારી
જૈસે સ્વાન અપાવન રાજી, ત્યૌં લાગી સંસારી - ૪
કહંહિ કબીર ઈ અદબુદ જ્ઞાના, કો માને બાત હમારી
અજહું લેઉ છુડાય કાલ સોં, જો કરે સુરતિ સંભારી - ૫

## શબ્દ - ૫૭

ના હરિ ભજૈ ન આદતિ છૂટી
સબ્દહિં સમુજી સુધારત નાહીં, અંધરે ભયહુ હિયહુકી ફૂટી - ૧
પાનીમાંહ પખાનકી રેખા, ઢોંકત ઉઠૈ ભભૂકા
સહસ ઘડા નિત ઉઠિ જલ ઢારૈ, ફિરિ સૂખેકા સૂખા - ૨

નવી પરણેલી આ સ્ત્રી (વિધવા થઈ હોવા છતાં) પતિ વિના સાસરે જવા લાગી. રસ્તામાં બુદ્ધિશાળી સંતગુરુઓનો ઉપદેશ સાંભળ્યો ત્યારે કબીર કહે છે કે તે કહેવા લાગી હવે હું સાસરે જઈશ અને તૂર બજાવતાં બજાવતાં સંસાર સાગર તરી જઈશ. - ૪

**સમજૂતી - ૫૫**

હે ભાઈઓ, અજ્ઞાની લોકોનું સાહસ આવીને જુઓ, કંઈ વાત કરવા જેવી નથી !-૧

(ઢોંગી ગુરુ રૂપી) બકરો ખેડૂત બની બેઠો અને તેણે એક જ હળમાં સિંહ અને વાઘને સાથે જોતરીને ખારપાટ જમીનમાં અનાજનું બી ઓરી દીધું ! (સંસારરૂપી) વનમાં કાયમ રહેવાવાળી (વાસનારૂપી) દાતરડીથી નીંદામણનું કામ કરવા લાગ્યા. - ૨

(ઢોંગી ગુરુ રૂપી) કાગડો જાતે (શિષ્યોના અંતઃકરણ રૂપી) કપડાં ધોવા લાગ્યો. (કપટી સાધુ રૂપી) બગલો આનંદમાં આવી દાંત કચકચાવા લાગ્યો. મલિનવૃત્તિવાળા લોકો જેવી માંખી પોતાનું માથું મુંડાવવા લાગી અને અમે પણ જાનમાં જઈશું એમ કહેવા લાગી ! - ૩

(માયા રૂપી) બકરીનો (જીવ રૂપી) વાઘ સાથે વિવાહ થાય છે ત્યારે (ઈંદ્રિયો રૂપી) ગાય લગ્નમાં મંગલ ગીત ગાવા લાગી. (ચિત્તવૃત્તિ રૂપી) જંગલી રોઝને દહેજ તરીકે આપી (અહંકાર રૂપી) જાનવર કન્યાને ડોલીમાં બેસાડી ચાલવા લાગ્યું ત્યારે કુબુદ્ધિ રૂપી દાસી સેવા કરવા જવા લાગી. - ૪

કબીર કહે છે કે સંતજનો સાંભળો, જે કોઈ આ પદનો અર્થ કરી બતાવશે તે જ પંડિત, તેજ જ્ઞાની અને તે જ ભક્ત કહેવાશે ! - ૫

**સમજૂતી - ૫૬**

મનુષ્યોને અમારામાં વિશ્વાસ નથી કારણ કે તેઓએ નકામી વસ્તુનો જૂઠા માણસો સાથે વેપાર કર્યો હોવાથી મૂળ પૂંજી પણ ગુમાવી બેઠા છે ! - ૧

છ વેષધારી લોકોએ પોતપોતાના અલગ પંથો ચલાવ્યા અને ત્રિદેવોને તેઓએ અધિકારી તરીકે સ્થાપ્યા. જો દેશનો રાજા ખૂબ પ્રપંચી હોય તો પ્રજા લૂંટાય ને ગરીબ થઈ જાય છે ! - ૨

(હે મૂર્ખ જીવ !) તું આ લોકથી પરલોકમાં કે પરલોકમાંથી આ લોકમાં આવીને ભલે રહેતો પણ એક દિવસ યમરાજની સાંઢ સવારી તો તને એક દિવસ લેવા આવશે જ ! જેવી રીતે વાંદરો પોતાની ખુશીથી બાજીગરના બંધનમાં પડે છે તેમ તું પણ તારી ખુશીથી જ યમરાજના બંધનમાં ફસાયો છે ! - ૩

આ જ તે જન્મમરણ રૂપી ફળ આપનારું સંસાર રૂપી વૃક્ષ છે જેમાં વિષયી લોકો વિકારોનો આનંદ માણી રહ્યા છે ! જેવી રીતે કૂતરો અપવિત્ર વસ્તુને ચાટીને આનંદ માણે છે તે રીતે સંસારી લોકો વિષયોમાં આનંદ માણે છે. - ૪

કબીર કહે છે કે આ અમારું બતાવેલું ખરેખરું અદ્‌ભુત જ્ઞાન છે પણ અમારું કોણ માને ? હજી પણ હું તેને (જીવને) યમરાજના બંધનમાંથી છોડાવવા તૈયાર છું જો તે પોતાની ચિત્તવૃત્તિને સાચવી લે. (વિષયોમાં ન જવા દે પણ આત્મતત્ત્વમાં જોડી દે.) - ૫

**સમજૂતી - ૫૭**

આ જીવ નથી હરિને ભજતો કે નથી પોતાની કુટેવ છોડતો ! નથી મારા શબ્દો સમજતો કે નથી પોતાની જાતને સુધારતો ! એ આંધળો થઈ ગયો છે, એની હૃદયની આંખ ફૂટી ગઈ છે. - ૧

પથ્થરનો ટૂકડો પાણીમાં નાંખવામાં આવે તો પણ ભીંજાતો નથી. તેને બહાર કાઢી ઘસવામાં આવે તો તેમાંથી અગ્નિના તણખા પેદા થાય છે. હજારો પાણીથી ભરેલા ઘડા તેના પર નાંખ્યા કરો તો પણ તે હમેશા સૂકો જ રહે છે ! - ૨

સીતૈ સીતસીત અંગ ભૌ, સૈનિ બાઢિ અધિકાઈ
જો સનિપાત રોગિયહિં મારૈ, સો સાધુન સિધિ પાઈ - ૩
અનહદ કહત જગ વિનસૈ, અનહદ સિષ્ટિ ,માની
નિકટ પયાના જમ્પુર ધાવૈ, બોલૈ એકૈ બાની - ૪
સતગુરુ મિલૈ બહુત સુખ લહિયે, સતગુરુ શબ્દ સુધારૈ
કહંહિ કબીર સો સદા સુખારી, જો યહ પદહિં બિચારૈ - ૫

## શબ્દ - ૫૮

નરહરિ લાગી દવ બિનુ ઈંધન, મિલે ન બુઝાવન હારા
મૈં જાનો તોહી સો વ્યાપૈ, જરત સકલ સંસારા - ૧
પાનીમાંહ અગિનિકો અંકુર, મિલે ન બુઝાવન પાની
એક ન જરૈ જરૈ નૌ નારી, જુગતિ કાહુ ન જાની - ૨
સહર જરૈ પહરુ સુખ સોવૈ, કહૈ કુસલ ઘર મેરા
પુરિયા જરૈ વસ્તુ નિજ ઉબરૈ, વિકલ રામ રંગ તેરા - ૩
કુબજા પુરુષ ગલે એક લાગા, પૂજિ ન મનકી સરધા
કરત બિચાર જન્મ ગૌ ખીસૈ, ઈ તન રહત અસાધા - ૪
જાનિ બૂઝી જો કપટ કરત હૈ, તેહિ અસમંદ ન કોઈ
કહંહિ કબીર તેહિ મૂઢ કો ભલા કવનબિધિ હોઈ - ૫

## શબ્દ - ૫૯

માયા મહાઠગિનિ હમ જાની
તિરગુન ફાંસ લિયે કર બૈઠે, બોલૈ મધુરી બાની - ૧
કેસવ કે કમલા હોય બૈઠી, સિવકે ભવન ભવાની
પંડા કે મૂરતિ હોય બૈઠિ, તીરથહૂમેં પાની - ૨
જોગી કે જોગની કે હોય બૈઠી, રાજા કે ઘર રાની
કાહૂ કે હીરા હોય બૈઠી, કાહૂ કે કૌડી કાની - ૩
ભગતાકે ભગતિનિ હોય બૈઠી, બ્રહ્મા કે બ્રહ્માની
કહંહિ કબીર સુનહુ હો સંતો, ઈસભ અકથ કહાની - ૪

## શબ્દ - ૬૦

માયા મોહ મોહિત કીન્હા, તાતે જ્ઞાન રતન હરિ લીન્હા - ૧
જીવન ઐસો સપના જૈસો, જીવન સપન સમાના
સબ્દ ગુરુ ઉપદેશ દીન્હૌ, છાંડ પરમ નિધાના - ૨

જો તાઢિયો તાવ આવે ને ઠંડા પદાર્થો ખવડાવવામાં આવે તો તેનું અંગ ઠંડુ જ પડી જાય છે ને ત્રિદોષ થઈ જાય છે. તેમાં સનેપાતથી દર્દી મરી જાય છે તેમ સાધુ લોકો પણ સિદ્ધિઓ રૂપી સનેપાતથી યમરાજના ફંદામાં ફસાય છે. - ૩
માત્ર અસીમ પરમાત્માનું નામ બોલી બોલી આખો સંસાર જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઈ શકતો નથી. તે ફરીથી સંસારમાં જ જન્મ લે છે. પ્રયાણ કાળ નજીક આવી ગયો હોવા છતાં તે મોઢેથી ભગવાનનું નામ લેતો (ને અંદરથી વિષયોને સેવતો)યમપુરી તરફ દોડતો જઈ રહ્યો છે ! - ૪
સાચા સદ્દગુરુના મિલનથી અનંત સુખની પ્રાપ્તિ થઈ શકે છે કારણ કે તે શાસ્ત્રવાણીમાં પ્રવેશેલા દોષોનો પરિહાર કરી વાણીને શુદ્ધ બનાવે છે. માટે કબીર કહે છે જે આ પદનો અર્થ સમજી વિચારશે તે સદાકાળને માટે અનંત સુખને પ્રાપ્ત કરશે. - ૫

**સમજૂતી - ૫૮**

હે ભગવાન ! ઈંધણ વિના દવ લાગ્યો છે, એને હોલવનાર કોઈ જ નથી ! મને એવી ખબર હતી કે તું જ સકલ જગતમાં વ્યાપ્ત છે (પરંતુ તારાથી પણ વધુ તો કામક્રોધાદિનો અગ્નિ સંસારમાં વ્યાપ્ત જણાય છે) તેથી તે સળગી રહ્યો છે, - ૧
(વિષય સુખ રૂપી) પાણીમાં (કામક્રોધાદિ રૂપી) અગ્નિનો અંકુર ગુપ્તપણે રહેલો હોય છે તેને હોલવનાર જ્ઞાનરૂપી પાણી હજી સુધી મળ્યું નથી. માત્ર એકલું મન જ સળગતું નથી પણ એની સાથે સંકળાયેલી નવ નાડીઓ પણ જલ્યા કરતી હોય છે. એને શાંત કરવાની યુક્તિ કોઈએ પણ જાણી નથી. - ૨
(સંસારરૂપી) આખું શહેર સળગી રહ્યું છે અને (જીવ રૂપી) પહેરેગીર (શરીર રૂપી) ઘરમાં સુખેથી સૂઈને કહી રહ્યો છે કે મારું ઘર તો સુરક્ષિત છે ! (કાગળની કોથળી જેવું) આ શરીર બળી રહ્યું હોય અને અંદર રહેલો જીવ બચી જાય એવું બની શકે ખરું ? ખરેખર, તારી ચાલચલગતથી આતમરામ તો વ્યાકુળ છે. - ૩
નપુંસક પતિ સ્ત્રીને ગળે લગાવીને ગાઢ આલિંગન આપે તો પણ સ્ત્રીના મનની ઈચ્છા તૃપ્ત થઈ શકતી નથી. વિચાર કરતા કરતા જ મનુષ્ય જન્મનો સમય પૂરો થઈ ગયો અને શરીરથી મુક્તિ મેળવી શક્યો નહીં ! - ૪
જે જાણી બૂઝીને કપટ કરે છે તેના જેવો હીનબુદ્ધિનો કોઈ બીજો માણસ નથી. કબીર કહે છે કે મૂર્ખ માણસને ભલા કઈ વિધિ બચાવી શકે ? - ૫

**સમજૂતી - ૫૯**

અમે માયાને મહાન છેતરનારી સ્ત્રી તરીકે બરાબર ઓળખી લીધી છે. તે સત્વ, રજ ને તમની ત્રિગુણી ફાંસી હાથમાં લઈને લટક લટક ફરતી રહે છે, ને મધુર મધુર બોલતી રહે છે. - ૧
તે માયા તો સાક્ષાત્ વિષ્ણુને ત્યાં લક્ષ્મીના સ્વરૂપે, શિવજીના નિવાસમાં પાર્વતી સ્વરૂપે, પંડાને ઘરે મૂરતિના સ્વરૂપે અને તીર્થોમાં પવિત્ર પાણી થઈને રહી છે. - ૨
તેવી જ રીતે તે જોગીના ઘરે જોગણી થઈને અને રાજાના ઘરે રાણી થઈને બેઠી છે. વળી કોઈના ઘરમાં તે કિમતી હીરા માણેક થઈને બેઠી છે તો કોઈના ઘરે ફૂટી કોડીના રૂપે ગરીબ થઈને બેઠી છે. - ૩
ભક્તોના ઘરે ભક્તાણી થઈને તો બ્રહ્માને ત્યાં બ્રહ્માણી થઈને તે તો બેઠી હોય છે. કબીર કહે છે હે સંતજનો, તમે સાંભળો - માયાની આ બધી ન કહી શકાય તેવી કથા છે. - ૪

**સમજૂતી - ૬૦**

માયાએ મોહની જાળ ફેલાવી સૌને મોહિત કરી દીધા છે અને જ્ઞાનરૂપી રત્ન હરી લીધું છે. - ૧
હે જીવ, જીવન સપના જેવું સમજ ! ખરેખર તો જીવન સ્વપ્ન સમાન છે. તને સદ્દગુરુએ સાર શબ્દનો ઉપદેશ આપેલો તે પરમ નિધિને તેં છોડી દીધો. - ૨

જોતિ દેખી પતંગ હુલસૈ, પસુ ના પેખૈ આગી
કાલ ફાંસ નલ મુગુધ ન ચેતૈ, કનક કામિની લાગી - ૩
સેખ સૈયદ કિતેબ નિરખૈ, સુપ્રિતિ શાસ્ત્ર બિચારી
સતગુરુ ઉપદેશ બિનુ તૈ, જાનિકે જિવ હિ મારી - ૪
કરુ બિચાર વિકાર પરિહરુ, દરન તારન સોય
કહંહિ કબીર ભગવન્ત ભજુ નલ, દુતિયા અવર ન કોય - ૫

## શબ્દ - ૬૧

મરિહો રે તન કા લે કરિહો, પ્રાન છૂટે બાહર લૈ ડરિહો - ૧
કાયા બિગુરચનિ અનબની ભાંતિ, કોઈ જારૈ કોઈ ગાડૈ માટી - ૨
હિન્દુ જારૈં તુરુક લે ગાડૈં, યહિ બિધિ અંત દુનૌ ઘર છાંડૈ - ૩
કરમ ફાંસ જમ જાલ પસારા, જસ ધીમર મછરી ગહી મારા - ૪
રામ બિના નલ હોઈહો કૈસા, બાટ માંઝ ગોબરૌરા જૈસા - ૫
કહંહિ કબીર પાછે પછિતૈ હો, યા ઘર સે જબ વા ઘર જૈહો - ૬

## શબ્દ - ૬૨

માઈ મૈં દૂનૌ કુલ ઉજિયારી - ૧
સાસુ નનદિ પટિયા મિલિ બંધલૌં, ભૈસુરહિ પરલૌં ગારી
જારોં માંગ મૈં તાસુ નારી કા, સરવર રચલિ ધમારી - ૨
જના પાંચ કોળિયા મિલિ રખલૌં, અવર દુઈજો ચારી
પાર પરોસિની કરૌં કલેયા, સંગહિ બુધિ મહતારી - ૩
સહજે બપુરે સેજ બિછાવલ, સુતલી મૈં પાંવ પસારી
આઉં જાઉં મરૌ નહિ જીવૌં, સાહબ મેટ લગારી - ૪
એક નામ મૈં નિજુકૈ ગહલૌં, તે છૂટલી સંસારી
એક નામ મૈં બદિ કૈ લેખૌં, કહંહિ કબીર પુકારી - ૫

## શબ્દ - ૬૩

કાસૌં કહૌં કો સુને કો પતિયાય, ફુલવા કે છુવત ભંવર મરિ જાય ! - ૧
ગગનમંડલ મંહ ફૂલ એક ફૂલા, તરિ ભૌ ડાર ઉપરિ ભૌ મૂલા - ૨
જોતિયે ન બોઈયે સિંચયે ન સોઈ, ડાર ન પાત ન ફૂલ એક હોઈ - ૩
ફુલ ભલ ફુલલ માલિની ભલ ગાંથલ, ફુલવા વિનસિ ગૌ ભંવરનિરાસલ - ૪
કહંહિ કબીર સુનહુ સંતો ભાઈ, પંડિત જન ફૂલ રહલ લુભાઈ - ૫

પતંગિયા પ્રકાશ જોઈને આનંદથી નાચવા લાગે છે. (બુદ્ધિ વગરનો) પશુ અગ્નિને અગ્નિ તરીકે જોતો નથી. મોહથી મુગ્ધ બનેલો મનુષ્ય તેવી જ રીતે કનક કામિનીની લગનીમાં કાળની ફાંસીમાં ફસાય જાય છે પણ ચેતતો નથી. - ૩
મુસલમાનોમાં શેખ અને સૈયદ, કુરાન જેવા ગ્રંથોને માત્ર જોયા કરે છે. તેવી જ રીતે હિન્દુઓમાં શાસ્ત્રી લોકો સ્મૃતિ જેવા શાસ્ત્ર ગ્રંથો પર વિચાર કર્યા કરે છે. સદ્ગુરુના ઉપદેશ વિના તેઓ જાણીબૂઝીને જીવનો વધ કરતા હોય છે. - ૪
હે જીવ, વિચાર કર અને હૃદયપૂર્વક સર્વ વિકારોને દૂર કર તો તું મહાન ગણાશે. તું તરી શકશે અને બીજાને તારી પણ શકશે. કબીર કહે છે કે હે મનુષ્ય, તું ભગવાનનું ભજન કર એ સિવાય બીજો કોઈ ઓવારો નથી. - ૫

**સમજૂતી - ૬૧**

હે જીવ ! તું મરશે ત્યારે આ શરીરનું શું કરશે ? પ્રાણ નીકળી જાય એટલે તેને તો બહાર ફેંકી દેવામાં આવે છે ! - ૧
શરીરનો અનેક પ્રકારે વિનાશ કરવામાં આવે છે. કોઈ બાળે છે તો કોઈ દાટે છે !-૨
હિન્દુઓ મડદાને બાળે છે તો મુસલમાનો દાટે છે. એવી રીતે અંત કાળે બંને શરીર રૂપ ઘરોને જીવ છોડી દે છે ! - ૩
જેવી રીતે ઢીમર માછલી પકડીને મારે છે તેવી રીતે યમરાજે કર્મની જાળ ફેલાવી દીધી છે અને જીવોને મારે છે. - ૪
હે મનુષ્ય ! આતમ રામને જાણ્યા વિના તારી કેવી દશા થશે ? રસ્તામાં મોટા કીડાનો પગની નીચે નાશ થાય છે તેમ તારો નાશ થશે. - ૫

**સમજૂતી - ૬૨**

હે મા ! મેં તો બંને કુળોને ઉજવળ કર્યા છે. - ૧
મેં તો સાસરે જઈને સૌ પ્રથમ તો (માયા રૂપી) સાસુને તથા (કુમતિરૂપી) નણંદને ખાટલાના પાયા સાથે બાંધી દીધાને જેઠને તો ગાળ આપીને બોલતા જ બંધ કરી દીધા. જેણે મારી સાથે બળાત્કારથી લડાઈ માંડેલી તે અવિદ્યા રૂપી સ્ત્રીને તો મેં વિધવા જ બનાવી દીધી. - ૨
પાંચ જ્ઞાનેન્દ્રિયોને રાગ દ્વેષ બંનેને તથા ચાર અંતઃકરણને મેં પેટમાં રાખી લીધા છે. વ્યસનો ને કુટેવો રૂપી પડોસણનો તો હું ભોગ કરી જાઉં છું. બુદ્ધિને તો હું મારી બીજી મા માનું છું. તેથી તો તો મારી સાથે જ રહે છે.
બિચારા મારા પતિએ તો મારે માટે પથારી પાથરી દીધી હોય છે તેના પર હું પગ પહોળા કરી સૂઈ જાઉં છું. હવે હું નથી આવતી નથી કે નથી જતી; નથી જન્મતી કે નથી મરતી ! સદ્ગુરુ સાહેબે તો યમરાજ સાથેનો સંબંધ મિટાવી દીધો છે. - ૪
કબીર પોકારીને પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે ચેતન,સ્વરૂપને મારું પોતાનું માનીને તે નામ ગ્રહણ કરી લીધું છે, જેથી મારો સંસારથી છૂટકારો પણ થયો છે, તેને જ હું તો મોક્ષપદ ગણું છું. - ૫

**સમજૂતી - ૬૩**

બધી વાત હું કોને કહું ? સાંભળશે પણ કોણ ? કોણ વિશ્વાસ કરશે ? એક ફૂલ જેવું છે કે તેને સ્પર્શ કરતાં જ ભ્રમર મરી જાય છે. - ૧
ગગન મંડળમાં એક ફૂલ ખીલ્યું છે કે જેની ડાળીઓ નીચે ફેલાયેલી છે ને જેના મૂળ ઉપર ગગન ગંડળમાં જ છે ! - ૨
એક ફૂલ એવું છે જેમાં વાવવું નથી પડતું, બીજ રોપવું નથી પડતું ! તેને ખરેખર ડાળ પણ નથી ને પાન પણ નથી ! - ૩
તે ફૂલ સારું ખીલેલું લાગવાથી માયા રૂપી માલિનીએ તેને ગૂંથિ લીધું છે. તે એની જાતે કરમાયું ત્યારે જીવ રૂપી ભમરો ખૂબ જ નિરાશ થયો ! - ૪
કબીર કહે છે કે હે સંતો, પંડિત રૂપી ભમરો પણ વિષય રૂપી ફૂલોમાં લોભાતો હોય છે ! - ૫

## શબ્દ - ૬૪

જોલ્હા બીનહુ હો હરિનામા, જા કે સુરનર મુનિ ધરેં ધ્યાના - ૧
તાના તનૈકો અહુટા લીન્હૌં, ચરખી ચારિહુ બેદા
સર ખૂંટી એક રામનારાયન, પૂરન પ્રગટે કામા - ૨
ભવસાગર એક કઠવત કીન્હૌં, તા મંહ માંડી સાના
માડી કે તન માડી રહા હૈ, માડી બિરલે જાના - ૩
ચાંદ સુરજ દુઈ ગોડા કીન્હૌં, માઝ દીપ કિયા માઝા
ત્રિભુવન નાથ જો માજન લાગે, શ્યામ મુરરિયા દીન્હા - ૪
પરઈ કરી જબ ભરના લીન્હૌં, વૈ બાંધે કો રામા
વૈ ભરા તિહું લોકહિ બાંધૈ, કોઈ ન રહત ઉબાના - ૫
તીનિલોક એક કરિગહ કીન્હૌં, દિગમગ કીન્હૌં તાના
આદિ પુરુષ બૈઠાવન બૈઠે, કબીરા જોતિ સમાના - ૬

## શબ્દ - ૬૫

જોગિયા ફિરિ ગયો નગર મંજારી, જાય સમાન પાંચ જહાં નારી - ૧
ગયઉ દેસંતર કોઈ ન બતાવૈ, જોગિયા બહુરિ ગુફા નહિ આવૈ - ૨
જરિ ગૌ કંથા ધજા ટૂટી, ભજિ ગૌ દંડ ખપર ગૌ ફૂટી - ૩
કહંહિ કબીર ઈ કલિ હૈ ખોટી, જો રહૈ કરવા નિકરૈ ટોટી - ૪

## શબ્દ - ૬૬

જોગિયા કે નગર બસો મતિ કોય, જો રે બસૈ સો જોગિયા હોય - ૧
વહિ જોગિયા કા ઉલટા જ્ઞાના, કાલા ચોલા નાહિ મિયાના - ૨
પ્રગટ સો કંથા ગુપતાધારી, તામંહ મૂલ સજીવની ભારી - ૩
વહિ જોગિયા કી જુગતિ જો બૂઝૈ, રામ રમૈ તેહિ ત્રિભુવન સૂઝૈ - ૪
અમ્રિત બેલી છિન છિન પીવૈ, કહંહિ કબીર સો જુગ જુગ જીવૈ - ૫

**સમજૂતી - ૬૪**

હે (જીવ રૂપી) જુલાહા, સૂતરનું વસ્ત્ર વણે છે તો સાથે સાથે હરિનામનું (ભક્તિરૂપી) વસ્ત્ર પણ તૈયાર કરતો જા કે જેનું સુર, નર, મુનિ બધા જ ધ્યાન કરે છે ! - ૧

હરિનામના વસ્ત્રના તાણાને માપવા માટે તારી પાસે શરીર રૂપી ગજ તો છે જ અને ભક્તિ રૂપી સૂતર કાંતવા માટે ચાર વેદો રૂપી ચરખો પણ છે જ ! સૂતર ટાંગવા માટે જે શરપત ખૂંટી જોઈએ તે પણ રામ ને નારાયણની છે કે જે દ્વારા તારી બધી જ મનોકામના પૂર્ણ બને છે. - ૨

ભવસાગર રૂપી (કઠવત) મોટા પાત્રમાં હરિનામ રૂપી સૂતરને પરિપકવ બનાવવા માટે (જ્ઞાન રૂપી) કાંજી ચઢાવવામાં આવે છે. પંચભૂતના બનેલા આ માયાવી શરીરમાં દિન પ્રતિદિન માયા વધારે નેવધારે વ્યાપ્ત થતી જાય છે તે સ્થિતિનું જ્ઞાન વિરલ પુરુષને જ હોય છે. - ૩

સાધક યોગીઓ તો ચંદ્ર નાડી ને સૂર્ય નાડીના બે (ગોડા) સૂતર તાણવા માટેના સાધન બનાવે છે, જેના પર તેઓ હરિનામના સૂતરને કસી જોતા હોય છે. વચમાં સુષુમ્ણા નાડીના સાધન વડે તેઓ હરિનામના સૂતરનો તાંતણો તૂટી જાય તો ગાંઠ બાંધીને જોડી દેતા હોય છે. - ૪

(જીવરૂપી) જુલાહો હરિનામ રૂપી સૂતરને કાંજી પાયને મજબૂત કર્યા પછી રામનામના નારા પર ભરની કરી લપેટી લે છે ત્યારે ત્રણે લોકને સંપૂર્ણ પણે બાંધી દે છે, (ત્રણે લોકમાં) કંઈ જ બાકી રહેતું નથી. - ૫

સાધક યોગીઓ નાભિ, હૃદય ને ત્રિકુટિ રૂપી ત્રિલોકનું હરિનામ રૂપી સૂતર વીણવાનું એક યંત્ર બનાવી લેતા હોય છે અને શ્વાસ પ્રશ્વાસના તાણાવાણાથી તે વસ્ત્રને તૈયાર કરી પોતાના હૃદયમાં બેઠેલા પરમ જ્યોતિ સ્વરૂપ સત્પુરુષમાં કબીરની જેમ પોતાના મનને લીન કરી દેતા હોય છે. - ૬

**સમજૂતી - ૬૫**

વેષધારી યોગીનો વિષયી જીવ સંસારરૂપી નગરમાં ફરીથી ચાલ્યો ગયો અને માતાના ગર્ભમાં પાંચ નાડીઓ રૂપી નારીની સાથે (ગુપ્તપણે) સમાય ગયો ! - ૧

તે જીવ કયા પ્રદેશમાં કઈ રીતે જાય છે તે કોઈ બતાવી શકતું નથી. એટલે સાચું છે કે શરીર છોડીને તે જાય છે તે જ શરીરમાં ફરીવાર કદી આવતો નથી. - ૨

પ્રાણ નીકળતાની સાથે જ સ્મશાનમાં સ્થૂળ શરીર રૂપી કંથા મળીને ભસ્મ થઈ જાય છે, શ્વાસ રૂપી ધ્વજા તૂટી જાય છે ને મેરુદંડ અને ખોપરી તો ફૂટી જાય છે ! - ૩

કબીર કહે છે કે કળીયુગમાં વિષયવાસનાની ટેવ બહુ જ ખરાબ છે. કૂવામાં હોય તે જ હવાડામાં આવે ને ! (અર્થાત્ જીવને વાસના અનુસાર ગતિ મળે છે !) - ૪

**સમજૂતી - ૬૬**

વિષયોમાં ડૂબેલા વેષધારી યોગી લોકોના વાસમાં જઈને કદી રહેશો નહીં ! જો રહેશો તો તેના જેવા જ બની જવાશે ! - ૧

તે લોકો અવળું જ્ઞાન ધરાવે છે એટલું જ નહીં પણ તે જ્ઞાન દંભ તથા અહંકારથી મેલું બનેલું હોય છે તેથી સત્યના મ્યાનમાં સમાય શકતું નથી ! - ૨

સ્થૂળ શરીર રૂપી કંથા તો પ્રગટ હોવાથી દેખી શકાય છે પણ જીવ નિરાકાર હોવાથી પ્રગટ થતો નથી માટે ગુપ્તપણે રહે છે. - ૩

તે દંભી યોગીઓની ચાલબાજી જે જાણી જાય છે તે આતમરામમાં પોતાના મનને મગ્ન કરી દે છે અને ત્રણે ભુવનનું જ્ઞાન પ્રગટ કરી લે છે. - ૪

કબીર કહે છે કે જે આ (આત્માની) અમૃતવેલીનું ઔષધ ખૂબ ઘોળી ઘોળીને પીવે છે તે જુગ જુગ સુધી જીવે છે ને અમર બને છે. - ૫

## શબ્દ - ૬૭

જો પૈ બીજરૂપ ભગવાના, તો પંડિત કા પૂછહું આના ? - ૧
કહં મન, કહં બુદ્ધિ, કહં હંકાર, સર્તં રજ તમ ગુન તીનિ પ્રકાર - ૨
વિષ અમ્રિત ફલ ફરૈ અનેકા, બૌધા બેદ કહૈ તરબેકા - ૩
કહંહિ કબીર તૈં મૈં કા જાન, કાધૌં છૂટલ કા અરુઝાન - ૪

## શબ્દ - ૬૮

જો ચરખા જરિ જાય, બઢૈયા ના મરૈ !
મૈં કાંતો સૂત હજાર, ચેરખુલા જિન જરૈ - ૧
બાબા મોર બ્યાહ કરાવ, અચ્છા બરહિં તકાય
જૌં લૌં અચ્છા બર ન મિલૈ, તૌ લૌં તુમહિ બિહાય - ૨
પ્રથમ હિ નગર પહુચતે, પરિગૌ સોક સંતાપ
એક અચંભવ દેખિયા, બિટિયા બ્યાહલ બાપ - ૩
સમધી કે ઘર લમધી આયે, આયે લહુ કે ભાય
ગોડે ચુલ્હા દૈ દૈ, ચરખા દિયો દિઢાય - ૪
દેવલોક મરિજાયેંગે, એક ન મરૈ બઢાય
યહ મનરંજન કારણે, ચરખા દિયો દિઢાય - ૫
કહંહિ કબીર સુનહુ હો સંતો, ચરખા લખૈ ન કોય
જો યહ ચરખા લખિ પરૈ, આવાગમન ન હોય ! - ૬

## શબ્દ - ૬૯

જંત્રી મંત્ર અનુપમ બાજૈ, વાકે અષ્ટ ગગન મુખ ગાજૈ - ૧
તૂંહી બાજૈ તૂંહી ગાજૈ, તૂંહી લિયે કર ડોલૈ
એક શબ્દમેં રાગ છતીસૌ, અનહદ બાની બોલૈ - ૨
મુખકે નાલ સ્રવન કે તુંબા, સતગુરુ સાજ બનાયા
જીભિકે તાર નાસિકા ચરઈ, માયા મોમ લગાયા - ૩
ગગન મંડલ મેં ભૌ ઉજિયારા, ઉલટા ફેર લગાયા
કહંહિ કબીર જન ભયે બિબેકી, જિન્હ જંત્રી મન લાયા - ૪

**સમજૂતી - ૬૭**

જો ભગવાન જગતના બીજ રૂપ કારણ ગણાતા હોય તો હે પંડિતો, તમે બીજું બધું શા માટે પૂછો છો ? - ૧

મન, બુદ્ધિને અહંકાર ક્યાં રહે છે ? ત્રણ પ્રકારના (સત્વ, રજ ને તમ) ગુણો પણ ક્યાં રહે છે ? - ૨

આ સંસાર રૂપી વૃક્ષને વિષમય ને અમૃતમય, સુખ ને દુઃખરૂપી અનેક પ્રકારના ફળો લાગેલાં રહે છે અને વેદ તો (સંસાર સાગરને) તરી જવાના ઘણા ઉપાયો પણ બતાવે છે ! - ૩

મારા-તારાના ભેદો કેવી રીતે જાણી શકાય ? કબીર કહે છે કે કોણ મુક્ત ને કોણ બંધનમાં તે પણ કેવી રીતે જાણી શકાય ? (અર્થાત્ સંસાર ભગવત્સરૂપ જ હોય તો તેને તરવાની જરૂર શી ? કોણ બંધનમાં ? ક્યાં તો સૌ બંધનમાં, ક્યાં તો સૌ મુક્ત !) - ૪

**સમજૂતી - ૬૮**

સ્થૂળ શરીર રૂપી ચરખો આગમાં ખાખ થઈ જાય છે પણ તેને બનાવવાવાળું મન તો ખાખ થતું જ નથી ! શરીરની આસક્તિવાળું મન તો એમ જ ઈચ્છે છે કે મારો ચરખો કદી બળે નહિ ને હું હજારો કર્મ રૂપી સૂતર તેના વડે કાંત્યા કરું ! - ૧

(એવું આસક્ત મન) શિષ્ય થઈને ગુરુ પાસે જાય છે ત્યારે કહે છે કે હે બાબા ! (ગુરુદેવ) સારો વર શોધીને મારો વિવાહ કરી દો ! સારો વર ન મળે ત્યાં સુધી તમે પોતે જ મારી સાથે વિવાહ જોડો ! (અર્થાત્ મને તમારા શરણમાં રાખો !) - ૨

સંસાર રૂપી નગરમાં જન્મ લેતાં જ જીવ તો (પ્રથમ તબક્કામાં જ) શોક ને સંતાપનો અનુભવ કરે છે. સંસારનું એક ભારે આશ્ચર્ય તો એ છે કે જીવ રૂપી પિતા અવિદ્યા રૂપી બેટી સાથે વિવાહ જોડી દે છે !) - ૩

(વિવેક રૂપી) સ્થિર બુદ્ધિવાળાને ઘરે અવિવેકરૂપી સંબંધીજનો આવ્યા ને વહુનો કુવિચાર રૂપી ભાઈ ત્યાં ભેગો થઈ ગયો ! સહુયે મળીને જીવના તો હાથપગ ચુલામાં સળગાવી દીધા અને (શરીર રૂપી) ચરખાને જન્મમરણના ચક્રમાં દૃઢ બનાવી દીધો ! - ૪

(પુણ્ય પૂરું થશે ત્યારે) દેવલોકો પણ મરી જશે પણ (બંધન વધારનારું) મન તો કદી મરતું જ નથી. પોતાના સુખને ખાતર મન શરીર રૂપી ચરખાની ગતિને જન્મમરણના ફેરામાં દૃઢ બનાવ્યા કરે છે. - ૫

કબીર કહે છે હે સંતજનો, સાંભળો : આ શરીર રૂપી ચરખાની ગતિવિધિને કોઈ જાણતું જ નથી. જે જાણી ગયા છે તેના આવાગમનના ફેરા ટળી જતા હોય છે ! (અર્થાત્ તેથી આવતા નથી.) - ૬

**સમજૂતી - ૬૯**

(જીવાત્મા રૂપી) હે વાદ્યના વગાડનાર, તારું વાદ્ય તો અનુપમ વાગી રહ્યું છે ! (મસ્તિષ્ક રૂપી) ગગન મંડળમાં આવેલ આઠમાં કમળમાં સતત ગાજી રહ્યું છે ! - ૧

ખરેખર, તું જ વાગે છે, તું જ ગાજે છે અને તું જ હાથમાં લઈને ડોલે છે ! એક જ શબ્દમાંથી છ રાગને છત્રીસ રાગિણીઓ પેદા થઈ છે તેથી તું જ અનહદ સ્વરૂપે વાણી બોલ્યા કરે છે ! - ૨

મુખ રૂપી દાંડી, કાન રૂપી બે તુમ્બા, જીભનો તાર અને નાકની ખૂંટી તથા માયા રૂપી મોમ લગાવી જે તંબુરાનું વાદ્ય બનાવ્યું છે તેનો સતગુરુ જ સદુપયોગ બતાવી શકે છે ! - ૩

જે સાધક શક્તિને જગાડી નીચેથી ઉપર ઉલટા ક્રમે સાતે ચક્રોને ભેદીને આઠમા ચંદ્રમાં લઈ જાય છે ત્યારે મસ્તિષ્ક રૂપી ગગન મંડળમાં પ્રકાશ પ્રકાશ થઈ જાય છે. તેથી કબીર કહે છે કે પોતાના મનને (આ શરીર રૂપી વાદ્યના વગાડનાર) આતમરામ સાથે જોડી દે છે તે જ સાચો વિવેકી ગણાય. - ૪

## શબ્દ - ૭૦

જસ માસુ પસુકી તસ માસુ નરકી, રુધિર રુધિર એક સારા જી
પસુકી માસુ ભખૈ સભ કોઈ, નરહિં ન ભખૈ સિયારાજી - ૧
બ્રહ્મ કુલાલ મેદિની ભઈયા, ઉપજિ બિનસિ કિત ગઈયાજી
માસુ મછરિયા તૌ પૈ ખઈયા, જો ખેતનમેં બોઈયાજી - ૨
માટી કે કરિ દેવી દેવા, કાટિ કાટિ જિવ દેઈયાજી
જો તોહરી હૈ સાંચા દેવી, ખેત ચરત ક્યોં ન લેઈયા જી - ૩
કહંહિ કબીર સુનહુ હો સંતો, રામ નામ નિત લેઈયાજી
જો કછુ કિયેઉ જીભ્યા કે સ્વારથ, બદલ પરાયા દેઈયા જી - ૪

## શબ્દ - ૭૧

ચાત્રિક, કહા પુકારૌ દૂરી, સો જલ જગત રહા ભરપૂરી ! - ૧
જેહિ જલ નાદ બિંદુકા ભેદા, ષટ કર્મ સહિત ઉપાને બેદા - ૨
જેહિ જલ જીવ સીવકા બાસા, સો જલ ધરની અમર પરગાસા - ૩
જેહિ જલ ઉપજલ સકલ સરીરા, સો જલ ભેદ ન જાને કબીરા - ૪

## શબ્દ - ૭૨

ચલહુ કા ટેઢો ટેઢો ટેઢો !
દસહું દ્વાર નરક ભરિ બૂડે, તું ગંધી કો બેઢો ! - ૧
ફૂટે નયન હ્રિદય નહીં સૂઝૈ, મતિ એકૌ નહિ જાની
કામ ક્રોધ ત્રિસ્નાકે માતે, બૂડિ મુયે બિનુ પાની - ૨
જો જારે તન હોય ભસમ ધુરિ, ગાડે ક્રિમિ-કીટ ખાઈ
સીકર સ્વાન કાગકા ભોજન, તનકી ઈહૈ બડાઈ - ૩
ચેતિ ને દેખુ મુગધ નર બૌરે, તોહિતે કાલ ન દૂરિ
કોટિક જતન કરહુ યહ તનકી, અંત અવસ્થા ધૂરી - ૪
વાલૂકે ધરવા મંહ બૈઠે, ચેતક નાહિ અયાના
કહંહિ કબીર એક રામ ભજે બિનુ, બૂડે બહુત સયાના - ૫

**સમજૂતી - ૭૦**
જેવું પશુનું માંસ તેવું માણસનું માંસ હોય છે, બાકી લોહી ચરબી વગેરે તો સૌના એક જ રંગના હોય છે. છતાં પશુનું માંસ સૌ કોઈ ખાય છે જ્યારે માણસનું માંસ તો શિયાળ પણ નથી ખાતું ! - ૧
બ્રહ્મા રૂપી કુંભારે પૃથ્વી પર સૃષ્ટિ રચના કરી પણ તે ઉત્પન્ન થઈ વિનાશ પામી ક્યાં ગયા તે કોઈ જાણતું નથી. તો પછી (હે મૂર્ખ માણસો !) તમારી તો શી વિસાત કે ભ્રમણામાં શરીરને મજબૂત બનાવવા માંસને માછલીઓ, ખેતરમાં અનાજ વાવેલું હોય તે રીતે ખાય રહ્યા છે ! - ૨
માટી ને પથ્થરના દેવી કે દેવતા બનાવી એની પૂજા કરવાના બહાને તમે જીવતા પ્રાણીઓની હત્યા કરી તેનું માંસ ચઢાવો છો. જો તમારી દેવી સાચી હોય ને માંસ ખાવા માટે ભૂખી હોય તો ખેતરમાં ચરી ખાતા પશુ-પક્ષીઓને કેમ નથી ખાય જતી ? - ૩
તેથી કબીર કહે છે કે હે સંતજનો સાંભળો, જીભના સ્વાદના સ્વાર્થ માટે જે કાંઈ કર્મ કરો છો તેનો બદલો તો તમારે ભોગવવો જ પડશે ! (એના કરતાં તે સર્વ છોડી) આતમરામને જપો તો કલ્યાણ થશે !) - ૪
**સમજૂતી - ૭૧**
હે ચાતક પક્ષી રૂપી જીવ, તું શા માટે પરમાત્મારૂપી પાણીને સમજીને પોકાર કર્યા કરે છે ? - ૧
તે તો તારાથી સૌથી નજીક છે કે જેમાં પ્રાણ રૂપી નાદ અને શરીર રૂપી બિંદુનું રહસ્ય છૂપાયેલું છે તે તારા ચેતનસ્વરૂપ રૂપી જલ પીને તૃપ્ત થા. તેની શક્તિથી જ ષટ્કર્મો પણ થાય છે અને તેની શક્તિથી જ વેદો પણ નિર્માણ થયા છે ! - ૨
તે જ ચૈતન્ય સ્વરૂપ રૂપી સ્વાતિજલમાં જીવ અને શિવનો વાસ છે અને તે પૃથ્વી અને આકાશમાં સ્વયંભૂ પ્રકાશિત છે. - ૩
જે ચૈતન્ય સ્વરૂપ રૂપી સ્વાતિ જલમાંથી જ સમગ્ર જગતના શરીરો નિર્માણ થયા છે તેનું રહસ્ય કબીર વિના કોઈ જાણતું નથી. - ૪
**સમજૂતી - ૭૨**
હે અભિમાની જીવ ! અક્કડ થઈને તું કેમ ચાલી રહ્યો છે ? તારા શરીરના દસે દરવાજા તો નરકથી ભરેલા બૂડી ગયા છે. તારું શરીર ખરેખર દુર્ગંધીનો ઘડો છે ! - ૧
તારી બહારની આંખ ફૂટી ગઈ છે અને ભીતર હૃદયથી પણ સૂઝતું નથી. તારામાં થોડી પણ સદ્‌બુદ્ધિ નથી આવી ! કામ, ક્રોધ અને તૃષ્ણાથી ઉન્મત્ત થઈને વિના પાણીએ સંસારમાં ડૂબી ગયો ! - ૨
જો તારું શરીર બાળી દેવામાં આવે તો ભસ્મ થઈ રાખ થઈ જાય છે અને દાટી દેવામાં આવે તો કીડામકોડા ખાય જાય છે. એમ જ ફેંકી દેવામાં આવે તો શિયાળ, કૂતરા ને કાગડાનું ભોજન બની જાય છે. શરીરની આ જ વિશેષતા છે. - ૩
હે માયામાં મુગ્ધ બનેલા માનવ તું સાવધાન થઈ જો, મોત તારાથી દૂર નથી ! કરોડો પ્રયત્ન કરીને આ શરીરને સલામત રાખવામાં આવે તો પણ અંત કાળે તો રાખ થશે જ ! - ૪
તું રેતીના ઘરમાં બેઠો છે, કેમ સાવધાન નથી બનતો ? કબીર કહે છે મોટા મોટા જ્ઞાની ગણાતા લોકો પણ રામના ભજન વિના સંસાર સાગરમાં ડૂબી મર્યા છે ! - ૫

## શબ્દ - ૭૩

ફિરહુ કા ફુલે ફુલે ફુલે !
જબ દસ માસ અઉંધ મુખ હોતે, સો દિન કાહે ભૂલે ! - ૧
જૌં માખી સહતે નહિ બિહુરે, સોંચ સોંચ ધન કીન્હા
મુયે પિછે લેહુ લેહુ કરૈં સબ, ભૂત રહનિ કસ દીન્હા - ૨
જારે દેહ ભસમ હોઈ જાઈ, ગાડે માટી ખાઈ
કાચે કુંભ ઉદક જૌં ભરિયા, તનકી ઈહૈ બડાઈ - ૩
ચેતિ ને દેખુ મુગધ નર બૌરે, તોહિતે કાલ ન દૂરિ
કોટિક જતન કરહુ યહ તનકી, અંત અવસ્થા ધૂરી - ૪
વાલૂકે ધરવા મંહ બૈઠે, ચેતક નાહિ અપાના
કહંહિ કબીર એક રામ ભજે બિનુ, બૂડે બહુત સયાના - ૫

## શબ્દ - ૭૪

ઐસો જોગિયા હૈ બદકરમી, જાકે ગગન અકાસ ન ધરની - ૧
હાથ ન વાકે પાંવ ન વાકે, રુપ ન વાકે રેખા
બિના હાટ હટવાઈ લાવૈ, કરૈ બયાઈ લેખા - ૨
કરમ ન વાકે ધરમ ન વાકે, જોગ ન વાકે જુગુતિ
સીંગી પાત્ર કછુ નહિ વાકે, કાહે કો માંગે ભુગુતિ - ૩
મૈં તોહિ જાના તૈં મોહિ જાના, મૈ તોહિ-માંહિ સમાના
ઉતપતિ પરલૈ કછુ નહીં હોતે, તબ કહુ કવન કો ધ્યાના - ૪
જોગી એક આનિ ઢાઢ કિયો હૈ, રામ રહા ભરિ પૂરી
ઔષધ મૂલ કછુ નહીં વાકે, રામ સજીવની મૂરી - ૫
નટબટ વાજા પેખનિ પેખૈ, બાજીગરકી બાજી
કહંહિ કબીર સુનહુ હો સંતો, ભઈ સો રાજ બિરાજી - ૬

## શબ્દ - ૭૫

ઐસો ભરમ બિગુરચન ભારી
બેદ કિતેબ દીન ઔ દોજક, કો પુરુષા કો નારી - ૧
માટી કે ઘટ સાજ બનાયા, નાદે બિંદુ સમાના
ઘટ બિનસેકા નામ દ્રહુગે, અહમક ખોજ ભુલાના - ૨

**સમજૂતી - ૭૩**

હે માનવ તું મદોન્મત થઈ શા માટે ફર્યા કરે છે ? માતાના ગર્ભમાં દસ મહિના સુધી ઊંધે મોઢે તું રહેલો તે દિવસો શા માટે ભૂલી જાય છે ? - ૧

જેવી રીતે મધમાખી પોતે મધપૂડાથી છૂટી પડી પોતે ભેગું કરેલું મધનો ઉપભોગ કરી શકતી નથી તેવી રીતે તું ભેગું કરેલું ધન વાપરી શકવાનો નથી. તારા મરણ વખતે તારા સંબંધીઓ ધન લઈ પડાપડી કરશે ને કહેશે કે આ ભૂતને અહીં હજી કેમ રહેવા દીધો છે ? - ૨

આ દેહને બાળવાથી ભસ્મ થઈ જાય છે અને દાટવાથી માટી પોતે ખાય જાય છે. જેવી રીતે કાચા ઘડામાં પાણી ટકતું નથી તેવી રીતે આ શરીર કાયમ રહી શકતું નથી, એવી તો આ શરીરની મોટાઈ છે ! - ૩

મરણ વખતે તારી પોતાની પત્ની ઘરના ઉંબરા સુધી અને તારા ગણાતા સ્વજનો સ્મશાન સુધી સાથે આવશે. તને લઈ જવા માટે બનાવેલી ઠાઠડી ઠેઠ ચિતા સુધી સાથે આવશે. પછી તો જીવે એકલા જ જવું પડશે ! - ૪

હે મોહમાં છકી ગયેલો જીવ, તું કાળને વશ થઈ સંસારરૂપી કૂવામાં પડયો છે ! રામને કેમ રટતો નથી ? કબીર કહે છે કે જેમ પોપટ ભ્રમણાથી વાંસની નળી સાથે પોતે બંધાયેલો માને છે તેમ તું પણ તારી જાતે જ બંધાયેલો છે ! - ૫

**સમજૂતી - ૭૪**

એવા યોગીઓ ખરાબ ચાલચલગતવાળા હોય છે કે જેનું સ્થાન નથી હોતું પૃથ્વી પરે, નથી હોતું આકાશમાં કે નથી હોતું બંનેની વચ્ચે અન્તરિક્ષમાં ! - ૧

આત્માને નથી હોતા હાથ કે પગ, નથી હોતું કોઈ રૂપ કે આકાર ! છતાં તું આત્મામાં સ્થિર હોય એવો આડંબર કરી બજાર ન હોવા છતાં સંસાર રૂપી દુકાન માંડીને અનેક પ્રકારના પ્રપંચોનો વેપાર કરે છે ને આવક જાવકનો હિસાબ ગણ્યા કરે છે. - ૨

(પોતાને પરમ સિદ્ધ મનાવી) પોતાને કર્મ, ધર્મ, યોગ કે યુક્તિની આવશ્યકતા નથી એવો પ્રચાર કરે છે. પોતાની પાસે (વગાડવાનું સાધન) સીંગી પણ નથી અને ભિક્ષાપાત્ર પણ નથી તો વારંવાર ભીખ શા માટે માગ્યા કરે છે ? - ૩

મેં તને જાણી લીધો, તેં મને જાણી લીધો અને હું તારા સ્વરૂપમાં સમાય ગયો એવું જ્ઞાનનો આડંબર કરીને કહે છે ! ત્યારે સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય પણ ન હતા તો પછી કહે તો ખરો કે કયો જીવ કયા બ્રહ્મનું ધ્યાન ધરતો હતો ? - ૪

આ રીતે તે યોગીએ પ્રપંચ રૂપી એક જાળ પાથરી દીધી છે. રામ સર્વત્ર ભરપૂર પણે રહેલો છે એવું તે કહે છે ખરો પણ રામતત્ત્વ તેણે જાણ્યું લાગતું નથી. તેથી તેની પાસે ભવરોગ મટાડવાની કોઈ દવા પણ નથી. ખરેખર તો રામતત્ત્વનું જ્ઞાન જ સંજીવની ઔષધ ગણાય છે ! - ૫

કબીર કહે છે કે હે સન્તજનો સાંભળો, તે રામ તત્ત્વ જ બાજીગરની બાજીમાં નટની માફક સંસાર રૂપી ખેલ ખેલે છે ને ખેલાવરાવે છે. આ સત્ય બરાબર સમજી લેવામાં આવે તો વિષયોમાં આસક્ત એવું રાગી મન વૈરાગી બની જાય છે. - ૬

**સમજૂતી - ૭૫**

વેદ, કુરાન, સ્વર્ગ, નરક, પુરુષ, સ્ત્રી વિગરે ભેદો ઉભા કરી જીવ પોતે ભારે મૂંઝવણ અનુભવી રહ્યો છે ! - ૧

માટીનો ઘડો બનાવી તેમાં રજવીર્યનો સમાવેશ કર્યો. જો આ ઘડાનો નાશ થાય તો તેને કયું નામ આપવામાં આવશે ? ખરેખર મૂર્ખ લોકો (સત્યની શોધ કરતા કરતા) ઘણી ભૂલો કરી બેસે છે ! - ૨

એકૈ તુચા હાડ મલ મૂત્રા, એક રુધિર એક ગૂદા
એક બુંદસે સિસ્ટિ રચો હૈ, કો બ્રાહ્મન કો સૂદા - ૩
રજગુન બ્રહ્મા, તમગુન શંકર, સતો ગુની હરિ હોઈ
કહંહિ કબીર રામ રહિયે રમિ, હિન્દુ તુરુક ન કોઈ - ૪

## શબ્દ - ૭૬

અપન પૌ આપુહી બિસરો - ૧
જૈસે સુનહા કાંચ મંદિલમંહ, ભરમતે ભૂંકિ મરો - ૨
જૌં કેહરિ બપુ નિરખિ કૂપજલ, પ્રતિમા દેખિ પરો - ૩
વૈસે હિ ગજ ફટિક સિલા પર, દસનન આનિઅરો - ૪
મરકટ મૂંઠિ સ્વાદ નહિ બિહુરૈ, ઘર ઘર રટત ફિરો - ૫
કહંહિ કબીર લલની કે સુગના, તોહિ કવને પકરો - ૬

## શબ્દ - ૭૭

આપન આસ કિજૈ બહુતેરા, કાહુ ન મરમ પાવ હરિ કેરા - ૧
ઈન્દ્રી કહાં કરૈં બિસરામા, સો કહાં ગયે જો કહત હોતે રામા - ૨
સો કહાં ગયે જો હોત સયાના, હોય [illegible] વહિ પદહિ સમાના - ૩
રામાનન્દ રામરસ માતે, કહંહિ કબીર હમ કહી કહી થાકે - ૪

## શબ્દ - ૭૮

અબ હમ જાનિયા હો, હરિ બાજી કા ખેલ !
ડંક બજાય દિખાય તમાસા, બહુરિ હુ લેત સંકેલ ! - ૧
હરિબાજી સુરનર મુનિ જંહડે, માયે ચાટક લાયા
ઘરમંહ ડારિ સભૈ ભરમાયા, હૃદયા જ્ઞાન ન આયા - ૨
બાજી જૂઠી બાજીગર સાચા, સાધુનકી મતિ ઐસી
કહંહિ કબીર જિન જૈસીં સમજી, તાકી મતિ ભૌ તૈસી - ૩

## શબ્દ - ૭૯

કહુ કો અમર કાસોં લાગા, ચેતનિહારે ચેતુ સુભાગા - ૧
અમર મધ્યે દીસૈ તારા, એક ચેતૈ દજે ચેતનહારા - ૨

એક જ વીર્યનાં ટીપામાંથી આખી સૃષ્ટિ બની છે. સર્વ દેહોમાં એક પ્રકારની ચામડી, એક જ પ્રકારનાં હાડકાં, મળ-મૂત્ર-લોહી પણ એક જ પ્રકારના અને સર્વની ગુદા પણ એક જ પ્રકારની હોવા છતાં બ્રાહ્મણ કોણ ને શૂદ્ર કોણ ? - ૩
(માનવે તો દેવોમાં પણ ભેદો ઉભા કર્યા) શંકરને તમોગુણી, બ્રહ્માને રજોગુણી ને વિષ્ણુને સતોગુણી કરી દીધા ! કબીર કહે છે કે હે જીવો, ખરેખર કોઈ હિન્દુ નથી કે કોઈ મુસલમાન નથી. સર્વ ભેદો ભૂલી તું સર્વમાં એક જ રામ રમી રહ્યા છે તે સત્ય સમજ ! - ૪

**સમજૂતી - ૭૬**

હે જીવ ! તું તારી જાતે તારું પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે. - ૧
જેવી રીતે કૂતરો કાચના મંદિરમાં પોતાના અનેક પ્રતિબિંબો જોઈને તેને કૂતરા સમજીને ભૂંકી ભૂંકીને મરી જાય છે તેમ (તું ભ્રમણામાં જન્મમરણના ફેરામાં અટવાય છે.) - ૨
જેવી રીતે સિંહ કૂવાના પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈને તેને દુશ્મની માની કૂવામાં કૂદી પડે છે તેમ (તું ભ્રમણાથી બીજાને દુશ્મન માની ઝઘડયા કરે છે.) - ૩
તે જ પ્રમાણે હાથી ચળકતા સ્ફટિકના પથ્થર પાસે આવીને તેમાં દેખાતા પોતાના પ્રતિબિંબને પોતાનો હરીફ હાથી છે એમ માનીને દાંતમાં દાંત પરોવી લડવા લાગે છે. - ૪
જેવી રીતે વાંદરો સ્વાદની લાલચે સાંકડા ઘડામાંથી પોતાની મૂઠી છોડતો નથી પરિણામ કલંદરની સાથે ઘરે ઘરે તેણે ફરવું પડે છે તેમ (તું પણ વિષયવાસનાના લોભે સંસારથી મુક્ત થઈ શકતો નથી ને પરિણામે ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકે છે.) - ૫
તેથી કબીર કહે છે કે હે નળીને પકડીને બેઠેલા પોપટ, તને કોણ પકડી રહ્યું છે ? - ૬

**સમજૂતી - ૭૭**

હે જિજ્ઞાસુ જીવ, કોઈએ હરિના રહસ્યને જાણ્યું નથી તેથી બીજાની આશા ન રાખતાં તું તારી જાત પર મદાર બાંધ ! - ૧
ઈન્દ્રિયો વિષય કયાં કરશે ? સંસારમાં રામ રામ કહેનારા બધા ક્યાં ગયા ? - ૨
જેઓ પોતાને જ્ઞાન કહેવડાવતા હતા તેઓ પણ ક્યાં ગયા ? તેઓ પણ મરીને સંસારમાં જ સમાય ગયા ! - ૩
કબીર કહે છે કે અમે તો કહી કહીને થાકી ગયા કે રામનો મર્મ જાણ્યા વિના માત્ર રામ રસમાં દિવાના બની જવાથી શો લાભ ? - ૪

**શબ્દ - ૭૮**

હવે અમે તમાસારૂપ હરિના ખેલને બરાબર જાણી ગયા છીએ ! બાજીગર ડમરુ બજાવીને ખેલ બતાવે છે ને અંતે સમેટી લે છે તેમ (સંસારનો આ ખેલ બતાવીને હરિ પોતાનામાં સમાવી લે છે.) - ૧
હરિના આવા તમાસાથી સુર, નર, મુનિ બધાં જ છેતરાયા છે ને તેની માયામાં સૌ આસક્ત બન્યા છે. તે માયાએ સૌને શરીર રૂપી ઘરમાં પૂરી રાખી ભરમાવ્યા ને હૃદયમાં જ્ઞાન પેદા થયું જ નહીં ! - ૨
તમાસો જૂઠો છે પણ તમાસો બતાડનાર સાચો છે એવો સાધુ લોકોનો નિર્ણય છે. કબીર તો એમ કહે છે કે જેવી જેની સમજ તેવી તેની ગતિ. - ૩

**સમજૂતી - ૭૯**

હે અવિનાશી જીવ ! તું કહે તો ખરો કે કોની પાછળ ભટકી રહ્યો છે ? ચૈતન્ય સ્વરૂપ તું ચેત તો તારું ભાગ્ય ખૂલી જશે. - ૧
આકાશમાં તારાઓ દેખાય છે તેમ તારામાં સર્વ કાંઈ છે. તું ચેતવાવાળો છે તો બીજો ચેતાવવાવાળો છે એટલું જ ! - ૨

જો ખોજહુ સો ઉહવાં નાહીં, સો તો આદિ અમરપદ માહીં - ૩
કહંહિ કબીર પદ બૂઝૈ સોઈ, મુખ હૃદયા જા કે એકૈ હોઈ - ૪

## શબ્દ - ૮૦

બંદે કરિ લે આપુ નિબેરા
આપુ જિયત લખુ આપુ ઠવર કરુ, મુયે કહાં ઘર તેરા ? - ૧
યહિ અવસર નહિ ચેતહુ પ્રાની, અંત કોઈ નહિ તેરા
કહંહિ કબીર સુનહુ હો સંતો, કઠિન કાલકા ઘેરા - ૨

## શબ્દ - ૮૧

સબ સંત ઉધારન ચૂનરી ઊ તો રહુ રરા મમાકી ભાંતિહો ! - ૧
બાલ્મિકી બન બોઈયા, ચૂનિ લિયા સુખદેવ
કરમ બિનૌરા હો રહા, સુત કાતહિ જયદેવ - ૨
તીનિ લોક તાના તનો, બ્રહ્મા વિષ્ણુ મહેશ
નામ લેત મુનિ હારિયા, સુરપતિ સકલ નરેસ - ૩
બિનુ જીભે ગુન ગાઈયા, બિનુ બસ્તીકા દેસ
સૂને ઘરકા પાહુના, કાસોં લાવે નેહ ? - ૪
ચારિ વેદ કૈંડા કિયો, નિરંકાર કિયો રાછ
બિનૈ કબીરા ચૂનરી, નન્હી બાંધલ વાછ - ૫

## શબ્દ - ૮૨

તુમ યહિ બિધિ સમુજહુ લોઈ, ગોરી મુખ મંદર બાજૈ - ૧
એક સગુન ષટચક્રહિ બેધૈ, બિના બ્રિષભ કોલ્હુ માચૈ
બ્રહ્મહિ પકરિ અગ્નિમેં હોમૈ, મચ્છ ગગન ચઢિ ગાજૈ - ૨
નિતૈ અમાવસ નિતૈ ગ્રહન કોઈ, રાહુ ગ્રાસ નિત દીજૈ
સુરભી ભચ્છન કરત બેદ મુખ, ધન બરિસે તન છીજૈ - ૩
ત્રિકુટિ કુંડલ મધિ મંદર બાજૈ, ઔઘટ અંમર ભીજૈ
પુહુમિ કે પનિયા અંમર ભરિયા, ઈ અચરજ કો બૂઝૈ - ૪
કહંહિ કબીર સુનહુ હો સંતો, જોગિન સિદ્ધિ પિયારી
સદા રહૈ સુખ સંજમ અપને, બસુધા આદિ કુમારી - ૫

જે સુખ તું શોધે છે તે અહીં (નાશવંત પદાર્થોમાં) નથી. તે તો તને (અવિનાશી આત્મતત્ત્વ રૂપ) અમર પદમાં જ મળશે. - ૩
માટે કબીર કહે છે કે અમર પદ તે જ પ્રાપ્ત કરી શકશે કે જે વિચારને આચાર વચ્ચે એકરૂપતા સ્થાપી શકશે ! - ૪

**સમજૂતી - ૮૦**

હે (બંધનમાં ફસાયેલા) જીવ, તું તારો છૂટકારો તારી જાતે જ કરી લે ! જીવે છે ત્યાં સુધી તારી જાતને સમજી લે ! તારું સ્થાન તારી જાતે બનાવી લે ! મર્યા પછી તો તારું કોઈ ઠેકાણું રહેશે નહિ. - ૧
જો તું આ અવસરે ચેતશે નહીં તો હે જીવ, તારું અંતકાળે તો કોઈ રક્ષણ કરશે નહિ ! તેથી કબીર કહે છે કે હે સંતજનો સાંભળો ને વિચારો કે કામનું આ બંધન ભયંકર છે. - ૨

**સમજૂતી - ૮૧**

સૌ સંતોએ પોતાના ઉદ્ધાર માટે (ભક્તિ રૂપી) ચૂંદડી બનાવી છે. તે તો 'ર' ને 'મ' ના તાણા વાણા વડે ઘટ્ટ બનેલી છે ! - ૧
સૌ પ્રથમ વાલ્મિકીએ કપાસ ઉગાડીને શરૂઆત કરેલી ને પછી તો શુકદેવે કપાસને વીણીને ભેગા કરવા જેવું કાર્ય કરેલું. કપાસમાંથી રૂ ને બીજ જુદા પાડવાનું કામ જયદેવે કરી કાંતવા માંડેલું. - ૨
બ્રહ્મા વિષ્ણુ ને મહેશ દ્વારા ત્રણે લોકમાં જપ રૂપી તાણો ફેલાય ગયેલો પરંતુ તે આધારે ચાલનાર ઋષિમુનિઓ, ઈન્દ્ર જેવા દેવો ને રાજાઓ તો જપ કરતા કરતા હારી ગયેલા ! - ૩
જીભ વિના રામનામનું ગુણગાન ગાવા લાગેલા તે તો વસ્તી વિનાના શૂન્યપ્રદેશમાં પહોંચી ગયેલા. માલિક વિનાના ઘરમાં મહેમાન ઘુસી જાય તો સ્નેહ પણ કોની સાથે બાંધે ? - ૪
ચાર વેદની દાંડી તૈયાર કરી નિરાકારની દોરી બનાવી તેને પાતળી કિનારીથી દાંડી સાથે જોડીને કબીરે સૌ કરતા જાણે કે જુદી જ ભક્તિરૂપી ચુદડી વણવાનું કામ ચાલુ કર્યું. - ૫

**સમજૂતી - ૮૨**

હે મનુષ્યો, (યોગીઓની વાતને) તમે આ રીતે સમજો કે (કુંડલીની શક્તિરૂપી) ગોરીના મુખ દ્વારા ગંભીર અનાહત ધ્વનિ ગુંજી રહ્યો છે ! - ૧
(તે શક્તિને જાગૃત કરી ત્રિગુણાત્મક મન છ ચક્રોને ભેદે છે તે ક્રિયા બળદ વિનાના કોલુ જેવી છે. સહસ્રાર ચક્રમાં શક્તિ પ્રવેશે ત્યારે તાંત્રિક યોગી (રજોગુણ રૂપી) બ્રહ્માને પકડીને જ્ઞાનાગ્નિમાં હોમી દે છે ત્યારે પ્રાણશક્તિ મસ્તિષ્ક ગગનમાં ચઢીને ગર્જના કરે છે. - ૨
(સૂર્યચંદ્ર સુષુમ્ણામાં લય પામે તેથી) ત્યાં હમેશ અમાસ ને ગ્રહણ હોય છે. તે યોગી (સુષુમ્ણા રૂપી) રાહુને (ચંદ્ર સૂર્યનું) દરરોજ ભોજન કરાવે છે. જીભને કપાલ કુહરમાં મોકલી જ્ઞાનરૂપી મુખ વડે સુરભી ગાયનું ભક્ષણ કરે છે ત્યારે અમૃત રૂપી મેઘની વર્ષા થાય છે ને યોગીનું શરીર ક્ષીણ થતું જાય છે. - ૩
કુંડલિની શક્તિ ત્રિકુટિના ક્ષેત્રમાં પહોંચે ત્યારે ગંભીર નાદ સંભળાય છે અને ગગન ગુફાનો દુર્ગમ ઘાટ અમૃત રસ ઝરવાથી ભીનો બને છે. બ્રહ્મરંધ્ર પાર્થિવ શરીરના પ્રાણવાયુથી ભરાય જાય છે તે આશ્ચર્ય કોણ સમજી શકે ? - ૪
કબીર કહે છે કે હે સંતો સાંભળો, યોગીઓને આ રીતે સિદ્ધિ પ્યારી હોય છે પરંતુ સાચું સુખ તે દ્વારા પ્રાપ્ત થતું નથી, માત્ર મનના સંયમથી જ પ્રાપ્ત થાય છે. (તેઓ ભલેને આખી દુનિયાને વશ કરવા માંગતા હોય) પણ વસુધા તો કાયમ કુમારી જ રહી છે ! - ૫

## શબ્દ - ૮૩

ભૂલા બે અહમક નાદાના, તુમ હરદમ રામહિ ન જાના - ૧
બરબસ આનિ કે ગાય પછારિન, ગરા કાટિ જિવ આપ લિયા
જીયત જી મુરદા કરિ ડારા, તિસ કો કહત હલાલ હુઆ - ૨
જાહિ માંસુકો પાક કહત હો, તાકી તપતિ સુનુ ભાઈ
રજ બીરજ સોં માંસુ ઉપાની, માંસુ નપાકી તુમ ખાઈ - ૩
અપના દોષ કહન નહિ અહમક, કહત હમારે બડન કિયા
ઉસકી ખૂન તુમ્હારી ગરદન, જિન તુમ કો ઉપદેશ દિયા - ૪
સ્યાહી ગઈ સફેદી આઈ, દિલ સફેદ અજહું ન હુઆ
રોજા બંગ નિમાજ કા કીજૈ, હુજરે ભીતર પૈઠિ મુઆ - ૫
પંડિત બેદ પુરાન પઢત હૈ, મૌલા પઢહિં કુરાના
કહંહિ કબીર દોઉ ગયે નરકમેં, હરદમ રામહિ ન જાના - ૬

## શબ્દ - ૮૪

કાજી તુમ કૌન કિતેબ બખાની
ઝંખત પઢત રહો નિસિ બાસર, મતિ એકૌ નહિ જાની - ૧
સક્તિ અનુમાને સુનત કરત હો, મૈં ન બદૌંગા ભાઈ
જો ખોદાય તેરિ સુનતિ કરત હૈ, આપુહિ કટિ ક્યોં ન આઈ ? - ૨
સુનતિ કરાય તુરુક જો હોના, ઔરતિ કો કા કહિયે
અરધ સરીરી નારી બખાની, તાતે હિન્દુ રહિયે - ૩
ઘાલિ જનેઉ બ્રાહ્મન હોના, મેહરિકા પહિરાયા
વૈ જનમકી સુદ્રી પરસૈ, તુમ પાંડે ક્યોં ખાયા ? - ૪
હિન્દુ તુરુક કહાંતે આયા, કિન યહ રાહ ચલાઈ
દિલમેં ખોજિ દેખ ખોજાદે, ભિસ્તિ કહાંસે પાઈ ? - ૫
કહંહિ કબીર સુનહુ હો સંતો, જોર કરતુ હે ભાઈ
કબિરન ઓર રામકી પકરી, અંત ચલૈ પછિતાઈ - ૬

**સમજૂતી - ૮૩**

હે મૂર્ખ નાદાન જીવ તું ભ્રમમાં ભૂલે છે ને હમેશ રામતત્ત્વને જાણી શકતો નથી ! - ૧

તું બળજબરીથી ગાયને પછાડી દે છે અને તેનું ગળું કાપી તેનો જાન લઈ લે છે. જીવતા જીવને મારી નાંખીને તું હલાલ (પવિત્ર) થયેલું માને છે એ જ તારો ભ્રમ છે ! - ૨

હે ભાઈઓ, જે માંસને તમે પવિત્ર થયેલું માનો છો તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે તે તો સાંભળો ! રજવીર્યથી તે તો ઉત્પન્ન થાય છે તેથી તે અપવિત્ર ગણાય છે તેને તને ખાવો છો ? - ૩

હે મૂર્ખ, પોતાની ભૂલ થઈ છે તે કબૂલતો નથી અને સામેથી કહે છે કે અમારા વડીલો કરતા આવ્યા છે ! સાંભળ, જેણે તમને ઉપદેશ આપ્યો છે તેણે તેની છરીથી તમારું ખૂન જ કર્યું છે. - ૪

વાળ કાળા હતા તે સફેદ થયા છતાં તારું હૃદય સફેદ પવિત્ર થયું જ નહીં ! રોજા રાખે, બાંગ પુકારે ને નિમાજ પઢે તેથી શું ? ખરેખર તો તું મસ્જીદની કોઠરીમાં પેસીને મરી જ ગયો કહેવાય ! - ૫

પંડિત વેદને પુરાણો વાંચે છે ને મૌલાના કુરાન પઢે છે પરંતુ કબીર કહે છે કે તેઓ બંને નરકમાં જાય છે કારણ કે રામતત્ત્વને તેઓ જાણતા નથી. - ૬

**સમજૂતી - ૮૪**

હે કાજી, તું કયા ગ્રંથની પ્રશંસા કરે છે ? ઝંખનાપૂર્વક તેને તું રાત દિવસ વાંચ્યા કરે છે, છતાં તેનું જ્ઞાન તો તને થયું નથી ! - ૧

ખુદાના હુકમથી સુન્નત કરાવવામાં આવે છે તે વાત હું માનવા તૈયાર નથી. જો ખુદાની ઈચ્છાથી સુન્નતની ક્રિયા થતી હોય તો એની મેળે સુન્નત કરાવીને (ગર્ભમાંથી) કેમ કોઈ જન્મતું નથી ? - ૨

સુન્નત કરાવવાથી જ જો મુસલમાન થઈ જવાતું હોય તો સ્ત્રી જાતિને તમે શું કહેશો ? કારણ કે પુરુષની ગણાતી સ્ત્રીને સુન્નત ન થતું હોવાથી તે હિન્દુ તરીકે જ રહી જાય છે ! - ૩

જનોઈ પહેરવાથી જ જો બ્રાહ્મણ થઈ જવાતું હોય તો પોતાની સ્ત્રીને શું પહેરાવ્યું ? (સ્ત્રીને જનોઈ દેતા ન હોવાથી) તે તો જન્મથી જ શૂદ્ર તરીકે રહે છે. તેનું પીરસેલું ભોજન હે બ્રાહ્મણો ! તમે શા માટે ખાવ છો ? - ૪

હિન્દુ ને મુસલમાન ક્યાંથી આવ્યા ? કોણે આ (સુન્નત ને જનોઈની) પદ્ધતિ ચાલી કરી ? અંતરાત્માને પૂછીને હૃદયથી સૌ શોધી કાઢો કે કોને કેવી રીતે સ્વર્ગ મળ્યું ? - ૫

કબીર કહે છે કે હે સંતો, સાંભળો. તમે (સુન્નત અને જનોઈ અંગે) જોરજુલમ કરો છો ને ભગવાન બધું કરાવે છે એવા બહાના હેઠળ અજ્ઞાનતાથી બધું ચલાવો છો પરંતુ અંતકાળે જરૂર પસ્તાશો ! - ૬

## શબ્દ - ૮૫

ભૂલા લોગ કહૈ ઘર મેરા
જા ઘરવામેં ભૂલા ડોલૈ, સો ઘર નાહીં તેરા - ૧
હાથી ઘોડા બૈલ બાહનો, સંગ્રહ કિયા ઘનેરા
બસ્તીમેં સે દિયો ખદેરા, જંગલ કિયો બસેરા - ૨
ગાંઠિ બાંધિ ખરચ ન પઠયો, બહુરિ કિયો ન ફેરા
બીબી બાહર મહલમેં, બીચ મિયાં કા ડેરા - ૩
નૌ મન સૂત અરુઝિ ન સુરઝૈ, જનમ જનમ અરુઝેરા
કહંહિ કબીર સુનહુ હો સંતો, પદકા કરહુ નિબેરા - ૪

## શબ્દ - ૮૬

કબીરા તેરો બન કંદલામેં, માનુ અહેરા ખેલૈ
બફુ બારી આનંદ મીરગા, રુચિ રુચિ સર મેલૈ - ૧
ચેતન રાવલ પાવન ખેડા, સહજૈ મૂલ હિ બાંધૈ
ધ્યાન ધનુષ જ્ઞાન બાનકા, જોગેસર સાર સાધૈ - ૨
ષટ ચક્ર બેધિ કમલ બેધિ, જા ઉજિયારી કીન્હા
કામ ક્રોધ લોભ મોહ હાંકિ સાવજ દીન્હા - ૩
ગગન મધ્યે રોકિન દ્વારા, જહાં દિવસ નહીં રાતી
દાસ કબીરા જાય પહુંચે બિછુરે સંગ કે સાથી - ૪

## શબ્દ - ૮૭

કબીરા તેરો ઘર કંદલામેં, યહ જગ રહત ભુલાના
ગુરુકી કહી કરત નહિ કોઈ, અમહલ મહલ દિવાના - ૧
સકલ બ્રહ્મમેં હંસ કબીરા, કાગન ચૌંચ પસારા
મનમથ કરમ ધરૈ સભ દેહી, નાદ બિંદ બિસ્તારા - ૨
સકલ કબીરા બોલૈ બાની, પાનીમેં ઘર છાયા
અનંત લૂટ હોતી ઘટ ભીતર, ઘટકા મરમ ન પાયા - ૩
કામિની રૂપી સકલ કબીરા, મૃગા ચરિંદા હોઈ
બડ બડ જ્ઞાની મુનિવર થાકે, પકરિ શકૈ નહિ કોઈ - ૪
બ્રહ્મ વરુણ કુબેર પુરંદર, પીપા ઔ પ્રહ્લાદા
હિરણાકુસ નખ ઉદર બિડારા, તિનહુ કો કાલ ન રાખા - ૫

**સમજૂતી - ૮૫**
ભ્રમિત જીવો જ કહે છે કે આ ઘર મારું છે. જે ઘરમાં હે ભ્રમિત જીવ તું મદથી નાચી રહ્યો છે તે ખરેખર તારું નથી.- ૧
હાથી, ઘોડા, બળદ, અનેક વાહનોનો તેં ઘણો બધો સંગ્રહ તો કર્યો છે પરંતુ યાદ રાખ કે તારી માનીતી વસ્તીમાંથી તને એક દિવસ ભગાડી મૂકવામાં આવશે ને તારે જંગલમાં જ વાસ કરવો પડશે ! - ૨
મૃતને પોટલી બાંધીને કોઈ ખર્ચ મોકલતું નથી કે ગયેલો કોઈ પાછો આવતો પણ નથી. (સુમતિ રૂપી) બીબીને બહાર કાઢી મૂકીને (કુમતિ રૂપી) વેશ્યાને મહેલમાં રાખી જીવ રૂપી મીયાં સાહેબ વચમાં વાસ કરી રહ્યા છે ! - ૩
તેથી (જીવ રૂપી મીયાં સાહેબનું મન) પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા ચાર અંતઃકરણો રૂપી નવ મણ સૂતર ગૂંચવાઈને પડયું છે. જનમો જનમથી તેની ગૂંચ ઉકલતી નથી. કબીર સાહેબ કહે છે કે હે સંતો, સાંભળો ! જે કોઈ આ પદના અર્થ પર સમજીને વિચાર કરેશે તે આ ગૂંચનું નિવારણ કરી શકશે !
**સમજૂતી - ૮૬**
હે અજ્ઞાની જીવ, તારા જીવન રૂપી વનની હૃદય રૂપી ગુફામાં મન રૂપી શિકારી શિકાર ખેલી રહ્યો છે ! શરીર રૂપી બગીચામાં આનંદ રૂપી મૃગ પર તે ઈચ્છા મુજબના બાણો મારી રહ્યો છે ! ૧
જાગૃત જીવ તો પોતાના શરીર રૂપી નગરને પવિત્ર રાખી સહજ રીતે મૂલબંધની મુદ્રામાં સ્થિર થઈ જાય છે અને પછી ધ્યાન રૂપી ધનુષ્ય પર જ્ઞાન રૂપી બાણનું સંધાન કરી આત્મસ્વરૂપ યોગેશ્વરના સારને પામી જાય છે. - ૨
જાગૃત થયેલી કુંડલિની શક્તિ છ ચક્રોને ભેદીને ઉપર રહેલા સહસ્રદલકમલ અને સુરતિ કમલનો પણ વેધ કરે છે ત્યારે રગરગમાં પ્રકાશ પથરાય જાય છે. તેથી કામ, ક્રોધ, લોભ ને મોહ જેવા જંગલી પશુઓ રૂપી દુર્ભાવો મનોપ્રદેશમાંથી બહાર ભાગી જાય છે. - ૩
શરીર રૂપી નગરના સર્વ દરવાજાઓને બંધ કરીને ભગવાનના દાસ ગણાતા કબીર જેવા યોગી પુરુષો દશમદ્વારમાં જઈ પહોંચે છે ત્યારે ત્યાં સ્થળને સમયના ભેદો ઓગળી જાય છે અને પ્રકૃતિ રૂપી સંગિની તો તે પહેલાં જ સાથ છોડી દે છે ! - ૪
**સમજૂતી - ૮૭**
હે માનવ, તારું ઘર રૂપી વાસ્તવિક સ્વરૂપ હૃદયરૂપી ગુફામાં રહેલું ! તું ભ્રમણામાં ભૂલી બહારના જગતમાં ભટકી રહ્યો છે ! ગુરુની વાણી પ્રમાણે કોઈ ચાલતું નથી તેથી જે ઘર નથી તેને ઘર માનીને દિવાના થઈ ભટકી રહ્યા છે. - ૧
બધાં જ જીવો બ્રહ્મસ્વરૂપ છે પણ જે વિવેકી છે તે બ્રહ્મમાં રમણ કરે છે અને જે અવિવેકી છે તે કાગડાની જેમ વિષયો તરફ પોતાના મનને દોડાવે છે અને કામવશ થઈ કર્મોમાં મગ્ન બને છે. વિષયનો, વીર્યનો ને પોતાના વંશનો વિસ્તાર તેઓ કરતા રહે છે. - ૨
અવિવેકી જીવો વાણી તો સારી સારી બોલે છે પણ આચરણ તે પ્રમાણે તેઓ કરતા નથી હોતા. જાણે કે તેઓ પોતાનું સ્થાન પાણીમાં બનાવી રહ્યા હોય ! તેથી શરીરરૂપી નગરમાં આત્મારૂપી ધનની લૂંટ ચાલ્યા જ કરે છે અને તેનું રહસ્ય કોઈ જાણી શક્યું નથી. - ૩
કામ રૂપી મૃગ આધ્યાત્મિકતાના સર્વ સદ્‌ગુણોને ચરી જાય છે. મોટા મોટા જ્ઞાનીઓને મુનિઓ પણ થાકી ગયા છતાં તેને પકડી શક્યા નથી. - ૪
બ્રહ્મા, વરુણ, કુબેર, પુરંદર, પીપા ભગત, ભક્ત પ્રહ્‌લાદ કે જેને બચાવવા નરસિંહ ભગવાને પ્રગટ થઈ હિરણ્યકશ્યપુના પેટને નખ દ્વારા ચીરી નાંખ્યું હતું તે સૌને કાળે રહેવા દીધા નથી. - ૫

ગોરખ ઐસો દત્ત દિગંબર, નામદેવ જયદેવ દાસા
ઉનકી ખબરિ કહત ન કોઈ, કહાં કિયો હૈ બાસા - ૬
ચૌપરિ ખેલ હોત ઘટ ભીતર, જન્મ કે પાસા ઢારા
દમ દમ કી કોઈ ખબરિ ના જાનૈ, કરિ ન સકૈ નિરુબારા - ૭
ચારિ દિગ મહિમંડલ રચો હૈ, રુમ સામ બિચ ડીલી
તા ઉપર કછુ અજબ તમાસા, મારો હૈ જમ કીલી - ૮
સકલ અવતાર જા કે મહિમંડલ, અનંત ખડા કર જોરૈ
અદબુદ અગમ અગાહ રચોહૈ, ઈ સભ સોભા તોરૈ - ૯
સકલ કબીરા બોલૈ બીરા, અજહું હો હુસિયારા
કહંહિ કબીર ગુરુ સિકલીગર પન હરદમ કરહિં પુકારા - ૧૦

## શબ્દ - ૮૮

સાવજ ન હોય ભાઈ, સાવજ ન હોય, વાકી માસુ ભખૈ સતી કોય - ૧
સાવજ એક સકલ સંસારા, અવિગતિ વાકી બાતા
પેટ ફારિ જો દેખિયે રે ભાઈ, આહિ કરેજ ન આતા - ૨
ઐસી વાકી માસુ રે ભાઈ, પલ પલ માસુ બિકાઈ
હાડ ગાડ લે ધૂર પવારૈ, આગિ ધૂંવા નહિ ખાઈ - ૩
સીર સીંગ કછુ નહિ વાકે, પૂંછ કહાં વૈ પાવૈ
સભ પંડિત મિલિ ધંધે પરિયા, કબિરા બનૌરી ગાવૈ - ૪

## શબ્દ - ૮૯

સુભાગે કાહિ કારન લોભ લાગે, રતન જન્મ ખોયો
પુરબ જન્મ ભૂમિ કારન, બીજ કાહે કો બોયો ? - ૧
બૂંદસે જિનિ પિંડ સજાયો, અગિનિ કુંડ રહાયા
દસૈ માસ માતા કે ગરભે, બહુરિ લાગલ માયા - ૨
બારહ તે પુનિ બિરધ, હુઆ હૈ, હોનિ રહા સો હૂવા
જબ જમુ ઐ હૈં બાંધિ ચલૈ હૈં, નેન ભરી ભરી રોયા - ૩
જીવનકી જનિ રાખહુ આસા, કાલ ધરે હૈં સાંસા
બાજી હૈ સંસાર કબીરા, ચિત ચેતિ ઢાર પાંસા - ૪

ગોરખનાથ જેવા મહાયોગી, દત્તાત્રય જેવા જ્ઞાની, દિગંબર જેવા જૈની, નામદેવ અને જયદેવ જેવા ભગવાનના ભક્તોની કોઈ ખબર કાઢીને તપાસ કરતું નથી કે તેઓ ક્યાં વસી રહ્યા છે ! - ૬

શરીરરૂપી ઘરમાં ચોસરનો ખેલ ચાલ્યા કરે છે ને જીવ જન્મમરણના પાસા નાંખ્યા કરે છે ! પ્રત્યેક શ્વાસે શું થઈ જશે તેની જાણ કોઈને નથી અને તેનું નિવારણ કેમ થઈ શકે તે પણ કોઈ જાણતું નથી. - ૭

ચારે દિશાઓમાં શરીર રૂપી પૃથ્વીની રચના કરી. પૂર્વ દિશામાં રુમ અને પશ્ચિમ દિશામાં સામ ને બંનેની વચ્ચે દિલ્હીની ગાદી બનાવી ! પરંતુ તેના ઉપર તો અજબ પ્રકારના તમાસાઓ ચાલ્યા કરે છે ને યમરાજે તો વાસનાનો કિલ્લો બાંધી દીધો છે. - ૮

આ પૃથ્વી મંડલ પર દેહધારણ કરી તમામ અવતારો જન્મ્યા ને શેષ ભગવાન જેની હાથ જોડી ઉભા રહી સ્તુતિ કર્યા કરે છે તે અદ્દભુત, અગમ્ય ને અથાહ સંસારની રચના કરી છે તે માનવ, સર્વ તારી શોભા જ છે. - ૯

મન પર વિજય પ્રાપ્ત કરનાર વીર સમર્થ મહાપુરુષો આજ પણ કહી રહ્યા છે કે હે જીવો, હજી પણ હોંશિયાર થઈ ચેતી જાવ. કબીર સાહેબ કહે છે કે ગુરુ રૂપી કારીગર દર્પણને સ્વચ્છ કરવા માટે હરદમ પોકાર કર્યા જ કરે છે. (તો તેને લક્ષમાં લો.) - ૧૦

**સમજૂતી - ૮૮**

હે ભાઈઓ, જેનું માંસ બધા જ ખાય છે એવું એ મૃગ નથી ! - ૧

સમગ્ર સંસારમાં મન રૂપી એક મૃગ અહીં તહીં ઘુમી રહ્યું છે જેની ગતિવિધિ કોઈ જાણતું જ નથી. તેનું પેટ ચીરીને તપાસવામાં આવે તો તેને કલેજુ પણ નથી કે આંતરડું પણ નથી ! - ૨

છતાં પણ હે ભાઈઓ, એનું માંસ એવા પ્રકારનું છે કે હર પળે તે પ્રત્યેક જગ્યાએ વેચાય છે. તેના હાડકાં પાંસળાં તો ઉકરડામાં નાંખી દેવામાં આવે છે અને અગ્નિ અને ધૂમાડો તેનું માંસ સહન કરી શકતો નથી ! - ૩

તે મૃગને નથી શીંગડું કે નથી માથું કે બીજું કોઈપણ અંગ નથી તો પછી પૂછડું તો હોય જ ક્યાંથી ? છતાં બધાં પંડિત લોકો તેને પકડવાની મિથ્યા પ્રવૃત્તિના ધંધામાં પડયા છે. કબીર તેનો મર્મ જાણી ગયા છે તેથી મંગલ ગીત ગાય છે. - ૪

**સમજૂતી - ૮૯**

હે સદ્દભાગી જીવ, તું કયા કારણ સર સાંસારિક વિષયોના પ્રલોભનમાં પડી રત્ન સમાન માનવ જન્મ બરબાદ કરી રહ્યો છે ? પૂર્વ જન્મનું વાસનાબીજ આ જન્મમાં પણ શા માટે વાવી રહ્યો છે ? - ૧

તે વાસના બીજથી જ રજવીર્યના બુંદ દ્વારા સ્થૂળ દેહનું બંધારણ થયું અને માતાના ગર્ભમાં અગ્નિથી દસ માસ સુધી પરિપકવ બની તેં જન્મ ધારણ કર્યા છતાં પણ ફરીથી તે જ વાસનાના મોહમાં ફસાયો ? - ૨

બાહર આવીને તું બાળકમાંથી યુવાન થયો ને પછી વૃદ્ધ થયો અને પરિણામ તો જે આવવાનું હતું તે જ આવ્યું - બંધન ! જ્યારે જમ આવશે ત્યારે તને બાંધીને લઈ જશે ત્યારે તું આંસુ ભરી ભરીને રોશે ! - ૩

આ જીવનની લાંબી આશા રાખવી નહિ કારણ કે શ્વાસ રૂપી દોરી પકડીને કાળ તને નિરંતર ખેંચી રહ્યો છે. કબીર કહે છે કે આ સંસાર તો જુગારનો ખેલ છે તેથી હે જીવ, સમજી સમજીને પાંસા ફેંક ! - ૪

## શબ્દ - ૯૦

સંત મહંતો સુમિરહુ સોઈ, કાલ ફાંસ સોં બાચા હોઈ - ૧
દાતાત્રેય મરમ નહિ જાના, મિથ્યા સ્વાદ ભુલાના
સલિતા મથિકે ધૃતકો કાઢિન, તાહિ સમાધિ સમાના - ૨
ગોરખ પવન રાખિ નહિ જાના, જોગ જુગતિ અનુમાના
રિધિ સિધિ સંજમ બહુતેરે, પાર બ્રહ્મ નહિ જાના - ૩
વસિષ્ટ સિષ્ટ વિદ્યા સંપૂરન, રામ ઐસે સિખ સાખા
જાહિ રામકો કરતા કહિયે, તિનહુ કો કાલ ન ખાયા - ૪
હિન્દુ કહૈ હમહિ લે જારબ, તુરુક કહૈ હમારે પીર
દોનૌ આય દીનમેં ઝઘરે, ઢાઢે દેખૈં હંસ કબીર - ૫

## શબ્દ - ૯૧

તન ધરિ સુખિયા કાહુ ન દેખા, જો દેખા સો દુખિયા
ઉદય અસ્તકી બાત કહત હૌં, તાકર કરહુ બિબેકા - ૧
બાટે બાટે સભ કોઈ દુખિયા, કા ગિરહી વૈરાગી
સુખાચાર્ય દુખહી કે કારન, ગરભ હિ માયા ત્યાગી - ૨
જોગી જંગમ તે અતિ દુખિયા, તપસી કો દુખ દૂના
આસા તૃસ્ના સભ ઘટ વ્યાપૈ, કોઈ મહલ નહિ સૂના - ૩
સાંચ કહૌં તો સભ જગ ખીજૈ, જૂઠ કહા નહિ જાઈ
કહંહિ કબીર તેઈ ભો દુખિયા, જિનિ યહ રાહ ચલાઈ - ૪

## શબ્દ - ૯૨

તા મનકો ચીન્હહુ મોરે ભાઈ, તન છૂટે મન કહાં સમાઈ ? - ૧
સનક સનંદન જયદેવ નામા, ભક્તિ હેતુ મન ઉનહુ ન જાના
અમ્બુરિષી પ્રહ્લાદ સુદામા, ભક્તિ સહી મન ઉનહુ ન જાના - ૨
ભરથરી ગોરખ ગોપીચંદા, તા મન મિલિમિલિ કિયો અનંદા
જા મનકો કોઈ જાને ન ભેવા, તા મન મગન ભયે સુખ દેવા - ૩

**સમજૂતી - ૯૦**

હે સંતમહંતો ! જે કાળના બંધનથી મુક્ત છે તેનું જ માત્ર સ્મરણ કરો ! - ૧

શરૂઆતમાં દત્તાત્રેયે પણ તેનો મર્મ જાણ્યો નહીં અને સગુણની ભક્તિના મોહમાં ફસાયા. પાણી વલોવીને માખણ કાઢવાની વૃથા મહેનત કરી મૃત્યુ કરી સમાધિમાં સમાય ગયા. - ૨

યોગી ગોયરખનાથે પ્રાણનો નિરોધ કરવા અનેક પ્રકારની યોગ યુક્તિઓને અનુમાનો વડે મહેનત કરી હતી પણ સફળ થયા નહોતા. તેમણે સંયમ સ્થાપીને અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવી હતી પણ શુદ્ધ આત્મસ્વરૂપ રૂપી પારબ્રહ્મને પામી શક્યા નહોતા ! - ૩

વસિષ્ટ શ્રેષ્ઠ વિદ્યાના જાણકાર હતા ને રામ જેવા જેના શિષ્યો હતા. જે રામને જગતના કર્તા તરીકે ઓળખવામાં આવે છે તે પણ કાળને આધીન થઈ ગયા ! - ૪

હિન્દુ કહે છે કે મૃત શરીરને અમે સ્મશાનમાં જલાવીશું તો મુસલમાન કહે છે કે અમે તો પીર માનીને જમીનમાં દાટીશું. બંને આ રીતે આપસમાં ઝઘડયા કરે છે પણ કબીર જેવા વિવેકી જીવ તેને તટસ્થ પણે નીરખી આત્મકલ્યાણ તરફ આગળ વધે છે. - ૫

**સમજૂતી - ૯૧**

માનવ શરીર ધારણ કરનાર જીવ ક્યાં પણ સુખી હોય તેવું મેં જોયું નથી. જેને મેં જોયા તેને મેં દુઃખી જ જોયા ! ઉદય (જન્મ)થી માંડીને અસ્ત (મરણ) સુધીની વાત કરી રહ્યો છું માટે તેના પર વિવેકપૂર્વક વિચાર કરો ! - ૧

રસ્તામાં મળ્યા તે સૌ કોઈ દુઃખી જ હતા પછી તે ગૃહસ્થી હોય કે ત્યાગી, વૈરાગી કે સંન્યાસી હોય ! એટલા માટે જ્ઞાનાચાર્ય શુકદેવ મુનિએ ગર્ભમાંથી જ માયાનો ત્યાગ કરેલો. - ૨

જોગી કે જંગમ સર્વ સાધુઓ અતિશય દુઃખી છે. તપસ્વી લોકોને તો બમણું દુઃખ હોય છે ! પ્રત્યેક શરીરમાં આશા ને તૃષ્ણા વ્યાપીને રહેલી છે. કોઈ હૃદય રૂપી મહેલ ખાલી જણાતો નથી ! - ૩

સત્ય કહું તો આખું જગત ગુસ્સો કરે છે ને જૂઠ તો મારાથી કહી જ ન શકાય. કબીર કહે છે કે તે સૌ પણ દુઃખી દુઃખી થઈ ગયા કે જેમણે પંથને સંપ્રદાયની સ્થાપના કરેલી ! - ૪

**સમજૂતી - ૯૨**

હે મારા ભાઈઓ, તે મનને બરાબર ઓળખી લો કે જે શરીર છોડીને ક્યાં જાય છે ? - ૧

સનક, સનંદન, જયદેવ અને નામદેવ જેવા ભક્તોએ ભક્તિ કરી ખરી પણ મનની પરખ તો કરી જ નહીં. અંબરીષ, પહ્‌લાદ ને સુદામા જેવા મહાનુભાવોએ ભક્તિ કરી પણ તેઓએ પણ મનને ઓળખ્યું નહિ. - ૨

ભતૃહરિ, ગોરખ ને ગોપીચંદ જેવા યોગીઓએ પણ મનની આજ્ઞા માનીને આનંદ માણ્યો હતો. જે મનનું કોઈ રહસ્ય જાણતું નથી તે મનમાં મગન બનીને શુકદેવ જેવાએ પણ આનંદ માણ્યો હતો. - ૩

સિવ સનકાદિક નારદ સેખા, તનભીતર મન ઉનહું ન પેખા
એક નિરંજન સકલ સરીરા, તામંહ ભ્રમિ ભ્રમિ રહલ કબીરા - ૪

## શબ્દ - ૯૩

બાબૂ ઐસો હૈ સંસાર તિહારો, ઈ હૈ કલિ બેવહારો
કો અબ અનુખ સહૈ પ્રતિ દિનકો, નાહિન રહનિ હમારો - ૧
સુમ્રિતિ સુહાય સભૈ કોઈ જાનૈ, હૃદયા તતુ ન બૂઝૈ
નિરજીવ આગે સરજીવ થાપૈ, લોચન કછુ ન સૂઝૈ - ૨
તજિ અમ્રિત વિષ કાહે કો અંચવે, ગાંઠિ બાંધૈ ખોટા
ચોરન દીન્હૌ પાટ સિંઘાસન, સાહુન સે ભૌ ઓટા - ૩
કહંહિ કબીર જૂઠે મિલિ જૂઠા, ઠગ હિ ઠગ બેવહારા
તીનિ લોક ભરપૂરિ રહો હૈ, નાહિન હૈ પતિયારા - ૪

## શબ્દ - ૯૪

કહહુ નિરંજન કવને બાની
હાથ પાંવ મુખ સ્રવન જીભિ નહિ, કા કહિ જપહુ હો પ્રાની - ૧
જોતિ હિ જોતિ જોતિ જો કહિયે, જોતિ કવન સહિદાની
જોતિ હિ જોતિ જોતિ દૈ મારૈ, તબ કહાં જોતિ સમાની - ૨
ચારિ બેદ બ્રહ્મા જો કહિયા, તિનહુ ન યહ ગતિ જાની
કહંહિ કબીર સુનહુ હો સંતો, બૂઝહુ પંડિત જ્ઞાની - ૩

## શબ્દ - ૯૫

કો અલ કરૈ નગર કોટવલિયા, માંસુ ફેલાય ગીધ રખવરિયા - ૧
મુસ ભૌ નાવ મજાર કડિહરિયા, સોવૈ દાદુર સરપ પહરિયા - ૨
બૈલ બિયાય ગાય ભૈ બંઝા, બછવહિ દૂહહિં તિનિતિનિ સંઝા - ૩
નિતિ ઉઠિ સિંઘ સિયારસા જૂઝૈ, કબિર કા પદ જનબિરલા બૂઝૈ - ૪

શિવ, સનકાદિક, નારદ ને શેષ ભગવાન જેવાએ પણ શરીરમાં રહેલા મનની પરખ કરી નહીં. સર્વ શરીરોમાં મન વ્યાપીને રહેલું છે ને સર્વ જીવો તેણે ઉભા કરેલા ભ્રમમાં ભટકી ભટકી દુઃખી થઈ રહ્યા છે એવું કબીરે અનુભવ્યું ! - ૪

**સમજૂતી - ૯૩**

હે ભાઈ, તારો સંસાર તો એવો છે કે જેમાં કલિની પ્રેરણાથી જ બધા વ્યવહારો ચાલે છે. એ દ્વારા ઉભા થતા રોજ ને રાજ કોણ સહન કરે ? અમારે અહીં રહેવાની ઈચ્છા નથી. - ૧

સ્મૃતિ શાસ્ત્રોની અહીં તો બોલબાલા છે કારણ કે સૌને તે પસંદ છે. પરંતુ તેમાં છૂપાયલું રહસ્ય કોઈનું હૃદય તો જાણતું નથી. તેથી જ તો જડ પથ્થરની મૂર્તિને સજીવ પ્રાણીઓની હિંસા કરી તેઓ બલિ ચઢાવે છે ! (એમાં રહેલી નિરર્થકતા) કોઈની આંખે સ્હેજ પણ ચઢતી નથી. - ૨

એ સાચું ન હોય તો શા માટે તેઓ અમૃતને છોડીને ઝેર પીવે છે ? શા માટે તેઓ કુકર્મોની પોટલી બાંધ્યા કરે છે ? ચોરી કરનારને રાજગાદીના સિંહાસન પર શા માટે બેસાડે છે ? તેઓ સાધુ-સજ્જનોથી શા માટે પોતાનું મ્હોં છૂપાવે છે ? - ૩

કબીર કહે છે કે આ સંસારમાં જુઠા સાથે જૂઠો મળે છે ખરાબ વ્યવહારના વખાણ થાય છે. (લોકોને એવા વ્યવહારમાં વિશ્વાસ બેસે છે) પણ પરમાત્મા ત્રણે લોકને વ્યાપીને કણકણમાં રહેલો છે એમ કહેવામાં આવે તો વિશ્વાસ બેસતો નથી. - ૪

**સમજૂતી - ૯૪**

હે ભાઈઓ, તમે કહો તો ખરા કે (નિર્ગુણ નિરાકાર ગણાતા) નિરંજનની સ્તુતિ કઈ વાણીથી કરો છો ? તેને નથી હાથ, પગ, મોઢું, જીભ ને કાન તો તેનું કયું નામ બોલી જપ કરી રહ્યા છો ? - ૧

તમે જ્યોતિઓની જ્યોતિ કહો છો તો તે જ્યોતિની કોઈ નિશાની તો હશે ને ? પ્રલયકાળે તે સર્વનો નાશ કરશે ત્યારે બીજી જ્યોતિઓ ક્યાં સમાશે ? - ૨

બ્રહ્મા સર્વ વેદોના વ્યાખ્યાતા ગણાય છે પરંતુ તેમણે પણ તે નિરંજનની ગતિવિધિ જાણી નથી. તેથી કબીર કહે છે હે સન્તો, પંડિતો ને જ્ઞાનીઓ સાંભળો, તે નિરંજન કોણ છે તે બરાબર સમજો ! - ૩

**સમજૂતી - ૯૫**

અહીં એવો કોણ સમર્થ પહેરેગીર છે કે જે સંસારરૂપી નગરનું રક્ષણ કરી શકે ? ત્યાં તો માંસ ખુલ્લામાં ભરપટ્ટે મૂક્યું છે ને તેની સાચવણી કરવાનું કાર્ય ગીધને સોંપ્યું છે ! - ૧

ત્યાં તો ઉંદર (અજ્ઞાની જીવ) હોડી બને છે ને બિલાડી (ઢોંગી ગુરૂ) નાવિક બને છે ! દેડકો (મોહ તથા અવિદ્યા) સુઈ રહે ને (અભિમાની રૂપી) સાપ પહેરા ભરે ! - ૨

ત્યાં તો બળદ (મન) વિયાય છે ને ગાય (બુદ્ધિ) વાંઝણી થઈ જાય છે ! વાછરડા (ઈન્દ્રિયો) દોહવામાં આવે છે સવાર, બપોર ને સાંજ એમ ત્રણ વાર ! - ૩

ત્યાં તો સિંહ (જીવ) શિયાળ (વાસના-તૃષ્ણા) સાથે દરરોજ સવારે ઉઠીને યુદ્ધ કરે છે. કબીર કહે છે કે આ પદનો અર્થ કોઈ વિરલ પુરુષ જ જાણી શકે ! - ૪

## શબ્દ - ૯૬

કાકો રોઉં ગયલ બહુતેરા, બહુતક મુવલ ફિરલ નહિ ફેરા - ૧
જબ હમ રોયા તબ તુમ ન સમ્હારા, ગર્ભ બાતકી બાત બિસારા - ૨
અબ તૈં રોયા કા તૈં પાયા, કેહિ કારન તૈં મોહિ રુવાયા - ૩
કહંહિ કબીર સુનહુ નર લોઈ, કાલકે બસી પરૈ મતિ કોઈ - ૪

## શબ્દ - ૯૭

અલ્લાહ રામ જિયો તેરી નાંઈ, જિન પર મેહર હોહુ તુમ સાંઈ - ૧
કા મુંડી સિર નાયે ભૂમિ, કા જલ દેહ નહાયે
ખૂન કરૈ મિસ્કીન કહાવૈ, અવગુન રહૈ છિપાયે - ૨
કા વુજૂ જપ મંજન કીન્હે, કા મહજિદ સિર નાયે
હિદયા કપટ નિમાજ ગુજારૈ, કા હજ મક્કા જાયે - ૩
હિન્દુ એકાદસિ કરૈ ચૌબીસો, રોજા મુસલમાના
ગ્યારહ માસ કહો કિન ટારે, એક હિ માન નિયાના - ૪
જો ખુદાય મહજિદ બસતુ હૈ, અવર મુલુક કેહિ કેરા
તીરથ મૂરત રામ નિવાસી, દુઈમેં કિનહું ન હેરા - ૫
પૂરબ દિસા હરિકો બાસા, પચ્છિમ અલહ મુકામા
દિલમેં ખોજિ દિલહીમેં ખોજો, ઈહૈ કરીમા રામા - ૬
બેદ કિતેબ કહો કિન જૂઠા, જૂઠા જો ન બિચારૈ
સભ ઘટ એક એક કરિ જાનૈ, વૈ દૂજા કેહિ મારૈ - ૭
જેતે ઔરત મરદ ઉપાને, જો સભ રુપ તુમ્હારા
કબીર પોંગરા અલ્લહ રામકા, સો ગુરુ પીર હમારા - ૮

## શબ્દ - ૯૮

આવ બે આવ મુજે હરિકા નામ
અવર સકલ તજુ કવને કામ - ૧
કહાં તબ આદમ કહાં તબ હવ્વા, કહાં તબ પીર પેગંબર હુઆ ?
કહાં તબ જિમિ કહાં અસમાન, કાં તબ બેદ કિતેબ કુરાન ? - ૨

**સમજૂતી - ૯૬**

મારે કોને કોને માટે રોવું ? સંબંધી તો ઘણા બધા ચાલ્યા ગયા ! મૃત્યુ પામીને ઘણા બધા ગયા પણ પાછા ફરીને કોઈ આવ્યું નથી ! - ૧

જ્યારે મેં તને રડી રડીને સમજાવ્યું હતું ત્યારે તેં ચેતીને બાજી સુધારી નહિ ને ગર્ભવાસના દુઃખોને તો સાવ ભૂલી ગયો ! - ૨

હવે તું અંતકાળે રોઈ રહ્યો છે પણ તેથી શું વળે ? કયા કારણે તેં મને પણ દુઃખી કર્યો ? - ૩

કબીર કહે છે કે હે નરનારીઓ સાંભળો (ને વિચારો કે) કાળના બંધનમાં કોઈ પડશો નહિ. - ૪

**સમજૂતી - ૯૭**

હે સ્વામી, આ બધા (અજ્ઞાની) જીવ તમારી સમાન જ છે તો તેમના પર દયા કરો ! - ૧

માત્ર જમીન પર માથું ટેકવવાથી શું વળે ? માત્ર સ્નાન કરવાથી પણ શું ? ખૂન કરીને ફકીર કહેવરાવો છો અને અવગુણોને તો છૂપાવો છો ! - ૨

(હિંસક કૃત્યો કરતા રહીને) નમાજ પડતા પહેલા હાથ પગ ધોઈ નામ જપ કરવાથી શું વળે ? મસ્જિદમાં જઈ માથુ નમાવી નમન કર્યાથી પણ શો ફાયદો ? હૃદયમાં કપટ રાખી નમાજ પઢવાથી લાભ થાય ખરો ? તેવી સ્થિતિમાં મક્કા જઈને હજ કરવાથી પણ શું ? - ૩

હિન્દુઓ બાર મહિનામાં ચોવીસ એકાદશી કરે છે અને મુસલામનો રમઝાન માસમાં રોજા કરે છે. બાકીના અગિયાર માસ શા માટે ટાળી દીધા ? એક જ માસ કેમ નક્કી રાખ્યો ? - ૪

જો ખુદા માત્ર મસ્જિદમાં જ વસતા હોય તો બાકીના સ્થળે કોણ રહે છે ? માત્ર તીર્થ સ્થળોમાં જ અને મૂર્તિઓમાં જ રામનો નિવાસ હોય તો બીજાં સ્થળોનું શું ? ખરેખર બંને લોકોએ પરમાત્માને જાણ્યા જ નથી. - ૫

માત્ર પૂર્વ દિશામાં જ પ્રભુનો વાસ છે અને અલ્લાહનો પશ્ચિમ દિશામાં જ છે તો હે ભાઈઓ, પોતપોતાના દિલમાં હૃદયપૂર્વક સંશોધન કરી જુઓ કે એ પરમાત્મા સ્વરૂપ રામ અને રહીમ ખરેખર ક્યાં છે ? - ૬

કોણે કહ્યું કે વેદ અને કુરાન જૂઠા છે ? જૂઠા ખરેખર તો તે જ કહેવાય કે જે તેમાં રહેલ તત્ત્વજ્ઞાનને વિચારતા નથી ! પ્રત્યેક શરીરમાં તે એક જ સ્વરૂપે રહેલ છે તે જાણી લેવામાં આવે તો કોણ બીજાને (જીવને) મારી શકે ! - ૭

સંસારમાં જેટલા સ્ત્રી પુરુષો ઉત્પન્ન થયા છે તે સૌ પ્રભુનાં જ સ્વરૂપો છે. તેથી કબીર કહે છે કે તે સૌ રામ ને અલ્લાહના બાળકો જ છે. જે આ રહસ્ય બરાબર જાણે છે તે અમારો ગુરુ અને અને પીર છે ! - ૮

**સમજૂતી - ૯૮**

પ્રભુનું પ્યારું નામ મારા સ્મરણ પટ પર વારંવાર આવો ! બીજું બધું છોડી દઉં, તે શું ઉપયોગી છે ? - ૧

(સૃષ્ટિ ઉત્પન્ન ન થઈ હતી) ત્યારે આદમ ક્યાં હતો ને તેની સ્ત્રી હવ્વા પણ ક્યાં હતી ? પીર-પેગંબર પણ ક્યાં હતા ? પૃથ્વી ને આકાશ પણ ક્યાં હતા ? ત્યારે વેદ ને કુરાનના પવિત્ર ગ્રંથો પણ ક્યાં હતાં ? - ૨

જિન દુનિયામેં રચી મસીદ, જૂઠા રોજા, જૂઠી ઈદ !
સાચા એક અલ્લાહકા નામ, જાકો નઈનઈ કરો સલામ ! - ૩
કહુધૌં બિહિસ્ત કહાં તે આઈ, કિસકે કહે તુમ છૂરી ચલાઈ ?
કરતા કિરતમ બાજી લાઈ, હિન્દુ તુરુકકી રાહ ચલાઈ ! - ૪
કહાં તબ દિવસ કહાં તબ રાતી, કહાં તબ કિરતમ કિન ઉતપાતી
નહિ વાકે જાતિ નહિવાકે પાંતી, કહંહિ કબીર વાકે દિવસ ન રાતી - ૫

## શબ્દ - ૯૯

અબ કહાં ચલેહુ અકેલે મીતા, ઉઠહૂ ન કરહુ ઘરહુકી ચિંતા - ૧
ખીરિ ખાંડ ઘ્રિંત પિંડ સંવારા, સો તન લૈ બાહરિ કરિ ડારા - ૨
જિહિ સિર રચિ બાંધેઉ પાગા, સો સિર રતન બિડારત કાગા - ૩
હાડ જરૈં જસ લકરી ઝૂરી, કેસ જરૈં જસ ઘાસકી પૂરી - ૪
આવત સંગ ન જાત સંગાતી, કાહ ભયે દલ બાંધલ હાથી - ૫
માયાકે રસ લેન ન પાયા, અંતર જમુ બિલારિ હોય ધાયા - ૬
કહંહિ કબીર નર અજહુ ન જાગા, જમકા મુદગર સિર બિચ લાગા - ૭

## શબ્દ - ૧૦૦

દેખહુ લોગા હરિકી સગાઈ, માય ધરૈ પૂત ધિય સંગ જાઈ - ૧
સાસુ નનંદ મિલિ અદલ ચલાઈ, માદરિયા ગ્રિહ બૈઠી જાઈ - ૨
હમ બહનોઈ રામ મોર સારા, હમહિ બાપ હરિ પૂત હમારા - ૩
કહંહિ કબીર ઈ હરિ કે બૂતા, રામ રમે તૈં કુકરિકે પૂતા - ૪

જેણે દુનિયામાં મસ્જિદની રચના કરી તે પણ ત્યારે ક્યાં હતી ? તેથી રોજાને ઈદનો કાંઈ જ અર્થ નથી. (નકામા છે.) એક માત્ર સત્ય તો અલ્લાહનું નામ છે તેથી તેને તું નમી નમીને સલામ કરે છે ! - ૩
તમે એ તો કહો કે સ્વર્ગ ક્યાંથી આવ્યું ? ને (સ્વર્ગમાં જવાને બહાને) તમે કોની આજ્ઞાથી (નિર્દોષ પાણીઓ પર) છરી ચલાવી રહ્યા છો ? તમે તો કૃત્રિમ કર્તાને નામે ધોખાબાજીનો ખેલ ઉભો કર્યો અને હિન્દુ તથા મુસલમાનોને જુદા જુદા માર્ગો બતલાવ્યા ! - ૪
ખરેખર તો ત્યારે દિવસ પણ ક્યાં હતો ને રાત પણ ક્યાં હતી ? ત્યારે કૃત્રિમ વસ્તુઓ પણ ક્યાં હતી ? તેને કોણે ઉત્પન્ન કરી ? કબીર કહે છે કે ત્યારે જે માત્ર આત્મ તત્ત્વ હતું તેને ન તો જાતિ ન હતી ન તો પાંતિ હતી, ન તો દિવસ હતો ન તો રાત હતી ! - ૫

**સમજૂતી - ૯૯**

હે જીવ મિત્ર, તું એકલો ક્યાં જઈ રહ્યો છે ? તું જાગ ને તારા અસલી ઘરની ચિંતા કર ! - ૧
જે શરીરનું તું ખીર ને ખાંડ ખવડાવી લાલન પાલન કરી રહ્યો છે તેને તો તારા સગાંઓ (મરી જશે ત્યારે) ઉંચકીને સ્મશાનમાં નાંખી દેશે ! - ૨
જે માથાંને સંભાળી સંભાળી તું પાઘડી બાંધતો હતો તેને તો સ્મશાનમાં કાગડાઓ ચાંચ મારી મારીને ફોડી ખાશે - ૩
સ્મશાનમાં તારાં હાડકાંઓ સુકાયલાં લાકડાંની ભારીની માફક સળગી જાય છે ને વાળ તો ઘાસની પૂળીની માફક બળીને રાખ થાય છે ! - ૪
(સંસારમાં) આવ્યો ત્યારે તારી સાથે કોઈ નહતું ને જાય ત્યારે પણ કોઈ સંગાથી હોતું નથી. તો પછી આ હાથી ઘોડાનું લશ્કર (સંપત્તિ) સંઘરવાથી તને શું મળ્યું ? - ૫
માયાનો પૂરેપૂરો આનંદ તું લઈ શક્યો નહીં અને અચાનક યમ રૂપી બિલાડી તારા જીવ રૂપી ઉંદરને ગળી જવા દોડી આવી ! - ૬
તેથી કબીર કહે છે કે હે જીવ તું વૃદ્ધ થયો તોં પણ હજી જાગ્યો નથી ? તારા માથા પર યમરાજની ગદાનો પ્રહાર તો થશે જ ! - ૭

**સમજૂતી - ૧૦૦**

હે લોકો, તમે હરિના સંબંધો તો જોઈને વિચારો ! માતા પુત્ર સાથે ને પિતા પુત્રી સાથે સંબંધ બાંધે તે શું યોગ્ય ગણાય ? - ૧
માયા રૂપી સાસુ ને અવિદ્યા રૂપી નણંદ મનરૂપી મદારી સાથે બેસીને આખા ઘર પર પોતાનું શાસન ચલાવે છે. - ૨
(અવતારી રામ ને અવિદ્યા માયામાંથી પેદા થયા તેથી તે ભાઈબહેન-અવિદ્યાના વિવાહ જીવ સાથે થયો તેથી જીવ રામનો બનેવી ગણાય ને રામ તેનો સાળો ગણાય) હું રામનો તો બનેવી છું ને રામ મારો સાળો છે. (હરિ ભક્તોની ઈચ્છાથી પ્રગટતા હોવાથી ભક્તો હરિના બાપ કહેવાય ને હરિ ભક્તોના પુત્ર ગણાય) અને ભક્તો હરિના બાપ છીએ ને હરિ અમારો પુત્ર છે ! - ૩
કબીર કહે છે કે આ બધા સંબંધો હરિની માયાના કરતૂત છે તેથી જે આત્મસ્વરૂપ સાથે સંબંધ બાંધે છે તેને માયાના કરતૂતો કૂતરીના બચ્ચા જેવા તુચ્છ લાગે છે ! - ૪

## શબ્દ - ૧૦૧

દેખિ દેખિ જિય અચરજ હોઈ, ઈ પદ બૂઝૈ બિરલા કોઈ - ૧
ધરતી ઉલટિ અકાસ હિં જાય, ચિઉંટી કે હસ્તિ સમાય - ૨
બિનુ પવને જો પરબત ઊડે, જિયા જંતુ સબ બિરછા બૂડે - ૩
સૂખે સરવર ઉઠે હિલોર, બિનુ જલ ચકવા કરૈ કિલોલ - ૪
બૈઠા પંડિત પઢૈ કુરાન, બિનુ દેખ કા કરે બખાન - ૫ક
કહંહિ કબીર યહ પદ કો જાન, સોઈ સંત સદ પરવાન - ૬

## શબ્દ - ૧૦૨

હો દારિકે લે દેઉં તોહિ ગારી, તૈં સમુજિ સુપંથ બિચારી - ૧
ઘરહુ કે નાહ જો અપના, તિનહું સે ભેટ ન સપના - ૨
બ્રાહ્મન છત્રી બાની, તિનહું કહલ નહિ માની - ૩
જોગી જંગમ જેતે, આપુ ગહ હૈં તેતે - ૪
કહંહિ કબીર એક જોગી, તે ભરમિ ભરમિ ભૌ ભોગી - ૫

## શબ્દ - ૧૦૩

લોગ તુમહિ મતિકે ભોરા - ૧
જૌં પાની પાનીમેં મિલિગૌ, ત્યૌં ધુરિ મિલૈ કબીરા - ૨
જો મૈથીકો સાચા બ્યાસ, તોર મરન હો મગહર પાસ - ૩
મગહર મરૈ સો ગદહા હોય, ભલ પરતીતિ રામસો ખોય - ૪
મગહર મરે મરન નહિ પાવૈ, અન્તે મરૈ તો રામ લજાવૈ - ૫
કયા કાશી કયા મગહર ઊસર, જો પૈ હૃદય રામ બસ મોર - ૬
જો કાશી તન તજૈ કબીરા, તો રામહિ કહુ કૌન નિહોરા - ૭

**સમજૂતી - ૧૦૧**

જોઈ જોઈને જીવને તો આશ્ચર્ય થઈ રહ્યું છે ! આ પદ કોઈ વિરલા જ સમજી શકશે. - ૧

ધરતી ઉલટી ગતિએ આકાશમાં જાય છે (અર્થાત્ દેવ, ઈશ્વર, સ્વર્ગ વિગેરે કાલ્પનિક વાતોને જીવ સત્ય માની લે છે ને તેને પ્રાપ્ત કરવા આકાશમાં ઉડવા લાગ્યો) કીડીના મોઢામાં હાથી સમાય જાય છે (અર્થાત્ ધાર્મિક ગુરુઓની મોટી મોટી વાતો ખોટી હોવા છતાં મનમાં સાચી બનીને સમાય જાય છે.)

પવન નથી છતાં પર્વતો ઉડવા લાગ્યા ને જીવજંતુઓ પોતાનું રક્ષણ શોધવા ઝાડની ઘટામાં ડૂબી ગયા ! (અર્થાત્ વિચાર કર્યા વિના મોટા ગણાતા માણસો પણ હવાઈ મહેલ ચણવા લાગ્યા ને ગરીબ માણસો તેનાથી ડરી જઈને દેવી દવતા, ભૂત ને પ્રેતની વાતોને વળગી પડયા) - ૩

સૂકાયલા તળાવમાં તરંગો ઉડવા લાગ્યા અને પાણી વિના ચક્રવાક પક્ષી કિલ્લોલ કરવા લાગ્યા (અર્થાત્ સંસારમાં સુખ નથી છતાં વિષયોના સેવનથી સુખ છે એવું મનાવા લાગ્યું ને જીવો ઉન્મત્ત થઈ આનંદ માણવા લાગ્યા.) - ૪

આ તમામ પ્રવૃત્તિના મૂળમાં જે પંડિતો છે તે વ્યાસપીઠ પર બેસીને કથા કરે છે ને પોતે જેને જોયું નથી તેના મિથ્યા વખાણ કર્યા કરે છે ! ૫

કબીર કહે છે કે જે પોતાના સ્વરૂપને જાણે છે તે જ સાચો સંત છે ને તેની વાણી જ પ્રમાણભૂત છે ! - ૬

**સમજૂતી - ૧૦૨**

હે માયાના ગુલામ જીવ, હું તને ગાળો આપું છું ! તું જરા સમજીને સારા પંથે જવાનો વિચાર તો કર ! - ૧

તારા હૃદયરૂપી ઘરમાં આત્મારૂપી સ્વામી રહેલો છે તેને મળવાનો તેં સ્વપ્નમાં પણ કદી વિચાર કર્યો નથી ! - ૨

બ્રાહ્મણ, ક્ષત્રીય ને વૈશ્ય લોકોએ પણ મારી વાણી માની નથી ! - ૩

જોગી, જંગમ વિગેરે સાધુ લોકો પણ પોતાના અહંકારમાં મારી વાત ગ્રહણ કરતા નથી. - ૪

કબીર કહે છે કે પોતાને યોગી માનતા લોકો વિષયોના એટલા બધા ભોગી બની ગયા છે કે તેઓ જન્મોજન્મથી ભટક્યા જ કરે છે ! - ૫

**સમજૂતી - ૧૦૩**

હે લોકો, તમે સૌ ભોળી બુદ્ધિના છો ! - ૧

જેમ પાણીમાં પાણી મળી જાય છે તેમ કબીર પોતાના સ્વરૂપમાં એકરૂપ થઈ ગયો છે. - ૨

જો મિથિલાનો પંડિત સાચો વ્યાસ હોય તો તમારું મરણ ભલે મગહરની પાસે થતું ! - ૩

મગહરમાં જે મરે તે ગધેડો થાય એમ કહેવાથી રામમાં તમને વિશ્વાસ નથી એમ પૂરવાર થાય ! - ૪

જે મગહરમાં મરે તેને મરતા નથી આવડતું (એવું તમારું માનવું પણ ખોટું છે) અને જે બીજે મરે ને મુક્તિ પ્રાપ્ત કરે તો રામની ભક્તિતો લજવાય છે ! - ૫

જો મારા હૃદયમાં રામ જ વસતા હોય તો મારે માટે કાશી શું કે મગહર શું ? - ૬

જો કબીર કાશીમાં શરીર છોડી મુક્તિ મેળવે તો પછી રામની ભક્તિનું મહત્વ ક્યાં રહ્યું ? - ૭

## શબ્દ - ૧૦૪

કૈસે તરો નાથ કૈસે તરો, અબ બહુ કુટિલ ભરો - ૧
કૈસી તેરી સેવા પૂજા કૈસો તેરો ધ્યાન,
ઉપર ઉજર દેખો બગ અનુમાન - ૨
ભાવતો ભુજંગ દેખો અતિ બિભિચારી,
સુરતિ સચાન તેરી મનિ તો મંજારી - ૩
અતિ રે વિરોધી દેખો અતિ રે દિવાના,
છવ દરસન દેખો ભેખ લપટાના - ૪
કહંહિ કબીર સુનો નર બંદા, ડાઈનિ ડિમ્ભ સકલ જગ ખંદા - ૫

## શબ્દ - ૧૦૫

યહ ભ્રમભૂત સકલ જગ ખાયા, જિનિ જિનિ પૂજા તિનિ જહંડાયા - ૧
અંડ ન પિંડ ન પ્રાન ન દેહી, કાટિ કાટિ જિવ કૌતુક દેહી - ૨
બકરી મુરગી કીન્હે ઉ છેવા, અગિલિ જનમ ઉન અવસર લેવા - ૩
કહંહિ કબીર સુનહુ નરલોઈ, ભુતવા કે પુજલે ભુતવા હોઈ - ૪

## શબ્દ - ૧૦૬

ભંવર ઉડે બગ બૈઠે આય, રૈન ગઈ દિવસો ચલિ જાઈ - ૧
હલ હલ કાંપે બાલા જીવ, ના જાનૌ કા કરિ પીવ - ૨
કાચે બાસન ટિકૈ ન પાની, ઉડિ ગૌ હંસ કાયા કુમ્હિલાની - ૩
કાગ ઉડાવત ભુજા પિરાની, કહંહિ કબીર યહ કથા સિરાની - ૪

## શબ્દ - ૧૦૭

ખસમ બિના તેલીકો બૈલ ભયો
બૈઠત નાહિ સાધુકી સંગતિ, નાધે જનમ ગયો ! - ૧
બહિ બહિ મરહુ પચહુ નિજ સ્વારથ, જળ કો દંડ સહ્યો
ધન દારા સુત રાજકાજ હિત, માથે ભાર ગહ્યો - ૨
ખસમહિ છાંડિ વિષય રંગ રાતે, પાપકે બીજ બયો
જૂઠી મુક્તિ નર આસ જીવનકી, ઉન્હ પ્રેતકો જૂઠ ખયો - ૩
લખ ચૌરાસી જીવ જંતુમેં, સાયર જાત બહ્યો
કહંહિ કબીર સુનહુ હો સંતો, ઉન સ્વાનકો પૂંછ ગહ્યો - ૪

**સમજૂતી - ૧૦૪**
હે નાથ, તમે કેવી રીતે સંસાર સાગર તરી શકશો ? તમારું હૃદય તો ઘણી બધી કુટિલતાથી ભર્યું છે ! - ૧
કેવી તમારી આ સેવા ને પૂજા ને કેવું તમારું આ ધ્યાન ! ઉપરથી ઉજળા દેખાવ છો પણ અંદરથી તો બગલા જેવા કપટી લાગો છો ! - ૨
તમારા મનનો ભાવ સાપના જેવો ઝેરીલો ને અતિશય વ્યભિચારી છે. તમારી વૃત્તિ ગીધ જેવી ને બુદ્ધિ બિલાડી જેવી છે ! - ૩
છ દર્શનો પર આધારિત જુદા જુદા પંથો એકબીજાના સખત વિરોધી છે અને પોતપોતાના મતમાં દિવાના છે ! તેઓ બાહ્યવેશના અભિમાનમાં જ લપટાયા છે ! - ૪
તેથી કબીર કહે છે હે મનુષ્યો ! હે ભક્તો ! સાંભળો, માયા ને માયાના સહાયક દંભે સર્વ સંસારને ખાધો છે ! - ૫

**સમજૂતી - ૧૦૫**
આ ભ્રમરૂપી ભૂતે તો જગતને ખાધું છે. જેણે જેણે તેની પૂજા કરી છે તે સૌ તો છેતરાયા છે ! - ૧
તેને નથી અંડ, નથી પિંડ, નથી પ્રાણ કે નથી કોઈ દેહ છતાં પણ જીવંત પશુઓને કાપીને તેને બલિદાન આપવામાં આવે છે તે એક મોટું આશ્ચર્ય છે ! - ૨
હે ઘાતકી મનુષ્યો ! જે બકરી, મરઘી વિગેરે જીવંત પશુઓની તમે હત્યા કરી છે તે સૌ બીજા જન્મમાં તમારો બદલો વાળશે. - ૩
કબીર કહે છે કે હે સ્ત્રી પુરુષો સાંભળો, ભૂતોનું પૂજન કરવાવાળા જરૂરથી ભૂત જ બને છે ! - ૪

**સમજૂતી - ૧૦૬**
કાળા ભમરા ઉડી ગયા અને તેની જગ્યાએ ધોળા બગલા આવીને બેઠા ! રાત વીતી ગઈ ને દિવસ પણ પૂરો થઈ રહ્યો છે ! (અર્થાત્ કાળા વાળ ધોળા થયા ને યુવાની વીતી ગઈ હવે આ વૃદ્ધાવસ્થા પણ પૂરી થઈ રહી છે !) - ૧
બાળકની માફક અજ્ઞાની જીવ દૈવનો વિચાર કરી કરી ડરથી ધ્રુજી રહ્યો છે ! - ૨
કાચા ઘડામાં પાણી ટકતું નથી. જીવ શરીર છોડીને ચાલ્યો જાય એટલે શરીર તો તરત જ કરમાય જાય ! - ૩
કબીર કહે છે કાગડા ઉડાવ્યા કરવાની વ્યર્થ પ્રવૃત્તિઓ કરતા કરતા હાથો પણ વૃદ્ધાવસ્થા આવવાથી થાકી જાય છે અને એ જ રીતે મોંઘા જીવનની કથા સમાપ્ત થઈ જાય છે. - ૪

**સમજૂતી - ૧૦૭**
આત્મા રૂપી સ્વામીના પરિચય વિના હે જીવ, તારી દશા ઘાણીના બળદ જેવી થઈ છે ! સાધુની સંગતિમાં કદી બેઠો નહીં તેથી ગોળ ગોળ ફર્યા કરવામાં જ તારો જન્મારો પૂરો થાય છે ! - ૧
પોતાના સ્વાર્થમાં કમરતોડ મહેનત કરી દુઃખી થઈને વારંવાર મર્યા કરે છે અને યમરાજનો દંડ ભર્યા કરે છે ! સ્ત્રી, સંપત્તિ, પુત્રો અને રાજ કારભારના પ્રપંચોનો ભાર પોતાને માથે લઈને દુઃખી થતો રહે છે ! - ૨
આત્મા રૂપી સ્વામીની પ્રીતને બદલે તું વિષયોની પ્રીતમાં ઉન્મત્ત બને છે ને ખરાબ કાર્યોનાં બીજ અવિવેકી થઈને વાવ્યા કરે છે. સ્વર્ગમાં મુક્તિ મળશે એવી ખોટી આશામાં મનુષ્ય જીવનને વેડફી દે છે અને મર્યા પછી પ્રેતભોજનના ઉત્સવમાં પ્રેતનું એઠુંઅન્ન ખાયા કરે છે. - ૩
ચોર્યાસી લાખ યોનિઓ રૂપી સમુદ્રમાં અનેક જીવજંતુ વહી રહ્યા છે. કબીર કહે છે કે હે સંતો સાંભળો, મૂઢ મનુષ્ય તો માત્ર કૂતરાની પૂછડી પકડી આપો સમુદ્ર તરી જવા માંગે છે ! - ૪

## શબ્દ - ૧૦૮

અબ હમ ભૈલિ બહુરિ જલમીના, પુરબ જન્મ તપકા મદ કીન્હા - ૧
તહિયા મૈં અછલૌં મન વૈરાગી, તજલૌં લોગ કુટુમ રામલાગી - ૨
તજલૌં કાસી મતિ ભઈ ભોરી, પ્રાણનાથ કહુ કા ગતિ મોરી - ૩
હમહિ કુસેવક તુમહિ અયાના, દુઈ મંહ દોષ કાહિ ભગવાના - ૪
હમ ચલિ અઈલી તુમરે સરના, કતહું ન દેખો હરિકે ચરના - ૫
હમ ચલિ અઈલુ તુમરે પાસા, દાસ કબીર ભલ કૈલ નિરાસા - ૬

## શબ્દ - ૧૦૯

લોગ બોલૈ દુરિ ગયે કબીર, યા મતિ કોઈ કોઈ જાનેગા ધીર - ૧
દસરથ સુત તિહું લોકહિ જાના, રામનામ કા મરમ હૈ આના - ૨
જેહિ જીવ જાનિ પરા જસ લેખા, રજુકા કહૈ ઉરગ સમ પેખા - ૩
જદપિ ફલ ઉત્તિમ ગુન જાના, હરિ છોડિ મન મુક્તિ ઉનમાના - ૪
હરિ અધાર જલ મીનહિ નીરા, અવર જતન કછુ કહૈ કબીરા - ૫

## શબ્દ - ૧૧૦

અપનો કર્મ ન મેટો જાઈ
કર્મકા લિખા મિટૈ ધૌં કૈસે, જો યુગ કોટિ સિરાઈ - ૧
ગુરુ વસિષ્ઠ મિલિ લગન સુધાયો, સુરજ મંત્ર એક દીન્હા
જો સીતા રઘુનાથ બિયાહી, પલ એક સંચ ન કીન્હા - ૨
તીનિ લોક કે કર્તા કહિયે, બાલિ બધો બરિયાઈ
એક સમય એસી બની આઈ, ઉનહૂં અવસર પાઈ - ૩
નારદમુનિકો બદન છિપાયો, કીન્હો કપિ કો રૂપા
સિસુપાલકી ભુજા ઉપારી, આપ ભયો હરિ ઠૂઠા - ૪
પરવતી કો બાંઝ ન કહિયો, ઈસર ન કહિયે ભિખારી
કહંહિ કબીર કર્તાકી બાતેં, કર્મકી બાત નિનારી - ૫

**શબ્દ - ૧૦૮**

પૂર્વ જન્મમાં મેં તપશ્ચર્યાનું અભિમાન કરેલું તેથી આ જન્મમાં ફરીથી પાણીની માછલી પાણી વિના તડપે તેમ હે પ્રભુ, તારા વિના મારે તડપવું પડે છે. - ૧

હે પ્રાણનાથ ! મારી ભોળી બુદ્ધિએ જ્ઞાનરૂપી કાશી નગરીનો ત્યાગ કરી દીધો તેથી હવે મારું શું થશે ? - ૨

એ વખતે મારું મન વૈરાગી હતું તેથી રામની લગનીમાં મેં કુટુંબ કબીલાનો પરિત્યાગ કર્યો હતો. - ૩

હે પ્રભુ, હું તમારો દુષ્ટ સેવક ગણાઉં કે તમે મારી સેવાથી અજાણ્યા છો ? આપણા બેમાં કોણ દોષિત કહેવાય ? - ૪

મારી ભોળી બુદ્ધિ તો મને તમારા શરણમાં લઈ આવી છે પરંતુ તમારાં ચરણનાં કોઈ ચિન્હો મને હજી સુધી દેખાયા નથી ! - ૫

હું તમારી પાસે એ રીતે ચાલ્યો આવ્યો છું પણ તમે મને બિલકુલ નિરાશ કરી રહ્યા છો ! - ૬

**સમજૂતી - ૧૦૯**

દૂન્યવી લોકો તો કહ્યા કરે છે કે કબીર તો દૂર ચાલ્યા ગયા પણ કોઈ ધીર પુરુષ જ મારું રહસ્ય સમજી શકશે ! - ૧

દશરથના પુત્રને ભગવાન તરીકે લોકોએ પૂજ્યા પણ રામનામના તત્ત્વનો મર્મ તો એથી જુદો જ છે ! - ૨

દોરડાને દોરડું ન કહેતાં સર્પ છે એવી ભ્રાંતિ થવાને કારણે જે જીવને જેવી સમજ પડે તેવું તે બોલ્યા કરે છે ! - ૩

તેમ છતાં ઉત્તમ ગુણવાળા દશરથના પુત્ર રામમાં શ્રદ્ધા રાખી ઉપાસના કરનારને કદાચ ઉત્તમ ફળ મળતાં હશે પણ આત્મા રૂપી નિર્ગુણ હરિને છોડી મુક્તિની જે કલ્પના કરવામાં આવે છે તે બરાબર નથી. - ૪

પાણીમાં સુખી માછલીને જેમ પાણી જ આધારસ્વરૂપ છે તેમ જીવને આત્મારૂપી હરિ આધારસ્વરૂપ કહેવાય તેથી કબીર નિર્ગુણ ભક્તિના જેવું કંઈ બીજું જ મોક્ષનું સાધન બતાવી રહ્યા છે ! - ૫

**સમજૂતી - ૧૧૦**

પોતે કરેલાં કર્મને કદી પણ મટાડી શકાતા નથી. ભલે કરોડો યુગ વીતી જાય પણ કર્મનાં લખેલાં લેખ કેવી રીતે મટી શકે ? - ૧

વસિષ્ઠ જેવા ગુરુએ લગ્નનું મુહૂર્ત શોધ્યું અને વિઘ્નો દૂર કરવા સૂર્યનો મંત્ર આપ્યો. સીતા સાથે રામનાં લગ્ન તો થયાં પરંતુ સીતાને એક ક્ષણ પણ સુખ મળ્યું નહિ. - ૨

ત્રણે લોકના કર્તા ગણાતા રામે વાલીને કપટપૂર્વક માર્યો હતો તેથી એક એવો સમય આવ્યો કે (બીજા જન્મમાં) પારધી બનીને વાલિએ તેનો બદલો લીધો. - ૩

વિષ્ણુ ભગવાને નારદને પોતાનું સુંદર રૂપ તો આપ્યું હતું પરંતુ મોઢું તો વાનરનું જ બનાવ્યું હતું ! શિશુપાલની બે ભુજાઓ જેણે ઉખેડેલી તે હરિને ઠૂઠા બનવું પડયું હતું ! - ૪

શું પાર્વતીને વંધ્યા ન કહેવાય ? શું મહાદેવને ભિખારી ન કહેવાય ? કબીર કહે છે કે આ તો કર્તાની વાતો થઈ. પરંતુ કર્મના ફળની વાત તો ન્યારી જ છે ! - ૫

## શબ્દ - ૧૧૧

હૈ કોઈ ગુરુ જ્ઞાની જગતમેં, ઉલટિ બેદ બૂઝૈ ?
પાનમેં પાવક બરૈ, અંધહિ આંખિ ન સૂઝૈ ! - ૧
ગાઈ તો નાહર ખાયો, હરિન ખાયો ચિતા
કાગ લગર ફાંદિકે, બટેર બાજ જીતા - ૨
મૂસે તો મંજારિ ખાયો, સ્યાર ખાયો સ્વાના
આદિ કો ઉદેસ જાને, તાસુ બેસ બાના - ૩
એકહી દાદુલ ખાયો, પાંચહું ભુવંગા
કહંહિ કબીર પુકારિકે, હૈ દોઉ એક સંગા - ૪

## શબ્દ - ૧૧૨

ઝગરા એક બઢો રાજા રામ, જો નિરુબારૈ સો નિરબાન - ૧
બ્રહ્મ બડા કી જહાં સે આયા, બેદ બડા કી જિન ઉપજાયા ? - ૨
ઈ મન બડા કી જેહિ મન માના, રામ બડા કી રામહિ જાના ? - ૩
ભ્રમિ ભ્રમિ કબિરા ફિરૈ ઉદાસ, તીરથ બડા કી તીરથ - દાસ ? - ૪

## શબ્દ - ૧૧૩

જૂઠે જનિ પતિયાઉ હો, સુનુ સંત સુજાના
તેર ઘટમેં હિ ઠગ પૂર હૈ, મતિ ખોવહુ અપાના - ૧
જૂઠે કી મંડાન હૈ, ધરતી અસમાના
દસહી દિસા વાકિ ફંદ હૈ, જીવ ઘેરે આના - ૨
જોગ જપ તપ સંજમા, તીરથ બ્રત દાના
નૌધા બેદ કિતેબ હૈ, જૂઠે કા બાના - ૩
કાહુકે બચન હિ ફુરૈ, કાહુ કરમાતી
માન બડાઈ લે રહે, હિન્દુ તુરુક જાતી -.૪
બાત બ્યોંતે અસમાનકી, મુદતી નિયરાની
બહુત ખુદી દિલ રાખતે, બૂડે બિનુ પાની - ૫
કહંહિ કબીર કાસૈ કહૌ, સકલો જગ અંધા
સાંચા સો ભાગા ફિરૈ, જૂઠેકા બંદા - ૬

**સમજૂતી - ૧૧૧**

જગતમાં એવો કોઈ જ્ઞાની ગુરુ છે ખરો કે જે ઉલટા જ્ઞાનને સમજે ? (આત્મા રૂપી) પાણીમાં (કામના રૂપી) અગ્નિ સળગી રહ્યો છે પણ આંખ આંધળી હોવાથી દેખાતો નથી (અર્થાત્ વિવેક જ્ઞાન વિના દેખાતો નથી) - ૧

(માયા રૂપી) ગાયે (જીવ રૂપી) સિંહને ખાધો તેમજ (તૃષ્ણા રૂપી) હરણે (સંતોષ રૂપી) વાઘને ખાધો. (અવિવેક રૂપી) કાગડાએ (વિવેક રૂપી) શિકારી જાલ પક્ષીને પોતાના પંજામાં પકડી લીધો અને (અજ્ઞાન રૂપી) બટેર પક્ષીએ (જ્ઞાન રૂપી) બાજને જીતી લીધો. - ૨

(ભય રૂપી) ઉંદરે (નિર્ભય રૂપી) બિલાડીને ખાય લીધી તેમજ (મન રૂપી) શિયાળે (દુર્ગુણો રૂપી) કૂતરાને ખાય લીધો. જે સૌના આદિ તત્ત્વના રહસ્યને જાણે છે તે જ્ઞાનીનો વેષ ધારણ કરવું ઠીક કહેવાય. - ૩

એક જ (ભ્રમ રૂપી) દેડકાએ પાંચ (જ્ઞાનેન્દ્રિયો રૂપી) સાપને ગળી લીધો ! કબીર કહે છે કે આ પરસ્પર વિરોધી તત્ત્વો તો અંતઃકરણમાં એક સાથે જ રહે છે ! - ૪

**સમજૂતી - ૧૧૨**

હે રાજા રામ ! એક મોટો ઝઘડો ઉભો થયો છે. જે એનું નિવારણ કરશે તે મોક્ષની પ્રાપ્તિ કરશે. - ૧

બ્રહ્મ મહાન કે જેની કલ્પનાથી બ્રહ્મનું સ્વરૂપ નિર્માણ પામ્યું તે મનુષ્ય મહાન ? વેદ મહાન કે વેદોના રચયિતા ઋષિઓ મહાન ? - ૨

આ મન મોટું કે મનને માનવાવાળો જીવ મોટો ? રામ મહાન કે રામના ભક્ત મહાન ? - ૩

કબીર કહે છે કે તીર્થોમાં ભટકી ભટકી સ્વરૂપને ભૂલીને દુઃખી થતા હે જીવ, કહે તો ખરો કે તીર્થનું મહત્ત્વ વધારે કે તીર્થને બનાવનાર સંતોનું મહત્વ વધારે ? - ૪

**સમજૂતી - ૧૧૩**

હે જ્ઞાની સંતો, સાંભળો ! જૂઠી વાતો પર વિશ્વાસ કરશો નહીં. તમારા શરીરમાં જ મન રૂપી ચોર બેઠો છે. તેની સાથે ભોળવાઈને તમે બુદ્ધિ ભ્રષ્ટ કરશો નહિ ને સ્વરૂપને ભૂલશો નહિ. - ૧

આ ધરતીથી આકાશ સુધી સર્વત્ર મન રૂપી ચોરે ફેલાવેલ જૂઠાણાની જ બોલબાલા છે. દશે દિશાઓમાં ફેલાયેલી મનની પ્રપંચ જાળથી જીવ પણ ઘેરાયેલો છે. - ૨

યોગ, જપ, તપ,સંયમ, તીર્થ, વ્રત, દાન, નવધા ભક્તિ, વેદ ને કુરાન આદિ ગ્રંથો પર પણ જૂઠનું જ આદિપત્ય છે. - ૩

કોઈના વચનો સત્ય બનતા જણાય છે તો કોઈની કરામતો આકર્ષણ જમાવતી જણાય છે. હિન્દુ અને મુસલમાન સૌ પોતપોતાની રીતે માન ને મોટાઈ મેળવી રહ્યા જણાય છે. - ૪

હૃદયમાં સિદ્ધિઓનું અભિમાન રાખીને તે લોકો આકાશ જેવી મોટી મોટી વાતો કર્યા કરતા હોય છે. તેઓ પોતાનો અંતકાળ નજીક આવી રહ્યો હોવા છતાં તેને ખ્યાલમાં રાખતા નથી ને પરિણામે પાણી વિનાના કૂવામાં બૂડી મરે તેવી દશા થઈ જાય છે ! - ૫

કબીર કહે છે કે આ બધું કોને કહી સંભળાઉં ? વિવેક વિના આખું જગત આંધળું બની ગયું છે. પોતાના શરીરમાં રહેલા રામને સત્ય ન માનતાં તેઓ કાલ્પનિક પ્રપંચી રામના ભક્ત થઈને ફરતા હોય છે ! - ૬

## શબ્દ - ૧૧૪

સાર શબ્દ સે બાંચિ હો, માનહુ ઈતબારા હો - ૧
આદિ પુરુષ ઈક વૃચ્છ હૈ, નિરંજન ડારા હો - ૨
તિરદેવા શાખા ભયે, પત્ર સંસારા હો - ૩
બ્રહ્મા બેદ સહી કીયો, શિવ જોગ પસારા હો - ૪
બિસ્નુ માયા ઉતપતિ કીયો, ઈ ઉરલે બ્યવહારા હો - ૫
તીન લોક દસહું દિસા, જમ રોકિન દ્વારા હો - ૬
કીર ભયે સબ જિયરા, લિયે વિષકા ચારા હો - ૭
જ્યોતિ સ્વરૂપી હાકિમા, જિન અમલ પસારા હો - ૮
કરમકી બંસી લાય કે, પકરો જગ સારા હો - ૯
અમલ મિટાવો તાસુકા, પઠવો ભવ પારા હો - ૧૦
કહંહિ કબીર નિરભય કરૌં, પરખો ટકસારા હો - ૧૧

## શબ્દ - ૧૧૫

સંતો એસી ભૂલ જગ માંહી, જાતે જીવ મિથ્યામેં જાહી - ૧
પહિલેભૂલે બ્રહ્મ અખંડિત, સાંઈ આપુહિ માની
સાંઈમેં ભૂલત ઈચ્છા કીન્હી, ઈચ્છા તે અભિમાની - ૨
અભિમાની કરતા હો બૈઠે, નાના ગ્રંથ ચલાયા
વોહિ ભૂલમેં સબ જગ ભૂલા, ભૂલકા મરમ ન પાયા - ૩
લખ ચૌરાસી ભૂલ તે કહિયે, ભૂલ તે જગ બિરમાયા
જા હૈ સનાતન સોઈ ભૂલા, અબ સો ભૂલ હિ ખાયા - ૪
ભૂલ મિટૈ ગુરુ મિલૈ પારખી, પારખ દેહિ લખાઈ
કહંહિ કબીર ભૂલકી ઔષધ, પારખ સબકી ભાઈ - ૫

**સમજૂતી-૧૧૪**

હે મુમુક્ષુઓ, તમે એક માત્ર સાર શબ્દ (સત્યવાણી)થી જ સંસારમાં બચી શકશો! મારી વાણી પર વિશ્વાસ રાખો!-૧

સત્યપુરુષ રૂપી એક ઝાડ છે, જેનું મુખ્ય થડ નિરંજન (મન) છે.-૨

બ્રહ્મા-વિષ્ણુ ને મહેશ એ ત્રણે દેવો તેની ત્રણ ડાળીઓ છે ને સમસ્ત સંસારના જીવો તેના પાંદડાંઓ છે.-૩

બ્રહ્માએ વેદનો (કર્મકાંડનો) પ્રચાર કર્યો ને શંકરે યોગની ઉપાસનાને વિસ્તારી-૪

વિષ્ણુએ માયાને ઉત્પન્ન કરી માયાવી પ્રપંચનો પ્રચાર કર્યો. ગમે તે હો, પણ આ સૌ તો સૃષ્ટિની ઉત્પત્તિ પછીના વ્યવહારો છે!-૫

ત્રણેલોકમાં અને દશેદિશાઓમાં યમરાજે મોક્ષનો દરવાજો બંધ કરી દીધો છે.-૬

બધા જીવો પોપટના સ્વરૂપે વિષયોનો ચારો ચૂગી રહ્યા છે.-૭

જ્યોતિ સ્વરૂપી મન રૂપી નિરંજન દેવ સમસ્ત સંસારનો અમલદાર છે, જેણે પોતાનો અધિકાર સર્વ જગ્યાએ ફેલાવી દીધો છે.-૮

સકામ કર્મ રૂપી બંસીને વગાડી સમગ્ર જગતને પકડીને રાખ્યું છે.-૯

કબીર કહે છે કે મારી વાણીમાં વિશ્વાસ મૂકી તે પ્રમાણે વર્તો તો તે મન રૂપી નિરંજન દેવની સત્તા હું મટાવી સૌને નિર્ભય બનાવી સંસાર સાગરની પાર ઉતારી દઉં. તમે સાર શબ્દ સ્વરૂપ પરમતત્ત્વના ટકસારને સમજો.-૧૦

**સમજૂતી-૧૧૫**

હે સંતો, જગતમાં જીવ મિથ્યા પદાર્થોના મોહમાં ફસાયને પોતાના સ્વરૂપને ભૂલી જવાની ભૂલ કરે છે!-૧

સૌ પ્રથમ ભૂલ અખંડિત ગણાતા બ્રહ્મે કરી. તેણે માયા સ્વરૂપી પોતાના પડછાયાને સત્ય માની (હું સૃષ્ટિ કરું) એવી ઈચ્છાઓ કર્યા કીધી, જેને કારણે તેને અભિમાન ઉત્પન્ન થયું.-૨

એ રીતે તે પોતે સૃષ્ટિનો કર્તા છે એવું માની બેઠો અને અભિમાનમાં ગરકાવ થઈને તેણે અનેક ગ્રંથો રચ્યા ને પંથો ચલાવ્યા. તેણે કરેલી પ્રથમ ભૂલના મર્મને ન જાણી શકવાને કારણે આખું જગત ભૂલને માર્ગે ચાલે છે.-૩

ચોર્યાસી લાખ યોનિઓ ભૂલથી ઉત્પન્ન થઈ એમ કહેવું જોઈએ ને આખું જગત એ ભૂલની ભ્રમણામાં ફસાયું છે એમ માનવું જોઈએ. સનાતન ગણાતા તે બ્રહ્મે જ ભૂલ કરી છે તો ત્યારથી તે ભૂલ તેને ખાય રહી છે!-૪

કબીર કહે છે કે હે ભાઈઓ, જ્ઞાની ગુરુ મળે તો જ એ ભૂલ સુધરી શકે! જ્ઞાની ગુરુ સત્ય ઉપદેશ આપીને સ્વરૂપના જ્ઞાનની પરખ જ સર્વ ભૂલોમાંથી બચવા માટેની ઔષધિ છે એનું Qiid *5*1=1 5-H-૫

## ટિપ્પણી (કબીર શબ્દ સુધા)

**શબ્દ-૧**

આ પદમાં નારી શબ્દ બે વાર વપરાયો છે : પ્રથમ ટૂકમાં ને છેલ્લી ટૂકમાં. પ્રથમ ટૂકમાં નારી શબ્દને ભક્તિ સાથે જોડી દઈને મોટા ભાગના વિદ્વાનોએ ભક્તિ રૂપી નારી એવો અર્થ કરવા પ્રયત્ન કર્યો છે. તેવા અર્થના સમર્થન માટે ભાગવતના માહત્મ્યના શ્લોકનો ઉપયોગ કર્યો હોય એવું લાગે છે .

અહં ભકિત રિતિખ્યાતા ઈમૌ મે તનયૌ મતૌ ।
જ્ઞાન વૈરાગ્યનામાનૌ કાલયોગેન જર્જરી ॥

અર્થાત રાજા પરીક્ષિતને ભકિત પોતે પોતાની ઓળખાણ આપતાં કહે છે કે હું પોતે ભક્તિ છુંઅને મારી સમક્ષ જે સૂતા છે તે જ્ઞાન અને વૈરાગ્ય નામના મારા વૃધ્ધ થઈ ગયેલા પુત્રો છે. આ ઉપરથી ભક્તિ રૂપી નારી અને તેના જ્ઞાન ને વૈરાગ્ય નામના બે પુત્રો વિષે કબીર સાહેબ વાતો કરી રહ્યા છે એવું વિદ્વાનોએ અનુમાન કર્યું છે.

ખરી રીતે કબીર સાહેબ માયા રૂપી નારીને લક્ષમાં રાખી અહીં ભક્તિના ઉત્કૃષ્ટ સ્વરૂપનો મહિમા જણાવી રહ્યા છે. ચીલાચાલુ ભક્તિમાં કબીર સાહેબને રસ નથી. તેમનો ક્રાંતીકારી સ્વભાવ તેવી ભક્તિને કેવી રીતે સ્વીકારે ? તેંથી કબીર સાહેબે અહીં પ્રથમ પંક્તિમાંજ સંતો, પંડિતોને જ્ઞાનીઓને સદ્‌ગુરુ દ્વારા ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થયું તેને બરાબર સમજીને હૃદયમાં ધારણ કરવાની અપીલ કરી છે પંડિતો અને જ્ઞાનીઓ જે ભક્તિનો પ્રચાર પોતાના શિષ્ય-સમુદાયમાં કરી રહ્યા હતા. તે તો માયા ની જ ભક્તિ ગણાય. ભક્તી કરવા પાછળ કોઈને સંપતિની ઝંખના છે તો કોઈને સંતાનની,કોઈને ધંધામાં સફળ થવાની કામના છે તો કોઈને સંતાનની, કોઈને ભૌતિક સમૃધ્ધિ પ્રાપ્ત થઈ છે તેના રક્ષણની ઈચ્છા છે, તો કોઈને પોતાની પ્રતિષ્ઠા કાયમ ટકે તેની! કોઈ પરમ તત્વને પામવાની ઝંખનાથી ભક્તિ કરતું જણાતું નથી ! કબીર સાહેબ માયાના એ પ્રભાવને બરબર સમજી લેવાની પંડિતોને અને જ્ઞાનીઓને અપીલ કરે છે.

કબીર પંથી કેટલાક વિદ્વાનો 'સદ્‌ગુરુ' શબ્દનું પ્રયોજન ગુરુ રામાનંદને લક્ષમાં રાખીને કર્યું હોય એમ માને છે. તેઓની આ માન્યતા પાયા વિનાની જ ગણાય. કબીર સાહેબ મૂળભૂત રીતે નિર્ગુણ ભક્તિના પ્રચારક હતા. જ્યારે ગુરુ રામાનંદ તો સગુણ ભક્તિના પ્રચારક હતા. બંને વચ્ચે પાયાનોભેદ છે. અહી સદ્‌ગુરુ શબ્દ દ્વારાઆતરામ અભિપ્રેત છે. આત્મા વૈ ગુરુ : એ ઉપનિષદનું વચન અહીં યથાર્થ રીતે અભિવ્યક્ત થયું લાગે છે. જગદગુરુ શંકરાચાર્યે પણ વિવેકચૂડામણી ગ્રંથમાં ભક્તિની આવી જ વ્યાખ્યા

કરી છે. સ્વરૂપાનુસંધાનમ્ ભક્તિઃ । અર્થાત સ્વરૂપનું એટલે કે આત્મતત્વનું અનુંસંધાન કરાવે તેજ ભક્તિ. જે ભક્તિ માયા તરફ ઘસડી જાય તે ભક્તિ નહીં. તે ભક્તિનું નિકૃષ્ટ સ્વરૂપ ગણાય. જે ભક્તિ માયાથી જીવને અલગ કરી દે અને સ્વરૂપની સાથેજાડી દે તે જ સાચી ભક્તિ. તેથી કબીર સાહેબ સંતોને, પંડિતોને અને જ્ઞાનીઓને માયાનું સ્વરૂપ બરાબર ઓળખી લેશો તો જ સાચી ભક્તિ હૃદયમાં ધારણ કરી શકાશે એવો આગ્રહપૂર્વક ઉપદેશ આપી રહ્યા છે.

છેલ્લી પંક્તિમાં " તાતે રહહુ અકેલા " શબ્દનું પ્રયોજન આ દષ્ટિએ વિચાર કરવામાં આવશે તો બરાબર સમજાઈ જશે. " તેંથી માયાથી અલિપ્તરહે' તો જ જીવ પોતાના સ્વરૂપને પામી શકે એવો અર્થ અહીં અભિપ્રેત છે. માટે ભક્તી રૂપી નારી કરતાં માયા રૂપી નારી અર્થ વધારે સુસંગત જણાય છે. જે ભક્તિ મનને અથવા જીવને માયાથી અલગ-અલિપ્ત- કરી શકે તેજ ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ.

તો પ્રશ્ન થશે કે માયાના બે પુત્રો કોણ ? આપણા શાસ્ત્રો જીવ અને ઈશ્વરની ઉત્પતિ માયા દ્વાર જ થઈ છે એવું સ્પષ્ટ જાહેર કરે છે, માયાખ્ય કામધેનોર્વૈ વત્સૌ જીવેશ્વરાવુભૌ । અર્થાત માયા રૂપી કામધેનુને જીવ અને ઈશ્વર નામના બે વાછરડા જન્મ્યા.માયા જ્યારે પોતેજ અવિદ્યાનું સ્વરૂપ ધારણ કરેછે ત્યારે એવી ઘટના બને છે. તેથી કબીર સાહેબ અહીં જીવ અને ઈશ્વર એ માયાના બે પુત્રો છે એવું દર્શાવવા માંગે છે.માત્ર આત્મ સ્વરૂપ સત્ય છે ને જીવ તથા ઈશ્વર એ મનની કલ્પના છે એ સમજી લેવું જરૂરી છે.

" પાહન ફોરિ ગંગ એક નિકરી " પંક્તિમાં ગંગા શબ્દ પણ માયા માટે જ પ્રયોજ્યો છે. કારણકે જે પ્રગટે છે, જન્મે છે તે તો માયા જ છે. એવું કબીર સાહેબ સ્પષ્ટપણે માને છે. (જુઓ શબ્દ૮ની સમજુતી) શાસ્ત્રમાં માયાને આદ્યશક્તિ પણ કહી છે. આ આદ્યશક્તિ બ્રહ્માંડમાં બધે વ્યાપ્ત છે. માયાનું એશુધ્ધ સત્વ પ્રધાન સ્વરૂપ ગણાય, જે "ગંગ" શબ્દથી સારી રીતે અભિવ્યક્ત થયું છે. ગંગા શબ્દમાં પવિત્રતાનો ભાવ ગુપ્તપણે રહેલો છે. તે પણ અહીં ધ્વનિત થાય છે.

શ્રીમદભગવદ્ ગીતામાં આવાજ ભાવથી કહેવામાં આવ્યું છે. :

એતદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય ।

અહમ્ કૃત્સ્નસ્ય જગત : પ્રભવઃ પ્રલય સ્તથા ॥

અર્થાત્ જડ પ્રકૃતિ અને ચેતન પ્રકૃતિ એ માયાના બે સ્વરૂપો છે. આ માયા યોનિ રૂપ છે. તેમાંથી સર્વજગત જેમ ઉત્પન થાય છે તેમ માયા માં તેનો પ્રલય પણ થાય છે. તેથી જીવ અને ઈશ્વર નામના બે પર્વતો માયામાં ડૂબી જાય છે એમ કહેવામાં આવ્યું છે. મતલબ કે જીવ ને ઈશ્વર માયામય બની જાય છે. જીવ માયામય બની જાય છે તેથી

જન્મમરણના ફેરામાં તે ફર્યા કરે છે તેવી જ રીતે ઈશ્વર માયામય બની જાય છે તેથી અવતાર ધારણ કરી કર્મનાં ફળ પણ ભોગવે છે. બંને માયાથી અલિપ્ત થઈ શકતા નથી. અલિપ્ત થવા માટે તો કબીર સાહેબ કહે છે તેમ વિશિષ્ટ પ્રકારની ભક્તિ કરવી પડે છે. ગીતામાં શ્રીકૃષ્ણના મુખે માર્ગદર્શન માળ્યું છે :

દૈવી હિ એષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

અર્થાત્ ત્રણ ગુણવાળી જે માયા છે તે મારી છે પણ તેને પાર કરવી મુશ્કેલ છે. માત્ર જે જીવ તેને છોડીને મને ભજે છે તે જ પાર પામી શકે છે. 'મને ભજવું' એટલે આત્મસ્વરૂપને પામવું. સ્વરૂપને જે જાણે છે તેને માયા પજવતી નથી. પરંતુ જે માયામય બની જાય છે તે તેના ચકકરમાં જ ફર્યા કરે છે. મનની વૃત્તિઓ તે પાંખ. સંસારરૂપી વૃક્ષ પર મનની વૃત્તિઓ રમવા માંડે એટલે સ્વાભાવિક રીતે જીવ પ્રભુપરાયણ થઈ શકતો નથી. આત્માનુરાગી બની શકતો નથી. તે તો સંસારમય બની જાય છે. તેના મનમાં સંસારમયતાનો ગર્ભ રહી જાય છે. પરિણામે તે આવન જાવનના ફેરામાં પડી જાય છે. 'હું બ્રહ્મ છું', 'હું બ્રહ્મ છું' એવી એક જ પ્રકારની વાણી જીવ રટયા કરે છે પણ જ્યાં સુધી તે માયાથી અલિપ્ત થવાનો પુરુષાર્થ ન કરે ત્યાં સુધી તે રટણ કામિયાબ નીવડતું નથી. તેનું રટણ વ્યર્થ જાય છે.

આ રીતે આ શબ્દમાં "નારી" શબ્દ માયાને માટે પ્રયોજાયો છે. વિશિષ્ટ પ્રકારની ભક્તિનું મંડાણ કર્યા પછી તરત જ સાચી ભક્તિ કરવી હોય તો માયાના સ્વરૂપને બરાબર ઓળખી લેવું જોઈએ. માયાનું સ્વરૂપ જાણી લીધા પછી જ માયાથી અલિપ્ત થઈ શકાય તેવા પ્રયાસો કરવા જીવ કટિબદ્ધ બની શકે છે. ટૂંકમાં, માયાથી છૂટા પાડે તે જ સાચી ભક્તિ !

શબ્દ - ૨

"સંતો, જાગત નીંદ ન કીજે" - માયાથી અલિપ્ત બનવાનું કાર્ય એટલું બધું સરળ નથી. હર ડગલે સજગતા, સાવધાની કે જાગૃતિ રાખવી અનિવાર્ય ગણાય છે.

આ પદની શૈલી ખંડન પરક નથી છતાં કેટલાક વિદ્વાનોએ આ પદને હઠયોગના ખંડન તરીકે રજૂ કર્યું છે તે યોગ્ય નથી. યોગની નિષેધાત્મક કોઈ વાત દર્શાવતા હોય તેવા શબ્દોનો ઉપયોગ થયો નથી. ઈડા અથવા ચંદ્રનાડી, પિંગલા અથવા સૂર્યનાડી કે સુષુમ્ણા નાડીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે; પ્રાણની સામ્યઅવસ્થા દર્શાવવા યોગની પરિભાષા પ્રયોજીને કબીર સાહેબે વાત તો જ્ઞાનયોગની જ કરી છે. જન્મ-મરણ કાળને આધીન છે. જન્મમરણનાં દુઃખો અજ્ઞાનીને તથા માયાની ભક્તિ કરનારને થાય છે. માયાથી અલિપ્ત બની ભક્તિ કરનાર જ્ઞાનીને થતાં નથી. ગીતા પણ કહે છે કે

પાપીમાં પાપી હશે કોઈ આ જગમાં,
જ્ઞાનનાવમાં બેસતાં તરી જશે ભવમાં.

"ઉલટીગંગ" એટલે પાર્થિવ પદાર્થ-વિષયોની મોહિનીમાં આસક્ત થવાને બદલે મન આત્માનું અનુરાગી બને તે જ્ઞાનમયી સ્થિતિ.

માનવ સંસારમાં જન્મી સંસારથી જ ઉદાસીન ભાવે વિમુખ બને તે ક્રિયા પારધીનું બાણ પારધીને જ વાગે તે દૃષ્ટાંત દ્વારા સરસ રીતે રજૂ થઈ છે. વળી પારધીએ છોડેલું બાણ પારધીને વાગે તેવું ભાગ્યે જ બને. છતાંકવચિત જબને છે તે ઘટના દ્વારા મન પણ માયાથી ભાગ્યેજ અલિપ્ત બની શકે છે તે પણ સરસ રીતે સૂચવાયું ગણાય.

" ધરતી ઉલટિ અકાસ હિ બેધ " એટલે પૃથ્વી વિગેરે પંચમહાભૂતોના તત્વનું ઉલટા ક્રમથી લય ચિંતન કરવુ જોઈએ. એનો અર્થ એ કે પૃથ્વીનો પાણીમાં,પાણીનો અગ્નિમાં, અગ્નિનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો માયામાં ને માયાનો આત્માતત્વમાં લય કરવાની ટેવ પાડવી જોઈએ. એ પ્રકારના અભ્યાસથી મન આપોઆપ અલિપ્ત બનવા સક્ષમ બને છે. છેવટે મન આત્મમય બની જાય તે આત્મસાક્ષાત્કાર થયેલો ગણાય. આ રીતે યોગ,ભક્તિ,ને જ્ઞાનની જુદીજુદી પધ્ધતિઓનો સુંદર સમન્વય આ પદમાં થયેલો જણાશે.

" રામ સુધારસ" એટલે આત્મા રૂપી અમૃતનો રસ - આત્મસાક્ષાત્કારી પુરૂષ આત્મારૂપી અમૃતનું પાન કરી અમર બની જાય છે, પરમપદને પ્રાપ્ત કરે છે.

**શબ્દ-૩**

દૈવી ને આસુરી સંપત્તિ પ્રત્યેક શરીરમાં જન્મથી જ મળેલી હોય છે. પ્રત્યેકને અનુભવ પણ હોય છે. તેના નિવારણની યુક્તિ સૌ કોઈની પાસે ઉપલબ્ધ હોતી નથી. હા, તે અંગે સાધનો પ્રત્યેક શરીરમાં મોજુદ હોય છે. પ્રાણ મન અને બુધ્ધિ સંયમિત બને તો સંઘર્ષ ટાળી શકાય છે. અને પરમશાંતિનો અનુભવ જીવને થઈ શકે છે. જે જીવ પોતાના જીવનનું આયોજન સંઘર્ષને શાંત બનાવવા માટે કરે તે સાચો ભક્ત ગણાય એવો કબીર સાહેબનો ઉપદેશ છે.

**શબ્દ - ૪**

"માલા પહિરે..... આતમ ખબરિ ન જાના" - આ પંક્તિઓમાં સાંપ્રદાયિક્તા માટે વિરોધની લાગણી વ્યક્ત થઈ છે. કબીર સાહેબના સમયમાં હિન્દુધર્મ અનેક સંપ્રદાયોમાં વિભક્ત થઈ ગયેલો એટલું જ નહીં પણ સંપ્રદાયો વચ્ચે ગજગ્રાહ ખુનામરકી સુધી પણ પહોંચી જતો. પોતાના જ ગુરુ શ્રેષ્ઠ, પોતાનો સંપ્રદાય જ ઉત્તમ, પોતાના સંપ્રદાયથી જ મુક્તિ મળે - એવો ખાત્રીપૂર્વકનો પ્રચાર લોકોમાં ઝનૂન પેદા કરતો અને વૈમનસ્ય પણ વધારતો. તેથી કબીર સાહેબે અહીં વિવિધ સંપ્રદાયોના બાહ્યાચારને લક્ષમાં લઈને કટાક્ષ કર્યો છે. રુદ્રાક્ષની મોટી મોટી માળાઓ પહેરીને ધાર્મિક હોવાનો દાવો કરનારા, તુલસીની માળાઓ ધારણ કરીને પવિત્ર હોવાનો ઢોંગ કરનારા, જુદી જુદી જાતની ટોપીઓ તથા જુદા જુદા પ્રકારે તિલક તાણીને ભગવાનના ભક્ત હોવાનો પ્રચાર કરનારા તેમજ હાલતા ચાલતા મંત્રનો જાપ કરતા જાય ને ભજન પણ ગાતા જાય તેવા જ્ઞાનની ડંફાસ મારનારા કાયમને માટે અજ્ઞાની

જ રહે છે. કારણ કે આત્મતત્ત્વની જાણ તેમને થતી જ નથી. જિંદગીભર બાહ્યાચારનું પાલન કરાવીને સંપ્રદાયના વડાઓ લોકોને તો મરે ત્યાં સુધી અજ્ઞાન અવસ્થામાં જ ડૂબેલા રાખે છે પણ પોતે પણ પ્રપંચની જાળમાં ફસાયને અત્યંત દુઃખી અવસ્થામાં પોતાનો દેહ છોડે તે હકીકત આજે પણ સાચી જ છે.

સંસ્કૃતના પ્રકાંડ પંડિત તરીકે ભારત સરકારનો એવોર્ડ પ્રાપ્ત કરનાર કબીરપંથના વિદ્વાન મુનિ સ્વામી બ્રહ્મલીનજી આ પંક્તિઓમાં વ્યક્ત થયેલી હકીકતોને આધારે આ પદને કબીર સાહેબનું માનવા તૈયાર નથી. તેમની બે દલીલો ધ્યાન ખેંચે તેવી છે : એક તો, ભેખ ધરીને માલા તથા ટોપી પહેરી તિલક તાણવાનો રિવાજ માત્ર કબીરપંથમાં જ હતો. કબીરપંથના જન્મ પહેલા કોઈ પણ સંપ્રદાયમાં એવો રિવાજ નહોતો. જો બીજકની રચના કબીરપંથના જન્મ પહેલા થઈ હતી એવું માનવામાં આવે તો આ પદ કબીર સાહેબનું ઠરે નહિ. બીજું, "સાખી" ને"શબ્દ" માત્ર કબીર સાહેબના સાહિત્યમાં જ ઉપલબ્ધ થાય છે. કબીર સાહેબ દોહાને સાખી કહે છે અને શબ્દને ભજન. "સાખી શબ્દ" ગાવત ભૂલ" એ આક્ષેપ કબીરપંથના અનુયાયીઓને ધ્યાનમાં રાખીને જ કાર્યો લાગે છે. બીજકની રચના પંથના જન્મ પહેલા જ થઈ હતી તેથી આ પદની રચના પાછળથી કોઈએ લખી બીજકમાં ઉમેરી લીધી હોવી જોઈએ.

બીજી રીતે પણ આ પંક્તિને વિચારી શકાય. "સંતો દેખત જગ બૌરાના" એ ધ્રુવપંક્તિ કબીર સાહેબના અનુભવની હકીકત દર્શાવનારી ગણાય. લોકો તરફથી કબીર સાહેબને ઘણા ખરાબ અનુભવો થયા હોવા જોઈએ. પોતે સાખી ને શબ્દ દ્વારા લોકોને ઘણો ઘણો ઉપદેશ આપ્યો પણ કોઈ અર્થ સમજ્યું જ નહિ. લોકો જેવા હતા તેવાજ રહ્યા ! બલકે કબીર સાહેબના વિરોધી બની ગયા ! તેથી પોતાની સાખી ને શબ્દની રચના સાવ નિરર્થક નીવડી એવો રંજ પણ આ પંક્તિઓમાં પ્રતીત થાય છે. તેથી કબીર સાહેબના કર્તૃત્વ માટે શંકા કરવાની આવશ્યકતા જણાતી નથી.

કોઈ ક્રિયાકાંડમાં, ચોક્કસ પ્રકારના વેષ ધારણ કરવામાં કે સારાં ભજનો ગાવામાં જ આધ્યાત્મિકતા રહેલી નથી પણ આત્મ તત્ત્વની જાણકારીમાં જ સાચી આધ્યાત્મિક્તા રહેલી છે એવું "આતમ ખબરિ ન જાના" શબ્દો દ્વારા કબીર સાહેબ સૂચવી રહ્યા છે. ટૂંકમાં, ધાર્મિક હોવાના દેખાવ કે નિયમના પાલનની સાથે મન શુદ્ધ ન થતું જતું હોય તો તે મિથ્યા પ્રવૃત્તિ છે.

**શબ્દ - ૫**

"એક હિ નારી જાલ પસારા....." માયા રૂપી એકલી નારીએ પ્રપંચ રૂપી જાળ એવી રીતે ફેલાવી દીધી કે દેવ-દાનવ-માનવ સૌ તેમાં ફસાયા એટલું જ નહિ પણ તેમાંથી છૂટવાનો કોઈ માર્ગ ચિંતાતુર થઈ સૌ શોધી રહ્યા છે તો પણ કોઈને હજી મળ્યો નથી. ખુદ બ્રહ્મા ભરમાયા. ખૂબ સુંદર એવી પોતાની દીકરી સરસ્વતિને જોઈ એક દિવસ બ્રહ્મા કામાતુર બન્યા. બચવા માટે સરસ્વતિ મૃગલીનું રૂપ ધારણ કરી ભાગવા માંડી. તેની પાછળ કામાતુર બ્રહ્મા દોડવા લાગ્યા. શંકર ભગવાનને સરસ્વતિ પર દયા ઉપજી

તેથી બાણ મારીને બ્રહ્માને અટકાવ્યા. તેવી જ રીતે શંકર ભગવાનની પણ દશા થઈ હતી. વિષ્ણુ ભગવાને દાનવોનેઅમૃત ન મળે પણ માત્ર દેવોને જ મળે તે હેતુથી મોહિનીસ્વરૂપ ધારણ કરેલું. અસુરો કામમોહિત થયા તેથી અમૃત ભૂલી ગયા ને દેવોને અમૃત મળી શક્યું. આ જાણીને શંકર ભગવાન લાવલશ્કર લઈ પાર્વતી સાથે વિષ્ણુ પાસે આવવા નીકળી પડયા. રસ્તામાં મોટા એક બાગમાં મોહિની સ્વરૂપ જોઈને શંકર કામાતુર બન્યા અને સ્ખલિત થયા હતા. ભગવાન વિષ્ણુને પણ વારંવાર અવતાર લેવો પડે છે ને કરેલાં કર્મોનાં ફળ ભોગવવાં પડે છે તે માયાનો જ ખેલ ગણાય ! તેથી માયાનો પાર કોઈ પામી શક્યું ન હતું એવું કબીર સાહેબનું કથન માનવને નિરાશ કરી દેવા માટે નથી કરવામાં આવ્યું પણ માયાથી અલિપ્ત બની શકાય છે તે દર્શાવવા કરવામાં આવ્યું છે. 'જ્ઞાન ખરગ બિનુ' શબ્દો દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. લાકડાની તલવાર લઈને અબુધ લોકો માયાની સામે જંગ ખેલવા નીકળે છે તેથી હારી જાય છે. ખરેખર જ્ઞાનની તલવાર લઈને જંગ ખેલવામાં આવે તો માયા ડરથી ભાગી જાય છે. ગીતાના પંદરમાં અધ્યાયમાં પણ આવા જ પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે :

દૃઢ આ દ્રુમ સંસારનું એમ વિચારી જે,
અનાસક્તિના શસ્ત્રથી છેદે બુધજન તે. (સરળ ગીતા અ - ૧૫)

અર્થાત્ સંસાર રૂપી વૃક્ષ તો માયા દ્વારા વિસ્તાર પામ્યા જ કરતું રહે છે. તેનો વિસ્તાર અટકાવવો હોય અને મનમાં તેને ઉગવા ન દેવું હોય તો બુદ્ધિશાળી માણસો અનાસક્તિની કુહાડીથી કાપી નાંખે છે તેમ તે.નો અંત આણવો જોઈએ. "આપુ હિ મૂલ ફૂલ ફૂલવારી" - સંસારનું મૂળ કારણ વાસના. વાસના તે માયાનું એક સ્વરૂપ થયું. તેથી માયા જ સંસારનું મૂળ કારણ ગણાય. મનમાં વાસના હોય એટલે એક દિવસ તેને આકાર મળે જ અને તેનો વિકાસ થાય જ એ માનસ શાસ્ત્રનો વૈજ્ઞાનિક સિદ્ધાંત છે. સાધુને લંગોટીમાં આસક્તિ થઈ તો ઉંદરથી બચવા બિલાડી, બિલાડીને પોષવા ગાય, ગાયને દોહવા સ્ત્રી વિગેરે સાકાર થતું જ ગયું ! આ રીતે વાસનાનો એક તંતુ આખો સંસાર ગૂંથે છે ! ગુરુની કૃપા થાય તો જીવમાં જ્ઞાનરૂપી જાગૃતિ ઉદ્દભવે ને સંસાર ટળે !

**શબ્દ - ૬ અને ૭**

શબ્દ ૫, ૬, અને ૭ માયાના સ્વરૂપનો બરાબર પરિચય આપી દે છે. સદ્દગુરુએ જણાવેલી ભક્તિની પગદંડી પર ચાલવું હોય તો માયાને ઓળખી લેવી આવશ્યક છે. વેધવું એટલે વીંધવું અથવા તો શમ-દમ દ્વારા મન પર સંયમ સ્થાપવો. મનની શક્તિ અગાધ હોય છે તેથી મનને મૂલ્યવાન માણેકની ઉપમા આપવામાં આવી છે. મન આત્મપરાયણ રહે તે સ્થિતિને મનની ઉત્તમ દશા કહી છે. ગુરુ કૃપાથી એવી દશાની પ્રાપ્તિ થાય છે.'

"સમધી" એટલે જેની બુદ્ધિ સ્થિર થઈ છે તેવા સ્થિતપ્રજ્ઞ સંત. જે જીવ માયામય છે તે સજ્જન પુરુષોનો સંગ ઈચ્છે જ નહિ. તેને તો દુર્જનોના સંગમાં જ રહેવું ગમે.

"રઘુરાઈ" એટલે આતમરામ-પરમ તત્ત્વ-પરમ પદ. માત્ર ગુરુની કૃપાથી જ તે પદ પ્રાપ્ત

થઈ શકે. મનનો સ્વભાવ સંકલ્પ-વિકલ્પ કરવાનો. સાધના દ્વારા સાધકે તેને બદલી નાંખવો પડે છે. જેમ જેમ મનની ચંચળતા ઓછી થતી જશે તેમ તેમ મનમાં સંકલ્પો નહિવત્ જાગશે. ચંચળતા નામશેષ થશે એટલે તે જ પળે સંકલ્પ વિનાનું મન થઈ જશે. મનની તે શુદ્ધ અવસ્થા કહેવાય. તે અવસ્થા મનની ઉંચામાં ઉંચી અવસ્થા ગણાય. તે દશામાં જ આત્મસાક્ષાત્કાર થઈ શકે. ગુરુની પાસે તેની ચાવી હોય છે. ગુરુ કૃપા થાય તેને એ ચાવીનો લાભ મળે છે.

**શબ્દ** - ૮ "મકસૂદ" એટલે પ્રયોજન.

પરમેશ્વરે અવતાર ધારણ કરવા પડે ? તે તો અનંત શક્તિશાળી ગણાય. તે ધારે તે કરી શકે. કબીર સાહેબ અહીં અવતારના પ્રયોજનની ચર્ચા કરી રહ્યા છે. આધુનિક વિદ્વાનોએ પણ અવતારવાદની સારી જેવી ચર્ચા વિચારણા કરી છે. ખાસ કરીને એચ. યાકોબી, એમ. મોનિયર વિલિયમ્સ, ડૉ. એચ. રાય ચૌધરી, ડૉ. સી. વી. વૈદ્ય, તથા ડૉ. કામિલ બુલ્કે જેવા વિદ્વાન સંશોધકો દ્વારા અવતારવાદના સર્વ પાસાંઓની ઝીણવટપૂર્વક વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવામાં આવી છે. તેઓના સંશોધનમાંથી નીચેના તારણો જુદા તરી આવે છે :

(૧) કર્મકાંડ તથા યજ્ઞપ્રધાન બ્રાહ્મણ સંસ્કૃતિના વધતા જતા પ્રભાવની પ્રતિક્રિયારૂપે અરતારવાદનો પ્રચાર કરવામાં આવ્યો છે.

(૨) અવતારવાદના વિકાસમાં ભાગવત સંપ્રદાયના ભક્તિમાર્ગની વિચારસરણીનો મોટો ફાળો છે.

(૩) અવતારવાદની ભાવનાનું મૂળ સૌ પ્રથમ શતપથ બ્રાહ્મણમાં પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાં વિષ્ણુનું પ્રાધાન્ય જણાતું નથી. અવતાર તો પ્રજાપતિના થયા હતા એવો ત્યાં ઉલ્લેખ છે. મત્સ્ય, કૂર્મ ને વરાહના અવતારો પ્રજાપતિના હતા, વિષ્ણુના નહીં. વિષ્ણુની વાતો પાછળથી ઉમેરવામાં આવી છે. તેજ રીતે વિષ્ણુ ને કૃષ્ણનો સંબંધ પણ પાછળથી જોડી દેવામાં આવ્યો છે. ખાસ કરીને મહાભારતના નારાયણી ઉપાખ્યાનમાં તથા હરિવંશપુરાણમાં વિષ્ણુનાં મહદંશે ગુણગાન ગાવામાં આવ્યા છે.

(૪) તે સમયે અવતારની વિશેષ પૂજા કરવામાં આવતી નહોતી. કૃષ્ણાવતારની સાથે તેમાં થોડું પરિવર્તન આવ્યું જણાય છે. ભાગવત સંપ્રદાયની વિચારસરણી લોકમાનસમાં વધારે અસરકર્તા થઈ પડી. પરિણામે અવતારોની પૂજા કરવાનો પ્રારંભ થઈ ચૂક્યો.

(૫) એ જ રીતે ડૉ. કામિલ બુલ્કે રામકથાની ચર્ચા કરતા નોંધે છે કે રામને અવતાર તરીકેની માન્યતા ઈ. સ. પૂર્વે પહેલી શતાબ્દીથી જ મળેલી જણાય છે. (રામ કથા - અનુચ્છેદ ૧૪૧ થી ૧૪૩ સુધી)

(૬) પારખી સંત વિદ્વદ્વર્ય શ્રી અભિલાષ સાહેબના મત પ્રમાણે મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન ને પરશુરામ અવતારોની કલ્પના લોકહૃદયમાં વિશેષ આદરની ભાવના જગાડી શકી નહિ. જ્યારે રામ, કૃષ્ણ ને બુદ્ધ અવતારો ખૂબ પૂજ્યભાવ જગાડી ગયા. બૌદ્ધ તથા જૈન ધર્મનો વધતો જતો પ્રભાવ પણ મોટો ભાગ ભજવી ગયો. બૌદ્ધ તથા જૈનોના ઉત્તારવાદની

પ્રતિક્રિયા રૂપે અવતારવાદની કલ્પનાનો વિકાસ ને વિસ્તાર થયો જણાય છે. ઉત્તારનો અર્થ થાય છે ઉપર ઉઠવું અથવા તો મુક્ત થવું. જ્યારે અવતારનો અર્થ , મહાન સત્તાનું નીચે આવવું. (બીજક વ્યાખ્યા - પૃ. ૧૪૧)

આ પદના કતૃત્વ માટે સ્વામી બ્રહ્મલીનજી શંકા કરે છે. આ પદની ખંડનપરક શૈલી તેમને વધારે પડતી આક્રોશપૂર્વકની લાગે છે. કબીર સાહેબ આવા કઠોર વચનો કહી જ ન શકે. કારણ કે કબીર સાહેબ તો દયાળુ હતા. તેઓ કોઈનું દિલ દુભાય તેવી વાણી બોલે જ નહીં ! તેથી આ પદ કોઈ બીજા મહાત્માએ કબીર સાહેબને નામે ચઢાવી દીધું હોવું જોઈએ એવું સ્વામીજી પૂરવાર કરવા માંગે છે.

સ્વામીજીનું આ અનુમાન વૈજ્ઞાનિક ન ગણી શકાય. કબીર સાહેબ દયાળુ સ્લભાવના હતા તેનો અર્થ એવો ન થઈ શકે કે તેઓ અસત્યને આક્રોશપૂર્વક ન પડકારી શકે ! બલકે કબીર સાહેબની તો એ વિશેષતા ગણાવી જોઈએ. આ પદ કબીર સાહેબના તત્ત્વજ્ઞાનને બહુ જ સરળતાથી ને સચોટતાથી રજૂ કરે છે તેથી કર્તૃત્વ માટે શંકા સેવવી નિરર્થક છે.

**શબ્દ - ૯**

આ અવળવાણીનું પદ કહેવાય. કબીર સાહેબનાં અવળવાણીનાં પદો ખૂબ પ્રખ્યાત છે. એ બધાં પદો ગંભીર અર્થ રહસ્યવાળાં હોવાથી અર્થ કરવામાં બુદ્ધિની કસોટી પણ કરી લે છે. તેથી એ બધાં પદોનું અર્થઘટન કેવી રીતે કરવું એ પણ એક સમસ્યા જ ગણાય છે. વાચક પોતાની ઈચ્છા મુજબ એનો અર્થ કરી શકે છે તેની ના ન થઈ શકે પરંતુ કબીર સાહેબના મનોગતને ધ્યાનમાં રાખી અર્થ કરવામાં આવે તો તે ઉત્તમ અર્થ ગણાવો જોઈએ. હિન્દી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન ડૉ. ત્રિગુણાયતજી કબીર સાહેબ જેવા સિદ્ધ સંતને સમજવા માટે જે માપદંડ રજૂ કરે છે તે અત્યંત ઉપકારક છે :

લોક કહૈ યહ ગીતુ હૈ, યહુ નિજ બ્રહ્મ વિચાર રે (ક. ગ્રં. પૃ. - ૨૭૩)

અર્થાત્ કબીર સાહેબની કવિતા લોકોની દૃષ્ટિએ ભલે ગીત તરીકે ખ્યાતિ પામે પણ ખરેખર તેની રચના પરમાત્મ તત્ત્વની સમજ માટે જ થઈ છે. પ્રત્યેક પદ કે શબ્દ આત્મવિચારથી જ સંપન્ન છે તે હકીકત અર્થઘટન કરતી વેળાએ ધ્યાનમાં રાખવી આવશ્યક છે. નહીં તો અર્થઘટન કરવામાં ઘણો ગોટાળો સરજાશે ને કબીર સાહેબને સમજવામાં આપણે ઊણા ઉતરીશું.

એ બધાં પદોમાં ક્યારેક પાયાનો પ્રભાવ દર્શાવી જીવનની દુર્બળતાનું ચિત્ર દોરવામાં આવ્યું હોય છે તો ક્યારેક આસુરી સંપત્તિ દૈવી સંપત્તિ પર વિજય પ્રાપ્ત કરી પોતાનો પ્રભાવ પાથરતી હોય તેવું દર્શાવવામાં આવ્યું હોય છે. પ્રત્યેક પદમાં આડકતરી રીતે યુક્તિપ્રયુક્તિથી જીવનના અસલી સ્વરૂપ તરફ અંગુલિ નિર્દેશ તો કરી દેવામાં આવ્યો જ હોય છે. રોજિંદા જીવાતા જીવનમાંથી પ્રતીકો શોધી કાઢી કબીર સાહેબ પોતાની પરમાત્મા વિષયક વિચારસરણી પ્રતીકાત્મક રીતે પણ અભિવ્યક્ત કરતા હોય છે. તેથી એ બધાં પદો ગૂઢ શૈલીવાળાં બની જવા પામ્યાં છે.

લૌકિક જગતમાં જે ઘટના સ્વાભાવિક રીતે ઘટતી હોય તેને કબીર સાહેબ અસ્વાભાવિક

રીતે ઘટતી બતાવે છે. ઉદાહરણ તરીકે આ જ શબ્દમાં પહેલા પુત્રનો જન્મ થયો પછી બાપનો જન્મ થયો એવું કહ્યું. ખરેખર આ સ્વાભાવિક વાત નથી. સ્વાભાવિક રીતે તો પહેલા પિતાનો જન્મ થાય ને પછી પુત્ર જન્મે. પિતા જન્મીને યુવાન બને પછી પરણે તો તેને ત્યાં પુત્રજન્મની શક્યતા ઉભી થાય. કબીર સાહેબે અહીં તો જુદી જ વાત કહી : પહિલે જન્મ પૂતકો ભયઉ, બાપ જનમિયા પાછે પહેલા પુત્રનો જન્મ થાય ને પછી પિતા જન્મે એ અસ્વાભાભિક ઘટના ગણાય. એનો આધ્યાત્મિક અર્થ કરવા માટે થોડી મહેનત કરવી પડે છે.પહેલા માનવનો જન્મ જગતમાં થયો છે. પિતા તરીકે ગણાતા ઈશ્વરનો જન્મ તો પછીથી થયો. માણસ સમજણો થયા પછી ઈશ્વરની વાત વિચારવા લાગ્યો. મનની કલ્પનામાંથી ઈશ્વરનો જન્મ થયો એવું કહેવામાં આવે છે. શાસ્ત્ર ગ્રંથો પણ કહે છે કે જીવેશાવભાસેન કરોતિ માયા ચાવિદ્યાચ સ્વયમેવ ભવતિ । અર્થાત્ માયા આભાસ દ્વારા જીવ અને ઈશ્વરને બનાવે છે. આ રીતે પ્રારંભમાં જે વાત અવળી જણાતી હતી તે વાત થોડો વધુ વિચાર કર્યા પછી સવળી લાગવા માંડે છે તે અવળવાણીનાં પદોની વિશેષતા પણ કહેવાય. અવળવાણીનું કોઈ પણ પદ જીવ, જગત ને જગદીશ અંગેની લોકોની ભ્રામક માન્યતાઓના નિરસન માટે યોગ્ય માર્ગદર્શન આપવાના હેતુથી રચાયું હોય છે, એમ જ સમજવું જોઈએ.

**શબ્દ - ૧૦**

ધર્મના બહાના હેઠળ માનવ પોતાની ભોગની લાલસાને જ ધાર્મિક સ્લરૂપ આપી ઉત્સવ ઉજવતો જણાય છે. હિન્દુ હોય કે મુસલમાન, સૌ કોઈ ભોગમાં જ માને છે ! ને તે જ પ્રમાણે ધાર્મિક તહેવારો પર પણ રંગ ચઢાવે છે ! ભગવાનને ગમે તેથી આવું અમે કરીએ છીએ એવો હિન્દુઓ દાવો કરતા હોય છે તો ખુદાના હુકમને જ અમે તો માન આપીએ છીએ એવો મુસલમાનો દંભ કરતા હોય છે. કોઈ પણ હિસાબે તેવો પોતાની ભોગવૃત્તિને સંતોષવા પ્રયત્ન કરે છે. જડ મૂર્તિને જીવતા પ્રાણીનો વધ કરી બલિ ચઢાવવાની પ્રથા ખરેખર તો ભોગી લોકોએ જ પોતાના શોખને ખાતર ચાલુ કરી હતી. કબીર સાહેબે આ શબ્દમાં હિન્દુ ને મુસલમાનોની ભોગવૃત્તિ પર વેધક કટાક્ષ કરી તેને આધારે ચાલુ થયેલ તમામ કુરિવાજોની નિરર્થકતા પૂરવાર કરી છે.

'સ્વાદ સમન્હિ કો મીઠા'-જીભનો સ્વાદ સૌને મીઠો લાગે છે એવા કટાક્ષયુક્ત વચનમાં લૂલીને વશમાં રાખ્યા વિના કોઈ પણ પ્રકારનું કલ્યાણ થઈ શકતું નથી એવો ગર્ભિત ઉપદેશ રહેલો છે. યાદ કરો -

ઘૂંઘટ કે પટ ખોલ,<br>
ઘટ ઘટમેં વહ સાંઈ રમતા કટુક વચન મત બોલ !

પ્રત્યેક શરીરમાં રહેલા રામને ઓળખવા માટે જીભ પર અંકુશ રાખવો આવશ્યક છે. નહીં તો ક્યારેક તે સ્વાદ લોલુપ બની જીવને વિષયોના ઉપભોગમાં ડૂબાડી દે છે ને ક્યારેક તે ન બોલવાના વેણ બોલી મહાભારતના યુદ્ધનું સર્જન કરે છે.

'બરત' એટલે વ્રતનું અપભ્રંશ રૂપ. જેમ હિન્દુઓમાં અગિયારસના ઉપવાસ કરવાની પદ્ધતિ

છે તેમ મુસલમાનોમાં રોજાના ઉપવાસો કરવાની રીત છે. બંને પ્રજાની ઉપવાસોની પદ્ધતિમાં ભોગવૃત્તિનાં જ દર્શન થાય છે. બંને પ્રજા તે સમયે હિંસાનું આચરણ કરે છે તેથી કોઈને પણ પરમાતમાની સિદ્ધિ થતી નથી. 'સગોતી' એટલે માંસ. ફારસી શબ્દ ગોશ્ત છે. 'ગોશ્ત' શબ્દમાંથી ગોત, સગોત, સગોતી જેવા અપભ્રંશ રૂપો બન્યા હશે.

"વૈ" હલાલ વૈ ઝટકે મારૈ"-માંસ ખાતા પહેલા જીવતા પશુની હત્યા કરવી પડતી હોય છે. મુસલમાનો શરીરનો થોડો ભાગ કાપીને ખુદાને યાદ કરે છે તે પદ્ધતિને હલાલ કહે છે. હલાલ કર્યા પછી પશુનો વધ કરવામાં આવે છે. હિન્દુઓ એક જ ઝાટકે કાપીને હોંશિયારીની બડાઈ મારે છે. મુસલમાનોની હલાલની પદ્ધતિને હિન્દુઓ ઘાતકી ગણે છે તો શું હિન્દુઓની એક જ ઝાટકે કાપવાની રીત ઘાતકી નથી ? ખરેખર તો અંતે બંને પ્રકારની પદ્ધતિ ઘાતકી જ છે. તેથી નથી મળતું મુસલમાનોને સ્વર્ગ કે નથી મળતી હિન્દુઓને મુક્તિ !

**શબ્દ - ૧૧**

પંડા એટલે બુદ્ધિ. જેની બુદ્ધિ સારી રીતે ખીલી છે તે પાંડેય અથવા પંડિત. જ્ઞાનવાદને પાંડેય કહેવાય. તેથી પાંડેય શબ્દનું અપભ્રંશ રૂપ પાંડે ગણાય. કબીર સાહેબના સમયમાં બ્રાહ્મણોને પાંડે કહેતા. સંતોને ઉદ્દેશીને આ પદનો પ્રારંભ કર્યો છે તે પણ સૂચક ગણાય. બ્રાહ્મણો સંતના સ્વરૂપે લોકોમાં પૂજાતા હતા. ખરેખર તો તેઓમાં સંતપણું તો હતું જ નહિ. તેઓ તો જીવવધ કરતા ને કરાવતા. તેથી સાચા સંતોએ સાવધ થવાની જરૂર છે. વાણી ને વર્તન શુદ્ધ રાખવા સાચા સંતે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. તો જ બ્રાહ્મણો જેવા બનાવટી સંતોથી તેઓ અલગ થઈ શકે.

"દરદ"-એટલે દુઃખ. દિલમાં દયા હોય તો હિંસક કૃત્ય ન થઈ શકે એ નીતિ વાક્ય કબીર સાહેબે અહીં યાદ કર્યું છે.

"વિધિ તે દેવી પુજાઈ"- વિધિસર દેવની પૂજા કરવામાં આવે છે. વિધિવિધાન કરતા પહેલાં પ્રથમ સ્નાન કરવું આવશ્યક મનાયું છે. સ્નાન કર્યા પછી તિલક પણ કરવું જ પડે. તિલકનો આકાર સંપ્રદાયો પ્રમાણે જુદોજુદો હોય શકે. ત્યાર પછી જ જીવવધ કરી બલિ ચઢાલવામાં આવે છે. ધર્મના બાહ્ય સ્વરૂપનું આચરણ નિયમિત રીતે કરનાર અંતરથી મેલો હોય, ગંદો હોય, કે ઘાતકી હોય તો પણ તે ધાર્મિક ન ગણાવો જોઈએ. અંતરની નિર્મળતામાં જ સાચી ધાર્મિકતા રહેલી છે તેવું કબીર સાહેબ માને છે.

"દીચ્છા" - એટલે દીક્ષા. વાણી વર્તને જે શુદ્ધ હોય તેને મંત્રદીક્ષા આપવાનો અધિકાર હોય છે. બ્રાહ્મણો તો એવી શુદ્ધિ જાળવતા નહોતા તેથી મંત્રદીક્ષા આપવાની તેમની રીત હાંસીપાત્ર ગણાય.

"પાપ કરનકો કથા સુનાવહી"-કથા સાંભળનાર પાપમાંથી મુક્તિ મેળવી શકે છે એવી માન્યતા આજે પણ પ્રવર્તમાન છે જ. કથા સાંભળવાથી મુક્તિ મળે એવી ભોળા ભક્તોની માન્યતાને લીધે આજે પણ કથાકારોનો ધંધો સારો ચાલે છે. કૃષ્ણાષ્ટમીને દિવસે જુગાર રમી શકાય ને શિવરાત્રીને દિવસે ભાંગ પીવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે વિગેરે ભ્રમણાઓ

આજે પણ સમાજમાં પ્રચલિત છે જ -વળી અહીં અખાની પેલી પ્રસિદ્ધ પંક્તિઓ પણ યાદ કરવા જેવી છે -

કથા સુણી સુણી ફૂટયા કાન
તો યે ન આવ્યું બ્રહ્મ જ્ઞાન !

"ગાય બધ"- ગાયની હત્યા કરનારને મુસલમાન કહેવામાં આવતો. હિન્દુઓ ગાયને પવિત્ર માનતા તેથી તેઓનું નૈતિક બળ તોડવા મુસલમાનો જાણી જોઈને ગાયનો વધ કરતા ને માંસ ખાતા- ખવરાવતા. તેવી જ રીતે કહેવાતો આ પાંડેય વર્ગ બકરા ને ભેંસનો વધ કરતા ને મુસલમાનો આગળ બડાઈ મારતા. ખરેખર બંને પ્રજા અધમકોટિનું આચરણ કરતી.

**શબ્દ - ૧૩**

"કનકકામિની સયાની" - સોનુ ધારણ કરનાર પુરુષ અને સુંદર દેખાતી સ્ત્રી એકમેકને ચતુર ગણાવે છે. કારણ કે સોનુ જોઈને લોભ જાગૃત થાય છે ને સ્ત્રીને જોઈને કામ. લોભ ને કામ એકમેકને જોઈને દેખાદેખીથી વધ્યા પણ કરે છે. "રામ ચરણ રતિ માની" - શું સગુણ - સાકાર રામ કે નિર્ગુણ નિરાકાર રામ ? ચરણ તો સગુણ સાકારના જ હોય શકે ! તેથી અહીં કયા રામ સમજવા ? અહીં ધ્રુવપંક્તિમાં માયા શબલિત રામનો ઈશારો છે તે યાદ કરવો જરૂરી છે.

**શબ્દ - ૧૪**

"સંસ"- શંકાથી બંધાયેલી ગાંઠ કદી છૂટતી જ નથી. તેથી તેવો જીવ દુઃખી જ થાય છે. તેથી ગીતા પણ કહે છે કે

અવિશ્વાસ શંકા હશે તે તો નષ્ટ થશે
આ જગમાં તેને નહીં કોઈ સુખ ધરશે. (સરળ ગીતા અ- ૪/૩૯)

મતલબ કે ગમે તે જાતનો કે વર્ણનો માનવ હોય, ઉંચ હોય કે નીચ હોય, જ્ઞાની હોય કે અજ્ઞાની હોય, ત્યાગી હોય કે ગૃહસ્થી હોય, કવિ હોય કે દાનેશ્વરી હોય, જો તે શંકાશીલ મનવાળો હોય તો તેને કદી સુખ પ્રાપ્ત થતું નથી.

**શબ્દ - ૧૭**

"જિલ્હા કે લંપટ" એટલે બેકાબુ જીભ. તેવી જીભ સ્વાદને બહાને ગમે તેવો ભોગ ભોગવે ને બોલને બહાને ગમે તેવો વાણી વિલાસ કરે. આ પ્રકારની સ્વાદની લોલુપતા માનવને નિર્બળ ને નિર્માલ્ય બનાવી દે છે. તેવો મનુષ્ય નરકનું જ દુઃખ ભોગવ્યા કરે છે. તેથી જીભની લંપટતા એટલે સ્વાદ લોલુપ જીભ તો ખરી જ; પણ અસત્ય ભાષણ, ગલત કે જૂઠી રજૂઆત કરનાર જીભ પણ ખરી.

**શબ્દ - ૧૮**

"તાકે ગુન નલ કૈસે પૈહો" -મનુષ્ય તેના ગુણનો પાર કેવી રીતે પામી શકે ? જે બ્રહ્મા-વિષ્ણુ ને મહેશ જેવા ત્રિદેવો રામના ગુણનો પાર ન પામી શકતા હોય, જો સનક, સનંદન, સનાતન જેવા ઋષિમુનિઓ પણ પાર પામતા ન હોય, તો પછી સામાન્ય માનવનું તો શું

ગજુ ? અહીં નિરાશાનો સૂર નથી. માનવદેહની મર્યાદાનું આડકતરું આલેખન છે. માનવ પાસે જે શક્તિશાળી સાધનો છે તે તો ત્યાં પહોંચી શકતા જ નથી. ત્યાં નથી ઈન્દ્રિયો પહોંચી શકતી કે નથી વાણી પહોંચી શકતી, નથી મન પહોંચી શકતું કે નથી બુદ્ધિ તેનો તાગ કાઢી શકતી. રામ તો અમર્યાદ છે. તેને કોઈ આકાર નથી. તેનો આકાર માનવો મૂઢતા ગણાય.

મનુષ્ય રૂપે હું રહ્યો એમ મૂઢ જાણે,
વિરાટ મારા રૂપને ના કદિ પરમાણે.
મૂઢ જનોનાં કર્મ ને વિચાર મેલા હોય,
સ્વભાવ હલકો તેમનો સંસારે રત હોય. (સ. ગી. અ.૯/૧૦-૧૧)

તો પછી તેવા રામનો પાર કોણ પામી શકે ? ગીતા કહે છે કે માનવે મહામાનવ બનવું પડે તો પાર પામી શકાય -

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥

અર્થાત્ હે અર્જુન ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરી કોઈ મહાત્મા પુરુષ જ મને સૌના આદિ તરીકે અવિનાશી જાણીને ભજે છે.

**શબ્દ - ૧૯**

"દુખિત સુખિત હો કુટુંબ જેવાબે" - કબીર સાહેબે અહીં મૃતભોજન એટલે મરી ગયેલા પાછળ કરાવાતું ભોજન નિરર્થક છે એમ કહ્યું. માણસ ગમે તેટલી સંખ્યામાં માણસોને ભેગા કરી જમાડે પણ દુઃખ તો જમાડનારે એકલાયે જ ભોગવવું પડે છે તે ઘોર વાસ્તવિકતાનું અહીં દર્શન છે. તે દ્વારા નથી દુઃખ ઓછું થતું કે નથી કોઈ દુઃખમાં ભાગીદાર થઈ શકતું. "પાખંડ મંત્ર" એટલે અંધવિશ્વાસથી જપવામાં આવતો મંત્ર. મનનાત્ મંત્રઃ અર્થાત્ મન દ્વારા ચિંતન-મનન કર્યા પછી જે નિષ્કર્ષ નીકળે તે મંત્ર કહેવાય. સમયાનુકૂલ મંત્રના અર્થ અને તેની ઉપયોગિતા બદલાતા રહે છે. જો તેવું ન થાય તો તે મંત્ર રૂઢ અર્થવાળો બની જાય છે. તેવો મંત્ર અંધવિશ્વાસથીસમજ્યા વિના જપવામાં આવે છે તેથી કશો લાભ પ્રાપ્ત થતો નથી.

**શબ્દ - ૨૨**

"મન બિસ્તારા" એટલે ચંચળ મન દ્વારાકલ્પનાઓ કરી કરીને એક માયાવી દુનિયાનું સર્જન કરવામાં આવ્યું હોય છે તે મનનો વિસ્તાર.

"આગે કરહુ વિચાર" એટલે મનની પેલે પારનો વિચાર. જ્યાં સુધી મન દ્વારા ઉભી કરાયેલી દુનિયાનો નાશ ન થાય ત્યાં સુધી મનની પેલે પાર પહોંચી શકાતું નથી. મનસાતીત સ્થિતિ તો ત્યારે જ પેદા થાય છે કે જ્યારે જીવ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે. તે સ્થિતિથી મનની કાલ્પનિક દુનિયાનો આપોઆપ નાશ થઈ જાય છે. મહાદેવ, હજરત, બ્રહ્મા, પયગંબર, અઠયાસી હજાર મુનિઓ, ચોવીસ અવતારો વિગેરે સૌ મનની કાલ્પનિક

દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે. જો મનની કલ્પનાનો અંત આવે તો તે સૌનો અંત આવી જાય છે.

**શબ્દ - ૨૩**

"કુદરત" એટલે રામ નહીં, પણ રામની શક્તિ માયા. માયા ધારે ત્યારે ને ત્યાં પાણીની જગ્યાએ સ્થળ ને સ્થળની જગ્યાએ પાણી કરી શકે છે. તેથી જ શ્વેતા. ઉપનિષદમાં કહ્યું છે કે દેવસ્યૈષ મહિમા તુ લોકે યેનેદં ભ્રામ્યતે બ્રહ્મચક્રમ્। (૬/૧) અર્થાત્ માયા દ્વારા સઘળું પરિવર્તન થાય છે. ગીતા પણ કહે છે કે

મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।
હેતુનાનેન કૌન્તેય (જર્ગાદ્વિપરિવર્તત) ॥ (અ-૯/૧૦)

અર્થાત્ હે અર્જુન ! મારી અધ્યક્ષતાથી આ ત્રિગુણાત્મક માયા સમસ્ત જગતને ઉત્પન્ન કરે છે અને તેથી જ આખું જગત હરક્ષણે ફેરફાર પામ્યા કરે છે. મૂઢ માણસ ત્રિગુણાત્મક માયાની આ ગતિ ઓળખી શક્તો નથી તેથી તે ભગવાનની જ આ ચાલ છે એવું માનીને ભ્રમણામાં જીવે છે.

**શબ્દ - ૨૪**

"તરિવર એક મૂલ બિનુ ઢાઢા" -મેરુદંડ રૂપી વૃક્ષ મૂળ વિના ઉભું રહે છે. મૂલાધાર ચક્રથી માંડી સહસ્રાર ચક્ર સુધી તો વિકસેલું હોય છે. તેને ફૂલ ફૂટતાં નથી પણ સીધા જ આઠ ચક્રોરૂપી ફળ લાગે છે - મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, સહસ્રાર ને સુરતિ કમલ. આ સાત ચક્રોને કુંડલિની શક્તિ જ્યારે આઠમા ચક્ર સુરતિકમલમાં પ્રવેશે ત્યારે તેને મધુર ધ્વનિ રૂપી પાંદડાંઓ ફૂટી નીકળે છે. તે ધ્વનિનો ગાનારો કોણ છે તે તો સદ્દગુરુ જ બતાવી શકે. અર્થાત્ સ્વરૂપમાં સ્થિર થયેલું મન જીભ વિના જ પરમ તત્ત્વનાં ગુણગાન ગાયા કરે છે.

"પંછી મોજ મીનકો મારગ" - ત્રણ પ્રકારના માર્ગે આગળ વધી શકાય છે. (૧) પિપીલિકા માર્ગ (૨) મીન માર્ગ ને (૩) વિહંગમ માર્ગ. પિપીલિકા એટલે કીડી. કીડીની માફક ધીમેધીમે લક્ષ્ય તરફ ગતિ કરવાની યૌગિક વિચારસરણીને પિપીલીકા માર્ગ કહેવામાં આવે છે. મીન માર્ગ એટલે સામે પ્રવાહે માછલી ઉતાવળે તરીને પોતાના લક્ષ્યને સિદ્ધ કરે તે માર્ગ. વિષયોના સામા પ્રવાહે સાધક સ્વરૂપને પામવા મથે તેમીન માર્ગ. ઉતાવળે ઝડપથી લક્ષ્યને સિદ્ધ કરવાની યૌગિક વિચાર સરણીને વિહંગમ માર્ગ કહે છે. પક્ષી ઉડાન શરુ કરે પછી ક્યાં થઈ પહોંચી જાય છે તેની નિશાની તે મૂકી જતું નથી. તે એવી કોઈ ગડભાંજની પરવા કર્યા વિના ઝડપથી લક્ષ્યને સિદ્ધ કરવાની લગની રાખે છે. યોગનો સાધક પાર્થિવ પદાર્થોની ગડભાંજને બાજુએ મૂકીને સીધો જ સ્વરૂપને પામવા પ્રયત્ન કરે તે વિહંગમ માર્ગ. કબીર સાહેબે અહીં આ બંને માર્ગને મહત્વ આપ્યું છે. વિહંગમ માર્ગ ને મીન માર્ગ ભલે ને એક જ માનવામાં આવતા હોય પણ અહીં બંને માર્ગનો મહિમા કરવામાં આવ્યો છે તે વિસરાવું ન જોઈએ.

શબ્દ - ૨૫

"વો તત્તુ રાવલ રાતા" -વો એટલે વિષય વાસનાનું સુખ કે જે જીવ સદા પામવાને ઝંખે છે. ખરેખર આત્મકલ્યાણનો માર્ગ ન ગણાય છતાં એ આત્મ કલ્યાણનો જ માર્ગ છે એમ માનીને હઠયોગી સાધના કરે તો તે માયા સાથે જ વિવાહ જોડી દેતો હોય છે.

"પાનીગ્રહન ભયે.....સમાની" -પરિણામે તે અજ્ઞાની હઠયોગીનું ધ્યાન સુષુમ્ણામાં જ લાગેલું રહે છે, પોતાના સ્વરૂપમાં નહીં. તેથી સંસારનું જ મંડન થયા કરે છે. વિષય વાસનાને જ પ્રોત્સાહન મળ્યા કરે છે અને છેવટે પરમસુખથી તે વંચિત રહી જાય છે. વિષય ભોગો જ તેને ખાય જાય છે. ભર્તુહરિ કહે છે તેમ ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા જેવી દશા થઈ જાય છે. તેથી જાગૃત સાધકો જ પોતાના બુદ્ધિના બળે યુક્તિપૂર્વક સંસાર સાગરને પાર કરી જવા મથે છે -

અપાર સંસાર સમુદ્રપાતી લબ્ધ્વા પરાં યુક્તિમુદારસ્તવઃ ।
ન શોક માયાતિ ન દૈન્યમેતિ ગતજવરસ્તિષ્ઠતિ નિત્યતૃપ્તઃ ॥ (યોગવા પ્ર-૨/૩)

અર્થાત્ અપાર સંસાર સમુદ્રમાં ઉદાર બુદ્ધિશાળી સાધક જ ઉત્તમ પ્રકારની યુક્તિપ્રયુક્તિઓ વડે દુઃખ ને દીનતાથી દૂર રહી સદૈવ શાંતિથી તૃપ્ત રહે છે.

શબ્દ - ૨૬

"બિરલે દોસ્ત હમારે" -અહંતા -મમતાના ભ્રમયુક્ત ઘરોને ભસ્મીભૂત કરનાર જ કબીર સાહેબના સાચા મિત્ર બની શકે !

"તજી કરિગહ" -ઘરનો વ્યવહાર છોડી આખા જગતની ચિંતા કરનાર જીવ કેવી રીતે શાંતિ પ્રાપ્ત કરી શકે ? તેનું મન તો દૂન્યવી વ્યવહારોમાં કલુષિત થઈ જતું હોય છે. રાગ દ્વેષાદિ દ્વંદ્વોમાં સપડાતું જતું હોય છે.

"ચાત્રિક - ચાતક પક્ષી. ધ્યેયની સિદ્ધિ માટે તપશ્ચર્યા કરનારનું જાણે કે પ્રતીક. ચાતક પક્ષીની માફક હૃદયમાં રામનામની એક જ રટણા નિત્ય થતી રહે તો સાચી ભક્તિનો ઉદય થયો ગણાય.

શબ્દ - ૨૮

"ભાર અભાર ભૌ ભારી" -મનનાં બે સ્વરૂપો છે : એક બંધનકારક ને બીજું મુક્તિદાયક. વિષયી મન બંધનકારક ને નિર્વિષયી મન મુક્તિદાયક. ભાર એટલે ભારી - બંધનકારક - જેને કારણે ભવસાગરમાં ડૂબી જવાય છે. અભાર એટલે હલકું - મુક્તિદાયક - કે જેને કારણે ભવસાગર તરી જવાય છે.

"ત્રિષા ન તૈવો બુઝાઈ" - ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ ।
હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે ॥ (ભાગવત-૯/૧૯/૧૪)

અર્થાત્ વિષયોભોગોથી કામવાસના શાંત નથી થતી. તેતો ઘીની આહુતિથી જેમ અગ્નિ પ્રજ્વલિત બને છે તેમ ભોગોથી વધારે પ્રબળ બને છે.

"ચારિ બ્રિચ્છ-ચાર વૃક્ષ -ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ ને સામવેદ રૂપી ચાર વૃક્ષ. "છવ સાખા" - શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ ને છંદ એ વેદના છ અંગો રૂપી

ડાળીઓ.

"પત્ર અઢારહ" -અઢાર પુરાણો : બ્રહ્મા., વિષ્ણુ, શિવ, પદ્મ, ભાગવત, નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવત, લિંગ, વરાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ ને બ્રહ્માંડ પુરાણ.

**શબ્દ - ૨૯**

"નયન રસિક જો જાગૈ" -ઈન્દ્રિયોનું વિષયો માટેનું આકર્ષણ સ્વાભાવિક ગણવણામાં આવે છે. અહીં નયન શબ્દ દ્વારા તમામ ઈન્દ્રિયોનું ને રસિક શબ્દ દ્વારા આસક્તિની અવસ્થાનું સૂચન થયું છે. એને જ્ઞાનીઓ મોહની અવસ્થા કહે છે. એ દશામાં મન સાંસારિક વિષયોના રસમાં જ રમખાણ રહેતું હોય છે. સત્યપુરુષ પરમાત્મ તત્ત્વને તે ભૂલી જાય છે. તેવી માનસિક સ્થિતિમાં જીવ સત્સંગમાં જાય તો ક્યારેક અલ્પ સમય માટે પરમાત્મા તરફ અભિમુખ બનવા તે પ્રયત્ન કરે છે પણ ખરો પરંતુ તેનું મન પરમાત્મામાં લાગતું જ નથી એવો અનુભવ થાય છે. સત્સંગમાંથી ઉઠી ઘરે આવે ત્યાં સુધીમાં તે સઘળું ભૂલી જાય છે. સંસારના ભોગો અને રસો આગળ પરમાત્મ સત્ત્વ સાવ ફીકું લાગે છે. પરંતુ જો મોહ નાશ પામે તો જાગૃતિની હવા રોમરોમમાં ફરી વળે છે; પરમાત્મ તત્ત્વમાં અનેરો રસ જાગી જાય છે; સાક્ષાત્કારની તેને લગની લાગે છે એમ કબીર સાહેબ સ્વાનુભૂતિને આધારે જાહેર કરે છે.

"અવિગત" - જેને વિષે કોઈપણ પ્રકારની માહિતી જ મળતી નથી તેને કેવી રીતે જાણી શકાય ? તેનું વર્ણન પણ કેવી રીતે કરી શકાય ? "અવિગત કી ગતિ કાહુ ન જાની, એક જીભ કિત કહીં બખાની" (રમૈની-૨) તથા "અવિગતકિ ગતિ કા કહીં, જા કે ગાંવ ન ઠાંવ" (રમૈની-૭) સદ્દગુરુ કબીર સાહેબે 'અવિગત' શબ્દને રમૈની પ્રકરણમાં સારી રીતે સમજાવ્યો છે. અહીં મોહજન્મ અવસ્થાને અતિક્રમી જનાર જીવને અગમ્ય ને અનંત ગણાતા પરબ્રહ્મ સાવ સુગમ બની જાય છે તેનો નિર્દેશ છે. મોહની અવસ્થામાં દ્રષ્ટિ દોષિત બનતી હોય છે તેથી પરમાત્મ તત્ત્વનાં દર્શન શક્ય બનતાં નથી. મોહ ટળે તો દ્રષ્ટિ સાફ થાય ને દર્શન શક્ય બની જાય. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિનો સિદ્ધાંત પણ અહીં સમજાય છે.

"અમલી લોગ ખુમારી ત્રિસુના" - અમલી એટલે વ્યસની. વિષય પદાર્થોની પ્રાપ્તિનો પણ એક નશો હોય છે. આંખ જેટલા પદાર્થો દેખે તેટલાં સૌ પ્રાપ્ત કરવાની ખેવના જાગે. એક મળે ન મળે ત્યાં તો બીજાંને મેળવવાની ઈચ્છા થાય છે. ઈચ્છાઓનો કોઈ અંત જ આવતો નથી. પદાર્થોની પ્રાપ્તિની કામના આ ઈચ્છાઓના પરપોટા જગાડયા કરે છે. કામના ન ફળે તો ક્રોધનો અનુભવ સહજ બને છે. જીવ દિવાનો થઈને સંસારમાં આ રીતે કામ ક્રોધનો શિકાર થયા કરતો હોય છે.

"ભાઠી" એટલે ભઠ્ઠી. બ્રહ્મારૂપી કુંભારની સંસાર રૂપી ભઠ્ઠી. જીવ સંસારનો રસ ઈન્દ્રિયો દ્વારા ચાખ્યા જ કરે છે. જેમ જેમ ચાખે તેમ તેમ લટ્ટુ બની જાય છે. દારૂ પીનારને જેમ દારૂ જોઈએ જ તેમ જીવને વિષયોનો અમલ જોઈએ જ. ગીતા પણ કહે છે કે પ્રકૃતિના ગુણનો કરે પુરુષ સદાય ભોગ, તેથી તેને થાય છે જન્મ મરણનો રોગ. (સરળ ગીતા - અ૧૩/૨)

"પોચ" એ ફારસી શબ્દ છે. તેનો અર્થ સામાન્ય રીતે 'ખરાબ' એવો થાય છે. ૬૪મી રમૈનીમાં કબીર સાહેબે પોચ શબ્દની સમજૂતિ આપતાં કહ્યું છે કે 'સંત સિધાયે સંત પહં, મિલિ રહા પોચ હિ પોચ' અર્થાત્ સંતની પાસે જે સજ્જન હોય તે જ જવાની ઈચ્છા રાખે પણ ખરાબ માણસો તો ખરાબનો જ સંગ શોધતા હોય છે. વિષયોના અમલમાં લટ્ટુ બની જીવ ખરાબ વૃત્તિઓનો દાસ બની જાય છે છતાં પોતે જ્ઞાનની વાતો જાણે છે તેવો ડોળ કર્યા વિના રહેતો નથી.

"ચતુરા હોય સો નાખૈ" યોગઃ કર્મસુ કૌશલમ્ એ ભગવદગીતાનું વચન અહીં યાદ આવે છે. સંસારમાં રહીને રાગ ન લાગે તેવી રીતે જીવવાની યુક્તિને ચતુરાઈ ગણવામાં આવે છે. વિવેક જ્ઞાન વિના તો ચતુર થઈ શકાતું જ નથી એ પણ હકીકત છે. સંસારમાં રહ્યા છતાં ય સંસારમાં આસક્ત ન બનનાર ચતુર ગણાય. ચતુર માણસ આસક્તિનો નાશ કરી શકે છે.

"જહાં ધીર ગંભીર.....મિલહુ કબીરા" -અહીં 'મિલહું' ક્રિયાપદ જીવને મોહનિદ્રામાંથી ઉઠીને ધીર ગંભીર એટલે સ્થિતપ્રજ્ઞ અને અતિ નિરમલ તથા નિત્ય પવિત્ર મહાપુરુષને મળવાનો ઉપદેશ આપે છે. ગીતા પણ એવું જ કહે છે :

"અનુભલવાળો હોય જે, જ્ઞાની તેમ જ હોય,
તેને જપતાં સેવતાં પૂછ પ્રશ્ન તું કોય. (સરળ ગીતા-અ-૪)

**શબ્દ-૩૧**

"સંસૈ છૂરી" એટલે સંશય રૂપી છરી જીવના સુખને હણી નાંખે છે. શંકા કુશંકા કરનાર જીવ હમેશ દુઃખી થાય છે. ગીતા પણ કહે છે :

અવિશ્વાસ શંકા હશે તે તો નષ્ટ થશે,
આ જગમાં તેને નહિ કોઈ સુખ ધરશે. (સરળ ગીતા-૪/૪૦)

"જીં લગિ કર ડોલૈ.....આસન કીજૈ" -જ્યાં સુધી હાથપગ સાબૂત છે ત્યાં સુધી પોતાની શક્તિ પર જ નિર્ભર રહેવાનો ઉપદેશ આપ્યો છે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી આશા ને વાસનાનો સદંતર ત્યાગ કરવો જોઈએ. જે પોતાની સાથે આવે છે તેનો જ વિચાર કરવો જરૂરી છે. જે નાશવંત છે ને સાથે આવતું જ નથી તેના પર વિચાર કરવાથી શો ફાયદો ?

**શબ્દ - ૩૮**

"બાંયે ડાહિને.....હરિપદ ગહિયા" - ચારે તરફ માયાની મોહિની ફેલાયેલી છે. તેને જોઈ જોઈ વિષયના વિકારો વધ્યા જ કરે છે. તે સર્વ વિકારોનો નાશ કરી મનને નિર્વિષય બનાવી દો તો પોતાના સ્વરૂપનું દર્શન થઈ શકે. તે જ પરમ પદ છે. તે જ મુક્તિની સ્થિતિ છે.

**શબ્દ - ૪૦**

"કહંહિ કબીર.....બાંધે જયપુર જાંસી" -અજામિલે આખું જીવન વિષયોના આનંદમાં ગુજાર્યું અને છેલ્લે મરતી વખતે પોતાના પુત્રને નારાયણ કહીને બોલાવ્યો તેથી માત્ર

નારાયણ શબ્દના ઉચ્ચારથી જ તેનો ઉદ્ધાર થઈ ગયો એવી પંડિત લોકોની પ્રચારાત્મક વાતોની નિરર્થકતા અહીં દર્શાવી છે. અંત વેળાએ એક જ વાર રામ બોલવાથી ઉદ્ધાર થઈ જતો હોવાથી વિષયોના વમળોમાં નિત્ય ડૂબી રહેવાનો ને મન ફાવે તેમ વર્તવાનો પરવાનો લોકોને મળી જાય છે ! લોકોને તો એવી વાતો ગમે જ છે ને જલદી ગળે ઉતરી પણ જાય છે. કોઈ મહેનત કરવા રાજી થતું નથી. બે પૈસામાં ભગવાન મળતા હોય તો લાખ કોણ ખર્ચે ? આવો ભ્રમ લોકોમાં દૃઢ થઈ ગયો હતો તેથી કબીર સાહેબે અહીં બહુ સરળ ને સરસ રીતે તેનું નિરસન કરી વિષયોને દૂર કર્યા વિના ભક્તિ થઈ શકતી નથી તેવું સુંદર માર્ગદર્શન પ્રદાન કર્યું છે.

**શબ્દ - ૪૧**

"કહૈ કબીર.....સંગ ન માયા" -છૂતા છૂતની દૃઢ થઈ ગયેલી ભાવનાને કબીર સાહેબે આ પદમાં પડકારી છે. "છૂતિ હિ જગ ઉપજાયા" એટલે આખું જગત રજવીર્યની ગંદકીમાંથી, અશુદ્ધિમાંથી, પેદા થયું છે તેથી જગતમાં અછૂત કોણ નથી ? માયામાં ડૂબેલા સૌ કોઈ અછૂત જ છે. માયાથી અલિપ્ત થવાની કોશિશ કરનાર શુદ્ધિયજ્ઞને પ્રજ્વલિત રાખે છે તેથી તેને અછૂત કેવી રીતે કહી શકાય ? જન્મથી તો સૌ છૂત જ કહેવાય !

**શબ્દ - ૪૨**

"બિનુ ગોપાલ ઠહર નહિ કતહૂં" - ગોપાલ એટલે આત્મતત્ત્વ. સ્વરૂપની પ્રાપ્તિમાં જ મુક્તિ છે એ કબીર સાહેબનો સંદેશ અહીં ધ્વનિત થયો છે.

"જહં પદ તહાં સમાહીં" -પોતાના સ્વરૂપનો પરિચય કરી જ્ઞાની પુરુષ તેમાં પ્રીતિ કરે છે ને પછી સ્થિતિ કરે છે. કબીર સાહેબ એને જ પરમ સિદ્ધિ કહે છે.

**શબ્દ - ૪૬**

"હડિયા હાડ.....કરમ બનેઉ" -ભક્તિનો સ્વાંગ ધરી માંસાહાર કરનાર લોકોની રીતભાત માટે 'ષટકર્મ'નો ઉલ્લેખ કરી કબીર સાહેબે વેધક કટાક્ષ કર્યો છે. "તાકાકો કહિયે કસાઈ ?" - જીવવધ કરે તે કસાઈ. બ્રાહ્મણો જીવવધ કરે તેથી તેઓ પણ કસાઈ. જીવવધ કરનારને બ્રાહ્મણ કહેવામાં આવે તો કસાઈ કોને કહેશું તે પ્રશ્ન અનુત્તર જ રહેશે.

**શબ્દ - ૪૭**

"બૂઝિ પિયરુ તુમ પાની" - કબીર સાહેબ અહીં વ્યંગ્યાત્મક રીતે બ્રાહ્મણોને સમજી વિચારીને પાણી પીવાની આજ્ઞા કરે છે. કારણ કે જે માટીના વાસણોમાં રાંધવામાં આવે છે ને જે માટીના વાસણોમાં પીરસીને ભોજન કરવામાં આવે છે તે માટીના વાસણો તો અછૂત ગણાય ! મોટા મોટા પયગંબર જેવા મુનિઓની રાખ તેમાં સડીને ભળી ગઈ છે. તેવી અપવિત્ર માટીમાંથી એ બધાં વાસણો તૈયાર કરવામાં આવ્યા હોઈ તેમાં પાણી કેવી રીતે પી શકાય ?

"ઈ સમ તુમરે કરમા" - છૂતા છૂતની ભાવના બ્રાહ્મણોની પેટ ભરવાની સ્વાર્થવૃત્તિમાંથી જ પેદા થયેલી હોવાથી તે હીન કર્મોનું જ પરિણામ કહેવાય !

**શબ્દ - ૪૮** "કા તેરા કા મેરા" -ધર્મના ભેદને લક્ષમાં રાખી કબીર સાહેબ મારા તારાની ભેદમૂલક વાતોનો છેદ ઉડાડી દે છે. હિન્દુઓ મારો ભગવાન કહે ને મુસલમાનો મારો ખુદા કહે ! ખરેખર તે તો એક જ છે. તેથી મારા તારાની લાગણી નિરર્થક છે.

**શબ્દ - ૪૯**

"હિદયા ગ્રહન લાગુ કેહિ ખના" -ખના એટલે ખૂણો, એક ભાગ. હૃદયને ગ્રહણ લાગવું એટલે સ્વરૂપને ન ઓળખવું - આત્માભિમુખ બનવાને બદલે વિષયાભિમુખ રહેવું - વિદ્વાન બ્રાહ્મણોને મોક્ષપદનું ભાન નથી તેથી મોક્ષની પ્રાપ્તિના બહાના હેઠળ તેઓ છૂતા છૂતની અને ધર્મના ભેદોની ભાવનાને બહેકાવતા ફરતા હોય છે. તેઓની આ પ્રવૃત્તિ આત્મ કલ્યાણને માટે પ્રતિકૂળ ગણાય.

**શબ્દ - ૫૦**

"આધે બસે પુરુષ આધે બસે જોય" -આ સૃષ્ટિની ઉત્પત્તિ પ્રકૃતિ દ્વારા થઈ. પ્રકૃતિ બે પ્રકારની છે. : જડ ને ચેતન. માત્ર જડ પ્રકૃતિથી કશું ઉત્પન્ન થઈ શકતું નથી. તેની સાથે ચેતન પ્રકૃતિનો સંયોગ થાય તો ઉત્પત્તિ શક્ય બને છે. ગીતા કહે છે :

પૃથ્વી, પાણી, તેજ ને વાયુ ચિત્ત આકાશ,
અહંકાર બુદ્ધિ કહી મારી પ્રકૃતિ ખાસ.
બીજી જીવ રૂપે રહી મારી પ્રકૃતિ છે,
તેનાથી જગને રચું, ઉત્તમ પ્રકૃતિ તે. (સરળ ગીતા અ-૭/૪-૫)

અહીં 'પુરુષ' એટલે જીવ અથવા ચેતન પ્રકૃતિ અને 'જોય' એટલે સ્ત્રી-માયા-જડપ્રકૃતિ.

"રૈનિ દિવસ બિકાર ચૂયે પાની" -સંસારરૂપી વૃક્ષમાંથી વિષયોનો રસ ઝર્યા કરે છે તેને કબીર સાહેબ વિકારનું પાણી કહે છે. જીવ તે રસનું પાન કર્યા કરે છે તેથી ગીતા કહે છે -

પ્રકૃતિના ગુણનો કરે પુરુષ સદાયે ભોગ,
તેથી તેને થાય છે જન્મમરણનો રોગ.

સંસાર રૂપી વૃક્ષ પર બેઠેલા બે પંખીની વાત ઉપનિષદે કરી છે તે અહીં યાદ કરવા જેવી છે.

દ્વા સુવર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે ।
તયોરન્યઃ પિપ્પલંસ્વાદ્વત્યનશ્નન્નન્યો અભિચાકશીતિ ॥

અર્થાત્ એક પક્ષી સંસારરૂપી વૃક્ષના ફળો ખાયા કરે છે બીજું પાત્ર જોયા કરે છે. સંસારમાં રહીને માત્ર ભોગવૃત્તિમાં મગ્ન રહેનાર જીવ રાતદિવસ વિકારનો શિકાર બન્યા કરે છે. જે તટસ્થ રીતે જોયા કરે છે તે સુખદુઃખ ભોગવતો જ નથી. તેની અસંગ દશા ઉત્તમ કોટિની ગણાય.

**શબ્દ - ૫૧**

"બૈઠા રહૈ ચલન ચહ ચોખ" - ચોખ એટલે સીધેસીધો. વિના મહેનતે મેળવવાની મનોવૃત્તિ મનુષ્યનો ઉદ્ધાર થવા દેતી નથી તેનો અહીં ગર્ભિત ઈશારો છે. પોતે બેઠો રહે કે સૂતો

રહે પણ સીધા જ લક્ષ્યને પ્રાપ્ત કરવાની જીવની અભિલાષા કદી ફળીભૂત થતી નથી.

**શબ્દ - ૫૨**

આ અવળવાણીનું પદ છે. સર્વ કાંઈ બ્રહ્મ છે, બ્રહ્મ સિવાય કંઈ જ નથી એવી ડંફાસ મારનારા પંડિતોને વ્યંગ્યાત્મક શૈલીથી કબીર સાહેબે પડકાર્યા છે. એક માત્ર બ્રહ્મ જ સર્વત્ર વ્યાપ્ત છે એવા ભ્રમમાં ડૂબેલા પંડિતો પોતાના શિષ્યોને આત્મકલ્યાણથી વંચિતજ રાખે છે. મિથ્યા તત્ત્વજ્ઞાનની વાતોનો તેઓ મૂશળધાર વરસાદ વરસાવ્યા કરે છે તો પણ શિષ્યગણના હૃદયરૂપી આંગણાંઓ તો કોરાના કોરા જ રહી જવા પામે છે ! કોઈને લાભ થતો નથી, બલકે નુકશાન જ થાય છે !

"છેરી બીગર ખાયા" - છેરી એટલે બકરી ને બીગર એટલે વાઘ. વાઘ બકરીને ખાય તે સ્વાભાવિક ગણાય, અહીં તો બકરી વાઘને ખાય જાય છે. જ્ઞાનના પ્રકાશ આગળ અજ્ઞાનનું અંધારું ટકતું નથી. બ્રહ્મજ્ઞાનની વાતોનો પ્રચાર બેકાર નીવડયો તેથી અવિદ્યા રૂપી બકરીનો નાશ ન થયો બલકે આભાસી બ્રહ્મજ્ઞાનની વાતોથી અવિદ્યા વધી. અવિદ્યાથી તો આત્માનો વિનાશ થાય છે. તેથીં કહ્યું અવિદ્યા રૂપી બકરી આત્મારૂપી વાઘને ખાય જાય છે. આ રીતે અવળવાણીનું પદ અલંકાર પ્રધાન બની ગયું છે.

"બિનુ પંખે ઉડિ.....ન સૂઝૈ" - આભાસી જ્ઞાનની વાતો સાંભળી અજ્ઞાની શિષ્યો કાલ્પનિક સુખમાં ડૂબી જાય છે. આભાસી જ્ઞાનને અદ્દભૂત જ્ઞાન ગણીને પોતે અમર બની ગયાની કલ્પના કરે છે. હવે મરણ થશે જ નહીં એવું માનીને સુખમાં છકી જાય છે.

**શબ્દ - ૫૩**

"જરા મરન રહિતે તન હોય" - સંસારરૂપી વૃક્ષને જે બરાબર જાણી લે છે તેને ઘડપણ ને મરણ હોતા નથી. કારણ કે તેને સાચું જ્ઞાન થઈ જાય છે. જ્ઞાનથી મુક્તિ મળે. ફરીથી શરીર ધારણ કરવાનું રહેતું નથી. એટલે ઘડપણને મરણનો અનુભવ કરવો પડતો નથી. ગીતા પણ એવું જ કહે છે :

અવિનાશી આ જગતને કહ્યો પીપળો છે,<br>
તેનો જાણે સાર જે જ્ઞાની સાચો તે.

સાર એટલે રહસ્ય. આ સંસારરૂપી પીપળાનું વૃક્ષ નિત્ય પરિવર્તનશીલ છે. આજે જેવું છે તેવું કાલે હતું નહિ ને આવતી કાલે તેવું રહેશે પણ નહિ. હરક્ષણે ફેરફાર થયા જ કરે છે. તેથી તેમાં આસક્તિ કરવી યોગ્ય નથી. સંસાર રૂપી વૃક્ષનું આવું રહસ્ય જે જાણે છે તે સાચો જ્ઞાની પુરુષ મનની અંદર સંસારરૂપી વૃક્ષને ઉગવા દેતો નથી. જો ભૂલેચૂકે ઉગે તો તેને અનાસક્તિની કુહાડીથી કાપી નાંખે છે -

દૃઢ આ દ્રુમ સંસારનું એમ વિચારી જે<br>
અનાસક્તિના શસ્ત્રથી છેદ બુધજન તે. (સરળ ગીતા-અ-૧૫/૭)

**શબ્દ - ૫૪**

"ચૌકે રાંડ ભઈ સંગ સોઈ" - પોતાના સ્વરૂપ તરફ પ્રીતિ ન કરી પણ અન્ય દેવીદેવતાની પ્રીતિ વધી. પરિણામે તેવા દેવી દેવતા મિથ્યા નીવડયા ત્યારે પોતે સ્વામી વિનાની થઈ

તેવું ભાન પ્રગટયું. મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી પોતાના આત્મસ્વરૂપ સિવાય બીજો કોઈ ઈશ્વર છે એવી ભ્રામક માન્યતાથી ઈશ્વરની ભક્તિ કરવાની ટેવ પડે છે. બહાર બધે બધ ઈશ્વરને શોધવા પણ પ્રયત્ન કરે છે. પરંતુ જીવને તેવા ઈશ્વરની ભેટ કદી થતી જ નથી. સંસાર સાગર તરી જવાશે તેવી ખોટી આશામાં ને આશામાં જીવન તો પૂરું થઈ જાય છે. ઈશ્વર રૂપી પતિ ન મળ્યાથી વિધવાપણાનું દુઃખ તે અનુભવે છે.

"ભયો બિવાહ ચલી બિનુ દુલહ" - સમધી એટલે જેની પ્રજ્ઞા સ્થિર થઈ છે તેવા ગુરુ. રસ્તામાં મહાપુરુષનો ભેટો થઈ જાય છે ત્યારે સાચું માર્ગદર્શન મળે છે. પોતાનો સ્વામી તો પોતાની પાસે જ હતો. અજ્ઞાનતાથી બીજાને સ્વામી માનીને જીવન વીતાવ્યું. હવે ભાન થયું કે સ્વરૂપનું અનુસંધાન કરવાથી જ પરમ સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ અંતકાળ તો આવી લાગ્યો. ગુરુ કહે છે કે ડર નહિ. જેટલો પણ સમય મળે તેટલા સમયનો સદુપયોગ કરી આત્મકલ્યાણ કરી લે.

**શબ્દ - ૫૫ (અવળવાણી)**

"સોઈ પંડિત.....ભગત કહાવૈ" - માત્ર શાસ્ત્ર ગ્રંથોને કંઠસ્થ કરી લેનાર પંડિત ન કહેવાય, મોટા મોટા ભાષણો કરનાર ભક્ત ન કહેવાય. પણ જે પોતાના સ્વરૂપને સમજવા કે જાણવા પ્રયત્ન કરે તે સાચો પંડિત, સાચો જ્ઞાની ને સાચો ભક્ત. ગીતા માર્ગદર્શન આપતાં કહે છે :

સ્પર્શ જન્ય ભોગો બધા, આદિ અને અંતે,
દુઃખ આપતા તે મહીં, જ્ઞાની ના જ રમે. (અ-૫/૨૨)
આત્માને સૌ જીવમાં, આત્મામાં સૌ જીવ
યોગી જુએ હંમેશ એ સમદર્શીની રીત (અ-૬/૨૯)
તુષ્ટ રહે પ્રારબ્ધથી, સુખેદુઃખે ન ડગે,
સંગ તજે, સમતા ધરે, ના બંધાય જગે. (અ-૧૨-૧૭)

**શબ્દ - ૫૬**

"અજહું લેઉ છુડાય કાલ સોં" - કબીર સાહેબે આપેલું આ અભયવચન છે. જે પોતાના મનને વિષયોમાં ન જોડે પણ આત્મામાં જ જોડે તે નિત્યમુક્ત સ્થિતિમાં જીવી શકે છે એ કબીર સાહેબનું સ્વાનુભૂતિ જન્ય વચન છે. મન અંતર્મુખ રહે ને આત્માભિમુખ બને તો તેનું કલ્યાણ જ છે. જો બહિર્મુખ રહે ને વિષયાભિમુખ બને તો દુઃખ જ દુઃખ છે, અકલ્યાણ છે.

**શબ્દ - ૫૭**

"અનહદ કહત.....બોલૈ એકૈ બાની" - સરખાવો શબ્દ - ૪૦
'પંડિત બાદ બદે સોજૂઠા !
રામ કહૈ જગત ગતિ પાવૈ ખાંડ કહે મુખ મીઠા' -

**શબ્દ - ૬૦**

"સેખ સૈયદ.....જિવ હિમારી" - માયાની ચર્ચા કરતા કરતા પણ કબીર સાહેબ પોતાના

યુગના સળગતા પ્રશ્નને ભૂલતા નથી. એટલું જ નહિ પણ ધર્મના બહાના હેઠળ કરવામાં આવતી જીવહિંસાની નિરર્થકતા પણ બતાવતા જ રહે છે.

**શબ્દ - ૬૩**

આ અવળવાણીનું પદ છે. વિશેષ કરીને રૂપકાત્મક છે.

"ફુલવા કે છુવત ભંવર મરિ જાય" - મન રૂપી ભમરો વિષયવાસના રૂપી ફૂલોનો સ્પર્શ કરે એટલે તે વિવેકશૂન્ય બની જાય છે. તેથી તેનો ભોગ ભોગવ્યા વિના રહી શકતો નથી. વિવેકશૂન્ય બની જવું તે મરી જવા બરાબર ગણાય.

"પંડિત જન ફૂલ રહલ લુભાઈ" - વિષયવાસનારૂપી ફૂલ તો માત્ર વિચાર કરતાં જ ખીલી નીકળે છે. તેને નથી હોતી ડાળ કે નથી હોતાં પાંદડાં. તે ફૂલમાંથી જ સંસારરૂપી એક મહાવૃક્ષ ફાલે છે ને ફૂલે છે. ગરીબ, તવંગર, ઊંચ, નીચ, ગૃહસ્થ કે ત્યાગી સૌ કોઈ વિષયવાસનામાં મોહિત થઈ જાય છે. મોટામોટા જ્ઞાની ગણાતા પંડિતો પણ બાકાત રહી શક્યા નથી. તેથી સંસારરૂપી વૃક્ષ ક્ષણે ક્ષણે વિકાસ પામતું જ રહે છે. તેના મૂળ ઉપર ને ડાળીઓ નીચે હોય છે. અર્થાત્ મૂળ હોય છે મનમાં મસ્તિષ્કને ભાગે તેથી મૂળ ઉપર છે એમ કહેવામાં આવે છે. ઈન્દ્રિયોરૂપી ડાળીઓ તેની નીચે લટકતી ઝૂમતી રહે છે. ગીતા પણ કહે છે :

મનુષ્યલોકમાં કર્મથી બાંધનાર છે તે<br>
નીચે શાખા, ઉપર છે મૂળ વૃક્ષનું એ. (અ-૧૫)

**શબ્દ - ૬૪**

"તાના તનૈકો.....પ્રગટે કામા" - વણકરના ધંધામાં વપરાતા યાંત્રિક સાધનોના નામો છસો વર્ષ પર જે પ્રચલિત હતા તે આજે વિસ્મૃત થયા છે. યાંત્રિક સાધનોમાં પણ સારું જેવું પરિવર્તન થયું તેથી નામો આપોઆપ બદલાયા પણ છે. તાના, અહુઠા, સરકુંઠી, કઠવત, માંડી, ગોડા, માંજા, મુરરિયા, ભરના, કરિગહ, વિગેરે શબ્દો આ પદમાં વપરાયા છે તે આજે તો પ્રચલિત નથી. તેથી તેનો ચોક્કસ શબ્દાર્થ કરવો મુશ્કેલ છે. છતાં પણ વણકરના ધંધાનું રૂપક કબીર સાહેબે જે હેતુથી રચ્યું છે તે સરળતાથી સમજમાં આવી જાય એવું છે. આ પંક્તિઓમાં માનવને કુદરતે ઉત્થાન માટે સર્વ સાધનો આપી જ દીધા છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરી દેવામાં આવ્યા છે. ગીતા પણ ત્રીજા અધ્યાયને અંતે માર્ગદર્શન આપતાં કહે છે

મન, બુદ્ધિ, ઈન્દ્રિય છે તેના નિત્ય નિવાસ<br>
તે દ્વારા મોહિત કરે માનવને તે ખાસ.<br>
મન બુદ્ધિ ઈન્દ્રિયનો તેથી કાબુ કરી,<br>
જ્ઞાનનાશ કરનાર તે પાપી નાખ હરી.<br>
ઈન્દ્રિયો બળવાન છે, મન તેથી બળવાન,<br>
મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, આત્મા ઉત્તમ જાણ.<br>
આત્માને ઉત્તમ ગણી, આત્મશક્તિ ધારી,<br>
કામરૂપ આ શત્રુને શીઘ્ર નામ મારી. (સરળ ગીતા અ-૩/૪૦ થી ૪૩)

કામ મનમાં જ રહેલો છે. માનવ તેનાથી જ મોહિત થાય છે. જ્ઞાનને તે ઢાંકી દે છે. તેથી કામનારહિત થવાની આવશ્યકતા પ્રથમ છે. જો કામના રહિત થઈ જવાય તો મન, બુદ્ધિ ને ઈન્દ્રિયોના સાધનો આત્મકલ્યાણ સાધવામાં અત્યંત ઉપયોગી બની જાય છે.

રૂપકના પ્રારંભમાં ભક્તિતત્ત્વની વાત ગૂંથી લીધી છે. મન, બુદ્ધિ ને ઈન્દ્રિયોની શક્તિ ઘણી છે. તે શક્તિનો વિનિયોગ સ્વરૂપનું અનુસંધાન કરવામાં વપરાય તો ઉત્તમ. તે અંગે મન, બુદ્ધિ ને ઈન્દ્રિયો પર જરૂરી સંયમ પણ સ્થપાવો જોઈએ. તેથી જ કબીર સાહેબે ચોથી ટૂંકમાં યોગની પરિભાષા વાપરી રૂપકના ફલકને વિશાળ બનાવી દીધું છે. ગરીબ વણકરો પણ યોગની સાધના ઘરમાં રહીને કરીને શકે છે ને મન, બુદ્ધિને ઈન્દ્રિયો પર સંયમ સ્થાપિત કરી આત્મકલ્યાણ સાધી શકે છે તેવું સ્પષ્ટ માર્ગદર્શન આ રૂપક દ્વારા મળી રહે છે.

"જોલાહા" શબ્દના ઉપયોગથી કબીર સાહેબ વણકર જાતિના હતા તેવું અનુમાન કરવું યોગ્ય ન કહેવાય. હા, જોલાહા નામની જાતિ તે સમયે હતી તે ચોક્કસ કહી શકાય. એવું પણ અનુમાન કરી શકાય કે ગરીબ માણસોને તેમજ નીચ ગણાતા માણસોને પણ પ્રકાશના પંથે વાળવા કબીર સાહેબે મહેનત કરી હતી. આ પ્રકારની પ્રવૃત્તિથી સંત તરીકેની પ્રતિષ્ઠામાં વધારો પણ થાય છે. માત્ર બ્રાહ્મણોને, ભણેલા ગણેલા પંડિતોને કે સંતમહંતોને જ કબીર સાહેબે મદદ નથી કરી પણ નીચ ગણાતા કચડાયેલા લોકોનો પણ પૂરેપૂરો ખ્યાલ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડયું છે.

**શબ્દ - ૬૭**

"બીજ રૂપ ભગવાના" -બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ - (ગીતા ૭/૧૦) અર્થાત્ મને સર્વ પ્રાણીઓના બીજ રૂપ જાણો. માયા આત્મસ્વરૂપથી અભિન્ન જણાતી હોવાથી આ પ્રમાણે કહેવામાં આવ્યું. એ જ છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહ્યું કે સર્વં ખલ્વિદં બ્રહ્મ । ચૈતન્યની સત્તા સર્વત્ર જણાતી હોવાથી આ સમસ્ત જગત બ્રહ્મસ્વરૂપ છે એવું જાહેર કરવામાં આવ્યું. ખરેખર તો બ્રહ્મતત્ત્વનું સાચું જ્ઞાન છે તે તો પરમાત્માને જગતનું વિકારી કારણ માને નહિ. છતાં પરિણામવાદીઓ એવું માનતા હોવાથી કબીર સાહેબે અહીં તાત્ત્વિક ચર્ચા કરી છે. સર્વે પ્રાણીઓના બીજ રૂપ મને જાણો એવું શ્રીકૃષ્ણ કહેતા પહેલાં એવું પણ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે

કર્મ અને કર્તૃત્વને કર્મફળ તણો યોગ<br>પ્રભુ કરે નહીં, એ બધો પ્રકૃતિનો છે ભોગ. (અ-૫/૨૪)

છતાં કેટલાક એવું માને છે કે સમસ્ત જગત બ્રહ્મસ્વરૂપ જ છે. તેથી કબીર સાહેબ દલીલ તરીકે કહે છે કે સંસાર બ્રહ્મસ્વરૂપ જ છે તો તેને તરવાની શી જરૂર ? કોણ બંધનમાં ગણાય ? સૌ મુક્ત જ ગણાય કારણ કે સૌ બ્રહ્મસ્વરૂપ જ છે. સુખદુઃખ, પાપપુણ્ય ક્યાં રહે છે ?

**શબ્દ - ૬૮**

"જહિ જાય બઢૈયા ના પરૈ" - સ્મશાનમાં સ્થૂળ અગ્નિથી તન બળી જાય છે, પણ મન બળતું નથી. વળી મનમાં રહેલા સંસ્કારના બીજ સમયે સમયે ઉગી નીકળે છે ને માનવને

કર્મમાં જોડી ગતિશીલ પણ રાખે છે. મનમાં રહેલા તે બીજને તો માત્ર જ્ઞાનરૂપી અગ્નિ જ બાળી શકે.

**શબ્દ - ૬૯**

"જો યહ ચરખા.....ન હોય" - શરીરની ઉત્પત્તિ ને વિનાશનું કારણ જે બરાબર સમજી લે છે તે સંસાર સાગર તરી શકે છે. વાસના વિહીન મન બને તો ઉત્પત્તિ ને વિનાશનો પ્રશ્ન જ રહેતો જ નથી. તેથી ઉપનિષદમાં પણ કહ્યું કે મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ । અર્થાત્ મન જ બંધન ને મોક્ષનું કારણ છે. મન શુદ્ધ રાખવામાં આવે તો સર્વે પ્રશ્નો ટળી જાય છે.

**શબ્દ - ૭૦**

આ શબ્દમાં માંસાહાર માટેનું કબીર સાહેબનું દૃષ્ટિબિંદુ જાણવા મળે છે. જે પ્રક્રિયા ને સિદ્ધાંતથી માનવના શરીરમાં લોહી ને માંસ બંને છે તે જ સિદ્ધાંતને પ્રક્રિયાથી પશુના શરીરમાં પણ માંસ ને લોહી બને છે. પશુમાં બુદ્ધિ નથી જ્યારે માણસમાં છે. તેથી બુદ્ધિનો ઉપયોગ ન કરે તો તે પણ પશુ જ ગણાય. પશુઓ કુદરતના નિયમને આધીન રહી ખોરાક ખાય છે. ઊંટને કુદરતે ઊંચું બનાવ્યું તેથી તેણે ઝાડપાનનો પાલો જ ખાવો રહ્યો. શરીરની રચના અનુસાર કુદરતે સૌને ખોરાક નક્કી કરી આપ્યો જણાય છે. દાંત વિનાના જીવોએ શિકારને ગળી જવો પડે છે. દા. ત. સાપ ઉંદરને ગળી તૃપ્તિનો અનુભવ કરે છે. વાઘ-સિંહ જેવા શિકારી હિંસક પ્રાણીઓને ચાવવાના દાંત નથી આપ્યા પણ બચકાં ભરીને ખાવાના રાક્ષસી દાંત જ આપ્યા છે. તેથી તેવા પ્રાણીઓ કાચુ માંસ ખાયને તૃપ્તિ અનુભવે છે. તેવા પ્રાણીઓને આંતરડાં પણ ટૂંકા જ આપ્યાં. ચાવીને ખાવાવાળા પશુઓને આંતરડાં ખૂબ લાંબા આવ્યાં છે. તેથી તેવા પ્રાણીઓએ ચાવીને ખવાય એવો જ ખોરાક લેવો રહ્યો. જો તેવા પ્રાણીઓ માંસ ખાય તો આંતરડાંમાં લાંબા વખત સુધી ખોરાકનાં બિનજરૂરી તત્ત્વો પડયા રહે છે, જે તંદુરસ્તી માટે હાનિકર્તા ગણાય. તેથી મનુષ્યને માટે માંસાહાર અવૈજ્ઞાનિક ગણાય એટલું જ નહીં પણ માનવતાને શોભે એવો પણ ન ગણાય. પોતાને કોઈ મારે તો માનવને જરી પણ ગમતું નથી. તો શા માટે તેણે બીજાં પ્રાણીઓને મારીને તેનું માંસ ખાવું જોઈએ ? તેથી કબીર સાહેબ અહીં વ્યંગમાં કહે છે કે માણસ બધા જ પશુઓનું માંસ ખાય છે પણ માણસનું માંસ કોઈને પણ ભાગ આવતું જ નથી. માણસ મરી જાય તો ક્યાં દાટવામાં આવે છે, ક્યાં તો બાળી દેવામાં આવે છે. પોતાની સ્વાર્થવૃત્તિને પોષવા તે બીજાની હત્યા કરીને તેને ભક્ષ્ય બનાવી દે છે તો તેનું શરીર પણ શિયાળ જેવા પશુઓને શા માટે સોંપી ન દેવું જોઈએ ?

"જો ખેતનમેં બોઈયા જી" - 'જે પોષતું તે મારતું એ ક્રમ દિસે છે કુદરતી' એ સિદ્ધાંત પ્રમાણે માનવ પશુઓનું સર્જન કરતો નથી અને જીવન પણ બક્ષતો નથી તેથી પશુઓની હત્યા કરીને તેને ખાવાનો અધિકાર પણ નથી. ખેડૂત અનાજ વાવીને જેમ પોતાનું ભરણપોષણ કરે છે તેમ તે સરળતાથી બીજાની હત્યા કરીને તેનું માંસ ખાતો ફરે છે તે ખરેખર કુદરતી

નિયમની વિરુદ્ધ જ ગણાય.

"જો તેરા હૈ.....નલેઈયા જી" - માનવે પોતાની સ્વાર્થવૃત્તિને પોષવા આ દેવદેવીઓની બનાવટી મૂર્તિઓને ઘડી એટલું જ નહીં પણ તેને ધાર્મિક ઓપ આપવા જીવતા પશુની હત્યા કરીને તે જડમૂર્તિને બલિ ચઢાવવાની પ્રથા ચાલુ કરી. ખરેખર માનવની આ વર્તણૂંક માનવ તરીકે શોભા આપતી નથી. તેથી કબીર સાહેબ અહીં બલિની પ્રથાને પડકારે છે. જો ખરેખર જડમૂર્તિમાં દેવદેવીઓ સાચે જ અસ્તિત્વ ધરાવતા હોય તો શા માટે તેઓ મેદાનમાં ચરતા ઢોરોને ખાય જતા નથી ? શા માટે માનવની પાસે હિંસા કરાવરાવે છે ? ને ચઢાવેલી બલિનું માંસ ખાતા હોય તો મૂંગા કેમ રહે છે ?

"જીવ્હા કે સ્વારથ" - લૂલીને વશમાં ન રાખી તેથી માનવ સાચો માનવ બની શક્યો નહીં. સ્વાદેન્દ્રિયને કારણે જ માનવ ભોગ પ્રધાન બની ગયો લાગે છે. તેના પર જો સંયમ સ્થાપવામાં આવે તો તે યોગપ્રધાન બની શકે છે અને સાચો માનવ બની સૌને સુખી કરવામાં સહયોગી થઈ શકે છે.

"બદલ પરાયા દેઈયાજી" -ભારતીય સંસ્કૃતિનો કર્મનો સિદ્ધાંત કબીર સાહેબ અહીં આગળ ધરે છે. જેવું કર્મ, તેવું ફળ. માનવ જો હત્યા કરીને બીજા જીવનું માંસ ખાય તો એક દિવસ તેનું માંસ પણ પશુઓ ખાશે તો નવાઈ નહિ. પશુઓ બદલો તો લેશે જ ને ?

**શબ્દ - ૭૩**

"ફૂલે ફૂલે" -મોહની અવસ્થામાં મનુષ્ય અભિમાનથી આંધળો બની જાય છે. રાજા હોય કે રંક, ગરીબ હોય કે તવંગર, ઊંચ હોય કે નીચ, સૌને માટે આ સત્ય છે. મદાંધ કોઈનું સાંભળે નહિ. તેને ઉપદેશ આપનાર દુશ્મન જેવો લાગે. તેથી માનવજીવનની નક્કર વાસ્તવિક્તાને કબીર સાહેબ યાદ કરાવી અહીં જીવને ચેતવણી આપે છે. માતાના ગર્ભમાં ઉંધે મોઢે દસ મહિના સુધી લટકી રહેવાની સ્થિતિથી કોણ બાકાત છે ? અને એ સ્થિતિ શું સુખદ ગણાય ?

"મૈં માખી....." મધમાખી મહેનત કરીને મધપુડામાં મધ એકત્ર કરે છે પણ તે મધનો તે જાતે તો ઉપયોગ કરી શકતી નથી. સંપત્તિને જ સુખનું કારણ માનનાર મહેનત કરીને ધન ભેગું તો કરે છે પણ હકીકતે તે જાતે તો ઉપભોગ કરી શકતો નથી. અને બને છે એવું કે તેણે જે કાંઈ ભેગું કરેલું હોય છે તે તેના ગણાતા સ્વજનોમાં તો ઝઘડાનું કારણ બની જાય છે ! તેને પ્રાપ્ત કરવા ખૂનામરકી સુધીની ઘટમાળ બન્યા કરે છે.

"ભૂત રહનિ કસ દીન્હા" - ભેગા કરેલા ધનમાં વાસના રહી જતી હોવાથી તે જીવ ભૂત બને છે એવી લોકમાન્યતા કબીરસાહેબ રજૂ કરે છે. મૃતદેહને તેથી જ લોકો વગે કરવાનું પસંદ કરે છે. કબીર સાહેબ અહીં વ્યંગ્યાત્મક રીતે માનવમનમાં રહેલા લોભને વ્યક્ત કરે છે.

"તનકી ઈહૈ બડાઈ" - "ઈસ તન ધનકી કૌન બડાઈ' એ સુપ્રસિદ્ધ કબીર સાહેબનું પદ અહીં યાદ કરવા જેવું છે. કબીર સાહેબ અહીં શરીરતી ક્ષણભંગુરતા વ્યંગ્યાત્મક રીતે 'બડાઈ' શબ્દનો પ્રયોગ કરી રજૂ કરે છે.

"દેહરિ" એટલે ઉંબરો. એક પ્રકારની ઘરની સરહદ. "મૈં લલની ભ્રમ સૂવા" - પારધી લોકો પોપટને પકડે છે તે રીત યાદ કરવાથી માનવ મનની ભ્રમણાનો સાચો ખ્યાલ આવે છે. પાણી ભરેલું રહે તેવા ખાડામાં કે તળાવના પાણીમાં પારધી બે લાકડાં ઉભાં કરી દે છે. વાંસની પોલી નળીમાં પાતળો દોરો પરોવી બંને લાકડાં સાથે બાંધી દે છે. પોપટ જ્યારે પાણી પીવા આવે છે ત્યારે તેના પર લાલ મરચું જોઈ તે ખાવાની લાલચે તેના પર બેસે છે. જેવો પોપટ બેસે છે તેવી જ વાંસની નળી ફરી જાય છે. પોપટ ઉંધે માથે થઈ જાય છે. પોપટને એવો ભ્રમ થઈ જાય છે કે વાંસની નળીએ મને પકડી લીધો છે. હકીકતે તો પોપટે જ પેલી વાંસની નળી ભયથી જોર કરી પકડી લીધી હોય છે. આ નાજુક ક્ષણોમાં પારધીનો શિકાર બની જાય છે. માણસનું પણ એવું જ છે. મોહિત થયેલું મન સંસારને પકડી રાખે છે. પણ સંસારે તેને પકડયો હોય તેવી માણસ ફરિયાદ કરતો જણાય છે. રડતો રડતો તે કાળનો શિકાર બની જાય છે.

**શબ્દ - ૭૪**

"ઐસો જોગિયા..... ન ધરની" - યોગના નામ પર અનેક પ્રદર્શનો યોજાય છે. જાદુગરીના તમાશા જેવી યોગની દશા કરી દેવામાં આવી છે. ચમત્કારના ખેલ પણ બતાવવામાં આવે છે અને ફંડફાળા પોતાની ભોગવૃત્તિને સંતોષવા એકત્ર કરવામાં આવતા હોય છે. તેવા યોગીઓને કબીર સાહેબે અહીં બરાબર ઠપકાર્યા છે. નથી થઈ શકતો તેઓનો ઉદ્ધાર કે નથી મળતો તેઓને ભોગનો સંતોષ. આકાશ શબ્દથી ઉદ્ધારનું સૂચન ને ધરની શબ્દથી ભોગની અતૃપ્તિ સમજવી.

"ઉતપતિ પર લૈ કછુ નહિ હોતે" - ગૌડાપાદચાર્ય દ્વારા અજાતવાદની વિચારસરણી પ્રચલિત બની હતી. તેના આધારે આવા ઢોંગી યોગીલોકો બ્રહ્માંડમાં માત્ર એક બ્રહ્મની જ સત્તા છે એવો પ્રચાર કરે છે. સંસારની ઉત્પત્તિ તો થઈ જ નથી. તેથી તેના નાશનો પ્રશ્ન જ ઉભો થતો નથી. કબીર સાહેબ કહે છે કે એક જ બ્રહ્મ સર્વત્ર વ્યાપ્ત હોય તો કોણ કોનું ધ્યાન કરે ? ધ્યાન કરનાર પોતે તો બ્રહ્મ જ છે ! આ રીતે તેમની મિથ્યા પ્રવૃત્તિઓને જોરદાર રીતે પડકારવામાં આવી છે.

"રામ સજીવન મૂરી" - ભવરોગ મનને થતો હોય છે, રામને નહિ. રામ એટલે આત્મારામ. પોતાનું સ્વરૂપ તે આતમરામ. સ્વરૂપનો પરિચય થઈ જાય તો મનનો ભવરોગ મટી જાય. તેથી રામ સંજીવની ઔષધ ગણાય.

ગીતા કહે છે કે ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્ સર્વભૂતાનિ યંત્રારુઢાનિ માયયા ॥

અર્થાત્ ઈશ્વર સર્વના હૃદયમાં રહેલો છે. તે જ દેહભાવમાં રત રહેનાર સર્વ જીવોને પોતાની માયાવી શક્તિથી અહીં તહીં ભમાવ્યા કરે છે. યંત્રારુઢ થવું એટલે માત્ર દેહભાવમાં રત રહેવું; માત્ર ભૌતિક સમૃદ્ધિની પ્રાપ્તિમાં જ વિમગ્ન રહેવું. જો તે યોગરુઢ થાય તો દેહભાવ ટળે ને આત્મભાવમાં નિમગ્ન બને. તો સ્વરૂપનાં દર્શન વડે તે પોતાનું આત્મકલ્યાણ કરી શકે.

"ભરમ.....ભરમ એટલે ભેદ. વર્ણના, જાતિના ને ધર્મના ભેદો માનવે રચ્યા છે, ભગવાને રચ્યા નથી. પાપપુણ્ય ને સ્વર્ગ નરકની વાતો પણ ઢોંગી ગુરુઓએ પોતાના પેટ ભરવાના ધંધા તરીકે જુદી જુદી કલ્પનાઓના રંગો પૂરીને આજ દિન લગી વિકસાવ્યા જ કરી છે, તે પણ ભેદમૂલક જ ગણાય. 'બિગુરચન' એટલે અડચણ. માનવતાના વિકાસની વચ્ચેનું અંતર વધતું જ ગયું. તેથી માનવતાનો વિકાસ થઈ શક્યો જ નહિ.

"અહમક ખોજ ભુલાના" -અહમક એટલં મૂર્ખ. પ્રત્યેક માનવ સુખી થવાની ઈચ્છાથી જ પ્રવૃત્તિનો આરંભ કરે છે. પરંતુ તે સાચું સુખ પામી શકતો નથી. માત્ર ક્ષણિક સુખોના આવેગોનો જ તે અનુભવ કરે છે. ક્ષણિક સુખથી કોઈને સંતોષ થતો જ નથી. તેથી માનવ પરમ સુખની શોધ કર્યા કરે છે. તેણે ઉભી કરેલી દિવાલો પણ પરમસુખની પ્રાપ્તિના હેતુથી જ અસ્તિત્વમાં આવી ગણાય. આત્મિક વિકાસમાં પણ આ ભેદની દિવાલો અડચણ ઉભી કરે છે.

"કો બ્રાહ્મન કો શૂદ્રા" - વર્ણ ને જાતિના ભેદો શરીરનું પૃથક્કરણ કરી વિચારવામાં આવે તો સાવ નકામા લાગે. આ શરીર વાસ્તવિક રીતે તો માતપિતાના રજવીર્યથી બન્યું તેને જુદા જુદા નામો આપી સંસારના વ્યવહારો કરવામાં આવે છે. પ્રત્યેકના શરીરમાં એક જ પ્રકારે ચામડી બની છે, એક જ પ્રકારનાં હાડકાં જણાય છે, મળમૂત્રની પ્રક્રિયા પણ એક જ પ્રકારે થતી હોય છે, સર્વના શરીરોમાં એક જ પ્રકારનું એક જ રંગનું લોહી વહેતું હોય છે, માટે કયા શરીરને બ્રાહ્મણ કહેવું ને કયા શરીરને શૂદ્ર કહેવું ?

"રજગુન બ્રહ્મા.....હરિ સોઈ" - સંસરામાં લોકોને ભેદ પાડીને જ ભોગવવાનીપદ્ધતિ ગમતી લાગે છે. ભારતમાં તો માત પિતા પણ બે પુત્રોમાં ભેદ પાડી એકને વ્હાલો ને બીજાને અળખામણો ગણીને સંતાન સુખને ભોગવે છે. મિલકત વસાવે તેમાં પણ એક સારી ને બીજી નબળી ! ભેદ પાડીને ભોગવવાની રીત માણસે ધર્મમાં પણ ચાલુ કરી. દેવોમાં પણ ભાગલા પાડયા ! એકને તામસી, એકને રજોગુણી ને એકને સત્વગુણી ! ખરેખર આ સારી રીત નથી. પ્રત્યેક દેવોમાં પણ રામ તો એક જ રમી રહ્યો છે ! તેના વિના દેવ દેવ નથી થઈ શકતો ! તેથી રામનું મહત્વ વિશેષ છે. પ્રત્યેક માનવમાં પણ ચેતન તત્ત્વ તો એક સરખું જ જણાય છે. તેના વિના માણસ માણસ નથી ગણાતો ! ચેતન તત્ત્વમાં ને રામમાં ભેદ કોણ પાડે છે ? માનવનું મન જ ભેદો સર્જે છે !.

"હિન્દુ તુરુક ન કોઈ" -કબીર સાહેબે પોતાના યુગના પ્રશ્નને અહીં રજૂ કર્યો છે, જેમ 'રમૈનીઓ'માં કબીર સાહેબે તેની ચર્ચા કરી છે તેમ 'શબ્દ' પ્રકરણમાં પણ તેની જોરદાર રજૂઆત કરી છે. આગલા શબ્દમાં નિર્જીવ પથ્થરની મૂર્તિને સજીવ પશુની બલિ ચઢાવવામાં આવે છે તે માનવને શોભાસ્પદ નથી એમ માર્મિક રીતે કહ્યું છે. સર્વમાં એક જ રામ રમી રહ્યો છે તેથી હિન્દુને મુસલમાનોના ભેદો નિરર્થક છે એવું આ પદમાં પૂરવાર કર્યું છે. પરંતુ ભેદો તો મટયા જ નહીં. બલકે વધતા જ ગયા. તેને આધારે જ આ દેશના પણ ભાગલા પડયા ! મુસલમાનોએ અલગ રાજ્યની માંગણી કરી પાકિસ્તાનનું સર્જન કર્યું. ત્યાર પછી

પણ ભેદો મટયા નથી, વધ્યા જ છે. આજે આપણે એકવીસમી સદીમાં જવાની તૈયારી કરી રહ્યા છે, ત્યારે પણ ભેદ પાડીને ભોગવવાની મનોવૃત્તિ જુદી જ તરી આવે છે. સુખની શોધ હજી ચાલુ જ છે !

**શબ્દ - ૭૬**

આ પદ થોડા ફેરફાર સાથે સૂરસાગર ગ્રંથમાં મળી આવે છે. સૂરદાસે લખ્યું હોય તેવું કેવી રીતે માની શકાય ? સૂરદાસ તો કબીર સાહેબ પછી થયા. વળી બીજકની રચના સૂરસાગર ગ્રંથ કરતાં પહેલાં થયેલી ગણાય. એટલે બીજકના આ પદમાં થોડો ફેરફાર કરી કોઈ ભક્તે સૂરદાસને નામે પદ લખી નાખ્યું હશે એવું અનુમાન કરી શકાય.

**શબ્દ - ૭૭**

"રામાનંદ રામ રસ પાતે" -કહેવાય છે કે રામાનંદ કબીર સાહેબના ગુરુ હતા. તે રામાનંદ કોણ ? સ્વામી રાઘવાનંદના શિષ્ય રામાનંદ ? કે પછી દક્ષિણથી આવેલા બીજા કોઈ રામાનંદ કે જેણે ભક્તિમાર્ગનો વિકાસ ઉત્તર ભારતમાં આવીને કર્યો હતો ? અહીં 'માતે' શબ્દ કબીર સાહેબનો મત રામાનંદથી ભિન્ન હતો તેવું દર્શાવે છે. કબીર સાહેબ રામ રસ એટલે આત્મરસ એવું માને છે જ્યારે રામાનંદ આત્માથી ભિન્ન કોઈ બીજા રામના રસમાં માનતા જણાય છે. તેથી રામની કલ્પના આત્મસ્વરૂપથી ભિન્ન હોય તો તે કબીર સાહેબને માન્ય નથી. આત્મસ્વરૂપથી ભિન્ન રામની આરાધના નિરર્થક છે કારણ કે તેવા રામ કોઈને હજી મળ્યા નથી. તેવા રામની ઉપાસનામાં દિવાના બનવાથી શો લાભ ?

**શબ્દ - ૮૧**

આ પદમાં કબીર સાહેબે સગુણ ભક્તિ અને તેના વિકાસની માર્મિક ચર્ચા કરી છે. સૌ કોઈએ સગુણ ભક્તિનો આધાર વેદ છે એમ મનાવ્યું. ઋગ્વેદમાં વિષ્ણુસૂક્તને વરુણસૂક્ત છે. તેમાં ભક્તિના બીજ રહેલાં છે. વળી શ્વેતા ઉપનિષદમાં ભક્તિ શબ્દ સૌ પ્રથમવાર પ્રયોજાયો જણાય છે : યસ્ય દેવે પરાભક્તિઃ યથા દેવે તથા ગુરૌ ! અર્થાત્ જેવી રીતે દેવમાં પરમ ભક્તિ હોય છે તેવી ગુરુમાં પણ હોય છે. ભક્તિનું સગુણ સ્વરૂપ આ રીતે ગૂંથાતું ગયું. સગુણ ભક્તિની ચૂંદડી વાલ્મિકી, શુકદેવ ને જયદેવ દ્વારા તૈયાર થતી ગઈ. વાલ્મિકી એટલા માટે કે રામાયણમાં રામનું ઉદાત્ત ચરિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. પછીના કવિઓદ્વારા તેમાં ઐશ્વર્ય આદિ ગુણોનું આરોપણ કરી ભગવાન વિષ્ણુના અવતાર તરીકે રામકથાનો વિસ્તાર થતો ગયો. તે જ રીતે શુકદેવે પણ ભાગવતની કથા દ્વારા સગુણ ભક્તિના પ્રવાહને ચાલુ રાખ્યો. ભાગવત સંપ્રદાયનો પ્રારંભ થયો. સગુણ ભક્તિ સૌ કોઈને ગમવા લાગી. જયદેવે 'ગીતગોવિંદ'ની રચના કરી રાધા - માધવનો વિરહ ગાયો ને શૃંગાર રસમાં રગદોળી સગુણાભક્તિને આકર્ષક બનાવી.આ રીતે સગુણ ભક્તિની મીમાંસા કબીર સાહેબે કરી છે.

**શબ્દ - ૮૨**

"સદા રહૈ સુખ સંજમ અપને" - શાશ્વત સુખ તે જ પરમ સુખ. તે સુખ મનના સંયમથી

જ પ્રાપ્ત થાય છે. રાજયોગી મનના સંયમને જ પ્રાધાન્ય આપે છે. તે સિદ્ધિના ક્ષણિક સુખોથી લોભાતો નથી. જ્યારે હઠયોગી મનના સંયમ તરફ ધ્યાન દેતો જ નથી. તે સિદ્ધિમાં જ મહાલતો રહે છે. સિદ્ધિ એ માયાનું સ્વરૂપ છે. તે દ્વારા યોગી ફસલાય છે ને ચ્યુત પણ થાય છે. સિદ્ધિના સુખમાં તેનું પતન થાય છે. અહીં "વસુધા" એટલે માયા. માયા કોઈની થઈ નથી ને થશે પણ નહિ. તે નિત્ય કુંવારી જ રહે છે.

**શબ્દ - ૮૪**

"કાજી કવન કિતેબ બખાની" - હિન્દુ ને મુસલમાનો બંનેને સંબોધીને કબીર સાહેબે ઉપદેશ આપ્યો હોવાથી 'કિતેબ'નો અર્થ ધાર્મિક ગ્રંથો થાય. હિન્દુઓ વેદ, ઉપનિષદ ને ગીતાને પોતાના ધાર્મિક ગ્રંથો તરીકે માને છે જ્યારે મુસલમાનો કુરાનને મહત્વ આપે છે. તેથી કાજી એટલે અહીં ધર્મગુરુ. ધર્મગુરુઓ માત્ર ધર્મગ્રંથો જ વાંચ્યા જ કરે, તેમાં વ્યક્ત કરેલું રહસ્ય સમજે નહીં ને જાણે પણ નહીં, તેમ જ જાણ્યા પછી તે અનુસાર જીવનમાં ઉતારે નહીં તો કોઈ પણ પ્રકારના આધ્યાત્મિક લાભથી તેઓ વંચિત રહી જાય છે એવું કબીર સાહેબ માર્મિક ટકોર કરી જણાવી રહ્યા છે.

"સકતિ" શબ્દ અહીં શક્તિના અપભ્રંશ રૂપ તરીકે પ્રયોજાયો છે. સુન્નતની પ્રથા ખુદાએ ચાલુ કરાવેલી એવું મુસલમાનો માને છે. પરંતુ એ વાત કબીર સાહેબ માનવા તૈયાર નથી. એ તો માત્ર મુસલમાનોનું અનુમાન જ કહેવાય ! એને સત્ય ન કહી શકાય ! જો એ સત્ય હોય તો ગર્ભમાં જ સુન્નત આપમેળે થઈ જવી જોઈએ. ખરેખર જન્મ્યા પછી મુસલમાનો તો સુન્નત કરાવે છે. તેથી ખુદાની કહેવાતી પ્રજા માનવસર્જિત જ છે.

"ઔરતિ કો કા કહિયે" - મુસલમાનોમાં માત્ર પુરુષોને જ સુન્નત કરાવવામાં આવે છે. સ્ત્રીને સુન્નત કરાવી શકાતું નથી. તો સુન્નત કરાવે તે જ મુસલમાન ગણાતો હોય તો સ્ત્રીને શું કહેવાય ? સુન્નત ન થતું હોવાથી સ્ત્રી મુસલમાન ન ગણાવી જોઈએ. તે તો હિન્દુ તરીકે જ રહી જવા પામે છે. અહીં "તાતે હિન્દુ રહિયે" શબ્દો તે સમયે થતી વટાળ પ્રવૃત્તિ અને તેમાં થતા જોરજુલમને માર્મિક રીતે વ્યક્ત કરી દે છે.

"વૈ જનમ કી શુદ્ધિ પરોસૈ" - એ જ પ્રમાણે જનોઈની પ્રથા માટે કબીર સાહેબ તાર્કિક વિચારણા રજૂ કરે છે. જનોઈ પહેરવાથી બ્રાહ્મણ બની જતું હોય તો સ્ત્રી જનોઈ પહેરતી જ નથી. તેથી તે શૂદ્ર જ ગણાવી જોઈએ. 'સુદ્રિ' શબ્દ બ્રાહ્મણોએ ઉભી કરેલી આભડછેટની પ્રથા માટે ભારે કટાક્ષ રજૂ કરે છે. શૂદ્રના હાથનું ભોજન બ્રાહ્મણો ન જમે તેથી પોતાની પત્ની જનોઈ ધારણ ન કરતી હોવાથી શૂદ્ર ગણાય માટે પત્નીના હાથનું ભોજન બ્રાહ્મણોએ ન જમવું જોઈએ !

"ખોજાદે" શબ્દનો અર્થ હે ખોજાઓ અથવા તો હે મુસલમાનો એવો ન થઈ શકે. કારણ કે કબીર સાહેબ બંને વર્ગને સંબોધી રહ્યા છે તે ભૂલવું ન જોઈએ. અહીં 'ખોજાદે'નો અર્થ સંશોધન કરો એવો થઈ શકે. જેમ સુન્નતની પ્રથા બાહ્યાચાર છે જે માનવે બનાવેલો નિયમ છે, ખુદાએ નહિ તેમ જનોઈની પ્રથા પણ બાહ્યાચાર છે, તે માનવસર્જિત છે, ઈશ્વર સર્જિત નથી. આ પ્રમાણે બુદ્ધિનો ઉપયોગ કરી ધાર્મિક રીતરિવાજો પાછળ રહેલા મર્મનું સંશોધન

કરવાનો કબીર સાહેબે ઉપદેશ આપેલો ગણાય. "કવિરન" શબ્દ અજ્ઞાની લોકો માટે પ્રયોજવામાં આવ્યો છે. અજ્ઞાની લોકો રામને શરણે રહેવાનો માત્ર ઢોંગ જ કરતા હોય છે. તેઓ મોઢેથી જેવું બોલે છે તેવું વ્યવહારમાં આચરણ કરતા દેખાતા નથી. તેઓ તો સ્વાર્થ સાધવા જ બોલ્યા કરતા જણાય છે. અંતે કોઈનો ઉદ્ધાર તો થતો જ નથી તે જાણીને કદાચ પસ્તાતા પણ હશે.

**શબ્દ - ૮૫**

"બીબી બાહર.....ડેરા" - વફાદાર પત્નીને જેમ કોઈ ઘરમાંથી બહાર કાઢી મૂકે અને વેશ્યાને પોતાના ઘરમાં રાખે તો તે કદી સુખી થઈ શકતો નથી તેમ આ જીવ મોહગ્રસ્ત થઈ પોતાના હૃદયમાં રહેલી ઉપયોગી સદ્‌વૃત્તિઓ, જેવી કે શીલ-ક્ષમા-સદ્‌વિચારસંતોષ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ વિગેરેનો નાશ કરે અને તેને બદલં રાગદ્વેષ, વિષય વાસના, તૃષ્ણા, અવિવેક વિગેરેને પોષે ને મહત્વ આપે તો તે કેવી રીતે સુખી થઈ શકે ? જીવનનું સાચું સુખ તો મનમાં સારા વિચારો હોય તો સદ્‌ગુણ વધે ને સદાચાર શક્ય બને તો તે દ્વારા જ પ્રાપ્ત થાય છે. તેથી જ વેદમાં પણ પ્રાર્થના કરવામાં આવી કે આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ । બધી બાજુથી મારા મનમાં કલ્યાણકારી વિચારો ઉભરાઈ રહો ! કારણ કે સુખનો સાગર તો શરીરની અંદર જ છે. ચિત્તશુદ્ધિ થયા પછી તેનો અનુભવ થાય છે. ચિત્તશુદ્ધિ કલ્યાણકારી વિચારો ઉદ્દભવે તો જ થઈ શકે !

**શબ્દ - ૮૬**

"ધ્યાન ધનુષ્ય.....સાર સાધ" -આવા જ પ્રકારનો ઉપદેશ ઉપનિષદ દ્વારા પણ આપવામાં આવ્યો છે :

પ્રણવો ધનુઃ શરો હિ આત્મા બ્રહ્મ તલ્લક્ષ્યમુચ્યતે ।
અપ્રમત્તેન વેધ્યવ્યં શરવત્ તન્મયો ભવેત્ ॥

અર્થાત્ ઓમ્ ધનુષ્ય છે અને આત્મા બાણ છે. તેનું લક્ષ્ય બ્રહ્મની પ્રાપ્તિ છે. એકદમ સાવધાન થઈને લક્ષ્યને વીંધી નાખવું જોઈએ.

**શબ્દ - ૮૭**

"ચારિ દિગ મહિમંડલ.....હૈ જમ કીલી" -મહિમંડલ એટલે પૃથ્વી. પૃથ્વી તત્ત્વથી આ શરીર બન્યું ગણાય. તેથી અહીં શરીરરૂપી મહિમંડલ એમ સમજવું. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ એ ચાર દિશાઓ તેમ નાભિ, હૃદય, કંઠ ને ત્રિકુટી એ શરીરની ચાર બાજુઓ. આખી પૃથ્વીનો સમ્રાટ ક્યાં રહે છે તો કહેવામાં આવ્યું કે હૃદયરૂપી દિલ્હીમાં. દિલ્હીમાં કબીર સાહેબના સમયે બાદશાહ રહેતો હતો તેથી દિલ્હીની પૂર્વમાં થાઈલેન્ડ જેને અહીં સામ કહેવામાં આવ્યો છે અને પશ્ચિમમાં હોય જેને અહીં રુમ કહેવામાં આવ્યો છે. રોમ તરફથી મુસલમાનો આવ્યા હતા તેથી રુમનો ઉલ્લેખ કર્યો છે. મુસલમાનોએ થાઈલેન્ડ સુધી પોતાની સત્તા પ્રસારી હતી તેથી સામનો ઉલ્લેખ કર્યો છે. શરીરની રચનાને હિસાબે વિચારીએ તો હૃદય તે દિલ્હી, મૂલાધાર ચક્ર તે રોમ ને વિશુદ્ધ ચક્ર તે સામ. બંનેની વચ્ચે હૃદય કે જેમાં આત્મારૂપી બાદશાહ રહ્યો છે. પરંતુ ત્યાં કોઈ અજબ પ્રકારનો તમાશો થઈ રહ્યો

જણાય છે. ત્યાં બાદશાહ વિષયવાસનાના માદક પીણાંઓ પીને તમાસાનો ખેલ કર્યા કરે છે. તે માદક પીણાંઓથી વિવશ લાગે છે. માદક પીણાંઓ છોદી દે તો તે પોતાનો પ્રભાવ પાથરી શકે. માદક પીણાંના નશામાં તે પોતાને પણ ભૂલી જાય છે ને પોતાનું કર્તવ્ય પણ ભૂલી જાય છે. તેથી કબીર સાહેબે આ પદમાં જીવને ઉદ્દેશીને સ્પષ્ટ ઉપદેશ આપ્યો છે કે હે જીવ ! તું તારું ઘર ક્યાં શોધે છે ? તે તો તારા હૃદયમાં જ છે. યમરાજ નચિકેતાને કહે છે તે અહીં યાદ કરવા જેવું છે :

અણોરણીયાન્મહતો મહીયાનાત્માસ્ય જન્તોર્નિહિતો ગુહાયામ્ ।
તમક્રતુઃ પશ્યતિ વીતશોકો ધાતુઃ પ્રસાદાન્મહિમાનમાત્મનઃ ॥

અર્થાત્ સ્વરૂપે જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે અને ગુણોમાં જે મહાનમાં મહાન છે તે આત્મા સર્વ પ્રાણીઓના હૃદયરૂપી ગુફામાં રહે છે. જે કર્મજાળથી મુક્ત બની દુઃખરહિત થઈ જાય છે તે જ તેને જાણી શકે છે. શુદ્ધ મન વડે તેનો મહિમા સમજમાં આવે છે.

**શબ્દ - ૯૧**

"સુખાચાર્ય દુઃખ હી કે કારન.....ત્યાગી" -કહેવાય છે કે મહર્ષિ વેદવ્યાસના પુત્ર શુકદેવજીને ગર્ભમાં જ જ્ઞાન થઈ ગયું હતું કે સંસાર તો દુઃખમય છે. તેથી તેઓ ગર્ભમાં સોળ વર્ષ રહ્યા હતા. ગર્ભમાંથી બહાર આવે તો સંસારનું દુઃખ ભોગવવું જ પડે ! તેથી ગર્ભમાં લાંબા કાળ સુધી રહેવાની અતિશયોક્તિભરી વાત કથાકારે કહી. ખરેખર તો ગર્ભમાં બાળક નવથી દસ મહિના સુધી જ રહે છે ! છતાં શુકદેવજીને સોળ વર્ષ સુધી કથાકારે રહેવા દીધા એની પાછળ જો મુખ્ય કારણ હોય તો એ જ છે કે સંસાર ખરેખર દુઃખમય છે તે ભારપૂર્વક જણાવવું અને ભાવકના હૃદયમાં વૈરાગ્યભાવને જગવવો. તેથી કથાકારે શુકદેવજીને જન્મતાની સાથે જ જંગલના એકાંતવાસમાં મોકલી દીધા હતા. ગર્ભમાં જ જેની ઉમર સોળ વર્ષની થઈ ગઈ હોય તે કૌમાર્ય અવસ્થામાં જ સર્વનો ત્યાગ કરી આત્મસ્વરૂપનું ચિંતન કરતા કરતા જંગલમાં ચાલ્યા જાય તે સમગ્ર ચિત્ર જ વૈરાગ્યભાવની તીવ્રતાનું દ્યોતક ગણાય. ભાગવત તે અંગે સ્પષ્ટતા કરતાં જણાવે છે :

યં પ્રવ્રજન્તમનુપેતમપેતકૃત્યં દ્વૈપાયનો વિરહકાતર આજુહાવા ।
પુત્રેતિ તન્મયતયા તરવોડભિનેદુઃ તં સર્વભૂતહૃદયં મુનિમાનતોડસ્મિ ॥

અર્થાત્ જેને જનોઈ પણ દીધી ન હતી તેવા શુકદેવ વૈરાગી થઈ ચાલ્યા જતા જોઈને પિતા વેદવ્યાસ પુત્ર વિરહના વિચારે ગભરાટ અનુભવતા 'બેટા બેટા' કરતા તેની પાછળ દોડવા લાગ્યા. શુકદેવજી વૈરાગ્યભાવમાં એટલા બધા તન્મય હતા કે તેમનું પિતા તરફ ધ્યાન ગયું જ નહિ ! ત્યારે પિતાને આસપાસના વૃક્ષોએ સાંત્વન આપ્યું હતું !

સર્વ દુઃખોનો અંત વૈરાગ્યની તીવ્રતાથી તરત જ આવી જાય છે એવું કબીર સાહેબ કહેવા માંગે છે. તેથી આ પદની પ્રથમ પંક્તિમાં જ તેમણે સંસારની દુઃખમયતાનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરી દીધું. તેનું કારણ જણાવતા ત્રીજી કડીમાં કહ્યું કે "આસા તૃસ્ના સતી ઘટ વ્યાપે કોઈ મહલ નહિ સૂના." પ્રત્યેકના શરીર રૂપી મહેલમાં આશાને તૃષ્ણા વ્યાપકપણે રહેલી છે તે સર્વનાં દુઃખનું કારણ છે. તેથી વૈરાગ્યનો આ પદમાં મહિમા કરવામાં આવ્યો છે.

સાચો વૈરાગી જ મનથી સુખી હોય છે !તેણે ભલે બહારનો ત્યાગ ન કર્યો હોય. જેના હૃદયમાં અનાસક્તિનો ભાવ જેટલો વધારે તેટલો તે સુખી. અનાસક્તિ વૈરાગ્ય ભાવનો પાયો છે. તેના પર વૈરાગ્ય ટકે છે. અનાસક્તિ ન હોય અને છતાં સંન્યાસી બની ગયો હોય તો પણ તે દુઃખી જ રહે છે ! મનમાં આશા તૃષ્ણા ક્ષીણ બને તો જ અનાસક્તિ વધે ને વૈરાગ્યનો ઉદય થાય ! સંન્યાસી, ત્યાગી, ગૃહસ્થી, યોગી સૌને આ સિદ્ધાંત સરખી રીતે લાગુ પડે છે.

**શબ્દ - ૯૨**

"એક નિરંજન સકલ.....રહલ કબીરા" -શબ્દ ૯૧માં જે માનસિક વૈરાગ્યનો સિદ્ધાંત કબીર સાહેબે રજૂ કર્યો છે તેની પૃષ્ટિ માટે જ આ પદમાં મનનો મહિમા કરવામાં આવ્યો છે. અહીં નિરંજન એટલે જ શુદ્ધ મન. મન જો શુદ્ધ બને તો તે ભગવાનનું રૂપ ધારણ કરે છે. મનના માધ્યમ વડે જ માનવ ક્યાં તો સુખી થાય છે કે ક્યાં તો દુઃખી થાય છે. મન નિર્વિષયી બને તો સુખી ને ન બને તો દુઃખી ! જેણે પોતાનું મન પાધરું કર્યું તે સુખી ! પાધરું એટલે આત્માભિમુખી ! વિષયોમાં ડૂબેલું રહે તો તે પાધરું ન ગણાય. વિષયાભિમુખી મન વિષયના ઉપભોગની જ ચિંતા કરતું રહેતું હોવાથી કાયમ જ દુઃખી રહે છે. મનને વિષયોમાંથી હટાવવું અઘરું છે. તેથી તે વ્યવસ્થિત સાધના દ્વારા જ થઈ શકે. મન વિષયોમાંથી હટી આત્મા તરફ ગતિ કરતું થઈ જાય તો ગીતા કહે છે કે તે જગતને જીતી પરમ સુખની પ્રાપ્તિ કરી શકે છે :

જે મનને જીતે સદા, મિત્ર બને છે તે,
પોતાનો શત્રુ બને મનના જીતે જે.
કરવું પતન ન જાતનું, કરવો નિત ઉદ્ધાર,
પોતે શત્રુ મિત્ર ને પોતાનો રખવાળ. (સરળ ગીતા - અ૬/૫-૬)

માટે યોગી, સાધુ, સન્યાસી, વૈરાગી કે ગૃહસ્થી કોઈ પણ હોય- તેણે પોતાના મનને જ જીતવાની આવશ્યકતા છે. જે મનને જીતે તે પોતાનામાં રહેલા સુખના સાગર સ્વરૂપ આત્મતત્ત્વમાં નિત્ય અવગાહન કરી શકે છે. મન પર સંયમ કરવો એ જ પરમ સુખ મેળવવાની સાચી ને સરળ ચાવી છે.

**શબ્દ - ૯૩**

"કો અબ અનખ.....રહનિ હમારો" -વિવેકી માનવને સદ્વ્યવહારો જ ગમતા હોય છે. ખરાબ વ્યવહારોથી તે અકળાય જાય છે. જ્યાં સદ્વ્યવહારનો અભાવ હોય ત્યાં તેને રહેવું ગમતું જ નથી. આવો કળીયુગનો પ્રભાવ તેને મૂંઝવે છે, અકળાવે છે. આપણો સમય કળીયુગનો જ છે. દરેક માનવ પોતાનું મનમાન્યું કરે છે ત્યાં સુધી તો સહ્ય છે પણ જ્યારે બીજા પાસે પણ તેવું જ કરાવવા શામ, દામ, દંડ ને ભેદનીતિ અખત્યાર કરી દાબદબાણ કરવામાં આવે છે ત્યારે તે દુઃખદ બની જાય છે ને તેથી વાંધાજનક પણ ગણાય. સમજુ ને સારા માણસોને આવું ગમતું નથી હોતું.

"હૃદયા તત્ત્વ ન બૂઝૈ" - શાસ્ત્રોના બે પ્રકાર છે : શ્રુતિ ને સ્મૃતિ. ચારે વેદોની ગણના

શ્રુતિમાં થાય છે. કારણ કે ઋષિમુનિઓને સાધના કરતાં કરતાં જ દિવ્યવાણી સંભળાયેલી તેનો સંગ્રહ વેદોમાં કરવામાં આવ્યો છે. ત્યાર પછી તે વાણીના આધારે યાદદાસ્ત અનુસાર ઋષિમુનિઓએ જે શાસ્ત્રગ્રંથોની રચના કરી છે તે સ્મૃતિ કહેવાય. પંડિતો શાસ્ત્રગ્રંથોના પ્રમાણ આપીને દુષ્ટ વ્યવહારોને પોષે છે ત્યારે શાસ્ત્રગ્રંથોનું ગૌરવ હણાય છે. અબુધ ને અજ્ઞાન લોકોને આ વિષે કાંઈ સમજ તો હોતી નથી. ઢોંગી ગુરુઓએ તેઓને શિષ્ય બનાવી તેઓની અજ્ઞાનતાનો પૂરેપૂરો લાભ લીધો હતો. દુષ્ટ વ્યવહારો પર ધાર્મિકતાનું કવચ ચઢાવી સમાજ જીવનની ઉન્નતિના બહાના હેઠળ ઢોંગી ગુરુઆઓએ જડ મૂર્તિને જીવતા બલિ ચઢાવવાની પ્રથા ચાલુ કરાવી હતી. ઢોંગી ગુરુઓ આ રીતે આજ દિન લગી શાસ્ત્રવચનનોના અવળા અર્થ કરીને અજ્ઞાની ભોળા શિષ્યોને છેતરતા જ આવ્યા છે.

"હૃદયા તત્ત્વ ન બૂઝૈ" એટલે હૃદયથી શાસ્ત્રના મર્મને જાણ્યો નહિ. બીજી રીતે પણ અર્થ કરી શકાય. હૃદયમાં જે તત્ત્વરૂપે પ્રભુ રહેલા છે તે જાણ્યું નહિ તેથી જ પશુવધની ઘાતકી ક્રિયા થઈ શકી. ગીતા શાખ પૂરે છે :

ઈશ્વર સૌના હૃદયમાં અર્જુન વાસ કરે
તેના બળથી કર્મ સૌ આ સંસાર કરે. (સરળ ગીતા - અ - ૧૮)

દરેકના હૃદયમાં ભગવાન રહેલા છે તેવું જાણનાર કદી પર હિંસા આચરી શકતો નથી.

"સાધુ ન સે ભયા ઓટા" - ઓટા એટલે ઓટ આવવી. સાધુને મળવાનું દુષ્ટ માણસે બંધ કીધું. પોતે કુકર્મો કરે છે તેથી તેનો જીવ ડંખે છે. સાધુ પાસે જવા માટે હિમ્મત થતી નથી. સંતોના પ્રભાવ હેઠળ આવી જવાથી તે ઉઘાડો પડી જશે એવી જાણે કે બ્હીક રહે છે. ઝેરને અમૃત માનીને પીવાની પ્રથા, કુકર્મો તે જ સત્કર્મો છે એવું માની મનાવી પાપો વધારવાની રીત, રાક્ષસોને પણ લજાવે તેવા દુષ્ટ નરાધમોને વખાણવાની ટેવ અને સાધુથી સદાય દૂર રહેવાની પદ્ધતિ કળીયુગના પ્રભાવનું જ પરિણામ છે.

"તીનિ લોક ભરપૂર રહો હૈ, નાહીં હૈ પતિયારા" - બધા ઠગ જ ભેગા થયા હોય ત્યાં સત્યવચનની કિંમત કોણ કરે ? સત્યવચનમાં વિશ્વાસ કોણ મૂકે ? ઢોંગી ગુરુઓ સત્ય વચનમાં વિશ્વાસ પેદા થવા દેતા જ નથી. છેલ્લી કડીમાં કબીર સાહેબે જે વેદના વ્યકત કરી છે તે ભાગવતમાં પણ વ્યકત થઇ છે. વેદવ્યાસ નિરાશ થઈને બેઠા છે ત્યારે નારદ તેમને ઠપકો આપતા હોય તેમ કહે છે :

જુગુપ્સિતં ધર્મકૃતેઽનુશાસતઃ
    સ્વભાવરકતસ્ય મહાન વ્યકિતક્રમઃ ।
યદ્વાકયતો ધર્મ ઈતીતરઃ
    સ્થિતો ન મન્યતે તસ્યનિવારણં જનઃ ॥

અર્થાત્ સંસારીઓ સ્વભાવથી જ વિષયોમાં આસકત થઈને ફસાયા છે. તમે ધર્મના બહાના હેઠળ સકામ કર્મની તઓને આજ્ઞા કરી છે. તેનો ઉલટો અર્થ કરી મૂર્ખ લોકો

નિંદિત કર્મને જ ધર્મ માનવા લાગ્યા એ જ મૂખ્ય ધર્મ છે એવું મનાવવા લાગ્યા. મતલબ કે તમારા એંવા વચનો ન કહેવા

શબ્દ-૯૫

આ અવળવાણીનું પદ પ્રતીકાત્મક ગણાય. જો કલ્યાણનએ માર્ગે આગળ વધવું હોય તો સમુચિત વ્યવહાર અનિવાર્ય ગણાય. વિપરીત વ્યવહાર કામ નહિ આવે. ઈન્દ્રિયો, મન ને બુદ્ધિને સંયમિત કરવાથી જ કલ્યાણ સાધી શકાય. તેને વિષયોથી દૂર રાખવામાં નહિ આવે તો સંયમ અશક્ય બને. તેવી સ્થિતિમાં ઢોંગી ગુરુઓની વાણી મનબુદ્ધિને વિચલિત કરી મૂકે. જીવ માત્ર કાલ્પનિક ક્ષણિક સુખોમાં રાચતો થઈ જાય. જીવ પોતાનું સ્વરૂપ ભૂલી મનને વાયે લાગે તો સર્વનાશ થાય. આ સાર ગર્ભિત વાત કબીર સાહેબે પ્રતીકોના ઉપયોગથી અવળવાણીનાં પદમાં સરસ રીતે અભિવ્યક્ત કરી છે. તેથી પ્રતીકોનો અર્થ આ રીતે સમજવું જરૂરી છે.

| | |
|---|---|
| માંસ = લિષયભોગ | બળદ = અવિવેક જે કામ, ક્રોધ, મદ, લોભ વિગેરેને જન્મ આપે. |
| ગીધ = વિષયી મન | ગાય = સદ્‌બુદ્ધિ |
| ઉંદર = અજ્ઞાની જીવ | વાછરડો = સંકલ્પ-વિકલ્પ |
| બિલાડી = ઢોંગી ગુરુ | ત્રણ વાર દોહવું = હર સમય કાલ્પનિક સુખમાં રહેવું. |
| દેડકો = અંધવિશ્વાસમાં | શિયાળ - મન |
| ડૂબેલો જીવ | સિંહ = જીવાત્મા. |
| સાપ = અભિમાન. | |

**શબ્દ - ૯૭**

"જન પર મેહર હોહુ તુમ સાંઈ"-જિસસને જીવતા જ ખીલા ઠોકીને સજા કરવામાં આવી હતી ત્યારે તેના મુખમાંથી કરૂણાની વાણી વહેલી : હે પ્રભુ, આ લોકોને ક્ષમા કર કારણ કે તેઓ શું કરી રહ્યા છે તેની તેઓને ખબર નથી ! તે જ પ્રકારે આ પદમાં કબીર સાહેબે લોકોની અજ્ઞાનતાને લક્ષમાં લઈ કરૂણાપૂર્વક કહ્યું છે કે હે પ્રભુ, આ સૌ તમારાં જ સ્વરૂપો છે પણ તેઓ જાણતા નથી માટે ક્ષમા કરો !

"હિદયા કપટ નિમાજ ગુજાર"-ધાર્મિક ગ્રંથોમાં બતાવેલ બાહ્યાચારોથી તન ને મનની શુદ્ધિ થવી જોઈએ. ન થાય તો નથી તીર્થયાત્રાનો અર્થ કે નથી ભક્તિનો કોઈ લાભ ! હૃદયમાં દુર્ગુણો વધતા રહે તો નમાજ કે નમનથી શો ફાયદો ? અહીં માત્ર બાહ્યાચારનો વિરોધ નથી પણ બાહ્યાચાર પાછળ જે સુધારણાની દ્રષ્ટિ છે તેની અવગણના કરવામાં આવે છે તે પ્રત્યેનો વિરોધ વ્યક્ત થતો જણાય છે. ઉપવાસો પાછળ પણ તનમનની શુદ્ધિનો હેતુ છે. તે ન જળવાય તો ઉપવાસો પણ વ્યર્થ જ છે.

"હેરા" એટલે જોયા અથવા જાણ્યા. પરમાત્માના સ્વરૂપનો ખ્યાલ નથી હિન્દુઓને કે નથી મુસલમોનોને !

"પૂરબ દિસા હરી કોબાસા"-ક્ષીરસાગરમાં ભગવાન વિષ્ણુ પોઢયા છે તો મક્કામાં અલ્લાહનો મુકામ છે. ક્ષીરસાગર પૂર્વમાં ગણાય ને મક્કા પશ્ચિમમાં !

"વેદ કિતેબ.....ન વિચારૈ" - શાસ્ત્રગ્રંથો પ્રત્યેની કબીર સાહેબની દૃષ્ટિ અહીં સ્પષ્ટ થાય છે. કબીર સાહેબ માત્ર નકારાત્મક ટીકા કરતા નથી. શાસ્ત્રગ્રંથોમાં જે રહસ્ય ગુપ્તપણે રહેલું છે તે અવગત કરવા માટે સાધનાત્મક પુરુષાર્થની આવશ્યકતા પર કબીર સાહેબ ખાસ ભાર મૂકે છે.

"જે તે ઓરતિ.....પીર હમારા" - અહીં ઉત્તમ પ્રકારના માનવધર્મનું મંડન છે. પ્રત્યેક આત્મા પ્રભુનું જ સ્વરૂપ હોય તો માનવ વચ્ચે ભેદ કેવા ? ન્યાત, જાત, ધર્મ ને સંપ્રદાયના ભેદોથી માનવ માનવ જ બની શક્યો નથી. તેવી સ્થિતિમાં માનવતાનો વિકાસ તો થાય જ કેવી રીતે ? ભેદો મટે તો માનવ માનવ વચ્ચેનું અંતર ઘટે ને માનવતાનો પૂર્ણ વિકાસ થઈ શકે. એકવીસમી સદીમાં માનવ સમાજને કબીર સાહેબનો આ વિચાર અત્યંત ઉપકારક થઈ પડશે તેમાં બે મત નથી.

**શબ્દ - ૧૦૧**

આ અલંકાર પ્રધાન અવળવાણીનું પદ કહેવાય. અસંભવને સંભવ તરીકે વર્ણવી લોકોની ગેબી પ્રવૃત્તિઓની નિરર્થકતા વ્યક્ત કરી છે. માનવ જન્મ ધારણ કરનારે તો સ્વરૂપને ઓળખવાની જ પ્રવૃત્તિ કરવી જોઈએ. સ્વર્ગની વાતો વ્યર્થ ગણાય. સ્વર્ગની પ્રાપ્તિ કોઈએ કરી નથી. કોઈએ જોયું નથી. છતાં સ્વર્ગ મેળવવા વૃથા મહેનત કરવી ન જોઈએ. આત્મસ્વરૂપથી ભિન્ન કોઈ પરમાત્મા નથી. છતાં તેવા પરમાત્મા છે એવું શા માટે કહેવું જોઈએ ? પરમાત્મા તો કોઈએ જોયા નથી. પરમાત્માનો અનુભવ કર્યા વિના માત્ર પુસ્તક વાંચીને પરમાત્માની વાતો કરનારા પંડિતો માટે અહીં ભારી કટાક્ષ કરવામાં આવ્યો છે.

**શબ્દ - ૧૦૩**

"જો કાશી તન તજૈ કબીરા તો રાખહિ કહુ કૌન નિહોરા ?" શરીર છોડતી વખતે કાશી છોડીને મગહર શા માટે કબીર સાહેબ ગયેલા તેનો સ્પષ્ટ જવાબ આ શબ્દમાં આપવામાં આવ્યો છે. કબીર સાહેબ કહે છે કે કાશીમાં જ શરીર છોડું ને મને મુક્તિ મળી જાય તો રામની ભક્તિનું મહત્વ પણ શું ? કાશીમાં મરવાથી જ જો મુક્તિ મળતી હોય તો ભક્તિ કોઈએ કરવી જ ન જોઈએ ! જ્ઞાન ને યોગની સાધના પણ શા માટે કરવી જોઈએ ? કાશી ભલે પવિત્ર નગરી ગણાતી હોય પણ મરણ સાથે એને શો સંબંધ ? મગહરમાં મરે તો ગધેડો થઈ ફરી જન્મ લે એવું કહેવાથી રામનું નામ લજવાય છે. જે વ્યક્તિ રામમાં રત રહે છે તેને જ મુક્તિ મળે છે. સ્થળનું કશું મહત્વ નથી. રામમાં રત રહેવું એટલે પોતાના સ્વરૂપમાં મગન રહેવું. 'નિહોરા' એટલે શરણ અથવા સહારો. કાશીમાં દેહ છોડવાથી મુક્તિ મળતી હોય તો કોઈ રામને શરણે જાય જ નહિ. એક બાજું રામનું શરણું પકડવા પણ પ્રયત્ન કરો છો ને બીજી બાજુ અંધવિશ્વાસથી કાશીના મરણને પણ વખાણો છો એ ખરેખર તમારી ભોળી બુદ્ધિનું જ પરિણામ કહેવાય !

## શબ્દ - ૧૦૫

"યહ ભ્રમભૂત....." માટીનાં જડપૂતળાં બનાવી તેનું દરરોજ પૂજન કરવું અને તેને પ્રસન્ન કરવાને બહાને જીવતા પ્રાણીની હત્યા કરી નિયમિત ભોગ ચઢાવવાની પ્રથાનો પ્રારંભ અહીં 'યહ ભ્રમભૂત' શબ્દથી સૂચવાયો છે. ભૂતના અનેક અર્થ થાય છે. પ્રાણી વર્ગને પણ ભૂત કહેવામાં આવે છે. પૃથ્વી, તેજ, વાયુ, પાણીને આકાશ એ પદાર્થને પણ ભૂત કહેવામાં આવે છે. અહીં પ્રયોજાયેલ ભૂત શબ્દનો સંબંધ તો પ્રેતયોનિમાં રહેવાવાળા જીવ સાથે છે. ભ્રમ રૂપી ભૂત એવો સાદો અર્થ પણ થઈ શકે. જડમૂર્તિની પૂજા અને તેને જીવતા પશુની બલિ ચઢાલવવાની પ્રથા મનના ભ્રમનું જ પરિણામ કહેવાય. "જંહડાય" એટલે છેતરાય. પૂજા કરનાર છેતરાય છે. તે સુખી તો થતો જ નથી. તેની મનોકામના કદી પણ પૂર્ણ થતી જ નથી. અંતવેળાએ અતૃપ્ત દશામાં જ તે જગની વિદાય લેતો હોવાથી તેની સદ્દગતિ થતી નથી. 'ભ્રમભૂત' શબ્દમાં અવગતિનો પણ ધ્વનિ રહેલો છે.

"અંડ ન પિંડ ન પ્રાન ન દેહી" 'પ્રગટે અંડ પિંડ બરભંડા, પ્રિથિમી પ્રગટ કીન્હ નવખંડા" (રમૈની-૩) બ્રહ્માએ ચાર પ્રકારની જીવસૃષ્ટિ પેદા કરી : અંડજ, પિંડજ, સ્વેદ જ ને જરાયુજ. અર્થાત્ પશુ, પક્ષી, મનુષ્ય વિગેરે પ્રાણી સૃષ્ટિ પેદા થઈ તેથી તેમને વસવા માટે નવખંડ પૃથ્વીનો જન્મ થયો. પ્રાણી સૃષ્ટિ પેદા થઈ તેમાં ભૂતનો સમાવેશ થતો નથી. ભૂત નથી ઈંડામાંથી પેદા થતું કે નથી માનવની જેમ રજવીર્યથી ઉત્પન્ન થતું નથી તેનો કોઈ દેહ કે નથી તેનો કોઈ પ્રાણ ! ભૂત પ્રેતની સૃષ્ટિ તો મનમાંથી પેદા થઈ છે. માનવ પોતે તેનો સર્જક છે. વાસના મનમાં રહે છે ને વાસનામાંથી જ દેવદેવીઓની સૃષ્ટિ પણ બને છે. તે સૌ નિર્જીવ છે. નિર્જીવને સજીવ પ્રાણીનો વધ કરી બલિ ચઢાવવામાં આવે છે તે એક મોટું આશ્ચર્ય !

"અગિલિ જનમ ઉન અવસર લેવા" - જીવ હત્યાનું પરિણામ હત્યા કરનારે તો ભોગવવું જ પડે છે. જે પ્રાણીની હત્યા કરી માંસ ખાવા માટે જીવ તૈયાર થાય છે તેણે એટલું જરૂર યાદ રાખવું જોઈએ કે તે પ્રાણીનો જીવ મને પણ એક દિવસ ખાશે. આ અંગે મનુસ્મૃતિમાં સ્પષ્ટીકરણ કરતા કહ્યું છે કે

માં સ ભક્ષયિતાઽમુત્ર યસ્ય માંસમિહાદ્મ્યહમ્ ।
એતન્ માંસસ્ય માંસત્વં પ્રવદન્તિ મનીષિણઃ ॥ મનુ. ૫/૧૫

અર્થાત્ જે જીવનું માંસ હું આ જન્મમાં ખાઉં છું તે જીવ જન્માંતરમાં મારું માંસ જરૂરથી ખાસે એવો માંસ શબ્દનો અર્થ બુદ્ધિવંતોએ કર્યો છે. મોં એટલે મને અને સઃ એટલે તે. મને તે એક દિવસ ખાશે એવો માંસનો અર્થ બુદ્ધિશાળી માણસોએ કર્યો.

"ભુતવા પુજલે ભુતવા હોઈ" - જે જીવ જેવી ઉપાસના કરે છે તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે એ શાસ્ત્રવાણીને લક્ષમાં લઈ કબીર સાહેબે જીવહત્યા ન કરવી જોઈએ અને માંસ કદી ન ખાવું જોઈએ એવો ઉપદેશ આપ્યો છે. તં યથાયથોપાસતે તાદૃગેવ

ભવતિ ! અર્થાત્ જીવ જે રૂપની આરાધના કરે છે તે રૂપને તે પામે છે. ગીતામાં પણ વિગતે સમજાવ્યું છે :

દેવ ભજ્યે દેવો મળે, પિતૃ ભજ્યે પિતૃ,
ભૂતોથી ભૂતો મળે, મને ભજ્યે હું મળું. (સરળ ગીતા અ-૯)

ઉત્તમ પ્રકારના માનવધર્મનો વિકાસ કરવો હોય તો અહિંસાનું આચરણ અનિવાર્ય થઈ પડે છે. પ્રેમ અને દયા છૂપાયેલાં જ છે. માનવ માનવ વચ્ચેનું અંતર ઘટાડવામાં પણ તે ઉપયોગી છે. એકવીસમી સદીમાં માનવ પ્રવેશ કરવાની તૈયારી કરી રહ્યો છે ત્યારે આ ઉપયોગી ઉપદેશ ધ્યાનમાં રાખવા જેવો છે.

**શબ્દ - ૧૧૦**

"અપનો કરમ ન મેટો જાઈ" - વિદ્વદ્વર્ય પંડિત હજારીપ્રસાદ દ્વિવેદીજી કબીર સાહેબને અલમસ્ત મનમૌજી ગણાવતા 'કબીર વચનાવલી'ની પ્રસ્તાવનામાં પૃ - ૯ પર કહે છે કે "એવા મસ્તરામ કે જૂનાં કર્મોનો હિસાબ જ ન રાખે, વર્તમાન કર્મોને સર્વસ્વ ન માને અને એવું બધું વાળીઝૂડીને ભવિષ્યમાં આગળ ચાલ્યા જાય." આ કથન આ પદ સમજ્યા પછી સાવ એકાંગી લાગ્યા વિના રહેતું નથી. કબીર સાહેબ કર્મ માટે બેપરવાહી જણાતા જ નથી.

"ગુરુ વસિષ્ઠ.....સંચુ ન કીન્હા" - કબીર સાહેબે અહીં સામાન્ય જન સમુદાયમાં ખૂબ જ પ્રચલિત કથાઓમાંથી દૃષ્ટાંતો આપીને કર્મનું મહત્વ પ્રતિપાદિત કર્યું લાગે છે. લોકો જેને ભગવાન માને છે તેવા ભગવાન પણ કર્મનાં ફળ ભોગવ્યાં વિના મૃત્યુને ભેટી શકતા નથી એ હકીકત ભક્તિ તત્ત્વને સમજવા માટે પણ લક્ષમાં લેવી જોઈએ. એવી રજૂઆત પાછળ પણ છૂપો વ્યંગ રહેલો જણાય છે. ત્રણે લોકનો જે કર્તા ગણાતો હોય તેણે શા માટે કપટ કરવું જોઈએ ? જગદંબા ગણાતી પાર્વતી શા માટે ગર્ભથી બાળક જણી શકતી નથી ? શું એ કર્મના પરિણામો નથી ?

"નારદમુનિ કો બદન છિપાયો....." નારદમુનિને એકવાર અહંકાર થયો. પોતે કામ પર વિજય પ્રાપ્ત કર્યો છે તેથી બ્રહ્મા અને શંકરથી મહાન છે એવો દાવો વિષ્ણુ પાસે જઈ તેમણે કર્યો. એટલે વિષ્ણુએ તેની કસોટી કરવા એક માયાવી નગરી, તેનો એક રાજા, તેની સ્વરૂપવાન એક કન્યા અને તેના સ્વયંવરની રચના કરી. નારદને તે નગરમાં પસાર થવાનું બને છે ત્યારે પેલી સ્વરૂપવાન કન્યાને જોઈ મોહ પેદા થાય છે. પોતે કામથી વિહ્વળ બની જાય છે. તેઓ વિષ્ણુની પાસે જઈ પોતાને સૌંદર્યવાન બનાવી દેવાની માંગણી કરે છે. વિષ્ણુએ તેમ કર્યું પણ મોઢું તો વાંદરાનું જ રહેવા દીધું. તેથી સ્વયંવરમાં નારદ નિષ્ફળતા મેળવે છે ત્યારે વિષ્ણુનું કપટ તે જાણી જાય છે. માટે નારદે વિષ્ણુને શાપ આપ્યો હતો કે તું પણ નારી વિરહથી દુઃખી થશે. આ રીતે સીતાના વિરહથી રામ પીડિત થયેલા તે કર્મનો જ બદલો હતો.

"સિસુપાલહીકી ભુજા ઉપારી....." ચેદી દેશના રાજાનો પુત્ર શિશુપાલ ત્રણ આંખ અને

ચાર હાથો લઈને જન્મ્યો હતો. તે સમયે આકાશવાણી થયેલી કે જેના ખોળામાં બેસાડવાથી આ બાળકની ત્રીજી આંખ અને બે હાથો વિલીન થશે તે વ્યક્તિને હાથે જ શિશુપાલનું મૃત્યુ પણ થશે. શ્રીકૃષ્ણના ખોળામાં શિશુપાલને મૂકવાથી ત્રીજી આંખ ને વધારાના બે હાથો વિલીન થયેલા. તેનો બદલો શ્રીકૃષ્ણને જગન્નાથપુરીમાં ભોગવવો પડયો હતો ! જગન્નાથપુરીના મંદિરમાં હાથપગ ઠૂંઠા કરી શ્રીકૃષ્ણને બેસવું પડેલું તે આજે પણ જોઈ શકાય છે.

"કરમકી બાત નિનારી" - ગહના કર્મણો ગતિઃ એ ગીતાનું વચન અહીં યાદ આવે છે. આપણાં સુખદુઃખો આપણાં કર્મો પર જ આધારિત છે. આ સત્ય જ્ઞાન સરખી રીતે નથી સમજાતું તેથી તે ગહન કહેવાય છે. 'નિનારી' એટલે ન્યારી. ન્યારી શબ્દ દ્વારા કર્મની ગહન ગતિનો જ ઉલ્લેખ છે.

**શબ્દ - ૧૧૧**

આ અવળવાણીના પદમાં રૂપકયોજના પણ છે ને પ્રતીકોનો ઉપયોગ પણ છે. જેમ જેમ વિચાર કરતાં જઈશું તેમતેમ પ્રતીકો મહત્વનાં બની જતાં જણાય છે ને રૂપક ગૌણ થતું જાય છે.

પ્રત્યેક માનવના શરીરમાં દૈવી ને આસુરી સંપત્તિનો સાથે જ વાસ છે. બંને વચ્ચે રાતદિન સંઘર્ષ ચાલ્યા જ કરે છે. આ સંઘર્ષમાંથી તે જ સફળતાપૂર્વક પાર ઉતરી શકે છે કે જે મૂળના ઉદ્દેશને જાણી જાય છે. મૂળના ઉદ્દેશને એટલે માનવ જન્મના ઉદ્દેશને. દુઃખમાંથી નિવૃત્તિ મેળવવી અથવા તો મુક્તિ એ માનવના જન્મનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશીને જાણવું એટલે પોતાના સ્વરૂપને ઓળખવું અથવા આત્મસાક્ષાત્કાર કરવો.

**શબ્દ - ૧૧૨**

"ઈ મન બડા કી જેહિ મન માના" - કબીર સાહેબ માનવતાના પૂજક હતા. તેમની વિચારણામાં માનવ કેન્દ્રસ્થાને જ રહે છે. સામાજિક, રાજકીય, ધાર્મિક કે આધ્યાત્મિક ચર્ચા કરતા હોય તો પણ કબીર સાહેબ માનવને જ કેન્દ્રમાં રાખી વિચારણા કરતા હોય છે. માનવનું કલ્યાણ એ દ્વારા થાય છે કે નહીં તેની ઉંડી જાણે કે તપાસ કરતા હોય છે. અહીં પણ બ્રહ્મનું મૂલ્યાંકન કરતી વખતે માનવનો મહિમા ગાયા વિના રહી શકતા નથી. કોણ મહાન ? તીર્થ કે તીર્થનો બનાવનાર માનવ ? મન મહાન કે મન જેની કલ્પના કરે છે તે ઈશ્વર મહાન ? ઉપનિષદ પણ આવી જ તપાસ કરે છે :

યન્મનસા ન મનુતે યેનાહુર્મનો મતમ્ ।

ત્વદેવ બ્રહ્મત્વં વિદ્ધિ નેદં યદિદમુપાસતે ॥

અર્થાત્ જેનું મનથી મનન થઈ શકતું નથી પરંતુ જેના વડે મનન કરી શકે છે તેને તું શ્રેષ્ઠ સમજ, નહીં કે તેને જેની તું મનથી કલ્પના કરીને ઉપાસના કરે છે !

**શબ્દ - ૧૧૩**

આ શબ્દમાં પણ મનનું મહત્વ અને સત્ય વચનનો આગ્રહ વ્યક્ત થાય છે. સર્વને ઉપયોગી

ઉપયોગી એવો સર્વકાલીન સંદેશ અહીં આપી દીધો છે. છેલ્લી પંક્તિમાં કરવામાં આવેલી દર્દ ભરેલી અપીલ સૌને વિચાર કરતા કરી મૂકે છે.

**શબ્દ - ૧૧૪**

"સાર શબ્દસે બાંચિહો" - સાર શબ્દ એટલે સત્યવચનો. સ્વાનુભૂતિથી જે વચનોની સત્યતા પરખવામાં આવી હોય છે તે વચનો પર જીવે વિશ્વાસ મૂકી પોતાની સાધના કરવી જોઈએ. તો જ તે માયાના ફંદામાંથી બચી શકે,

"પરમો ટકસારા હો" - ટકસારા એટલે ટંકશાળ. નગદ નાણા સિક્કારૂપે જ્યાં બહાર પડતા હોય તે સ્થળ. ખોટો સિક્કો ત્યાં પરખાય જાય. ખોટા સિક્કાનું ચલણ ત્યાંથી અટકી જાય. માયાની છાપવાળા જ્ઞાન, ભક્તિ, યોગ ને કર્મના સિક્કાઓ આત્મકલ્યાણના પંથે ખોટા ઠરે છે. જે જ્ઞાન, ભક્તિ, યોગ ને કર્મ પોતાના સ્વરૂપની પહેચાન કરાવે તે જ સાચા સિક્કા આ શબ્દમાં સાર શબ્દ સત્ય વચનોની યાદ અપાવે છે તેથી તેને ટકસાર એટલે સત્યનો માર્ગ પણ કહી શકાય.

**શબ્દ - ૧૧૫**

"કહંહિ કબીર.....સબકી ભાઈ" - જીવની ભૂલ કઈ ? તો કહેવાયમાં આવે છે કે પાર્થિવ પદાર્થોની વિષયવાસનાની મોહિનીમાં ફસાઈને પોતાનાથી અલગ કોઈ ભગવાન છે એવી કલ્પના કરી તથા તે આધારે ભ્રમણાનો માર્ગ કંડાર્યો. તે. પોતાની ભૂલનું ભાન થવું અને પોતાનું આત્મસ્વરૂપ જ ઈશ્વર છે એવું જ્ઞાન થવું તે પારખ. તે જ્ઞાનને જ ગીતામાં પવિત્ર કહીને નવાજ્યું છે :

જ્ઞાનસમું કૈં યે નથી પવિત્ર આ જગમાંહ્ય,<br>
સમય જતાં તે મેળવે જ્ઞાની અંતરમાંહ્ય. (સરળ ગીતા - ૪/૩૮)

અર્થાત્ જ્ઞાનથી કોઈ વિશેષ પવિત્ર વસ્તુ બીજી આ જગતમાં નથી. વળી આ જ્ઞાન બહારથી પ્રાપ્ત થતું નથી પણ અંતરમાંથી જ પ્રાપ્ત થાય છે એ એની વિશેષતા.

# શબ્દ કોષ

અઉલિયા = ઓલિયા
અકથ = કહી ન શકાય તેવું
અકરમ = અકર્મ-કર્મ ન કરવું તે
અખદ્ધ = અખાદ્ય- ખાઈ ન શકાય તેવું
અચરજ = આશ્ચર્ય
અચ્છય = અક્ષય-અમર
અચ્છર = અક્ષર
અચારા = આચાર
અઉંધ = ઊંધો
અછલૌં = થવું - હોવું
અઘાઈ = તૃપ્ત કે તૃપ્તિ
અદબુદ = અદ્દ્ભુત
અધિકાઈ = મોટાઈ
અમિથ્યા = સત્ય
અનબોલા = કહ્યા વગર
અનહદ = હદ વિનાનું કે અનાહત શબ્દ
અનૂપ = અનુપમ-અજોડ
અનિબનિ = અનેક
અમલી = વ્યસની
અનકો = અનાજને
અમોલિક = અમૂલ્ય
અમહલ = ત્યાગી કે નિવાસ વિનાનું
અદલ = સત્તા કે હકુમત
અપનપૌ = પોતાપણું અથવા આત્મ ગૌરવ
અમાવસ = અમાસ
અબૂઝા = અજ્ઞાની
અધાર = આધાર
અરધે = નીચે
અલીક = શૂન્ય
અરથાવૈ = અર્થ કરે
અવર = બીજું

| | | |
|---|---|---|
| અસનાન | = | સ્નાન |
| અસમાન | = | આકાશ |
| અહમક | = | મૂર્ખ |
| અયાના | = | અજ્ઞાની |
| ચહેરા | = | શિકાર |
| અસિયાસૈ | = | એંસી સો એટલે આઠ હજાર |
| અંચવૈ | = | આચમન કરે |
| અંદેશા | = | ભય -ચિંતા - સંશય |
| અંચવન | = | આચમન |
| આંતા | = | આંતરડું |
| આપુહિ | = | પોતે |
| આતસ | = | અગ્નિ |
| આસિક | = | પ્રેમી |
| ઈનતે | = | એનાથી |
| ઈતતે | = | આલોકથી |
| ઈતબારા | = | વિશ્વાસ |
| ઈસર | = | ઈશ્વર |
| ઈસરી | = | ઈશ્વરી અથવા ઈશ્વરની |
| ઉચરે | = | બોલે |
| ઉદક | = | પાણી |
| ઉદર | = | પેટ |
| ઉદાસી | = | ઉદાસીન |
| ઉદધિ | = | દરીયો |
| ઉજિયારા | = | પ્રકાશ |
| ઉનિમંહ | = | તેઓ માં |
| ઉતતે | = | તે લોકોથી |
| ઉજારી | = | ઉજ્જડ કરી |
| ઉડાને | = | ઉડી ગયું |
| ઉચાયો | = | ઉપર ઉઠાવ્યો |
| ઉપરાજા | = | ઉત્પન કર્યા |
| ઉપજે | = | ઉત્પન થાય |
| ઉપાઈ | = | ઉત્પન્ન કર્યુ |
| ઉબે | = | ઉપર જવું |

ઉરધે = ઉંચે
ઉલિટા = ઉલટાવીને
ઉલંઘે = ઓળંગે
ઉહવાં = ત્યાં
ઊજુ (વુજૂ) = હાથ પગ ધોવાની ક્રિયા
ઊંસર = નકામી- નિષિધ
ઉરગ = સાપ
ઓટા = આડ
ઔઘટ = ઘાટ વિનાનું
ઔંધ = ઉંધો
ઔરતિ = સ્ત્રી
ઔસર = અવસર અથવા મોકો
કપિ = વાનર
કમલા = લક્ષ્મી
કલ = કળ અથવા શાંતિ
કલપ = કલ્પ - યજ્ઞના પ્રકારો ને તેની પધ્ધતિ બતાવનારો ગ્રંથ
કરવા = નળી વાળો લોટો
કલિંગ = કલિ નામનો દૈત્ય
કહાંતે = ક્યાંથી
કષયરસ = દારુ
કરહ = દાંડી
કરતારા = કર્તા તરીકે
કરેજ = કલેજું
કાહુકા = કોઈના અથવા કોઈના
કાગદકાર = કાગદી
કારકુડ = કારકુન
કાગા = કાગડો
કિછુઉ = કાંઈ નહીં
કિનહુન = કોઈને પણ
કિરતમ = કુત્રિમ
કિસાન = ખેડૂત
કિતેબ = પુસ્તક

કીલી = કિલ્લો
કુલીન = ઉંચાકુળનો
કુતબા = ગ્રંથપાલ અથવા પુસ્તકો રાખનાર
કુહિયા = ભોંકી દીધી
કુકરિ = કુતરી અથવા સુતરની આંટી
કુટિલ = કપટી
કુલાલ = કુંભાર
કૂટિ = નિંદા - કૂથલી
કેતિક = ક્યાં સુધી- કેટલા
કેહરિ = સિંહ
કેવટ = માછીમાર- હોડી હાંકનાર
કોટવલિયા = પહેરેગીર
કોખ = પેટ
કેંવાર = આગળો
કંવલ = કમળ
કંદલા = ગુફા
કુંડલ = કુંડલિની શક્તિ
કુંજલ = હાથી
ખદ્ય = ખાદ્ય-ખાય શકાય તેવું
ખપૈ = ખપી જાય
ખન = ક્ષણ
ખટોલા = ખાટલો અથવા ઠાઠડી
ખરગ = તલવાર
ખસમ = પતિ
ખવાસી = સેવા
ખીજૈ = ખીજવાઈ જવું
ખુમારી = પ્રેમ
ખુદી = અહંકાર
ખેડા = ગામ
ખેદે = ભગાવે કે ભગાડે
ખેતૂ = સંગ્રામ
ખંદા = ખાય જવું અથવા ખાધા કરવું
ગઢન = ઉત્પત્તિ

| | | |
|---|---|---|
| ગવન | = | ગમન |
| ગનૌ | = | ગણાય |
| ગવની | | |
| અથવા | = | ગમન કરવું |
| ગૌની | | |
| ગરબ | = | ગર્વ- અભિમાન |
| ગૌબરૌરા | = | મોટો કીડો |
| ગારી | = | ગાળ- અપશબ્દ |
| ગાવ નિહાર | = | ગાનાર |
| ગાહક | = | ગ્રાહક |
| ગવાંચે | = | ગુમાવી |
| ગાડૈ | = | દાટે |
| ગિરહી | = | ગૃહસ્થી |
| ગહિયા | = | ગ્રહણ કરનાર |
| ગૂદ | = | મજ્જા |
| ગ્રાસૈ | = | ગળી જનાર |
| ગાંઠિ | = | ગાંઠ |
| ગાંવ | = | ગુંથવું |
| ગંગ | = | ગંગા |
| ગંજન | = | અવજ્ઞા અથવા અવગણના |
| ગંદા | = | મેલા |
| ગૈયા કે ગઈયા | = | ગાય |
| ગ્રિહ | = | ઘર |
| ઘ્રીન | = | નીચ -ખરાબ-હલકું |
| ઘનેરે | = | ઘણા |
| ઘટ | = | શરીર |
| ચપટ | = | દમન કરે |
| ચરના | = | ચરણો-પગો |
| ચરખુલા | = | ચરખો-રેંટિયો |
| ચહલે | = | [illegible] |
| ચાખુર | = | દાતરડી |
| ચારા | = | ખોરાક |
| ચાત્રિક | = | ચાતક પક્ષી |

| | | |
|---|---|---|
| ચારિફલ | = | ધર્મ,અર્થ, કામને મોક્ષ ચાર ફળો. |
| ચારન | = | આચરણ |
| ચીન્હા | = | ઓળખ્યા |
| ચીઉંટી | = | કીડી |
| ચુંડિત | = | ચોટલીવાલા |
| ચુવે | = | ટપકે |
| ચૂનરી | = | ઓઢણી |
| ચોંચ | = | ચાંચ |
| ચાંપિ | = | દબાવીને |
| ચોખ | = | સીધેસીધા |
| ચૌક | = | લગ્નની વેદી |
| ચૌપરિ | = | ચોસરની રમત |
| છંદ | = | વેદો માં વપરાયેલા છંદોનું વિજ્ઞાન બતાવતો ગ્રંથ |
| છાનવે | = | છન્નુ (૯૬) |
| છાગર | = | બકરો |
| છારા | = | ધૂળ |
| ધાહી | = | છાયા |
| છિરિયાઈ | = | ફેલાયેલી |
| છીજૈ | = | ક્ષીણ થાય |
| છેરી | = | બકરી |
| છાંછરી | = | માછલી |
| છાંડિ | = | છોડીને |
| છૂતિ | = | અસ્પૃશ્યતા |
| જરા | = | ઘડપણ |
| જતન | = | યત્ન અથવા સંભાળ |
| જરિ | = | જડમૂળ |
| જમ | = | યમરાજ |
| જમ | = | યમરાજ |
| જનેઉ | = | જનોઈ |
| જત્ત | = | જતી- યતી- સાધુ- ધ્યાગી |
| જગાઈ | = | જગાડી |
| જાગત | = | જાગતા રહો |
| જાગ | = | યાજ્ઞવલ્ક્ય મુનિ |

| | | |
|---|---|---|
| જાહિતે | = | જેના વડે |
| જારૈ | = | બાળે |
| જારબ | = | સળગાવી દેવું |
| જાત | = | જતી વખતે |
| જહંડાયા | = | દુઃખી થયા |
| જોલાહા | = | વસ્ત્રોનું વણાટકામ કરનાર કારીગર |
| જોય | = | સ્ત્રી |
| જિહિ | = | જેને |
| જિમિ | = | પૃથ્વી |
| જિયાજંતુ | = | જીવજંતુ |
| જેલાવે | = | ખવડાવે |
| જેહિયા | = | જેને |
| જેંવન | = | જમણ |
| જમ્બુક | = | જીવ જંતુ |
| જેલાવે | = | ખવડાવે |
| જમ્બુક | = | શિયાળ |
| જૂતુન | = | લડવું |
| જ્યોતિષ | = | વેદના છ અંગોળાનું એક અંગ કે જેવાં યજ્ઞાદિ ક્રિયા માટે સમયનું ગણિત રજૂ કરતો ગ્રંથ. |
| ઝારી | = | સંપૂર્ણ પણે |
| ઝુરી | = | ભારી લાકડાની નાની ભારી |
| ઝીં ઝીં | = | સુક્ષ્મ- ઝીણી ઝીણી |
| તકાવ | = | બરાબર જોઈને |
| તજલૌ | = | છોડી જવું |
| તતબીર | = | ઉપાય |
| તલફિ | = | તડપી-દુઃખી થવું |
| તનકિ | = | નાની સરખી |
| તરબ | = | તરી જઈ |
| તરન | = | તરી જનાર અથવા મુક્ત જીવ |
| તરિવર | = | ઝાડ |
| તાતે | = | એનાથી અથવા તેથી |
| તાગ | = | સૂતરનો તાતણો |
| તારન | = | બીજાને તારનાર |
| તિરિદેવા | = | ત્રિદેવો : બ્રહ્મા, વિષ્ણુ, મહેશ |

| | | |
|---|---|---|
| તિરગુન | = | ત્રિગુણ : સત્વ, જર ને તમ |
| તુલાની | = | ઉપસ્થિતિ-હાજરી |
| તુહરિ કે તુહારિ | = | તમારી |
| તુરુક | = | મુસલમાન |
| તૂંબા | = | તુંબડું |
| ત્રિષા | = | તરસ |
| ત્રિસુના | = | તૃષ્ણા-ઈચ્છા |
| ત્રિકુટી | = | બે ભ્રમણ વચ્ચેની કપાળ પરની જગ્યા. |
| થાપિને | = | સ્થાપના કરી |
| દલ | = | સમૂહ |
| દાઈજ | = | દહેજ |
| દાદુર | = | દેડકો |
| દિસિ | = | દિશા |
| દીન | = | મજહબ - સંપ્રદાયના અર્થમાં |
| દીક્ષા | = | યંત્ર |
| દિગ | = | નજર |
| દુતિયા | = | બીજા |
| દુહિયા | = | દોહી |
| દુલ્હા | = | વરરાજા |
| દુસ્મતિ | = | દુષ્ટબુદ્ધિ |
| દૂજા | = | બીજા |
| દુર્દુર | = | દેડકો |
| દોજખ | = | નરક |
| દૌ | = | દવ-જલમાં પકડાતી આગ |
| ધઈલ | = | પકડવું |
| ધરણી | = | પૃથ્વી |
| ધરિન | = | ધરેલું |
| ધમારી | = | ધમાલ-ધમાચકડી |
| ધાવૈ | = | દોડે |
| ધાન | = | અનાજ |
| ધિય | = | પુત્રી |
| ધીમર | = | ઢીમર-માછીમાર |
| ધૂર | = | ધૂળ |
| ટકસાર | = | સદ્દગુરુના સાર શબ્દ |

ટેઢો = વાંકો
ટારા = ટાળી દેવો
ટોટી = નળી-નારચું
ઠગોરી = ઠગાઈ-છેતરામણ
ઠાઢ = ઉભો
ઠૌર = સ્થાન
ડારા = ડાળીઓ-ઝાડની શાખાઓ
ડાહે = બળતરા
ઢાત = ખડીયો
ડીલી = હૃદયનો ભાગ
ડિંભ = ઢોંગ-આડંબર
ડેરા = પડાવ
ડારે = છોડી દેવું
ડોરે = દોરડાથી
ઢુકિ-ઢુકિ = ઘુસી જઈને
ઢારો = ફેંકો
ઢોટા = પુત્ર
નલ = મનુષ્ય
નયન અથવા નૈન = આંખ
નપાક = અપવિત્ર
નિજુકે = અપનાવીને
નિવરે = નિવારણ કરે
નિકલંકિ = કલ્કી અવતાર
નિકટ = પાસે
નિવાજ = દયા કરનાર
નિરખ = નિરીક્ષણ કે પરિક્ષા
નિસુવાસર = રાતદિવસ
નિરવાન = મોક્ષ
નિધાના = ધાનના ભંડાર
નિરાસલ = નિરાશ
નિરંકાર = નિરાકાર
નિતે = નિત્ય હંમેશ
નિરંજન = શુદ્ધ બ્રહ્મ અથવા કાર્ય બ્રહ્મ
નિયાના = નકકી

નિનરી = ન્યારી
નિપુણ = ચતુર
નિહોરા = પ્રાર્થના
નિરુક્તા = શબ્દોની ઉત્પત્તિ ને તેમાં રહેલી સ્વર ભિન્નતાનું વિજ્ઞાન દર્શાવતો ગ્રંથ
નીર = પાણી
નેમી = નિયમોનું પાલન કરનાર
નૌધા = નવધા ભક્તિ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સાખ્ય, આત્મ નિવેદન.
નૌ ગ્રહ = નવ ગ્રહ : સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ ને કેતુ.
પષાન = પથ્થર
પતિજ = વિશ્વાસ
પટવારી = તલાટી
પરસરામ = પરશુરામ
પરસૈ = સ્પર્શ કરે
પરતીતિ = પ્રતીતિ-વિશ્વાસ
પરસાહી = બાદશાહી
પરાઈ = ભાગી ગઈ
પરિપંચ = પ્રપંચ
પરજા = પ્રજા
પરવાના = પ્રમાણિત
પરિયાના = વિશ્વાસ કરે
પયાના = પ્રયાણ
પરલૈ = પ્રલય
પરિછાંઈ = પડછાયો
પતિયારા = વિશ્વાસુ
પાછૈ = પાછળ-પછી
પાખંડ = ઢોંગ
પાણી ગ્રહણ = હસ્ત મેળાપ
પારથ = પારધી
પાહુના = મહેમાન
પાક = પવિત્ર
પારખ = જ્ઞાન
પારખી = જ્ઞાની
પાથર = પથ્થર

પારન = પાણી
પીતર = પિત્તળ (ધાતુ)
પિઉરિયા = પ્રિયતમા
પિયહુ = પીવો
પિરાની = પીડા થવી
પાંવ = પગ
પંગા = લંગડો
પંછિક = પક્ષીની
પાંડે = પંડિત
પાંડુર = સાપ
પુંજી = મૂળ ધન
પિંડ = શરીર
પોંગરા = બચ્ચા
પુહુમિ = પૃથ્વી
પોચ = ખરાબ
પૂત = પુત્ર
પછિતાના = પસ્તાશે
પતિયાઈ = વિશ્વાસ કરશે
પ્રતિપાલ = રખેવાળ
પ્રગાસે = પ્રકાશિત થાય
પૈહો = મેળવશો
પૌરાઉ = તરવું
ફુલવા = ફુલ
ફૂટી = ફોઈ-પ્રસરી
ફોરિ = ફોડીને
બકલા = છાલ
બલિહારી = ધન્યવાદ
બરાત = યગ્નની જાન
બહત્તરી = બોતેર
બછહુ = વાછરડો
બરિષ = વર્ષ
બગુલા = બગલો
બનિજિ = વેપાર
બદકરમી = ખરાબ કર્મ કરવાવાળો

બચાઈ = આવક જાવક
બવુ = શરીર
બસુધા = પૃથ્વી
બરબસ = જબરજસ્તી
બસેરા = નિવાસ
બહનોઈ = બનેવી
બરિયાઈ = કપટ
બરૈ = બળી રહી
બાવરી = પાગલ
બાપુરા = બિચારો
બાજન = વાજન
બાસા = સુગંધી
બાની = વાણી
બાદર = વાદળ
બાહના = વાહન
બિદારી = ચીરી નાંખી
બિહિસા = સ્વર્ગ
બિનસૈ = વિનાશ પામે
બિહૂના = વગર
બિહાની = વીતાવી દેવું કે પસાર કરવું
બિરંચી = બ્રહ્મા
બિગુરચૈ = મૂંઝવણ
બિલાઈ = બિલાડી
બિવરજિત = રહિત-વગર
બિયાને = પ્રસવે છે-વિયાય છે.
વિરવા = વૃક્ષ
બિલિયા = બિલાડી
બિછૌલન = પાથરવું
વિકાઈ = વેચાય
બિનૈરી = લગ્ન ગીત
બિરધ = વદ્ધ
બિસારા = ભૂલી ગયા
બિરમાયા = વિડંબના-મુંઝવણ
બિનૈરા = કપાસિયા

બીગરૈ = જંગલી પ્રાણી
બ્રિચ = ઝાડ
બિન્ધ = બંધાવું
બ્રિષભ = બળદ
બિન્દ = વિર્ય
બૂઝહુ = સમજો
બુજાવનિહારા = હોલવવાળા
બાંચિ = બચે
બાંજા = વંધ્યા
બાંધલા = બાંધ્યો હતો
બંગ = બાંગ પુકારવી
બ્રાહ = વરાહ
બ્યાહ = વિવાહ
બેવહાર = વ્યવહાર
બેધં = ભેદે
બૈલ અથવા બૈલાના = બળદ
બ્યોંતે = કરે છે.
બોઈયા = રોપ્યા
બૌધા = બહુધા
બેલિ = વેલ
બિસ્તારા = ફેલાવો
બૌરાના = પાગલ
બુઝનિહાર = જ્ઞાની
ભલ = ભલું-સારું
ભવન = મકાન
ભાન = સૂર્ય
ભાઠી = ભટ્ટી
ભખૈ = ભોગ-કરે-ખાય
ભાંવરી = પરિક્રમા-ચક્કર
ભસુર = જેઠ
ભુવંગ અથવા ભુજંગ = સાપ
ભૂપતે = રાજા
ભુતવા = ભૂત પ્રેત
ભુગતિ = ભોગ

ભીતર = અંદર
ભિસ્ત = સ્વર્ગ
ભુંભરી = માછલી
ભીંટી = ભીંત અથવા પાળ
ભાંડે = વાસણ
ભેવા = ભેદ
ભૌ = ભવ-સંસાર
મકસૂદ = પ્રયોજન-હેતુ
મસિ = સ્યાહિ
મરકટ = વાંદરો
મહજિદ-મસીદ= મસ્જિદ
મતિ = બુદ્ધિ
મરમ = મર્મ કે રહસ્ય
મહતારી = માયા
મનમાનિક = મન રૂપી માણેક
મચ્છ = માછલી
મરિજૈવ = મરી જશેમાતુ = મતવાલા-દિવાના
માતી = દિવાની
માહો = વસ્ત્ર
માનુ = મન
માલિની = માલણ-માળીની પત્ની
મિસ્કુન = ગરીબ
મીન = માછલી
મીરગા = મૃગ
મીતા = મિત્ર
મુરાદી = આશાવંત
મુરીદ = મુગ્ધ-અજ્ઞાની
મુક્તા મહલ = મોતી
મુવલ = મરેલ-મૃત્યુ પામેલ
મુદત = સમય
મુરતિયા = બે તાંતણોને જોડવું
મેઢક = દેડકો
મૂસ = ઉંદર
મૂરી = જડી બુટ્ટી

મેટ = મટાડી દેવું
મુંડિત = મુંડન કરાવેલ
મંડન = મંડાણ અથવા શણગાર
મોસે = મારાથી
મૌનિ = મોન રાખનારા
મંજારિ = બિલાડી
મોહિસના = મારાથી
માંછ = માછલી
મંદિલ = મંદિર
માંડો = મંડપ
માદરિયા = મદારી
મેહરિ = પોતાની સ્ત્રી
રખવારીયા = રક્ષક-રખેવાળ
રતિ = પ્રેમ
રતિવો = રતિભર-થોડું
રુહહુ = રહો
રજબીરજ = રજવીર્ય
રહિયાના = દયાળુ
રાવલ = રાજા
રાછ = દોરડું
રૂમ = શરીરનો ઉપરનો ભાગ
રુધિર = લોહી
રૈનિ = રાત
રંગી = અનુરાગી-પ્રેમી
રેંડ = દિવેલાનો છોડ
રુખ = થડ
રાંડ = વિધવા
રૈયતિ = પ્રજા
રોઝ = જંગલી પશુ
લગર = જાળ
લગારી = લગાવ-સંબંધ
લમધી = ઉંધી બુદ્ધિ વાળો
લલની = વાંસની નળી
લપટાની = ચોંટી પડી

લીપિ = લીંપણ કરી અથવા આચ્છાદિત કરી

લોકંદે = સાસરે જતી નવપરણિત કન્યા સાથે સેવા કરવા જતી દાસી.

વટ = વાજા

વાકે = જેના

વિષહર = સાપ

વિનસિ = નષ્ટ થયું

વ્યાકરણ = વેદનું એક અંગ કે જ્યાં વેદોના અર્થ અને તેના શુદ્ધ સવરૂપ બતાવવામાં આવ્યા છે.

વુજ઼ = હાથપગ ધોવાની ક્રિયા

શુક = પોપટ

શાર્દૂલ = વાઘ

શિક્ષા = વેદો ઋચાઓના શુદ્ધ ઉચ્ચાનું શિક્ષણ જેમાં બતાવવામાં આવ્યું છે તે ગ્રંથો.

સંકેરા = શીઘ્ર-તરત

સકારે = સવારે

સર = બાણ

સલામ = વંદના

સરના = શરણ

સજાયો = તૈયાર કર્યા અથવા શણગાર્યો

સહદુલ = વાઘ

સહલેરી = બેનપણી

સસિ = ચંદ્ર

સસૈ = સસલું

સભ = સર્વ

સવાદી = સ્વાદ લોલુપ

સસુર = સસરો

સગોતી = માંસ

સયાની = ચતુર

સરગ = સ્વર્ગ

સમધી = સરખી બુદ્ધિ વાળો - સ્થિત પ્રજ્ઞ

સપચૈ = ધીરે ધીરે વધવું

સહિદાની = નિશાની

સાવત = બીજી પત્ની-શોક

સરવર = તળાવ

સ્વાન = કૂતરો
સામી = સ્વામી-ધણી
સારંગપણિ = જેના હાથમાં ધનુષ્ય છે તે રામ
સાવજ = મૃગ
સામ = શરીરનો નીચેનો ભાગ
સાધૈ = સિદ્ધ કરે અથવા સંધાન કરે
સ્યાર = શિયાળ
સિધ = સિદ્ધ
સિરજિનહારા = સર્જનહાર
સિજૈ = સીજવું
સિસ્ટિ = સૃષ્ટિ
સિકલીગર = કારીગર
સિરાઈ = વીતી જાય-પસાર થઈ જાય
સીકર = વીતી જાય-પસાર થઈ જાય
સીકર = ખારી જમીન
સીત = ઠંડા
સુભાગે = ભાગ્યશાળી
સુગના = પોપટ
સુહેલા = મિત્ર
સુહાસિન = સૌભાગ્યવતી
સુધાયો = મુહૂર્ત શોધ્યું
સુવા = પોપટ
સુષમનિ = સુષુમ્ણા વાડી
સુરતિ = મનોવૃત્તિ અથવા ધ્યાન
સુનહા = કૂતરો
સુધિ = ભાન અથવા બોધ
સુમ્રિતિ = સ્મૃતિ શાસ્ત્રો
સુર = દેવ
સૂર = સૂર્ય
સૂધે = સીધા
સૂઝૈ = દેખાય
સૂરા = શૂરવીર
સોધિ = શોધ કરી
સેતી = દૂધ

સેસ = શેષનાગ
સોચ = શોક અથવા દુઃખ
સોક = શોક-બીજી પત્ની
સત્ત = સતી
સુરભી = ગાય
સાંઈ = સ્વામી
સંજા = સાંજ
સાંડ = સાંઢ
સિંઘ = સિંહ
સંઘારા = સંહાર કર્યા
સુમિરૈ = સ્મરણ કરે
સિંઘરા = શીંગોડા
સંસૈ = સંશય
સીસ = માથું
સંક્રાન્તિ = ફેરફાર અથવા એક સ્થિતિમાંથી બીજીમાં પ્રવેશ કરવો તે
હરખ = અંતઃ પુર અથવા વેશ્યાનું ઘર
હટવાઈ = બજાર
હરદિ = પીઠી અથવા હલતી
હરફ = અક્ષર અથવા બોધ
હાડ = હાડકાં
હાકિમા = હાકેમ-અમલદાર
હિરન્ય = સોનું
હિરનાક્સ = હિરન્યકશિપુ (પ્રહ્લાદનો પિતા)
હેરા = શોધ્યા
હવ્વા = આદમની સ્ત્રી અથવા ઈવ
હલસૈ = પ્રસન્ન બને

અહીં શ્રી ઇશ્વરભાઇએ કબીરના કુલ ૧૧૫ શબ્દ સંપાદિત કરીને આપ્યા છે. પ્રત્યેક શબ્દની સમજૂતી આપી છે, અને અંતે પ્રત્યેકની 'ટિપ્પણી' આપી એના મર્મને સ્ફુટ કરી આપ્યો છે. મધ્યકાલીન કવિઓની કૃતિઓના પાઠ અંગે ભારે મતભેદો પ્રવર્તે છે. અહીં સંપાદકે એની બહુ કડાકૂટમાં પડયા સિવાય પ્રચલિત–જાણીતો પાઠ લીધો છે. તેમણે મુખ્ય આધાર 'કબીર બીજક' ગ્રંથનો લીધો છે, પરંતુ કબીરની વાણી જે પરંપરાથી કબીરાનુયાયીઓ અને ભાવિકો-માં પ્રચલિત છે એનો ખ્યાલ પણ તેમણે રાખ્યો છે. કબીરના 'શબ્દ'ના અર્થઘટનમાં સંપાદકની બહુશ્રુતતા અને કબીરના સાહિત્યનો ઊંડો અભ્યાસ પદે પદે જણાય છે. કબીરના આ સંપાદનગ્રંથોમાં શ્રી ઇશ્વરભાઇ એક વિદ્વાન તરીકે પ્રવૃત્ત થયા નથી, પણ એક સત્યશોધક શ્રેયાર્થી તરીકે પ્રવૃત્ત થયા છે. પરિણામે એક આત્માર્થી–પરમાર્થીની જિજ્ઞાસા અને તાત્પર્ય–દર્શનમાં હૃદયનો રસ ભળ્યો છે. સૌ અધ્યાત્મરસિકોને આ પુસ્તકમાં વિશેષ રસ પડશે તે આ કારણે. • પ્રસ્તાવનામાંથી

મુદ્રક : શૈનક પ્રિન્ટર્સ • સુરતી જકાત નાકા પાસે, બારડોલી ૩૯૪૬૦૧